Visit **Dwarkadheeshvastu.com** For

FREE **Vastu Consultancy, Music, Epics, Devotional Videos**
Educational Books, Educational Videos, Wallpapers

———— **** ————

All Music is also available in **CD** format. **CD Cover** can also be print with your Firm Name

———— **** ————

We also provide this whole Music and Data in **PENDRIVE** and **EXTERNAL HARD DISK.**

Contact : Ankit Mishra (+91-8010381364, dwarkadheeshvastu@gmail.com)

APRATRANE PAN BHAGAVATPRAPTI

[GUJARATI]

વિષય-સૂચી

વિષય	પૃષ્ઠ-ક્રમાંક
૧. **'उदाराः सर्व एवैते'**નું રહસ્ય—અપાત્રને પણ ભગવત્પ્રાપ્તિ	5
૨. મહાપુરુષોનું રહસ્ય શું છે?	25
૩. ભગવાન અને મહાપુરુષોના બલ પર સાધન તીવ્ર કરવું	42
૪. સમત્વ	53
૫. નિયમોના પાલનથી કલ્યાણ	70
૬. સૌમાં નિષ્કામ પ્રેમ રાખવાનો અને શોક-નિવૃત્તિનો ઉપાય	82
૭. પ્રેમનું તત્ત્વ-રહસ્ય	103
૮. ભક્ત અને ભગવાનની પરસ્પર લીલા	121
૯. અનન્ય વિશુદ્ધ પ્રેમ	134
૧૦. પ્રમાદ જ મૃત્યુ છે	151
૧૧. શરણાગતની ત્રણ શાખાઓ	170
૧૨. વાસુદેવઃ સર્વં	184

1129

॥ શ્રીહરિઃ ॥

અપાત્રને પણ ભગવત્પ્રાપ્તિ

'उदाराः सर्व एवैते'નું રહસ્ય

અપાત્રને પણ ભગવત્પ્રાપ્તિ

'उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम्।'

(ગીતા ૭/૧૮)

'આ બધાય ભક્તો ઉદાર એટલે કે શ્રેષ્ઠ છે, છતાં એ સર્વેમાં જ્ઞાની તો સાક્ષાત્ મારું સ્વરૂપ જ છે એવો મારો મત છે.' 'બધાય ઉદાર છે' - આનો ભાવ નીચેના શ્લોકમાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે

चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ॥

(ગીતા ૭/૧૬)

હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ અર્જુન! ચાર પ્રકારના સુકૃતિ અર્થાત્ ઉત્તમ કર્મ કરનાર મારા ભક્ત મને ભજે છે - આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની. આ ચારેમાંથી જે અર્થની કામનાવાળા છે, એટલે કે સ્ત્રી, પુત્ર, ધન, રૂપિયા, શરીર, ઐશ્વર્ય, રાજ્ય આ બધાંની જે હૃદયમાં કામના કરે છે, તે **અર્થાર્થી** છે. બધા જ પદાર્થો અર્થ છે અને તેમની કામના કરનાર અર્થાર્થી. અર્થાર્થીથી ચઢિયાતા **આર્ત** છે, જેવા કે - દ્રૌપદી. જેમને વ્યવહાર કાળમાં તો કામના ન હોય, એટલે કે કામ કરતી વખતે કોઈ ઇચ્છા ન હોય, પણ સંકટ (આપત્તિ)ના સમયે જે

માગણી કરે, તે આર્ત છે. **જિજ્ઞાસુ** એ છે, જે ગમે તેટલી ભારે સાંસારિક આપત્તિ આવી પડવા છતાં તેના નિવારણ માટે ભગવાનને પ્રાર્થના ન કરે, પણ ભગવાનને જાણવાની અને તેની શીઘ્ર પ્રાપ્તિની ઇચ્છા કરે. જેમની એક જ જિજ્ઞાસા હોય કે પરમાત્માની પ્રાપ્તિ જલદી કઈ રીતે થાય, જેમની પોતાની ઉદ્ધારની, એટલે કે માત્ર ભગવાનના દર્શનની જ જિજ્ઞાસા હોય, તેવા પુરુષોમાં સંસારની કામના રહેતી નથી અને ગમે તેટલાં સંકટ આવી પડે છતાં તે સંકટ-નિવૃત્તિની યાચના કરતા નથી, પરંતુ તેમનામાં આત્મ-વિષયની, પરમાત્મા-વિષયની જિજ્ઞાસા હોય છે કે પરમાત્મા કઈ વસ્તુ છે? તેની પ્રાપ્તિ કઈ રીતે થાય? અને ચોથા નિષ્કામી **જ્ઞાની** છે. જેની કોઈ પણ કામના હોતી નથી; મુક્તિની પણ કામના હોતી નથી, 'કોઈ પણ કામના નહીં કરું તોપણ મને ભગવાનની પ્રાપ્તિ થઈ જ જશે,' એવી કામના પણ નથી હોતી. 'કંઈ નહીં કરું તોપણ મારા આત્માનો ઉદ્ધાર થઈ જ જશે' એવી કામના પણ જે નથી રાખતો. તાત્પર્ય એ કે નિષ્કામી જ્ઞાની કોઈ પણ પ્રકારની કામના નથી રાખતો. આવી સ્થિતિ સિદ્ધ પુરુષોની અથવા સિદ્ધ થવા યોગ્ય પુરુષોની હોય છે. આ ચારે પ્રકારના ભક્તોમાં જે સર્વોત્તમ ભક્ત છે, તે તો મારો આત્મા જ છે.

उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम्।

બધા પ્રકારના ભક્ત ઉદાર છે, પણ જ્ઞાની તો મારો આત્મા જ છે. ૧૮ મા અને ૧૯મા શ્લોકોમાં તેની શ્રેષ્ઠતા બતાવી છે અને ત્યાર પહેલાં ૧૭મા શ્લોકમાં જણાવ્યું છે -

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः॥

આ ચાર પ્રકારના અર્થાર્થી, આર્ત, જિજ્ઞાસુ અને જ્ઞાની ભક્તોમાં જે ફક્ત મુજ-પરમાત્માની જ ભક્તિ કરનાર છે, જે મારો અનન્ય પ્રેમી

ભક્ત છે, તે શ્રેષ્ઠ છે. જ્ઞાનીને હું અતિશય પ્યારો છું. તેની મારા સિવાય બીજે ક્યાંય જરા પણ પ્રીતિ નથી હોતી. જો મુક્તિની પણ ઇચ્છા હોત, તો તે જિજ્ઞાસુ જ ગણાત. અર્થાર્થી, આર્ત, જિજ્ઞાસુ - આ ત્રણે કરતાં જ્ઞાની ઉત્તમ છે. તેને હું અત્યંત પ્યારો છું, ભક્તિ (ભેદ-ભાવ)માં હું જ્ઞાનીને અતિશય પ્યારો છું અને તે જ્ઞાની મને અતિશય પ્યારો છે. બંને એકબીજાને અતિશય પ્રિય છે, એ વાત ભગવાન આ શ્લોકમાં બતાવે છે. તે બતાવી રહ્યા છે કે તે મને અતિશય પ્યારો છે અને હું તેને અતિશય પ્રિય છું. આમાં 'તે મને અને હું તેને' - આ ભેદોપાસનાનો ભાવ આ શ્લોકમાં પ્રકટ થાય છે. તે કહે છે કે તે અતિશય પ્યારો છે, તો બાકી બધા પ્યારા નથી? **'उदाराः सर्व एवैते'** પણ **'ज्ञानी त्वात्मैव मे मतम्।'** જ્ઞાની તો મારો આત્મા જ છે - મારું સ્વરૂપ જ છે. આથી **'उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम्'** આ અર્ધા શ્લોકમાં એ વાત કહેવામાં આવી કે ચારેય ભક્ત ઉદાર છે, પણ તેમાંનો જ્ઞાની મારો આત્મા જ છે. ઉદાર બધા જ છે, એટલે કે શ્રેષ્ઠ બધા જ છે. બધા મને વહાલા છે અને હું બધાને વહાલો છું. તેમની શ્રેષ્ઠતાની સાથોસાથ ઉદારતાનો પણ ભાવ છે કે તે બધા ઉદારચિત્તના છે. જેમ કોઈ મનુષ્યનું મન ખૂબ જ ઉદાર હોય, તો તેના સ્વામિત્વની વસ્તુઓ - પોતાનું શરીર, સમય, અધિકારની વસ્તુ વગેરે બીજાંને અર્પિત કરવામાં ખૂબ ઉદાર હોય છે. આમ, આ બધા જ ઉદારચિત્તના પોતાનું સ્વત્વ મને સમર્પિત કરે છે, કારણ કે પહેલાં તે શ્રદ્ધા-વિશ્વાસપૂર્વક મને ભજે છે; પણ હું તો તેમને પાછળથી યાદ કરું છું. સામાન્ય રીતે ભગવાનનો પ્રેમ તો સર્વત્ર છે જ. શ્રીરામ હનુમાનને કહે છે, 'હે હનુમાન! બધા મને સમદર્શી કહે છે.' - **समदरसी मोहि कह सब कोऊ।**

પરંતુ અનન્ય ગતિવાળો સેવક મને અતિશય પ્રિય છે - **सेवक**

प्रिय अनन्यगति सोऊ॥

ભગવાન શ્રીકૃષ્ણ પણ કહે છે -

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम्॥

(ગીતા ૯/૨૯)

'હું સઘળા ભૂતોમાં સમભાવે વ્યાપક છું, ન તો કોઈ મને અપ્રિય છે કે ન પ્રિય છે; છતાં પણ જે ભક્તો મને પ્રેમથી ભજે છે, તેઓ મારામાં છે અને હું પણ એમનામાં પ્રત્યક્ષરૂપે પ્રગટ છું.'

ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम्।

બંને પંક્તિઓમાં '**अहम्**' (હું)નો એકવચનમાં પ્રયોગ થયો છે અને ભક્તો માટે બહુવચનમાં પ્રયોગ થયો છે, કારણ કે ભક્ત અનેક હોઈ શકે; પરંતુ ભગવાન તો એક જ છે. ભક્તોએ મારામાં વિશ્વાસ અને મારા પર ભરોસો રાખી આ ઉદારતા કરી છે. જો મેં આમ પહેલાં કર્યું હોત, તો હું ઉદાર કહેવાત પણ તેમણે મારા પર પહેલાં ઉદારતા કરી અને હું તો પછી કરું છું; અને તેમણે કર્યું હોય તે મુજબ જ કરું છું, વધુ નથી કરતો, કારણ કે મારામાં ઉદારતા ક્યાં છે? ઉદારતા તો તેમનામાં છે. તે બધા જ મારાથી શ્રેષ્ઠ છે, ઉદાર છે. હું ઉદારતા લેનાર છું અને તે ઉદારતા કરનાર છે. તો ભગવાનનો કેટલો ઊંચો ભાવ છે! કેવા ભાવથી તે પોતાના ભક્તોને જુએ છે! બીજી પણ એક વિચાર કરવા જેવી વાત છે. જ્યારે એક અર્થાર્થિ માટે ભગવાનનો આ ભાવ છે, એક આર્ત ભક્તને માટે આ ભાવ છે, એક જિજ્ઞાસુને માટે આ ભાવ છે, તો જ્ઞાનીની તો વાત શી કરવી! સંકટનિવારણ માટે દ્રૌપદી આતુર થઈને ભગવાનને પોકારે છે અને ભગવાન તે જ ક્ષણે આવી જાય છે. દુર્વાસાને કારણે દ્રૌપદી પોકાર કરે છે અને ભગવાન તે જ સમયે ત્યાં પ્રકટ થઈ જાય છે, જાણે ત્યાં જ બેઠા હોય. આ જોઈ

આપણે સૌએ એવો વિચાર કરવો જોઈએ કે નિષ્કામ ભાવથી ભગવાન મળે છે, તેની તો વાત જ શી કરવી? પ્રેમનું પ્રમાણ વધુ હોય, તો સકામભાવથી પણ ભગવાન મળી જાય છે. જેમકે, દ્રૌપદી દુઃખી થતી હતી, ત્યારે તેની કામના તો એવી જ હતી, કે દુર્વાસાના ક્રોધથી તેમનું કુટુંબ બચી જાય. તેનામાં કુટુંબને બચાવવાની કામના છે, તો ધ્રુવની રાજ્ય મેળવવાની ઇચ્છા છે. ધ્રુવજી પર એવું કોઈ સંકટ નહોતું આવી પડ્યું કે કોઈ એમને ઘરમાંથી કાઢી મૂકતું હોય, કોઈ બાળી મૂકતું હોય, કોઈ નષ્ટ કરી રહ્યું હોય, તેમની કોઈ અપકીર્તિ કરી રહ્યું હોય - આમાંના કોઈ પણ પ્રકારનું દુઃખ ધ્રુવજીને નહોતું. તેમની તો એક જ ઇચ્છા હતી કે તેમને પણ રાજ્ય મળે. આમ તે અર્થાર્થી હતા, પણ અર્થાર્થી હોવા છતાં તે ભગવત્પરાયણ થઈ ગયા અને એવા ભગવત્પરાયણ થઈ ગયા કે ગમે તેટલી ભારે આપત્તિઓ આવી, તેમની પણ તેમણે પરવા ન કરી. આવી પરિસ્થિતિમાં ભગવાનને પણ વિવશ થઈ તેમની પાસે આવવું પડ્યું. ભગવાન તો બધી વાતો જાણે જ છે. તે જાણતા હતા કે ધ્રુવજી તેમને રાજ્યની કામનાથી બોલાવતા હતા. ધ્રુવજીના ઉત્કટ પ્રેમ, ભજન અને ધ્યાનથી ભગવાન ત્યાં આવ્યા અને બોલ્યા, 'ભાઈ, તારી જે ઇચ્છા હોય, તે માગ.' ધ્રુવજીએ કહ્યું, 'ભગવાન, મેં પહેલાં જે ભક્તિ કરી, તે તો કામનાથી પ્રેરાઈને કરી હતી, પણ હવે આપનાં દર્શન થયાં, તેથી હવે મારી કોઈ પણ ઇચ્છા નથી.' ભગવાને કહ્યું, 'તારી પહેલાં જે ઇચ્છા હતી, તે તો હું પૂર્ણ કરીશ જ, નહિ તો જે લોકો સકામભાવે મને પૂજનારા છે તે એવું સમજશે કે ભગવાનનાં દર્શન કર્યા પછી કામના નષ્ટ થઈ જાય છે, તેથી કામનાની પૂર્તિ તો થશે નહિ, એટલે સકામી મને ભજશે નહિ. મારે તો સકામી ભક્તને પણ રાખવા છે, માટે આ બધું તો તને મળશે જ. તારી કામના તો અહીંના રાજ્યની હતી, પણ તને તો ફક્ત અહીંનું

જ નહિ, ધ્રુવપદ પણ મળશે; જેની સમગ્ર તારામંડળ પરિક્રમા કરે છે અને જે ધ્રુવપદ બ્રહ્માજીના દિવસ અથવા તેમના આયુષ્ય સુધી સ્થપાયેલું રહે છે; ત્યાં તું સ્થાયી રૂપે રહીશ. આ ઉપરાંત બીજું પણ જે કંઈ માગવું હોય, તે માગ.' ધ્રુવે કહ્યું, 'પ્રભુ, મારી તો કેવળ આપના ગુણ ગાવાની જ ઇચ્છા છે, સ્તુતિ કરવાની ઇચ્છા છે, પરંતુ ભણેલો-ગણેલો ન હોવાથી મને સ્તુતિ કરતાં આવડતું નથી. હું પાંચ વર્ષનો બાળક હતો ત્યારે જ મેં ઘર છોડ્યું, પછી મને ભણવા-ગણવાની તક ક્યાંથી મળે?' ભગવાને પોતાના શંખથી તેના કપોલને સ્પર્શ કર્યો અને ધ્રુવને બધાં જ શાસ્ત્રોનું જ્ઞાન થઈ ગયું. તે પોતાની મેળે જ સ્તુતિ કરવા લાગ્યા. ભગવાને તેમને ભક્તિ આપી, તેમની જે ઇચ્છા હતી તે બધી વસ્તુઓ પણ આપી અને રાજ્ય પણ આપ્યું. જે સકામ ભાવે ભગવાનને ભજે છે તેની સાથે ભગવાનનો કેટલો પ્રેમ છે અને તેના તરફ તેમની કેટલી ઉદારતા છે! આ જ રીતે જે શ્રેષ્ઠ પુરુષ હોય છે, તેમની બાબતમાં પણ આવું જ હોય છે. આટલું બધું આપી દેવા છતાં ભગવાનના મનમાં સંકોચ રહેતો હોય છે કે, 'મેં તો આને કંઈ જ નથી આપ્યું.'

તમે વિચાર કરી જુઓ કે શ્રીરામે વિભીષણ અને બધા વાનરોને સાથે લઈને લંકા જીતી. જીતના પરિણામે તેમને લંકા મળી અને સીતાજી મળ્યાં. ધર્મના સંબંધથી વિચાર કરીએ તો સીતાજી તેમનાં ધર્મપત્ની હતાં. મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામ ઈશ્વર છે અને સીતાજી ઈશ્વરી છે. સંસારના ઐશ્વર્યની દૃષ્ટિએ તો આટલા પરિશ્રમને અંતે લંકા જ મળી. હતી તે રૂપમાં જ લંકા વિભીષણને આપી દીધી, તોપણ રામના મનમાં સંકોચ હતો કે, 'મેં વિભીષણને કંઈ જ નથી આપ્યું.' તો ભગવાન માટે તો આ વાજબી છે, કેમ કે ભગવાન લંકા જ નહિ, બ્રહ્માંડ પણ વિભીષણને આપી દે, તો પણ ભગવાન માટે એ

મોટી વાત નથી, કારણ કે તે તો અસંખ્ય બ્રહ્માંડોના સ્વામી છે. જો તે એક બ્રહ્માંડનું રાજ્ય પણ આપી દે, તો પણ શું આપી દીધું ગણાય? કંઈ જ નહિ. ધારો કે મારી પાસે કરોડો રૂપિયા હોય અને તેમાંથી હું એક આદમીને હજાર રૂપિયા આપી દઉં, તો શું દીધું કહેવાય? કંઈ જ નહિ. ભગવાનનો ભાવ પણ એવો જ છે. તેઓ માને છે કે, 'મેં શું દીધું? કંઈ જ નહિ.' આથી જેમણે ભગવાનને પ્રથમ ભજ્યા છે, તેમને માટે ભગવાન કહે છે કે, 'તે ઉદારચિત્ત છે.' તેમની ઉદારતા બતાવી તેની તુલનામાં પોતાની ઉદારતાનું મૂલ્ય અત્યંત ઓછું આંક્યું છે, કારણ કે પ્રથમ ઉદારતા ભક્તની છે. ભક્ત તો બધા જ ઉદાર છે. સકામ ભાવથી ઉપાસના કરનાર પ્રત્યે પણ ભગવાનનો આવો જ ઉદારતાનો વ્યવહાર છે અને આ જ માન્યતા છે. તે કહે છે, 'મારા જે ભક્ત હોય, તે મને વેચે, તો હું તેમના માટે વેચાઈ જાઉં.' તેમનો આ અલૌકિક ભાવ બધા જ ભક્તો પ્રત્યે છે. તે પોતે જ કહે છે કે, 'એ ભક્તો શ્રેષ્ઠ અને ઉદાર છે.' જિજ્ઞાસુની તો વાત જ શી કરવી? કારણ કે જિજ્ઞાસુને સંસારની જિજ્ઞાસા કરતાં ભગવાનની જિજ્ઞાસામાં વધુ રુચિ હોય છે. ભગવાનનું ભજન-ધ્યાન કરવાની જિજ્ઞાસા કરવામાં, સાધ્યને માટે સાધનની જિજ્ઞાસા કરવા વગેરેમાં; કારણ કે ભગવાન સાધ્ય છે અને ઉપાય સાધન. ઈશ્વરમાં પોતાનો પરમ પ્રેમ હોય, અનન્ય પ્રેમ હોય, વિશુદ્ધ પ્રેમ હોય, તો તે સાધન છે. ભગવાનની પ્રાપ્તિ, ભગવાનની સમીપે નિત્ય નિવાસ, ભગવાનનાં દર્શન, ભગવાનનો સાક્ષાત્કાર, તેમની પાસે સદા રહેવું અને તેમની સેવા કરવી - એ જિજ્ઞાસુના ભાવ છે.

ચોથો છે જ્ઞાની. અર્થાર્થી, આર્ત અને જિજ્ઞાસુ - એ ત્રણે અજ્ઞાની છે, કારણ કે ત્રણેમાં કામના છે - જેવી કે કોઈનામાં અર્થની કામના છે અને કોઈનામાં સંકટનિવારણની કામના છે, કોઈનામાં મુક્તિની

કામના છે, ભગવાનની પ્રાપ્તિનાં સાધનોની અને ભગવાનની પ્રાપ્તિની કામના છે. આ કામનાઓ જેનામાં નથી, તે મારો ભક્ત ઉચ્ચ કોટિનો અનન્ય ભક્ત છે. પરંતુ જ્ઞાની માટે ભગવાન કહે છે કે, હું તેને અતિશય પ્યારો છું; કારણ કે સંસારની કોઈ પણ પદાર્થમાં તેની પ્રીતિ નથી, કામના નથી, આથી જ તે મને અતિશય પ્યારો છે; આ અતિશય પ્રેમ જેનામાં હોય, તે જિજ્ઞાસુથી પણ શ્રેષ્ઠ છે, કારણ કે તે જ્ઞાની છે. તે સમજે છે કે ભગવાન પાસે મુક્તિની પણ કામના કરવાની આવશ્યકતા નથી, દર્શનની પણ કામના કરવાની આવશ્યકતા નથી, ભગવાન પાસે નિત્ય નિવાસ કરવાની કામનાની પણ આવશ્યકતા નથી. આ બાબતમાં ભગવાન જે કંઈ કરે છે, તેમાં કંઈ કમી હોય તો જ આપણને આવશ્યકતા પડે ને! પણ ભગવાન પાસે તો કોઈ જ વસ્તુની કમી નથી.

આપણી કામના તો અહીંની વસ્તુમાં છે. ભગવાન જે કંઈ કરી રહ્યા છે, તે એટલું બધું કરી રહ્યા છે કે તેને સમજવું એ આપણી સમજણની બહારની વસ્તુ છે; આથી આપણે કોઈ ચીજની કામના કરીએ, તો આપણી મૂર્ખતા સિદ્ધ થાય છે. ભગવાન કહે છે કે, 'મારા જે ભક્ત કોઈ પણ પ્રકારની કામના ન કરનારા છે, તે મને અતિશય પ્રિય છે, મને દુનિયામાં તેમનાથી વધુ પ્રિય કોઈ જ નથી.' ભગવાન વિષ્ણુ તરફ જોઈએ તો ભગવાન વિષ્ણુ કહે છે, 'આવા ભક્ત જેટલી પ્યારી તો મને લક્ષ્મી પણ નથી.' શ્રીરામ તરફ જોઈએ તો તે કહે છે, 'સીતા પણ મને એટલી પ્યારી નથી.' શ્રીકૃષ્ણ તરફ જોઈએ તો તે કહે છે, 'રુક્મિણી-રાધિકા પણ મને એટલી પ્યારી નથી.' જેનાથી વધુ બીજું કોઈ જ ન હોય, તેને 'અતિશય' કહેવામાં આવે છે. જ્ઞાની કોણ છે? જેને હું અતિશય પ્યારો છું. વધુ શું કહેવું! તે તો મારો આત્મા-મારું સ્વરૂપ જ છે, તે 'હું' જ છું.

હવે બીજી વાત બતાવવામાં આવે છે. બીજી વાત એ છે કે સગુણ ભગવાનનો સાક્ષાત્કાર જે ક્ષણે થાય એ સમયે જે ભાવ હોય, એવો ભાવ ક્રમશઃ ઉદ્ભવી શકે છે કે અચાનક પણ? આનો ઉત્તર એ છે કે ક્રમશઃ ઉદ્ભવે, એ વાત તો ઠીક જ છે. જેમ સૂર્યભગવાનનો પ્રાતઃકાળમાં ઉદય થાય છે, પછી ધીમે ધીમે જેમ જેમ તે નિકટ આવતા જાય તેમ તેમ પ્રકાશ વધતો જ જાય છે, એ જ રીતે ભગવાન પ્રકટ થતા હોય છે અને અચાનક પ્રકટ થઈ જાય, એ પણ ઠીક છે. ધારો કે એક ઓરડામાં અંધકાર હોય, ઘોર અંધકાર હોય, તેમાં લાઈટફિટિંગ કરાવેલ હોય, વિદ્યુત્પ્રવાહ પણ ચાલુ હોય અને એક હજાર વૉટનો પ્રકાશ દેનાર બલ્બ પણ હોય, તો સ્વિચ દબાવતાંની સાથે જ પ્રકાશ થઈ જાય, એમાં શી નવાઈ પામવા જેવી વાત છે?

ત્રીજી વાત એ છે કે જ્યાં તૈયારી વગેરે કંઈ જ ન હોય, ત્યાં પણ ક્ષણવારમાં જ ભાવ બદલવાની સાથે ભગવાન પ્રકટ થઈ જાય અને ચોથી વાત એ છે કે જ્યાં ભગવાનની ભક્તિનો થોડો કે જરાપણ ભાવ ન હોય ત્યાં પણ ભગવાન પ્રકટ થઈ જાય, એમાં નવાઈ પામવા જેવી શી વાત છે? હવે તમને આ બધાંના દૃષ્ટાંત દઈને સમજાવીએ છીએ, જેથી વધુ સમજાશે. પહેલું દૃષ્ટાંત એ કે ક્રમશઃ વિકાસ થાય છે, ત્યારે 'પ્રતીત થાય છે.' આ માટે સૂર્યનું ઉદાહરણ આપ્યું. સૂર્યના ઉદાહરણમાં તેનો પ્રકાશ વધતાં વધતાં પૂર્ણ પ્રકાશ થઈ જાય છે. બીજું દૃષ્ટાંત વીજળીનું આપ્યું કે ઘોર અંધકાર છે, પણ સ્વિચ દબાવતાંની સાથે જ ઝટ પ્રકાશ થઈ જાય છે, જેમ કામ એકદમ તૈયાર હોય તો તરત જ થઈ જાય છે, ત્યારે સમય નથી લાગતો, તૈયાર થવામાં જ સમય લાગે છે. આ માટે કૂવાનું દૃષ્ટાંત આપીએ છીએ. કોઈ કૂવો ખોદતાં ખોદતાં પરેશાન થઈ જાય અને વિચારે કે છોડો, આમાંથી ક્યાં પાણી મળે એમ છે; છતાં પણ પથ્થરને તોડતો જ રહે, તોડતો જ રહે.

એવો નિશ્ચય કરી લે, કે પથ્થરની નીચે પાણી છે, તોડવાનું બંધ ન કરે, તોડતો જ રહે, તો અંતે પથ્થરોનું પડ સમાપ્ત થતાં જ ક્ષણવારમાં જ ૧૦ ફૂટ, ૧૫ ફૂટ પાણી આવી જાય છે. તેની પહેલાંની ક્ષણે એને લાગતું હતું કે આમાંથી પાણી નહિ નીકળે, આથી તે નિરાશ થઈ ગયો હતો, પણ નિરાશ થઈ જવા છતાં તેણે પોતાનો પ્રયત્ન ન છોડ્યો, તેથી તેને સફળતા મળી જ ગઈ. ત્રીજી વાત એ છે કે કોઈ ભગવાનનો થોડો ભક્ત તો છે, પણ દૃઢ નિષ્ઠાવાન ભક્ત નથી, તેનો ભાવ પણ ક્ષણવારમાં જ બદલાઈ જાય છે. તેને માટે આ દૃષ્ટાંત છે કે ભગવાનનો એક ભક્ત એક વૃક્ષની નીચે બેસીને ભગવાનની ભક્તિ કરતો હતો, ભજન-ધ્યાન કરતો હતો, તે જ સમયે નારદજી ત્યાં પહોંચી ગયા. આ કદાચ શાસ્ત્ર-પ્રમાણિત કથા ન હોય, પણ દંતકથા જ હોઈ શકે. વાત સમજાવવા માટે વળી આ તો ભક્તનું દૃષ્ટાંત છે. નારદજીએ ત્યાં વિશ્રામ કર્યો, તો ભક્તે નારદજીની પણ સેવા કરી. તેમનો અતિથિસત્કાર કરી તેમને પૂછ્યું, 'મહારાજ, આપ ક્યાં જાઓ છો?' નારદજીએ ઉત્તર આપ્યો, 'હું ભગવાનના પરમ ધામે જાઉં છું.' 'આપ મારો એક નાનકડો સંદેશો ત્યાં પહોંચાડશો?' નારદજીએ પૂછ્યું, 'શો સંદેશો છે?' 'આપ એમને એટલું પૂછીને આવો કે મને પણ તેમનાં દર્શન થશે? અને થશે તો ક્યારે?' ભક્તે કહ્યું. નારદજીએ કહ્યું, 'સારું.' ત્યારપછી નારદજી નાચતા, ગાતા અને વીણા વગાડતા પરમધામ પહોંચ્યા. ભગવાને પૂછ્યું, 'નારદજી, કેમ આવવું થયું?' નારદજીએ તેમના આવવાનું પ્રયોજન બતાવીને કહ્યું, 'મહારાજ, બીજી એક વાત પણ છે. હું જ્યારે અહીં આવી રહ્યો હતો, ત્યારે મેં જોયું કે આપનો એક ભક્ત વૃક્ષની છાયામાં બેસીને આપનું ભજન અને ધ્યાન કરતો હતો અને અતિથિઓની સેવા પણ કરતો હતો. તેણે આ સંદેશ આપી પુછાવ્યું છે કે તેને ક્યારેય ભગવાનનાં દર્શન થશે? અને

થશે તો ક્યારે? ભગવાને માથું હલાવી કહ્યું, 'નારદ, એ તો બહુ જ મુશ્કેલ છે.' નારદજીએ પૂછ્યું, 'મુશ્કેલ હશે, પણ ક્યારેક તો થશે ને?' ભગવાને કહ્યું, 'થશે તો ખરાં, પણ જે રીતે એ ભજન-ધ્યાન કરે છે, એ રીતે કરવાથી તો એ વૃક્ષને જેટલાં પાન છે, તેટલાં વર્ષો સુધી ભજન-ધ્યાન કરવાથી થશે.' નારદજીએ મનમાં કહ્યું, 'ભગવાન! તે અતિથિ સેવા કરે છે, ભજન-ધ્યાન પણ કરે છે, તો પણ તેને આટલાં બધાં વર્ષ કેમ લાગશે?' નારદજી વિચારવા લાગ્યા, 'ભગવાને આ કેવી વાત કરી?' ભગવાનની વાત સાંભળી નારદ પાછા ફર્યા ત્યારે તેમને તે ભક્ત મળ્યો. નારદજીની ઉદાસ મુખમુદ્રા જોઈ તેણે પૂછ્યું, 'કેમ મહારાજ, ભગવાન મળ્યા?' નારદજીએ કહ્યું, 'મળ્યા અને વાત પણ કરી. ભક્તે પૂછ્યું, 'ભગવાને શું કહ્યું?' નારદજીએ કહ્યું, 'ભાઈ, શું કહેવું?' ભક્તે કહ્યું, 'ના મહારાજ! એમણે જેવી વાત કહી હોય, તે આપ સંકોચ વિના કહી દો.' નારદજીએ કહ્યું, 'ભાઈ, શું કહું! તેં જેમ મને કહ્યું હતું, તે પ્રમાણે જ મેં ભગવાનને પૂછ્યું કે, 'શું કોઈ વાર તેને પણ આપનાં દર્શન થશે? અને થવાનાં હશે, તો ક્યારે?' તો તેમણે ઉત્તર દીધો કે, 'જે રીતે તે ભક્તિ કરે છે તે જ પ્રમાણે ભક્તિ કરતો રહેશે, તો તે વૃક્ષનાં જેટલાં પાન છે, તેટલાં વર્ષ પછી થશે.' 'આ સાંભળતાં જ તેનો ભાવ ક્ષણમાત્રમાં જ બદલાઈ ગયો. ભક્તે કહ્યું, 'શું મહારાજ! મારા જેવા પાપીને, મારા જેવા અધર્મીને પણ ભગવાનનાં દર્શન થશે?' નારદજીએ કહ્યું, 'અરે ભાઈ! ક્યારે થશે.' ભક્તે કહ્યું, 'મહારાજ ભલે ગમે ત્યારે થાય, નહિ થાય એમ તો નથી કહ્યું ને! થશે, ભલે ગમે ત્યારે થાય. મારા જેવા આદમીને પણ દર્શન થશે.' આમ કહી તે પ્રેમમાં મુગ્ધ બની ગયો. પ્રેમમાં મુગ્ધ બની, વિહ્વળ બનીને તે નાચવા લાગ્યો. નારદજી પણ નાચવા લાગ્યા. ભક્તનો પ્રેમભાવ જોઈ ભગવાન આવી ગયા. નારદજી બોલ્યા,

'ભગવાન, આપે તો મને કહ્યું હતું કે તે વૃક્ષને જેટલાં પાન છે તેટલાં વર્ષ પછી દર્શન થશે; પરંતુ આપ તો તરત જ આવી ગયા!' ભગવાને કહ્યું, 'નારદ, મેં જે કહ્યું હતું, તેમાં એક શરત હતી; તે તને યાદ છે?' 'નારદજી બોલ્યા, 'શી?' ભગવાને કહ્યું, 'તે જે રીતે ભક્તિ કરે છે તે જ રીતે કરતો રહેશે, તો એટલાં વર્ષોની અવધિ હતી; પણ તેનો જ્યારે ભાવ જ બદલાઈ ગયો, ત્યારે હું શું કરું? હું પણ બદલાઈ ગયો. તેનો ભાવ બદલાઈ ગયો, તો અમારો ભાવ પણ બદલાઈ ગયો. તું પણ બદલાઈ ગયો અને તેની સાથે નાચવા-ગાવા લાગ્યો. તારો પણ ભાવ બદલાઈ ગયો. મારો પણ ભાવ બદલાઈ ગયો. બધી અવધિ પૂરી થઈ ગઈ.'

હવે ચોથી વાત છે. આપે કહ્યું હતું તે મુજબ જેનામાં ભગવાન પ્રત્યે ભાવ ન હોય, તો શું તેના માટે પણ ભગવાન આવી જાય છે? હા, તેને માટે પણ ભગવાન આવી જાય છે, તેના ઉદાહરણરૂપે અજામિલ છે. અજામિલનો ભગવાનમાં જરાય ભાવ નથી, 'નારાયણ' કહીને તે પોતાના પુત્રને બોલાવે છે. આમ જોવા જઈએ તો તે પોતાના પુત્ર નારાયણને બૂમ પાડીને બોલાવતો હતો; ભગવાનને નહિ. ભગવાન તો અંતર્યામી છે. આ વાતને તો તે જાણે જ છે કે તે તેમને નહિ, પણ પોતાના પુત્રને બોલાવે છે. પણ ભગવાનના નારાયણ નામનું ઉચ્ચારણ કરવાને કારણે ભગવાનના દૂત આવી ગયા. હવે જો અજામિલને પુત્રમાં ભગવાનનો ભાવ હોત, તો ભગવાન જાતે જ આવી જાત, દૂત ન આવત. તેનામાં ભગવાનનો ભાવ નહોતો, તેની ઊણપ હતી, તેથી દૂત આવ્યા. દૂતોએ યમદૂતોને મારીને ભગાડ્યા, પછી ભગવાનની ભક્તિની સ્થાપના થઈ. તેણે હરદ્વારમાં જઈને સાધના કરી અને ભગવાનની પ્રાપ્તિ થઈ. અજામિલને ભગવાનની પ્રાપ્તિમાં આટલો વિલંબ થવાનું કારણ એ હતું કે તેણે નારાયણના

નામનું ઉચ્ચારણ પુત્રના ભાવથી કર્યું હતું, ભગવાનના ભાવથી નહોતું કર્યું. ભગવાનનો ભાવ હોત, તો તે તરત જ આવી જાત.

હવે આપણે આ વિચાર કરવાનો છે કે આપણે તો ખૂબ જ સામાન્ય માણસ છીએ. આપણા હૃદયમાં પણ આવો જ ભાવ જાગી જાય. ભાવ બદલાતાં જ ભગવાન આવી જાય, જો આપણે પાપી હોઈએ, તો પણ આવી જાય. ભગવાન આટલા બધા દયાળુ અને પ્રેમી છે; તેમના ન આવવાનું કારણ ફક્ત એટલું જ છે, કે આપણે તેમને દયાળુ અને પ્રેમી માનતા નથી. આપણા પાપને લીધે જ આપણે તેમને દયાળુ અને પ્રેમી માનતા નથી. આપણે માની લઈએ કે આપણે ભલે ગમે તેવા પાપી હોઈશું પણ ભગવાન તો પ્રકટ થઈ જ શકે છે. ત્યારે જ ગીતાનો આ શ્લોક સાર્થક થશે –

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक्।

(૯/૩૦)

ભલે કોઈ ગમે તેટલો પાપી હોય, પણ મને અનન્ય ભાવે ભજે, તો તે તરત જ ધર્માત્મા થઈ જાય છે. **'क्षिप्रं भवति धर्मात्मा'** આટલો બધો મોટો પાપી છે તેથી ધર્માત્મા બનવામાં બહુજ વાર લાગશે, એવું નથી. ભલેને તે ગમે તેટલો મોટો પાપી હોય, તરત જ ધર્માત્મા બની જશે; એટલે કે તેને પરમાત્માની પ્રાપ્તિ થઈ જશે; પરમ શાંતિની પ્રાપ્તિ થઈ જશે. આ રીતે ભગવાનની દયા તરફ જોઈને તે મુગ્ધ થતો રહે કે, ભગવાન આટલા બધા દયાળુ છે! ભગવાનને આવામાં વિલંબ થાય છે તેનું મુખ્ય કારણ એ છે કે ભગવાનની દયાળુતાને આપણે સમજતા નથી. ફક્ત મુખેથી જ કહેતા હોઈએ છીએ. ભગવાનને આવવામાં વિલંબ થવાનું એ કારણ નથી કે આપણા પાપને લીધે ભગવાન આવવામાં વિલંબ કરે છે. જ્યારે ઘોર અંધકાર હોય, ત્યારે તેમાં વીજળીનો પ્રકાશ થાય તે વખતે વીજળી ડરતી નથી કે આટલો

બધો ઘોર અંધકાર છે, તેથી હું કેવી રીતે પ્રકટ થાઉં. પ્રકાશ મેળવવા માટે તો સ્વિચ દબાવવામાં જેટલો વખત લાગે, એટલી જ વાર લાગે. સ્વિચ દબાવતાં જ વીજળી ત્યાં પ્રકટ થઈ જાય છે. ગુફામાં હજારો વર્ષોનો અંધકાર હોય, છતાં વીજળી પ્રકટ થતાં જ ત્યાં ક્ષણવારમાં જ અંધકાર ભાગી જશે અને પ્રકાશ થઈ જશે. આ જ રીતે હૃદયમાં સ્વિચ દબાવવાની જ આવશ્યકતા છે. ભગવાનના પ્રકાશનો પ્રવાહ તો સર્વત્ર વહેતો જ હોય છે; કારણ કે ભગવાન સર્વવ્યાપી છે. જેમ વીજળી તારમાં વ્યાપ્ત હોય છે અને વિદ્યુત્પ્રવાહ તારમાં બધે જ વહેતો હોય છે, તે જ રીતે ભગવાન પણ સર્વત્ર વ્યાપ્ત છે. તેમનો પ્રવાહ સર્વત્ર ફેલાયેલો છે. સ્વિચ તો દબાવવી જ પડશે. આ સ્વિચ દબાવવી એટલે આપણા હૃદયમાં જે સ્વરૂપે ભગવાન છે, તે સ્વરૂપે તેમને માની લેવા. સ્વિચ દબાવનારના હૃદયમાં એવો નિશ્ચય હોય છે કે સ્વિચ દબાવતાંની સાથે જ રોશની થઈ જશે, આથી જ તે સ્વિચ દબાવે છે, નહીંતર સ્વિચ શું કામ દબાવે? ભગવાનને દયાળુ અને પ્રેમી માનવાથી તેઓ તરત જ પ્રકટ થઈ જશે, એવો પૂરો વિશ્વાસ હોવો જોઈએ. આપણા હૃદયમાં દૃઢ વિશ્વાસ હોવો જોઈએ કે ભગવાન પરમ પ્રેમી અને પરમ દયાળુ છે. વિશ્વાસ થવાથી જાણકારી દૃઢ થાય છે. આરંભમાં પહેલાં જાણકારી મળે અને પછી વિશ્વાસ બેસે; ત્યાર પછી પૂર્ણ જાણકારી પ્રાપ્ત થાય. ભગવાન કહે છે, 'મનુષ્ય મને બધાં પ્રાણીઓનો મિત્ર જાણવાથી પરમ શાન્તિ પ્રાપ્ત કરે છે. '**सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति।**'

સાધન કરવાથી પરમ શાન્તિ મળે છે એવી વાત અહીં નથી કહેવામાં આવી. બલકે તેઓ તો કહે છે કે મનુષ્ય જ્યારે મને બધાંનો મિત્ર જાણી લે છે, ત્યારે આ જાણકારી મળતાં જ તેને શાન્તિ મળી જાય છે. સુહૃદ અથવા મિત્રનો અર્થ છે કારણ વિના જ પ્રેમ કરનાર.

અને કારણ વિના જ દયા કરનાર ભગવાન છે. ભગવાન કારણ નથી જોતા, જો તે પાત્ર જુએ, તો સમજો કે કારણ જોઈ લીધું. આપણને પાત્ર સમજીને જો પ્રેમ અને દયા કરે તો કારણ પર નજર ગઈ કહેવાય. આ ભાવ ભરતજી આ રીતે રજૂ કરે છે -

जन अवगुन प्रभु मान न काऊ। दीन बंधु अति मृदुल सुभाऊ॥

(રા.ચ.મા. ૭/૧/૬)

ભગવાન પોતાના દાસના દોષ તરફ જોતા જ નથી, કારણ કે જો તે મારા દોષ તરફ જુએ, તો મારા માટે તેમનાં દર્શન અસંભવિત બની જાય. ભગવાન દીનબંધુ છે અને હું દીન. ભગવાનનો સ્વભાવ ખૂબ જ કોમળ છે. તેમનો સ્વભાવ એટલો બધો કોમળ છે કે પોતાના પ્યારા ભક્તના કષ્ટને તે સહન નથી કરી શકતા. મારી નીચતા અને મારા વ્યવહાર તરફ ભગવાન કદી નથી જોતા. જો તે પોતાના બિરુદ તરફ જુએ, તો તેમના આગમનમાં વિલંબ થવો જ ન જોઈએ. ભરતજી કહે છે,

मोरे जियँ भरोस दृढ सोई। मिलिहहिं राम सगुन सुभ होई॥

(રા.ચ.મા. ૭/૧/૭)

કારણ કે મારા મનમાં દૃઢ વિશ્વાસ છે કે પ્રભુ પોતાના સેવકના અવગુણ તરફ કદી જોતા જ નથી; કારણ કે તે દીનબંધુ છે અને તેમનો સ્વભાવ અત્યંત મૃદુ છે.

जन अवगुन प्रभु मान न काऊ। दीन बंधु अति मृदुल सुभाऊ॥

આનો જે ભાવ છે, તેને યાદ કરી કરીને મારા મનમાં ખાતરી છે - ખાતરી જ નહીં, દૃઢ વિશ્વાસ છે કે ભગવાન મળશે, એમાં કંઈ જ શંકા કરવા જેવું નથી અને તેની સાથે જ મને શુભ શુકન પણ થઈ રહ્યાં છે. આમાં પહેલાં બતાવવામાં આવ્યું છે કે મારી જમણી ભુજા અને જમણું નેત્ર ફરકે છે, તેનાથી ભાઈ કે મિત્રનું મિલન થાય છે.

આ કારણથી પણ રામ આવશે જ. તે કહે છે કે આમ ન બને અને મુદત વીતી જવા છતાં જો હૃદયમાં પ્રાણ રહી જાય, તો સમજી લેવું જોઈએ કે સંસારમાં મારા જેવો પાપી બીજો કોઈ નથી -

बीतें अवधि रहहिं जौं प्राना। अधम कवन जग मोहि समाना॥

(રા.ચ.મા. ૭/૧/૮)

ભાવ એ છે કે મને દૃઢ વિશ્વાસ છે કે ભગવાન અવધિ પૂરી થતાં પહેલાં અવશ્ય મળશે. જો અવધિ વીતી જાય, તો પછી સમજી લેવું કે મારા પ્રાણ નહીં રહે. જો સાચો પ્રેમ હશે, તો તે જ વખતે મારા પ્રાણ ચાલ્યા જશે. અત્યાર સુધી એ અવધિ જ મારા પ્રાણનો આધાર હતી. અવધિ સમાપ્ત થઈ જતાં પ્રાણનો આધાર નહીં રહે; અને જ્યારે આધાર જ ન રહે, ત્યારે પ્રાણ પણ શી રીતે રહે? આથી ચોક્કસ માની લેજો કે મારા પ્રાણ નહીં રહે. જો પ્રાણ રહી જાય, તો મારા સમાન પાપી કોઈ નહીં હોય. મારા પ્રાણ ટકી રહેશે, તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ. અગ્નિમાં પ્રવેશ કરીને હું પ્રાણત્યાગ કરીશ. પછી વિચારે છે, 'જો અગ્નિપ્રવેશ કરીને હું પ્રાણ ત્યાગ કરું, તો તે આત્મહત્યા ગણાશે, તેને મારો પ્રેમ શી રીતે ગણાય? આવી આત્મહત્યા તો કોઈ પણ કરી શકે, કોઈ પણ વ્યક્તિ આત્મહત્યાનો વિચાર કરી શકે. આવી આત્મહત્યા તો લોકલાજને લીધે કોઈ પણ કરી શકે. અવધિ પૂરી થતાં પ્રાણ આપમેળે જતા રહે, તે જ સાચો પ્રેમ કહેવાય.' આવી સ્થિતિ થતાં જ ભરતજીનું મન રામના વિરહસાગરમાં ડૂબવા લાગ્યું. એ અરસામાં જ હનુમાનજી બ્રાહ્મણનું રૂપ ધારણ કરી આવી પહોંચ્યા; જાણે ડૂબતાને તારવા નૌકા આવી ગઈ હોય -

राम बिरह सागर महँ भरत मगन मन होत।
बिप्र रूप धरि पवन सुत आइ गयउ जनु पोत॥

(રા.ચ.મા. ૭/૧/૦ [ક])

તેમણે આવીને ભરતજીને બચાવી લીધા. અને કહ્યું, 'હે ભરતજી! જે ભગવાનના નામનો તમે જપ કરી રહ્યા છો, તે ભગવાન શ્રીરામ સીતાજી અને લક્ષ્મણજી સાથે આવી રહ્યા છે.' આથી તેમના પ્રાણ બચી ગયા; જેમ કોઈ માછલીના પ્રાણ જવાની તૈયારી હોય તે સમયે જ કોઈ તેને ઉઠાવીને પાણીમાં નાખે તો તેના પ્રાણ બચી જાય, તેમજ.

હવે આના પર જો આ રીતે વિચાર કરીએ કે ભરતજીને માટે હનુમાનજી આવી ગયા - ભગવાનના દૂત આવ્યા, પણ ભગવાન કેમ ન આવ્યા? હનુમાનજીએ ખબર આપી કે 'ભગવાન આવી રહ્યા છે' તો ભગવાન જ આવી ગયા ગણાય, એમાં કોઈ ફરક પડતો નથી; પણ દૃષ્ટાંત અનુસાર તો ભગવાને જ આવવું જોઈતું હતું. ભગવાન ક્ષણવારમાં જ આવી શકતા હતા તેમને આવવામાં કોઈ મુશ્કેલી તો હતી જ નહીં. હનુમાનજી આવ્યા એ જ રીતે ભગવાન પણ આવી શકત. એ તો સમર્થ છે, બધું જ કરી શકે છે, તો એ જાતે જ કેમ ન આવ્યા? આનું કારણ એ લાગે છે કે - ભરતે કહ્યું હતું કે, 'મારા હૃદયમાં દૃઢ વિશ્વાસ છે અને મને શુભ શુકન પણ થઈ રહ્યાં છે.' તો અહીં શુકનને કેમ લાવ્યા? જો શુભ શુકન થઈ રહ્યાં હોય, તો શુકનની પ્રતીક્ષા કરવી જોઈએ. આથી માત્ર એટલા જ શબ્દો કહેવા જોઈતા હતા કે, 'ભગવાન મળશે.' 'જો'નો પ્રયોગ કેમ કર્યો? 'જો' પદની શી આવશ્યક્તા હતી? 'જો નહીં આવે તો મારા પ્રાણ નહીં રહે,' તો ન શા માટે આવે? તેમણે એટલું જ કહેવાની જરૂર હતી કે, 'મને દૃઢ વિશ્વાસ છે કે ભગવાન આવશે.' તો ભગવાન જ જાતે આવત. ભગવાનના મનમાં એવો ભાવ ન જન્મત કે 'હનુમાન તમે જઈને માહિતી મેળવો કે ભરતનો મારા માટે કેવો ભાવ છે, તે આપણને ચાહે છે કે નહીં?' ભગવાન તો ક્ષણવારમાં જ પ્રકટ થઈ શકે છે. આથી આપણે એવો ભાવ લેવો જોઈએ કે ભગવાનના આગમનમાં જે વિલંબ

થાય છે તેનું કારણ એ જ છે કે આપણે તેમને સુહૃદ નથી માનતા. ભગવાન કહે છે, 'સુહૃદ માનતાંની સાથે જ ભક્તને પરમ શાન્તિ મળી જાય છે.' પહેલાં 'સુહૃદ'નો અર્થ સ્પષ્ટ કરેલો જ છે કે સુહૃદ એટલે કારણ વિના પ્રેમ કરનાર અને કારણ વિના દયા કરનાર. ભગવાન સુહૃદ છે અને કારણ વિના જ દયા અને પ્રેમ કરનાર છે. કારણ શોધવાં હોય તો ભલે આપણે કારણ શોધ્યા કરીએ. ભગવાન બધાં જ પ્રાણીઓના સુહૃદ હોવાથી અકારણ જ પ્રેમ-દયા કરનાર છે. જો આપણે તેમનો પ્રભાવ સ્વીકારી લઈએ તો આપણને આપણી ન્યૂનતા જોવાની આવશ્યકતા જ ક્યાં રહી? આપણામાં જે દોષ છે, તેમનું નિવારણ કરીને જ તમે ભગવાનને બોલાવવા માગો છો? જેમ એક જ વર્ષનું નાનું બાળક ઝાડા-પેશાબથી ખરડાયેલું અને ખૂબ જ અપવિત્ર હોય, તે પોતાની માતા માટે રડી રહ્યું હોય, બીજા લોકો સમજાવતા હોય પણ તે કોઈની જ વાત માનતું ન હોય, માને માટે જ રડતું હોય, મા દોડીને બાળક પાસે આવી જાય છે. બાળક ખૂબ જ વ્યાકુળ છે, મા તેને 'મારો દીકરો,' 'મારો લાલો' કહી પટાવતી હોય, પણ તેનું રુદન કોઈ પણ રીતે અટકતું જ ન હોય, મા તેને ધોઈને સાફ કર્યા પછી તેડવાનું વિચારતી હોય, પણ બાળક માની ગોદ માટે વ્યાકુળ હોય, ત્યારે તેને આશ્વાસન આપવા મા તેને છાતી સરસો ચાંપે છે અને પછી સાફ કરે છે. પહેલાં તેને તેડી લીધા પછી તે બાળકને તેમજ પોતાની જાતને પણ સાફ કરે છે. આપણે પણ આ રીતે જ ભગવાન માટે વ્યાકુળ થઈ જવું જોઈએ. 'ભગવાન દયાના સાગર છે' એમ કહીએ એ પણ આપણી કમજોરી છે; કારણ કે સાગરની શી વિસાત? સાગરની સીમા હોય છે, પણ ભગવાનની દયા અસીમ છે. તેમનામાં અનંત, અપરિમિત, અપાર અને અસીમ દયા છે. આખી દુનિયાની દયા એકઠી કરવામાં આવે અને ભગવાનની દયાને સાગર

માની તેની સાથે એ દયાની તુલના કરવામાં આવે, તો દુનિયાભરની એકઠી કરેલી દયા એ દયાસાગરની દયાના એક બુંદ જેટલી પણ ન થાય, એટલા બધા દયાળુ ભગવાન છે. ભગવાનની દયા સમજી લઈએ પછી ભગવાનનાં દર્શન થવામાં વિલંબ થવાનું કોઈ કારણ રહેતું જ નથી. ભગવાન એટલા દયાળુ છે કે તે પોતાની જાતને વેચી નાખે છે. પ્રેમને પરિણામે તે જાતે જ વેચાઈ જાય છે. ભગવાનનો પ્રેમી ભક્ત ભગવાનને ઊભા રાખી તેમની હરાજી બોલાવે, તો તેની ખાતર તે લિલામ પણ થઈ જાય છે. આવા પ્રેમીના આવવામાં વિલંબ થાય તેમાં ભગવાનનો દોષ તો છે જ નહીં; પણ કોઈ કહે કે 'મારા દોષને લીધે ભગવાન નથી આવતા,' તો એમ માનવામાં પણ ભગવાન પર દોષારોપણ છે. ભગવાન તો આપણા દોષ જોતા જ નથી. '**जन अवगुन प्रभु मान न काऊ।**' તો એક રીતે આપણે આપણા દોષને જોઈએ અને આપણા આ દોષ જોઈને જ ભગવાન આવવામાં વિલંબ કરે છે એમ માનીએ, એ પણ ભગવાન પર જ દોષારોપણ છે. આપણે એ વાત સમજી લઈએ કે ભગવાન એટલા દયાળુ અને પ્રેમી છે કે આપણા દોષ તરફ જોતા નથી, તો તે ભગવાન તરત જ પ્રકટ થઈ શકે છે. મને પ્રાણીમાત્રનો સુહૃદ માનનાર મનુષ્ય શાન્તિ પ્રાપ્ત કરે છે - '**सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्ति मृच्छति।**' આ જાણવું બે પ્રકારનું છે - 'ભગવાન કારણ વિના દયા અને પ્રેમ કરનાર છે.' આ પ્રકારનું જે સામાન્ય જ્ઞાન છે, આ જ્ઞાન વડે ભગવાનને સુહૃદ માનવામાં આવે છે. આ પ્રકારની માન્યતા દ્વારા ફરીથી જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તે ભગવાન અંગેનું જ્ઞાન અંતિમ ક્ષણનું જ્ઞાન છે.

ભરતજી કહે છે -

'**जन अवगुन प्रभु मान न काऊ।**' તો '**जन अवगुन प्रभु मान न काऊ।**' એ વાત ભરતજીએ કહી તે વાતને આપણે વાંચીએ અને

સાંભળીએ. સાંભળ્યા પછી આપણે તેને સમજીએ તે જ તેની વ્યાખ્યા થઈ. આપણે માનીએ છીએ કે આપણા દોષને જોઈ ભગવાન વિલંબ કરે છે, તો '**जन अवगुन प्रभु मान न काऊ। दीन बंधु अति मृदुल सुभाऊ॥**' આ ચોપાઈ ચરિતાર્થ ક્યાં થઈ? તેનો સ્વીકાર આપણે ક્યાં કર્યો? જો આ ચોપાઈનો આપણે સ્વીકાર કરીએ, તો એમ કહેવાની ગુંજાશ જ નથી રહેતી કે 'આપણા દોષ જોઈને ભગવાન વિલંબ કરે છે.' આ ચોપાઈના અર્થના જ્ઞાનથી આપણે ખરેખર ભગવાન કેવા છે, એ આપણે સમજીએ; તેમના પર શ્રદ્ધા-વિશ્વાસ રાખીએ. આવી માન્યતા બંધાયા પછી ભગવાન સુહૃદ છે એવું આપણને જ્ઞાન થશે, તો ભગવાન ક્ષણવારનો પણ વિલંબ નહીં કરે. આવું સમજી, વિશ્વાસ કરી, આ વાતને આપણા હૃદયમાં દૃઢ કરી નાખીએ, તેના પર શ્રદ્ધા-વિશ્વાસ કરીએ અને આ માન્યતા સાથે જ આપણને જે જ્ઞાન થશે, એ જ્ઞાનનું ફળ હશે તરત જ ભગવાનની પ્રાપ્તિ.

આમાં ભગવાનના ભાવ, તેનું રહસ્ય, પ્રભાવ અને ભગવાનની સુહૃદતા, દયાળુતા તથા ક્ષણવારમાં જ ભગવાનને મળવાની વાત જણાવી.

મહાપુરુષોનું રહસ્ય શું છે?

મહાપુરુષોનો જે ભાવ છે તે સમજાઈ જાય અને તે મુજબ આપણો ભાવ બની જાય, તો આપણું કલ્યાણ થઈ જાય, જેમ ભગવાનનો ભાવ સમજવાથી આપણું કલ્યાણ થઈ જાય છે; કેમકે ભગવાન પોતે કહે છે કે જે મહાપુરુષો છે તેઓ મારા જ સ્વરૂપ છે, મારો આત્મા જ છે. ભગવાન તો આપણા માટે અવ્યક્ત છે, સાકાર સ્વરૂપે પણ અવ્યક્ત છે અને નિરાકાર સ્વરૂપે પણ આપણી જાણમાં અવ્યક્ત જ છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે, 'ભગવાનનું સ્વરૂપ સૂક્ષ્મ હોવાથી અવિજ્ઞેય છે - તે જાણમાં આવતું નથી. **'सूक्ष्मत्वात्तदविज्ञेयम्'** (ગીતા ૧૩-૧૫) મનુષ્ય સૂક્ષ્મ બુદ્ધિથી તેમનો અનુભવ કરે છે અથવા એવા સૂક્ષ્મદર્શી જેઓ જ્ઞાની હોય, જેમની બુદ્ધિ શુદ્ધ, સ્થિર અને પવિત્ર હોય, તેઓ જ ભગવાનનો સાક્ષાત્કાર કરે છે; અથવા જેમનામાં શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રેમ હોય, તેઓ જ ભગવાનના તત્ત્વને સમજી શકે છે. ભગવાનનું જે સગુણ નિરાકાર સ્વરૂપ છે - જે સર્વ સ્થળે પ્રત્યક્ષ વ્યાપક છે, તે સૂક્ષ્મ હોવાથી આપણને સૌને શ્રદ્ધા અને સમજણની ઊણપને લીધે પ્રત્યક્ષની પેઠે દેખાતું નથી અને સાકાર રૂપે તો પ્રકટ છે જ નહિ, પરંતુ મહાત્મા પુરુષોનાં જે શરીર છે તે સાકાર રૂપે પ્રકટ છે, એટલી આપણને સગવડ મળી છે. મહાત્માઓનું વાસ્તવિક સ્વરૂપ આપણા માટે અવિજ્ઞેય છે, તેમ ભગવાન પણ અવિજ્ઞેય છે. આ બાબતમાં તો ભગવાન અને મહાત્મા બંને સમાન

છે. મહાત્માના એ યથાર્થ સ્વરૂપને આપણે જાણી શકીએ, તો તેની સાથે જ પરમાત્માને પણ આપણે જાણી શકીશું. પરમાત્માને જાણી શકીશું ત્યારે આપણે જાતે જ મહાત્મા બની જઈશું અને ત્યારે મહાત્માઓને આપણે આપમેળે જ જાણીશું.

મહાપુરુષોની બાબતમાં કહેવાય છે કે જેઓ અત્યંત ઉચ્ચ કોટિના મહાપુરુષ હોય છે, તેઓ માન-મોટાઈ, પૂજા-સત્કાર, પ્રતિષ્ઠા વગેરેનો વ્યવહારમાં પણ વિરોધ કરે છે અને પોતાના હૃદયથી પણ વિરોધ કરે છે, કારણ કે જેટલી બાહ્ય ક્રિયાઓ છે, તે બધી તો એક દંભી મનુષ્ય પણ કરી શકે છે અને આમ થતાં સંસારમાં દંભ ફેલાઈ જાય છે. ધારો કે કોઈ સજ્જને કોઈને મહાત્મા માની લીધા. તેમને મહાત્મા માની લેવાથી તે સજ્જને મહાત્માને કહ્યું, 'મારી ઇચ્છા આપના હાથનો પ્રસાદ ગ્રહણ કરવાની છે, તેથી આપ આપના હાથે જ મને તે આપવાની કૃપા કરો.' મહાત્માએ રસોડામાંથી પોતાના હાથે પ્રસાદ આપ્યો. તે માને છે કે આ મહાત્મા છે અને તે મહાત્માના હાથની ભિક્ષામાં કંઈ વિશેષતા માનીને જ તેણે તે ગ્રહણ કરી. તે પ્રચાર કરે છે કે, 'એ મહાન છે અને તેમના હાથના સ્પર્શથી પ્રત્યેક વસ્તુ પવિત્ર થઈ જાય છે અને તેમાં મહાનતા આવી જાય છે,' તો આ એક દૃષ્ટિએ મહાનતાનો પ્રચાર જ થયો; અને આવી જાતનો પ્રચાર થવાથી જે દંભી અને પાખંડી મહાત્મા બનીને બેઠા હોય છે, સમાજમાં પોતાનો પ્રસાદ વહેંચતાં તે કહેશે, 'અમારો પ્રસાદ લો - તમારી મુક્તિ થઈ જશે.' વાસ્તવિક પ્રસાદનું તો રૂપ એવું હોય છે, કે જે આરોગવાથી વાસ્તવમાં કલ્યાણ થઈ જાય, કારણ કે ગીતામાં (૨/૬૫) કહ્યું છે -

प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते॥

ભગવત્પ્રસાદ ગ્રહણ કરતાં જ સંપૂર્ણ દુઃખોનો અભાવ થઈ જાય છે, ચિત્ત પ્રસન્ન થઈ જાય છે અને પ્રસન્નચિત્તના પુરુષની બુદ્ધિ તરત જ સારી પેઠે સ્થિર થઈ જાય છે.

ભગવાન સ્પષ્ટ ઘોષણા કરીને કહે છે કે પ્રસાદથી ચિત્તમાં સાત્ત્વિક પ્રસન્નતા થાય છે, તેનાથી બધા પ્રકારનાં દુઃખોનો નાશ થઈ જાય છે અને પરમાત્માના સ્વરૂપમાં તેની સ્થિતિ 'આશુ' (તરત જ) થઈ જાય છે. મોડે મોડે નહીં, તરત જ થઈ જાય છે. પોતાનામાં ઊણપ હોવાથી જ્યારે આવું ન બને, ત્યારે તે બનાવટી રૂપધારી મહાત્મા બનીને મહાત્માની મોટાઈનું એક રીતે અવમૂલ્યન કરે છે. કેવી રીતે કરે છે તે અવમૂલ્યન? તે લોકોમાં અશ્રદ્ધા પેદા કરે છે, કેમકે "શાસ્ત્રોમાં તો એ વાત લેખી છે કે મહાત્મા જેને પોતાના હાથે પ્રસાદ આપી દે તેને ખાતાં જ મુક્તિ પ્રાપ્ત થઈ જાય છે અને પરમાત્માનું જ્ઞાન થઈ જાય છે." પણ પ્રસાદ ખાવાથી જ આવું થોડું થઈ જાય? આવું તો કોઈની શ્રદ્ધા હોય તો જ થાય. કલ્યાણ ન થવામાં દોષ તો પોતાનો હોય છે અને તે ઓઢાડી દે છે બીજા પર. આ રીતે સંસારમાં દંભના આચરણનો પ્રચાર ખૂબ જ વધી ગયો છે. જે ઉચ્ચકોટિના મહાપુરુષ હોય, તે આવા દંભાચારને પ્રોત્સાહન નથી આપતા. આવો દંભાચાર દૂર કરવા તેઓ વ્યક્તિગત રૂપમાં પોતાની બહારની પૂજા થતી અટકાવે છે. 'જો તે પોતે એમ સમજતો હોય કે મારું ચરણામૃત, ચરણરજ કે મારા હાથનો પ્રસાદ, મારા શરીરની પૂજા, મારા ઉચ્છિષ્ટનું ભોજન કરવાથી ભોક્તાની મુક્તિ થઈ જાય છે' - આવો પ્રચાર અથવા પોતે જ ભગવાન બની જઈ પોતાનાં ચરણો પર તુલસી કે પુષ્પ ચઢાવવાથી ચઢાવનારની મુક્તિ થઈ જાય છે, હું તેને માટે યોગ્ય છું - આ રીતે પોતાનામાં યોગ્યતાની સ્થાપના કરીને અને વ્યક્તિગત મહાત્મા બનીને જે પૂજા ગ્રહણ કરે છે, તે ભગવાનથી ખમાતું નથી. તમે ગુરુ બની

આવું કરો, પિતા બની આવું કરો, તેની સામે ભગવાનનો કોઈ વાંધો નથી, તમે કોઈ સ્ત્રીના પતિ બની આવું કરો તેની સામે પણ વાંધો નથી, પણ મહાત્મા બની, ઈશ્વરના સ્થાને પોતાને સ્થાપિત કરી આવું કરો, તે ન્યાયવિરુદ્ધ અન્યાયયુક્ત છે.

બીજો પણ એક ખ્યાલ રાખવો કે આ બધી બાબતોનો વિરોધ માત્ર વાણીથી જ નહિ, ક્રિયાથી પણ થાય; ફક્ત ક્રિયાથી જ નહીં, હૃદયના ભાવથી પણ થાય. આપણા હૃદયનો ભાવ એવો હોય કે કોઈ આપણા પર આ અત્યાચાર ન કરે, તો કોઈ નહિ કરી શકે. જો કોઈ આપણી સાથે આવો વ્યવહાર કરતો હશે ત્યારે આપણી અંદરનો ભાવ એનો અસ્વીકાર ન કરે તો દંભાચારની સંભાવના થઈ શકે. એમ ન હોય તો કોઈ કરી જ ન શકે. એ આવું કરે તો તમે મહાત્મા શાના? તમારો પણ કંઈ પ્રભાવ હોવો જોઈએ ને? એવું ન કરી શકો તો તમે દંભ કરો છો. આમ બહારથી 'ના, ના' કહેવું અને અંદરથી સ્વીકાર કરવો, એ જ દંભ થયો. આથી ઉચ્ચ કોટિના પુરુષો મનસા, વાચા, કર્મણા બધી રીતે તેનું બૂરું પરિણામ સમજી તેનો વિરોધ કરે છે; કારણ કે તેમાં કોઈનું હિત નથી.

હા, આ બાબતમાં તેઓ કહેતા હોય છે કે 'ભાઈ, જે વાતો લખી છે કે મહાપુરુષોનાં દર્શન, ભાષણ, સ્પર્શ, વાર્તાલાપ, ચિંતન આદિનો ઘણો પ્રભાવ પડે છે - એ ઠીક છે. શાસ્ત્રોમાં તો ત્યાં સુધી વર્ણવ્યું છે કે મહાત્માની દૃષ્ટિ જ્યાં સુધી પહોંચે, ત્યાં સુધી પવિત્રતા થઈ જાય છે. ઉચ્ચકોટિના મહાત્મા પુરુષનો કોઈ વસ્તુ સાથે સંબંધ જોડાઈ જાય, ઘડિયાળ જેવી કોઈ ચીજ તેમની પાસે રહેતી હોય અથવા મહાત્માના શરીર સાથે તેનો સ્પર્શ થયો હોય - તો તેમાં પણ વિલક્ષણતા આવી જાય છે - તે ચીજ પણ એવી જ બની જાય છે અને એમ પણ કહેવાય છે કે કોઈને મહાત્મા યાદ કરે કે કોઈનું

ાઓ સ્મરણ કરે, તો જેને યાદ કર્યો હોય, તેના પર પણ પ્રભાવ
ડે છે - તેનો આત્મા શુદ્ધ થઈ જાય છે. મહાત્માને કોઈ યાદ કરે,
ા તેના વિષયમાં પણ આ જ વાત શાસ્ત્રોમાં આવે છે. સાચું છે,
ણ વાસ્તવમાં આવા મહાત્મા કોણ હોય છે? સંસારના ઉદ્ધાર માટે
જ મહાપુરુષોને ભગવાને સંસારમાં મોકલ્યા હોય, તેમનામાં આ બધું
ોય છે. તેમનામાં જ હોય છે કે પછી સાધન કરતાં કરતાં જે અહીં
મહાત્મા બની ગયા હોય, તેમનામાં પણ હોય છે? હા, હોઈ શકે
ે, પણ આપણે તેનો પ્રચાર નથી કરતા. કેમ નથી કરતા? કારણ
ે આ બાબતે ઘણા જૂઠા મહાત્મા બનવા તૈયાર થઈ જાય.

જે આવા સાચા મહાપુરુષ હોય છે, તેમની સાથે પણ ભગવાન
વિલક્ષણ વ્યવહાર કરે છે અને તેમનામાં પણ ભગવાન જેટલી
વિલક્ષણતા લાવવી હોય, તેટલી લાવે છે. આવા જે ઉચ્ચકોટિના
મહાપુરુષ હોય છે તેમનામાં પણ ભગવાન પોતાનો જે પ્રભાવ છે,
પોતાનો જે અધિકાર છે, તે તેમને આપી પોતાનું કામ કરાવી શકે
ે. તેમની પણ એવી જ શક્તિ થઈ શકે છે, કારણ કે ભગવાનને
પોતાના પરમ ધામમાંથી કોઈને મોકલવો પડે અને એવી જ
યોગ્યતાવાળો કોઈ અહીં હોય, તો ભગવાનને કોઈને ત્યાંથી અહીં
મોકલવાનો શોખ થતો હોય એવું નથી. ધારો કે રાજપૂતાનામાં મારું
કોઈ ઘર હોય અને મારે કોઈને અધિકાર આપીને તે મકાન વેચાવવું
હોય, તો હું બાંકુડાથી અથવા હું જ્યાં રહેતો હોઉં ત્યાંથી રજિસ્ટ્રી
કરાવીને મારા કોઈ માણસ સાથે મોકલાવું, એ જરૂરી ખરું? મારો
કોઈ વિશ્વાસપાત્ર માણસ દેશમાં, એટલે કે રાજપૂતાનામાં હોય, તો
તેને જ વિશ્વાસ આપી કહી દઉં, કે મકાનનું વેચાણ મને મંજૂર છે.
આમ જ બને છે. અહીંથી જ કોઈને મોકલવાની આવશ્યક્તા હોય,
એવું નથી. પણ જ્યારે એવો કોઈ વિશ્વાસપાત્ર ન મળે ત્યારે ભગવાન

ત્યાંથી પણ કોઈ અધિકારી પુરુષને મોકલી આપે છે, ત્યારે તેના દ્વારા કામ ચાલે છે. જ્યારે આવી રીતે કામ ન ચાલે, ત્યારે પોતે પણ અવતરે છે, તેમાં ના નથી.

આવા જે મહાપુરુષ હોય છે, તે બાહ્ય ક્રિયાનો જે વિરોધ કરે છે કે, 'ભાઈ, અમુક અમુક ન કરવું જોઈએ.' એ એમનો અંતરનો ભાવ છે. એમની સાથે જો કોઈ અંતરના ભાવથી, મનથી, બુદ્ધિથી, શ્રદ્ધા-પ્રેમથી એવો વ્યવહાર કરે, જેનો તેઓ નિષેધ કરતા હોય, તો તેનામાં સકામ ભાવ, નિષ્કામ ભાવ, દંભ ઈત્યાદિ અલગ અલગ ભાવ હોઈ શકે. જો તે ઉપર્યુક્ત ભાવ કોઈની સામે પ્રકાશિત કરે છે, તો તે દંભી હોય છે કાં તો પોતાની પૂજા કરાવવા ઈચ્છતો હોય છે. અથવા માન, મોટાઈ, પ્રતિષ્ઠાની એવી ઈચ્છાવાળો પણ હોય કે સંસારમાં મારું માન, મારી મોટાઈ, મારી ઈજ્જત, આ બધું હોય, જેનાથી બધા મને એવો માને. જો ખરેખર તેનામાં આવો ભાવ હોય, તો તેમાં સુધારો થવો જોઈએ. જો સુધારો ન થાય, તો એ તેનો ભાવ નથી. જેમ રાજાસાહેબે કહ્યું તેમ આ પ્રકારનો ભાવ હોય, તો તેને પ્રકટ કરવાનું શું કારણ? જો કહો કે 'બીજાની આગળ તો પ્રકટ ન કરે, પણ જે મહાત્મામાં શ્રદ્ધા અને વિશ્વાસ હોય, તેમને જણાવવા માટે કરે.' તેમને જણાવવા માટે પ્રકટ કરવા ધારે, તો તે તો આને તિરસ્કારે છે, તેથી મના કરશે. અને બીજી વાત, તેમના વિષે તમારો એવો ભાવ છે કે તેઓ જે કંઈ કરે છે તે ઠીક જ કરે છે, તેઓ સર્વજ્ઞ છે; તો આમાં તમારા એ ભાવમાં ઊણપ આવી, કેમકે જો તેઓ સર્વજ્ઞ હોય, તો તમે તેમને જણાવો છો શા માટે? જ્યારે ઈશ્વરને કોઈ વાત જણાવવાની આવશ્યકતા નથી રહેતી અને તમે મહાત્મા પુરુષને ઈશ્વરતુલ્ય માનો છો, તો તેમને પણ જણાવવાની આવશ્યકતા નથી રહેતી. ઈશ્વર જે કંઈ કરે છે, તે બધી બાબતો આપણને પૂછીને

નથી કરતા - એક અજ્ઞાતની જેમ રહીને જ કરે છે; જેમ ભગવાન આવીને અવતાર લે છે. ભગવાન શ્રીરામચંદ્રજીએ અવતાર લીધો અને વાનરસેના મોકલી. તેમણે હનુમાનજીના હાથમાં મુદ્રિકા મૂકી ત્યારે તેઓ મનમાં જાણતા હતા કે હનુમાન સાથે સીતાનો મેળાપ થશે, નહિતર અંગદને આપત, જાંબવાનને આપત અને બીજા પણ ઘણા સેવક હતા તેમને આપત, પરંતુ મનથી તેઓ જાણતા હતા કે કોના વડે કાર્ય થવાનું હતું, પણ બહારથી જેમ બધા કરતા હોય, તેમજ કરતા હોય છે. સમુદ્ર પાસે આવી રસ્તો માગે છે કે 'અમને માર્ગ આપો.' ઈશ્વર હોવા છતાં સમુદ્રની ખુશામત કરે છે. અત્યન્ત સામર્થ્યવાન હોવા છતાં, બધું જાણવા છતાં, મર્યાદા અનુસાર લીલા કરે છે, આ જ રીતે જે મહાત્મા પુરુષો હોય છે, તેઓ પણ મર્યાદાનું પાલન કરતાં કરતાં લીલા કરે છે, તેમની પણ આ એક પ્રકારે લીલા જ છે. ભગવાન અર્જુનને કહે છે -

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः।
लोकसंग्रहमेवापि संपश्यन् कर्तुमर्हसि॥

(ગીતા ૩/૨૦)

જનક વગેરે જ્ઞાનીજનો પણ આસક્તિ વિનાના કર્માચરણ દ્વારા જ પરમ સિદ્ધિને પામ્યા હતા, તેથી તથા લોકસંગ્રહને જોતાં પણ તું કર્મ કરવાને જ યોગ્ય છે અર્થાત્ તારા માટે કર્મ કરવું એ જ ઉચિત છે. કેમ? લોકસંગ્રહ માટે, લોકમર્યાદા માટે; જેમ ભગવાન લોકસંગ્રહ માટે કરી રહ્યા છે. ભગવાન કહે છે, 'મારા માટે ત્રણે લોકમાં કંઈ પણ કર્તવ્ય નથી, છતાં હું કર્માનુસાર વર્તું છું. મારે કોઈ ચીજ પ્રાપ્ત કરવાની નથી; કારણ કે હું આપ્તકામ છું - મારે માટે બધું જ પ્રાપ્ત છે. જોકે મારા માટે કોઈ કર્તવ્ય નથી, છતાં પણ હું શાસ્ત્રની વિધિ અનુસાર, મર્યાદા અનુસાર કર્મ કરું છું, સાવધાન રહીને

કર્મ કરું છું; તો આ જ રીતે તમારે પણ સાવધાનીથી કર્મ કરવું જોઈએ. લોકસંગ્રહ શું છે? જે લોકો શાસ્ત્રવિપરીત માર્ગ પર જઈ રહ્યા છે અને તેમને જ્યારે તમારામાં શાસ્ત્રવિધિને અનુકૂળ કર્મ નહિ મળે, ત્યારે તેમને શાસ્ત્રવિપરીત કર્મ કરવામાં પ્રોત્સાહન મળશે અને જ્યારે તમે સત્યના માર્ગ પર ચાલશો, તો સત્યના માર્ગ પર ચાલનારાને સત્યના માર્ગ પર ચાલવામાં મદદ મળશે. આથી ભગવાનનું કહેવું યોગ્ય જ છે, આ જ લોકસંગ્રહ છે; કારણ કે જો તમે સમજતાં હો કે 'ભગવાન જ તમારા પ્રેમી અને ભગવાન જ તમારા માલિક છે, તમને ભગવાનની પ્રાપ્તિ થઈ ગઈ; આવી સ્થિતિમાં તમે શાસ્ત્રાનુકૂલ કર્મ કરો કે ન કરો, તેથી શો ફેર પડવાનો છે?' થોડા સમય માટે માની લો કે તમારે માટે કંઈ પણ કર્તવ્ય નથી, તમે મારા આવા પ્રભાવને જાણો છો, તોપણ લોકસંગ્રહ માટે તમારે કર્મ કરવું જોઈએ.

થોડા સમય માટે માની લો કે હું લોકોને કહેતો હોઉં કે, 'આમ કરવું જોઈએ, તેમ કરવું જોઈએ, આ રીતે ચાલવું જોઈએ,' પરંતુ અમારી પાસે જે રહેતા હોય, જે મને પ્રેમ કરતા હોય, જે અમારા મિત્ર ગણાતા હોય, જે બધા અમારા પ્રેમી હોય, તેમના તરફથી લોકો જેવી આશા કરતા હોય, તેની એમનામાં ઊણપ દેખાય તો ઊણપ દેખાવાથી તેમને દોષ લાગશે અને મને પણ દોષ લાગશે.

જે શાસ્ત્રથી વિપરીત માર્ગે ચાલી રહ્યા છે, જે ભગવાનની ભક્તિથી વિમુખ છે, તેમને તે એક રીતે પ્રોત્સાહન આપી રહ્યા છે, જેણે જેવું બનવું જોઈતું હતું, તેવો બનતો નથી, ખરેખર તો તેનામાં જે ઊણપ છે, તે ઊણપની અસર બીજા પર પડશે. તેનામાં જે સારી બાબતો હશે તેની એટલી અસર નહીં થાય. હું લોકોને કહેતો ફરતો હોઉં કે, "કાળાં બજાર ન કરવાં જોઈએ, વેચાણવેરાની

ચોરી ન કરવી જોઈએ, આવકવેરાની ચોરી પણ ન કરવી જોઈએ અને વેપારમાં ઈમાનદારી રાખવી જોઈએ. વેપારમાં જૂઠ, કપટ, ચોરી બેઈમાનીનો વ્યવહાર ન થવો જોઈએ''; પણ આપણી જ દુકાન પર જે વેપાર ચાલતો હોય, જેમાં. આપણા ભાઈઓ જ કામ કરતા હોય, એ વેપારમાં જ તેમને પોતાને આ બધા દોષ જોવા મળશે; અને સંસારી લોકોમાં તો દોષ હોવાના જ; તેઓ પોતાના દોષ ઢાંકવા તેમનો આધાર લેશે. તેઓ કહેશે, 'જુઓ, તેમના કામમાં પણ આ દોષ આવે છે' અને તે દોષોનું કલંક તે એકલા તેમના પર જ નહીં, મારા પર પણ લગાડશે; કે 'જુઓ, તેમના પર આપનો પ્રભાવ ન પડ્યો, તો અમારા પર ક્યાંથી પડવાનો છે?' એટલે જ સત્સંગ સાંભળ્યા પછી સાંભળનારમાં પરિવર્તન આવી જવું જોઈએ. જે મારી નિકટનાં હોય, તેમના પર જો તેનો પ્રભાવ નહીં પડે, તો બીજા લોકો કેવી રીતે આશા રાખશે કે અમે કંઈક પ્રભાવથી લાયક બનીશું. આથી જો પાસે રહેનાર જ પ્રભાવિત ન થાય, તેમનામાં કોઈ વિશેષ મહત્ત્વ જોવા ન મળે, તો એ લોકો પેલા સૌને ગેરમાર્ગે જવા પ્રોત્સાહન આપે છે અને બીજા સારા માર્ગે જનારને પણ રોકે છે. આ અવરોધ ઊભો કરવામાં નિટકવર્તી લોકો જ કારણભૂત થતા હોય છે. આમાં વિચાર એ કરવો જોઈએ કે બહારનો જે દંભ અને પાખંડ હોય, તેનાથી બચવા માટે સજ્જનોએ લોકમર્યાદાનો ત્યાગ ન કરવો, જેમ ભગવાન નથી કરતા તેમ જ. આથી જ ભગવાન કહે છે, 'મારા માટે જોકે કોઈ જ કર્તવ્ય નથી; છતાં હું લોકમર્યાદા અનુસાર ચાલું છું કે નહીં? હું ચાલું છું, તો તું કેમ નથી ચાલતો? સારાંશ એ કે જે ઉચ્ચકોટિના પુરુષ હોય, જે સંસારમાં મહાપુરુષ હોય, તેમના વિષે શાસ્ત્રો જે વાતો બતાવે છે, તે યોગ્ય જ બતાવે છે. તેમનો મહિમા જેટલો વર્ણવ્યો છે, તેનાથી ઘણો બધો વધારે

છે. તેમનો મહિમા વર્ણવવાની વાણીમાં શક્તિ નથી. જ્યારે ભગવાન જ કહેતા હોય કે, જ્ઞાની મહાત્મા પુરુષ મારો જ આત્મા, મારું જ સ્વરૂપ છે, ત્યારે તમે જ કહો, કે તેમનો મહિમા કેટલો બધો હશે! ખરેખર એમનો મહિમા કોઈ જ ન બતાવી શકે. જ્યારે એમનો આવો મહિમા છે અને આવા મહિમાને આપણે સાંભળીએ, તેને સાંભળીને સમજી જઈએ અને માની લઈએ, તો તે જ વખતે આપણી દશા બદલાઈ જશે. જેમ ભગવાનને સુહૃદ માનનારનું જીવન એ જ વખતે ખરેખર બદલાઈ જાય, તેમ આપણું જીવન પણ બદલાઈ જશે. ભગવાનની દયા અને પ્રેમના તત્ત્વને સમજી લઈ જે તેમનામાં શ્રદ્ધા અને વિશ્વાસ કરે છે તે ભગવાનને તરત જાણી લે છે અને પરમ શાન્તિ પ્રાપ્ત કરે છે; આ જ રીતે તેની પેઠે તેને પણ લાભ થવો જોઈએ, તેની અવસ્થા બદલાઈ જવી જોઈએ. જો અવસ્થા ન બદલાય, તો એમ સમજવું કે તેની ગેરસમજ છે. આનાથી શ્રદ્ધાની ઊણપ જણાય છે અને શ્રદ્ધાની ઊણપ એ જ એની ભૂલ છે. મહાત્મા કઈ વસ્તુ છે એને તે જાણતો નથી. જે મહાત્માના પ્રભાવ, ગુણો અને સ્વભાવને જાણી જાય છે, તે શું એક ક્ષણ માટે પણ મહાત્માથી અલગ રહી શકે ખરો? અને શું તે પરમાત્માની પ્રાપ્તિથી પણ વંચિત રહી શકે ખરો? શું તે પરમાત્માથી વંચિત રહેવાના ભાવને સહન કરી શકે ખરો? તેની અવસ્થા જ બદલાઈ જાય છે. એ વાત સમજી લેવી જોઈએ કે ઉચ્ચ કોટિના મહાત્મા પુરુષોમાં કોઈ વ્યક્તિગત સ્વાર્થ નથી હોતો. તેઓ શાસ્ત્રના વિધિ-નિષેધથી પર હોય છે. કોઈ શાસ્ત્ર એટલું ઊંચું નથી હોતું, જે તેમને પોતાની મર્યાદામાં બાંધી દે. એ જ શાસ્ત્રની મર્યાદા પાળે છે, શાસ્ત્રને આદર આપે છે, કે શાસ્ત્રમાં અમુક વાત લખી છે. તે પોતાના વચનથી પણ વધુ શાસ્ત્રને આદર આપે છે. ખરેખર શાસ્ત્ર શું છે? આવા મહાપુરુષોનાં

વચનામૃતોનું નામ જ શાસ્ત્ર. ગીતા શું છે? ભગવાનનાં વચન. ભગવાન શું છે? મહાપુરુષ. અને આવા જે મહાત્મા મહાપુરુષ હોય, તેમને માટે કોઈ કર્તવ્ય નથી હોતું અને તેઓ જે કંઈ કરતા હોય તે જ વાસ્તવમાં શાસ્ત્ર છે. આથી ભગવાને જાતે જ કહ્યું છે -

नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः॥

(ગીતા ૩/૧૮)

'એ મહાપુરુષનું આ સંસારમાં ન તો કર્મ કરવાથી કશું પ્રયોજન રહે છે કે ન તો કર્મ ન કરવાથીયે કશું પ્રયોજન રહે છે; તેમજ સઘળા જીવો સાથે આ મહાપુરુષનો લેશમાત્ર પણ સ્વાર્થનો સંબંધ નથી રહેતો.'

તાત્પર્ય એ કે એ મહાપુરુષને કંઈ જ કરવાનું કોઈ પ્રયોજન નથી અને ન કરવાનું પણ કોઈ પ્રયોજન નથી; કેમકે તેમાં કોઈ કર્તા જ નથી. કર્તા વિના કોઈ કર્મ હોતું જ નથી. જેમ ઘડિયાળને કંઈ કરવાનું પ્રયોજન નથી હોતું, તેમજ ન કરવાનું પણ પ્રયોજન નથી હોતું. ચાવી ભરનારો ભલેને ફાવે તે રીતે ચાવી ભરે. ઘડિયાળને તો કોઈ પ્રયોજન હોતું જ નથી. ઘડિયાળને તો પોતે ચાલશે કે નહિ ચાલે, તેનું પણ પ્રયોજન હોતું નથી, તેને માટે એ જરૂરી નથી કે તમે ચાલુ કરો. તમે તેનામાં જે રીતે અને જેટલી ચાવી ભરશો, તેનામાં જેટલો પાવર હશે, જેટલી શક્તિ હશે, તેટલું જ તે ચાલશે. પાવર પૂરો થઈ જતાં તે આપમેળે બંધ પડી જશે. પ્રારબ્ધ જ મહાત્મા પુરુષોમાં પાવર છે, તે ભગવાનનો આપેલો પાવર છે. ભગવાનનું જે વિધાન છે, તે ભગવાનનો પાવર છે, તેનાથી જ મહાત્મામાં ક્રિયા થાય છે. તે પોતે તો ઘડિયાળની જેમ જડ છે. તેનું પોતાનું કંઈ જ નથી હોતું. તો જેટલા સમય સુધી ભગવાનને તેનું શરીર ટકાવવું

હશે તેટલો સમય તેને રહેવા દેશે અને તેની પાસેથી જે કામ લેવાનું હશે, તે લેશે. મહાત્માને નથી કોઈ કામ કરવાથી પ્રયોજન કે નથી કોઈ કામ ન કરવાથી. તેમનામાં તો કોઈ કર્તા જ નથી. ઘડિયાળમાં કોઈ કર્તા નથી, તે આપમેળે જ ચાલે છે. ઘડિયાળમાં કોઈ ચલાવનાર હોય છે? તે (મહાત્મા) પણ ઘડિયાળ જેવા જ હોય છે. તેમનાથી કર્મ થતાં હોય છે, પણ તેઓ કર્મ કરતા નથી અને જે કર્મ થતાં હોય તેમને રોકવાની પણ તેમને જરૂર હોતી નથી અને કરવાની પણ જરૂર હોતી નથી. બસ, થાય છે, તો ભલે થયા કરે, "**न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः।**" તાત્પર્ય એ જ કે તેનામાં પોતાના સ્વાર્થનો આશ્રય કે બધાં જ પ્રાણીઓમાં જરાપણ સ્વાર્થ રહી ગયો નથી, કે જેથી તેણે કંઈ કરવું પડે. જે કંઈ થઈ રહ્યું છે, તે ભગવાનની ઇચ્છાથી ઠીક જ થઈ રહ્યું છે. કહેવાનો અભિપ્રાય એ જ કે તેનામાં પોતાનો વ્યક્તિગત સ્વાર્થ ક્યાંય, જરાપણ નથી. તેનું શરીર અન્નગ્રહણ કરે છે, દૂધ પીએ છે, ઋતુ અનુસાર વસ્ત્રોનો ઉપયોગ પણ કરે છે, એ બધું શું છે? એ બધું શરીરનું પ્રારબ્ધ છે, તેનું પોતાનું કંઈ જ નથી. તો બીજા લોકો પણ કહી શકે કે 'અમારું પણ જે કંઈ છે તે શરીરનું પ્રારબ્ધ જ છે.' કહે છે, તો તેમાં શો વાંધો છે, એ પણ આચરણની એરણ પર ચકાસી લેવું જોઈએ. આચરણની એરણ પર કેવી રીતે ચકાસવું તેના પર પણ વિચાર કરવો જોઈએ. એનામાં શાસ્ત્રની મર્યાદા મળશે, મર્યાદા પુરુષોત્તમના સાચા ભક્તમાં મર્યાદાપુરુષોત્તમની મર્યાદા હશે. તેને ભગવાનની પ્રાપ્તિ થઈ ગઈ હશે તો તેનામાં મર્યાદા રહેવી જોઈએ. ભગવાન અર્જુનને કહે છે કે લોકસંગ્રહ માટે તારે કર્મ કરવું જોઈએ અને હું પણ કરું છું; મારું કોઈ પણ કર્તવ્ય ન હોવા છતાં પણ. આ બાબત તેનામાં હોવી ઘટે; કારણ કે -

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते॥

(ગીતા ૩/૨૧)

સંસારમાં જેઓ શ્રેષ્ઠ પુરુષ છે, તેઓ જે જે આચરણ કરે છે તે પ્રમાણે અન્ય પુરુષો આચરણ કરે છે. સમગ્ર સંસાર માટે તે સંચાલક છે. તેઓ જે વાતને પ્રમાણિત કરે કે અમુક બાબત સાચી છે, તેને જ સાચી માની લઈ બધા લોકો ચાલે છે. તેઓ લોકોને ઉપદેશ આપે છે કે, 'માન, મોટાઈ, પ્રતિષ્ઠા આદિ પરમાત્માની પ્રાપ્તિમાં બાધક છે, વિઘ્નો છે, પરમાત્માની પ્રાપ્તિમાં એક અવરોધ છે. પણ જો તે પોતે જ માન, મોટાઈ અને પ્રતિષ્ઠા ઈચ્છતો હોય, તો લોકો શું કહેશે? તેઓ કહેશે કે, 'આ વાતો તો ફક્ત કહેવા માટેની જ હોય છે. તેમનું આચરણ થોડું કરવાનું છે?' આનું પરિણામ એ આવશે કે માન, મોટાઈ, પ્રતિષ્ઠાના ત્યાગનું જે મહત્ત્વ છે, તેને કોઈ સમજશે નહિ. તો પછી તેમને સમજાવશે કોણ? મહાત્માઓ તો કહી દેશે કે, 'અમે તો સામર્થ્યવાન છીએ, અમારે માટે તો કોઈ દોષ છે જ નહિ. ત્યારે તે પણ કહેશે કે, 'જો તમારા માટે દોષ ન હોય, તો અમારા માટે પણ નથી!'

સાચા મહાત્મામાં કોઈ વ્યક્તિગત સ્વાર્થ નથી હોતો. તેમની બધી ક્રિયાઓ થઈ જતી હોય છે. તેમનામાં કર્તાપણું નથી હોતું. તેમના વડે જે જે ચેષ્ટાઓ થાય છે તે બધી જ ન્યાયયુક્ત હોય છે, ભગવાનની મર્યાદા અનુસાર હોય છે.

ભગવાન પણ જ્યાં વિશેષ પ્રેમ હોય, ત્યાં મર્યાદાનો ત્યાગ કરે છે. શબરીને ત્યાં ગયા ત્યાં તેનાં બોર પણ ખાઈ લીધાં, મર્યાદા ક્યાં ગઈ? જ્યાં અતિશય પ્રેમ થઈ જાય છે, ત્યાં જ પરમાત્માની પ્રાપ્તિ થાય છે; પણ જેમનામાં પ્રેમ નથી, જે પાત્ર નથી, પાપી છે, તે પણ

પાત્ર થઈ જાય છે; તો પાપીને મુક્ત કરી દેવો, એ પણ શું મર્યાદા છે? હા, એ પણ મર્યાદા છે. અહીં એ ભાવ છે કે જે ભગવાનને દયાળુ અને સુહૃદ માને છે અને એવો વિશ્વાસ રાખે છે કે ભગવાન કોઈના દોષ નથી જોતા તો તેને માટે ભગવાન કોઈના દોષ ન જોનાર છે, તો તેના દોષ કેવી રીતે જોશે? પણ જે કહે છે કે, 'ભગવાન કોઈના દોષ નથી જોતા, પણ મારો ઉદ્ધાર ન થવામાં મારા દોષ જ કારણ છે', તો તું કેમ કહે છે કે 'ભગવાન કોઈના દોષ નથી જોતા અને તારા દોષ જુએ છે?' ભગવાન બધાના મિત્ર છે, કોઈના દોષને જોનાર ભગવાન નથી, પરંતુ તારા દોષને જોનાર ભગવાન છે, કારણ કે તેં તેમને એવા માની લીધા છે. આથી જ તારા દોષને ભગવાન જુએ છે અને આથી જ તારો ઉદ્ધાર થવામાં વિલંબ થઈ રહ્યો છે. જ્યાં ભગવાન પ્રત્યેનો આટલા ઊંચા દરજ્જાનો ભાવ હોય, ત્યાં આપણે કહીએ કે, 'ભગવાને મર્યાદાનો ત્યાગ કરી નાખ્યો અને આવા પાપીનો પણ ઉદ્ધાર કરી નાખ્યો!' જ્યાં ભાવ અને પ્રેમની પ્રધાનતા હોય છે, ત્યાં તે બધું મર્યાદાની અંદર જ છે, તે પણ એક મર્યાદા છે. ત્યાં નીતિ અને શાસ્ત્રની મર્યાદા અટકી જાય છે... આ રીતે અન્ય લોકો પણ શાસ્ત્રની વિપરીત કરવા લાગી જશે અને કહેશે, 'અમારા ઉપર પણ શાસ્ત્રની આજ્ઞા નથી.' તેમને પૂછવું જોઈએ કે, 'તમે ભાનમાં છો કે નહિ? જો ભાનમાં હો, તો તમે મર્યાદાનો ત્યાગ ન કરી શકો.'

यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः॥

(ગીતા ૩/૨૩)

હું જો સાવધાન રહી કર્મ ન કરું, તો મારું અનુકરણ કરી બધા કર્મ છોડી દેશે. તેની જવાબદારી મારા પર આવશે. હું જો બેભાન

(ચિત્તની લીન અવસ્થા) હોઈશ, તો મારું અનુકરણ કોઈ નહિ કરે. તમારી બેહોશી જો સાતમી ભૂમિકાની હોય અને તમને અંદર-બહારનું કંઈ જ જ્ઞાન ન હોય, તમે ગમે ત્યાં ઝાડો-પેશાબ કરી જતા હો, કોઈ આવીને ખવરાવી જાય એનું પણ ભાન ન હોય, તમને ઝાડા-પેશાબનું જ્ઞાન ન હોય, બહારનું જ્ઞાન ન હોય એવી સ્થિતિમાં તમારા માટે શાસ્ત્રની કોઈ મર્યાદા નથી; પણ જ્યાં સુધી તમારામાં જ્ઞાન હોય, ખાવાનું જ્ઞાન હોય, પીવાનું જ્ઞાન હોય, ભોગવિલાસ કરવાનું જ્ઞાન હોય અને બધાં પાપ કરવા માટે તમે કહો કે, 'મારા માટે શાસ્ત્રનું બંધન નથી,' તો આ તમારો દંભાચાર છે. બીજી વાત એ થઈ કે જે પુરુષ માન, મોટાઈ, પ્રતિષ્ઠા ન ઇચ્છતા હોય, તે જ માન, મોટાઈ અને પ્રતિષ્ઠાનો મોહ ન રાખવાનો ઉપદેશ આપી શકે. જેઓ માન, મોટાઈ અને પ્રતિષ્ઠાનો સ્વીકાર કરતા હોય તેઓ એમ ન કહી શકે કે, 'માન, મોટાઈ અને પ્રતિષ્ઠા શ્વાનની વિષ્ઠા સમાન છે. માન, મોટાઈ અને પ્રતિષ્ઠા વીંછીના ડંખ સમાન છે, તે બહુ ખરાબ વસ્તુ છે, મળ સમાન છે, તેનો ત્યાગ કરવો જોઈએ.' તે આવું ન કહી શકે. સમાજમાં તેને આવું કહેવાનો અધિકાર નથી. આવું શિક્ષણ તો આપણને વીતરાગી તરફથી મળી શકે, મહાપુરુષો તરફથી મળી શકે. વીતરાગી એ પુરુષો છે, જેમનામાં રાગ નથી હોતો અને જે પરમાત્માની નજીક પહોંચેલા છે.

સંસારના પદાર્થોમાં અથવા કોઈનામાં જેમની આસક્તિ ન હોય, એવા અનાસક્ત પુરુષો જ વિશેષ રૂપે ઉપદેશ આપી શકે છે, કારણ કે તેઓ તો સાધક છે, તેઓ સિદ્ધથી પણ વિશેષ રૂપે ઉપદેશ કઈ રીતે આપી શકે છે. જેઓ સિદ્ધ મહાત્મા પુરુષ છે, તેમને માટે માન, મોટાઈ, નિંદા, સ્તુતિ બધું જ સમાન છે, પરંતુ જેઓ વિરક્ત પુરુષ હોય છે, તેઓ તો માન, મોટાઈ અને પ્રતિષ્ઠાને વિષ સમાન માને

છે. અપમાન, નિંદા અને અપ્રતિષ્ઠાને અમૃત સમાન સમજે છે. તેમનામાં ખૂબ જ વૈરાગ્ય હોય છે. તેમનો સ્વાભાવિક વ્યવહાર માન, મોટાઈ અને પ્રતિષ્ઠાને તુચ્છ સમજવાનો છે. આ વિષયમાં મહાપુરુષોએ એવા વિરક્ત પુરુષોની જેમ સંસારમાં વ્યવહાર કરવો જોઈએ. વિરક્ત ન હોવા છતાં વિરક્ત પુરુષોની જેમ વ્યવહાર કરવો જોઈએ; કારણ કે જે રીતે સકામી પુરુષો સંસારમાં કામનાથી યજ્ઞ-દાન-તપ આદિ વિધિપૂર્વક કરે છે તે રીતે એ સિદ્ધ પુરુષે પણ કર્મ કરવું જોઈએ; કારણ કે જે રીતે સકામી આદમી યજ્ઞ, દાન, પૂજા, પ્રતિષ્ઠા વિધિપૂર્વક કરે છે; એ રીતે નિષ્કામી શાસ્ત્રાનુસાર ભાગ્યે જ કરી શકે.

सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वन्ति भारत।
कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसंग्रहम् ॥

(ગીતા ૩/૨૫)

જે રીતે કર્મોમાં આસક્ત થઈ અવિદ્વાન્ (મૂર્ખ) શાસ્ત્રાનુસાર કર્મ કરે છે; '**सक्ताः कर्मण्यविद्वांसः**' તે જ રીતે વિદ્વાનોએ પણ એ મૂર્ખાઓનાં કર્મનું અનુકરણ કરી લોકસંગ્રહને માટે કર્મમાં અનાસક્ત રહીને કર્મ કરવું. મૂર્ખ કોણ છે? સકામી. સાત્ત્વિક નહીં, તામસી પણ નહીં. સાત્ત્વિક એટલા માટે નહીં કે સાત્ત્વિક પુરુષમાં કામના નથી હોતી. તેનાં સમસ્ત કર્મો નિષ્કામ હોય છે. સકામી પુરુષ નિષ્કામ ન હોવાથી તે 'અજ્ઞ' કહેવાય છે. તામસી પણ નહીં; કારણકે તામસીનાં કર્મોનું અનુકરણ કરવાનું ભગવાન ક્યાંય નહીં કહે. રાગ અને આસક્તિ એ એક જ વસ્તુ છે - '**रजो रागात्मकं विद्धि:**' રજોગુણને રાગ જ ગણવો. રજોગુણ રાજસી છે. રાજસી પુરુષ જે રીતે કર્મોનું આચરણ કરે છે તે જ રીતે ગુણાતીત પુરુષે પણ આચરણ કરવું. આ જ રીતે જે વિરક્ત અને વીતરાગ પુરુષો છે, તેમનું જ

અનુકરણ મહાપુરુષોએ કરવું. આપણે માન, મોટાઈ અને પ્રતિષ્ઠાને વિષ સમાન સમજીએ, એ શિક્ષણ આપણે કોની પાસેથી લઈશું? જેઓ ખરેખર ગુણાતીત હોય, ઈશ્વરના ભક્ત હોય, મુક્ત પુરુષ હોય, તેમની પાસેથી જ! આવું શિક્ષણ એ વીતરાગ પુરુષો પાસેથી આપણને મળશે, કારણ કે ઉચ્ચકોટિના પુરુષોમાં માન, મોટાઈ અને પ્રતિષ્ઠાની ઇચ્છા નથી હોતી. પોતાની સાથે આ પ્રકારનું આચરણ તેઓ થવા દેતા નથી. તેઓ હૃદયથી એવું ઈચ્છતા નથી, વાણીથી એવું કહેતા નથી, અન્ય સ્વરૂપે પણ કંઈ જ તેમને જોઈતું હોતું નથી; કોઈ પણ રીતે જોઈતું હોતું નથી. એ મહાપુરુષોએ સંસારનું હિત કરવા માટે, લોકોને કુમાર્ગ પર જતા બચાવવા માટે, જે લોકો શાસ્ત્રથી અવળા માર્ગ પર જઈ રહ્યા હોય, સંસારમાં જે દંભી, પાખંડી અને પાપી પાપ કરતા હોય તેમને પાપથી બચાવવા માટે અને જેઓ પોતાનું કલ્યાણ ઈચ્છતા હોય તેમને સન્માર્ગે વાળવા માટે તેમ જ તેમની પાસે શાસ્ત્રને અનુકૂળ કર્મ કરાવવા માટે મહાપુરુષોએ આમ કરવું.

જો માતાઓ અને બહેનોની એવી ઈચ્છા હોય કે તેમનાં બાળકો સદાચારી બને, તેમનામાં જૂઠ, કપટ, ચોરી, બેઈમાની વગેરે દુર્ગુણ ન આવે; તો પહેલાં તે માતાઓ અને બહેનોએ પોતે એવાં બનવું જોઈએ. જો તે પોતે જૂઠ કપટ, ચોરી, બેઈમાની કરતી રહેશે અને પોતાના છોકરાને કહેતી રહેશે કે, "બેટા, જૂઠું ન બોલવું, ચોરી ન કરવી" તો તેની કંઈ જ અસર નહીં થાય. બાળકો સમજશે કે, 'મા તો કરે છે અને મને કહે છે કે તું ન કર' આથી જો તેમને યોગ્ય બનાવવા જ હોય, તો પહેલાં પોતે જ યોગ્ય બનવું જોઈએ, તો જ તેઓ યોગ્ય બની શકશે; માત્ર કોરી શિખામણો આપી દેવાથી નહીં બને.

ભગવાન અને મહાપુરુષોના બલ પર સાધન તીવ્ર કરવું

સત્સંગની જે વાતો આપ સૌને સંભળાવવામાં આવી રહી છે તેનો આપ સૌ અથવા તો બીજા પણ કોઈ ભાઈ અમલ કરશે તો જરૂર તેમનું કલ્યાણ થઈ શકે છે. કદાચ તમને એમ શંકા થશે કે એ તો ભવિષ્યની વાત છે, તમે ચોક્કસ કેવી રીતે કહી શકો? તો સાંભળો, આ વાત અમે પ્રભુનાં વચનોને આધારે તમને વિશ્વાસપૂર્વક જણાવી રહ્યા છીએ. પ્રભુએ તો ઠેક-ઠેકાણે આ વાતો કહી છે :

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव॥

(ગીતા ૧૧/૫૫)

"હે પાંડુપુત્ર! જે કેવળ મારે જ ખાતર સઘળાં કર્તવ્ય-કર્મોને કરનારો છે, મારે પરાયણ છે, મારો ભક્ત છે, આસક્તિ વિનાનો છે અને સર્વ પ્રાણીઓમાં વેરભાવથી રહિત છે, એ અનન્ય ભક્તિયુક્ત માણસ મને જ પામે છે."

ભગવાનનાં વચન ક્યારેય પણ મિથ્યા તો ન જ હોય. આ અમારા શબ્દો નથી, પણ પ્રભુનાં વચનો છે. હું તો આ વાત ગીતા અને ભગવાનનાં વચનોને આધારે જ કહી રહ્યો છું. આ જ પ્રમાણે આપ સૌ સમક્ષ બીજા પણ જે કંઈ વચનો આપને સંભળાવવામાં આવી રહ્યાં છે તે બધાંય નિવેદન પણ ઈશ્વર અથવા તો મહાપુરુષોનાં વચનોને આધારે જ કહીએ છીએ, મિથ્યા નહીં થાય. ભગવાને કહ્યું છે -

मन्मना भव भद्भक्तो मद्याजी मां नमस्कुरु।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे॥

(ગીતા ૧૮/૬૫)

"હે અર્જુન! તું મારામાં મન પરોવનાર થા, મારો ભક્ત બની જા, મારું પૂજન કરનાર થા અને મને પ્રણામ કર; આમ કરવાથી તું મને જ પામીશ, આ હું તારી સામે સત્ય પ્રતિજ્ઞા કરું છું, કેમકે તું મને બહુ વહાલો છે." આમ ઠેક-ઠેકાણે ભગવાન કહી રહ્યા છે -

ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वामृतमश्नुते।

(ગીતા ૧૩/૧૨)

'જે જાણવા યોગ્ય બ્રહ્મનું સ્વરૂપ છે, તે હું તને સંભળાવીશ, એને જાણીને તું જરૂર અમૃતને પ્રાપ્ત થઈ જઈશ.' અમૃતની પ્રાપ્તિ એ ભગવાનની પ્રાપ્તિ થવા બરાબર છે, એ બેય એક જ ચીજ છે.

क्षेत्रक्षेत्रज्ञयोरेवमन्तरं ज्ञानचक्षुषा।
भूतप्रकृतिमोक्षं च ये विदुर्यान्ति ते परम्॥

(ગીતા ૧૩/૩૪)

ક્ષેત્ર-શરીર એ નાશવંત છે અને જડ છે. ક્ષેત્રજ્ઞ - જીવાત્મા નિત્ય, ચેતન, સાક્ષી અને આનંદસ્વરૂપ છે. આ રીતે આ ભેદ જે જ્ઞાનચક્ષુથી અનુભવે છે, ભૂત (પ્રકૃતિનાં સર્વ કાર્યો), પ્રકૃતિ (મૂળ પ્રકૃતિ)થી છૂટવાના ઉપાયને જે જ્ઞાનચક્ષુ વડે અનુભવે છે, તે પરમપદને એટલે કે પરમાત્માને પ્રાપ્ત થઈ જાય છે. ક્યાંક એમ કહેવામાં આવ્યું કે પરમગતિને, ક્યાંક એમ બતાવ્યું કે મારા ભાવને, ક્યાંક અમૃતને તો ક્યાંક શાન્તિને પ્રાપ્ત થઈ જવાની વાત કહી - આ બધાનો અર્થ એક જ છે.

જ્યારે પ્રભુ પોતે જ કહી રહ્યા છે - તે મને પામે છે, તો પછી હું તેમ જણાવું તો એમાં શું મોટી વાત છે. તેથી ભગવાનની પ્રતિજ્ઞાનું જે બળ છે, તે જ બળ પામીને હું આપ સૌને કહી રહ્યો છું. મારા વચનો

ઉપર વિશ્વાસ ધરીને આપ સૌ આગળ વધો. હું આપ સૌને જે કંઈ પણ વાત સંભળાવું છું તેમાં ભગવાનનાં વચનોનું બળ છે જ. અને આ જ તો મોટો આધાર છે કે જેનું બળ સૌથી વિશેષ છે.

સમજો કે કોઈ મોટી મિલ છે, તે વિદેશીઓની (અંગ્રેજોની) છે. તેઓ કદી પણ સોદો થઈ ગયા પછી ફરી જતા નથી. તેમની સાથે જો કોઈ સોદો સૂતરનો કે કાપડનો આપણે પાકો કર્યો અને પછી તે જો આપણે બીજાને વેચી દીધું, બીજાએ વળી કોઈ ત્રીજાને વેચી દીધું તો એમાં જે પ્રમાણેની ખાતરી રહે છે, જેવી આપણી ખાતરી અંગ્રેજો વિશે છે - તેમણે જે કાપડ અથવા સૂતર આપણને વેચ્યું, પછી ભલેને મિલ ફેલ જાય, પરંતુ તેમની વાત ક્યારેય ગરબડમાં પડશે નહીં. અમે જો તેમનો સોદો નક્કી કરીને આપને વેચી દીધો તો તેને અમારામાં પૂરો વિશ્વાસ છે કે જો મિલ નહીં આપે તો એ તો જરૂર આપવાના છે જ. જોકે મિલ ન આપે એવું તો બનવાનું જ નથી, પરંતુ ન પણ આપે તો પણ આપને એટલો વિશ્વાસ છે, ખાતરી છે કે તેમની પાસેથી આપણને જરૂર મળશે જ, તો પછી આપને કોઈ પણ જાતનો ખચકાટ ન હોવો જોઈએ. આપે પણ તે સોદો પાકો વેચવો જોઈએ. જોકે એમાં તો આપને થોડો પણ ડર તો છે, આમ તો મિલવાળા ક્યારેય ફરી જતા નથી હોતા, પણ કોઈ કારણે એમ બને કે મિલમાં ઉત્પાદન ન થાય કે બીજી કોઈ પણ જાતની આફત આવી પડે તો મામલો ગરબડમાં પડી જાય એવી સંભાવના ખરી. પરંતુ પ્રભુનાં જે વચન છે તેમાં ગરબડ થવાની તો કોઈ શક્યતા નથી અને ભગવાનના વચન જે 'ઈત્થંભૂત' છે, એકદમ સોળઆના પાકી વાત છે અને તેને આધારે આપને કોઈ વાત સંભળાવીએ છીએ તો આપે જરૂર તેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ ધરવો જ જોઈએ. વિશ્વાસ રાખવામાં તો આપને પણ ફાયદો જ છે, જોકે ન રાખવામાં નુકસાન જરૂર છે. આ જ પ્રમાણે કોઈ પણ વાત અંગે ગીતાપ્રેસના અધિકારીઓને આદેશ આપી દેવામાં આવે તો તે અંગે

પણ આપને કોઈ જ ખચકાટ થવો ન જોઈએ. તેનું કારણ છે કે આપ કોઈ પણ કામ કરશો તો એનો આદેશ આપનારો તો હું છું, પછી આપે કામમાં શા માટે ચિંતા કરવી જોઈએ? તેને લીધે જો કંઈ પણ તકલીફ કે ગરબડ થાય તો તેની જવાબદારી તો અમારી છે, અને વળી તે અમારા પર પણ નથી આવવાની, કેમકે અમે પણ બીજા કોઈ ચાલક બળના આધારે જ આપને આદેશ આપી રહ્યા છીએ. જો કોઈ પણ જાતની ગરબડ થાય તો પણ આપ તો બિલકુલ નિર્ભય છો. આપે તો નિર્ભય રહેવું જ જોઈએ, કોઈ પણ માણસને આ પ્રમાણેનો આધાર મળી જાય ત્યારે તેનામાં ધીરજ, વીરત્વ, ગંભીરતા આ બધું આવી જ જવું જોઈએ. આ રીતે આપણે લોકો ગીતાને આધારે એકદમ ચોક્કસ વાત કહી શકીએ છીએ, તે વખતે આપણે એમ સમજીએ છીએ કે ભગવાનનાં વચન કદાપિય ખોટાં પડે જ નહીં. તેમનાં વચન ખોટાં પડે તો અમારાં કથન પણ મિથ્યા જાય.

પ્રભુ મહાભારતમાં દ્યૂતપર્વમાં વિલાપ કરી રહેલી દ્રૌપદીને કહે છે કે 'હે દ્રૌપદી! તું વિલાપ કરીશ નહીં. સભામાં જેમણે પણ તને અપમાનિત કરી છે તેઓ જરૂર મરવાના જ છે. ભલેને સમુદ્ર પોતાની મર્યાદા છોડે, અને આકાશ તૂટી પડે, અસંભવ એવી વાત સંભવિત બની જાય, અથવા સંભવ પણ અસંભવ બને તો પણ અમારાં આ વચન મિથ્યા જવાનાં નથી. પરંતુ જો કર્ણ અમારી વાત માનીને સમજી જશે તો જરૂર તેઓ બચી શકે તેમ છે.'' તો દ્રૌપદીએ ભગવાનનાં વચનો ઉપર નિશ્ચિત રૂપે વિશ્વાસ કરવો જ જોઈએ. ભગવાનની તો વાત જ શું, ભક્તોના પણ દાખલા જુઓ હિરણ્યકશિપુએ શંડ - અમર્કને આજ્ઞા આપી કે તમે પ્રહ્લાદને મારી નાખો; અને પ્રહ્લાદને મારી નાખવાને માટે તેમણે કૃત્યાનું સર્જન કર્યું અને પછી તેને આદેશ આપ્યો કે તું પ્રહ્લાદને મારી નાખ. પ્રહ્લાદની રક્ષા તો સુદર્શન ચક્ર કરી જ રહ્યું હતું. કૃત્યા રાક્ષસી જેવી પ્રહ્લાદને મારવાને માટે દોડી કે તુરત જ

ચક્ર આવ્યું અને કૃત્યાને મારી નાખી. તે પછી ગુરુજીના બેય પુત્રોને પણ ચક્રે મારી નાખ્યા. ચક્રે સૌના પ્રાણ લીધા, બધાં જ માર્યા ગયાં. આ વખતે પ્રહ્લાદને એવો વિચાર આવ્યો કે મારે કારણે ગુરુજીના બેય પુત્રો માર્યા ગયા, ઘણો જ અનર્થ થયો. ત્યારે મરેલા ગુરુપુત્રોના શરીરને જોઈ પ્રહ્લાદે આ પ્રમાણેનાં વચનો કહ્યાં : 'જો ગુરુપુત્રો પ્રત્યે મારા મનમાં જરા અમથો પણ દ્વેષભાવ ન હોય તો એ સત્યના બળે એ જીવતા થઈ જાય.' પ્રહ્લાદના હૃદયની નિર્મળતા અને સત્યના પ્રભાવે મરેલા ગુરુપુત્રો જીવતા થયા. તો પછી ખુદ ભગવાનનાં વચન સત્ય બની જાય એમાં તો નવાઈ જ શી?

મહાભારતના અશ્વમેધપર્વમાં લખ્યું છે કે પાંડવો અશ્વમેધયજ્ઞને માટે ધન એકઠું કરવાને માટે ઉત્તરાખંડના પર્વતોમાં ગયા હતા. ત્યારે પાછળથી અભિમન્યુની પત્ની ઉત્તરાએ મરેલા પુત્રને જન્મ આપ્યો હતો. એ જ દિવસે ભગવાન દ્વારકાપુરીમાંથી હસ્તિનાપુર પહોંચી ગયા હતા. કુંતી તથા ઉત્તરાની પ્રાર્થના અને સ્તુતિ સાંભળીને ભગવાને તે મરેલા પુત્રને જોઈને કહ્યું કે, 'જો હું સદાય સત્યનું જ પાલન કરનારો હોઉં તો તેના પ્રભાવે આ મરેલો પુત્ર જીવતો થઈ જાઓ.'' તે સાચે જ જીવિત થઈ ગયો. ભગવાનના પ્રભાવને લીધે જીવતો થઈ ગયો. એમાં શું મોટી વાત છે; એ તો અસંભવને પણ સંભવ કરનારા છે. પરંતુ ગોસ્વામી તુલસીદાસજીના વિષયમાં સાંભળવામાં આવ્યું છે કે તેમણે મરેલાને જીવતો કરી દીધો હતો. કોઈ પતિવ્રતા સ્ત્રીનો પતિ ગુજરી ગયો હતો અને તે સોળે શણગાર સજીને તેની સાથે સ્મશાનભૂમિ તરફ જઈ રહી હતી. તેણે તુલસીદાસજીને પ્રણામ કર્યા. તુલસીદાસજીએ તેનાં સૌભાગ્યચિહ્નોને જોઈને તેને સુહાગણ માની લીધી અને આશીર્વાદ આપી દીધા કે તારું સૌભાગ્ય સદાય અખંડ રહો.

तुलसी आवत देखके सती नवाया शीश।
ये चुड़ला अविचल रहे निश्चय बिस्वाबीस॥

તુલસીદાસજીને આવતા જોઈને સતીએ જ્યારે મસ્તક નમાવી પ્રણામ કર્યા ત્યારે તેમણે તેને આશીર્વાદ આપી દીધા કે તારું સૌભાગ્ય અખંડ રહેજો, અમર રહેજો; ત્યારે તેણે ફરી પ્રણામ કરીને કહ્યું - 'હે મહારાજ! આપ તો સૌભાગ્યની વાત કરી રહ્યા છો, પરંતુ મારા પતિદેવ તો મરણ પામ્યા છે. હું તો તેમની સાથે સતી થવાને સારુ સ્મશાન ભૂમિ ભણી જઈ રહી છું; પછી આપનાં વચનો કેવી રીતે સત્ય થશે?' તુલસીદાસજી તો મનોમન વિચાર કરવા લાગ્યા કે આ તો ઘણી મોટી ભૂલ થઈ ગઈ; પરંતુ હવે બીજું થાય શું?

तुलसी मुआ मँगाय के सिर पर मेला हाथ।
हम तो कुछ जाने नहीं तुम जानो रघुनाथ॥

તુલસીદાસજીએ મડદાના માથે હાથ મૂક્યો. અને બોલ્યા - 'મેં તો વગર સમજે વિચાર્યે જ વચન આપી દીધું, એ અંગે તો હું કંઈ જ નથી જાણતો. હે પ્રભુ! આપ જાણો અને આપનું કામ જાણે. મડદું બેઠું થઈ ગયું! આમ તુલસીદાસજી એક મહાત્મા પુરુષ હતા, તેમનાં વચનોને પણ ભગવાને સત્ય કરવાં પડ્યાં. પ્રભુનાં પોતાનાં વચનો તો સત્ય છે જ, અને સદાય થવાનાં જ છે. આ જ રીતે ગીતામાં પણ પ્રભુએ જે વાતો લખી છે, તે બધાં પ્રભુનાં વચન છે, એમ સમજીને આપણા હૃદયમાં દૃઢ વિશ્વાસ રાખવો જોઈએ કે ભગવાનનાં વચન ક્યારેય મિથ્યા થઈ જ ન શકે. એક મહાત્માનાં વચન પણ જો મિથ્યા જતાં નથી તો ખુદ પરમાત્માનાં વચન તો કેવી રીતે ફોક થઈ શકે? પ્રભુનાં વચનો ઉપર વિશ્વાસ અને શ્રદ્ધા ધરી લેવાથી મનમાં સંપૂર્ણપણે ખાતરી - વિશ્વાસ થઈ જાય છે કે હવે વાંધો નથી. અને સંપૂર્ણ બળ આવી જાય છે. પછી તો તેને માટે સાધન કરવાનું ખાસ મુશ્કેલ નથી બનતું. શ્રદ્ધા-વિશ્વાસને લીધે તો આપણને ભારે મોટું બળ પ્રાપ્ત થાય છે અને તે બળને પ્રભાવે જ તો આપણે સત્વરે સાધન કરવું જોઈએ. આપણે લોકોએ સંપૂર્ણ વિશ્વાસ સાથે એમ માનવું જોઈએ કે ભગવાન છે જ,

મળે પણ છે અને મળ્યા પણ છે જ, તો પછી આપણને શા માટે નહીં મળે? આપણે પણ તેઓ જરૂર મળશે જ; એવો દૃઢ વિશ્વાસ આપણા મનમાં કરવો જોઈએ અને એવો નિશ્ચયપૂર્વકનો વિશ્વાસ જાગ્રત થતાંની સાથે જ ધીરતા, વીરતા, નિર્ભયતા જેવા ગુણો આપમેળે આવી જાય છે અને તેનું સાધન તે જ વખતથી તીવ્ર થવા લાગે છે.

ઈશ્વરની વાત તો જવા દો; આપણે કોઈ એક મહાત્મા ઉપર જ વિશ્વાસ કરી લઈએ કે હું એ મહાત્માની નજીક છું તો પછી આપણા ઉપર કામ, ક્રોધ, લોભ જેવાં માયાનાં કટક ચઢી આવશે નહીં. આપણામાં કોઈ જ પ્રકારનો વિકાર જામશે નહીં, કારણ કે મહાત્માની આપણા ઉપર દયા છે. આવો વિશ્વાસ એ ઘણી જ મૂલ્યવાન ચીજ છે. અધ્યાત્મના વિષયમાં મનુષ્ય પ્રત્યેક વાત એ રીતે નક્કી જ કરી નાખે કે એ દૈવી સંપદાના જે ગુણો છે; ઉત્તમગુણો તથા આચરણોનો સમૂહ છે, તે ધારણ કરવાનું શું કઠણ છે? આ તો સાચે જ ઘણી ઉત્તમ વાત છે. એનાથી માણસ કેવી રીતે વંચિત રહી શકે? જો ભગવાનની દયા છે તો દુર્ગુણ અને દુરાચાર આપણી પાસે ફટકી જ કેવી રીતે શકવાના?

આ સંસાર પ્રત્યક્ષ રૂપે - સત્ય જેવો દેખાય છે. સ્વપ્નાની અવસ્થામાં પણ જે માયાવી સંસાર છે, તે પણ સત્ય જ ભાસે છે. જેને જે ટાણે સ્વપ્નું આવે છે, તે સમયે તેને તે એકદમ સત્ય અને પ્રત્યક્ષરૂપે જ સમજી લે છે. જ્યારે આંખ ઊઘડી જાય છે ત્યારે જ તેને સમજાય છે કે અરે! આ તો સ્વપ્ન હતું, પરંતુ જે વખતે સ્વપ્ન આવે છે, તે વખતે તો તે ચીજ આપણને પ્રત્યક્ષ સ્વરૂપે દેખાય જ છે, આ તેની ભાવનાની જ દૃઢતા છે. તેના સંકલ્પની જ એ દૃઢતા છે, અન્યથા ત્યાં બીજું શું છે? એ રીતે જ આ સંસાર વર્તમાનમાં, જાગ્રત અવસ્થામાં આપણને જે સત્ય દેખાય છે, તેને માટે પણ જ્ઞાની પુરુષો - મહાત્મા લોકો એમ કહે છે કે આ તો તેમની માની લીધેલી વાત છે, વાસ્તવમાં તો કંઈ જ નથી. એટલે જે કંઈ વાત આપને કહેવામાં આવે છે તે ગીતા

બધવા તો શાસ્ત્રોના આધારે જ કહેવામાં આવે છે. ગીતાનાં વચનો ા સાક્ષાત ભગવાનનાં જ વચનો છે અને શાસ્ત્રોનાં વચન મહાપુરુષોનાં ાગના છે. તે પ્રમાણે જો આપ ચાલશો તો આપનું કલ્યાણ થઈ શકે ।ે અને જો હું ચાલું તો મારું. આ વાત વિશ્વાસપૂર્વક કહી શકાય તેમ ।ે, તેની ગેરંટી આપી શકાય તેમ છે કે પ્રભુનાં વચનોનું પાલન કરો ા ચોક્કસ કલ્યાણ જ થવાનું છે. પરંતુ એમ ન કહી શકાય કે કોઈ ાણસ મારાં ચરિત્રોનું, કર્મોનું અનુકરણ કરશે તો તેનો ઉદ્ધાર થઈ "શે. મારાં બધાં જ આચરણ તેને માટે અનુકરણ કરવા યોગ્ય નથી "શે. મારા વ્યવહારમાંથી તમને જે કોઈ પણ વાત સાચી અને સારી લાગે ાને આચરણ તમે કરી શકો; પરંતુ જે તમને ખરાબ લાગે તેનું આચરણ ા "શ કરવું જોઈએ. ભગવાનની આજ્ઞાના પાલનથી ઉદ્ધાર થાય છે તેમાં ાવાનું જ શું હોય! મહાપુરુષોની આજ્ઞાના પાલનથી પણ કલ્યાણ તો ાઈ જ જાય છે અને વળી ઈશ્વરનાં તો દર્શન, ભાષણ, ચિંતનથી જ કલ્યાણ થઈ શકે છે. સારા માણસો (મહાપુરુષો)ની દૃષ્ટિમાં આપણે ારા હોઈએ અને મહાપુરુષો પર આપણી એવી છાપ હોય કે આ ાચો માણસ છે, શ્રેષ્ઠ માણસ છે તો તો તેની અહીં પણ ઈજ્જત છે ને ભગવાનના પરમધામમાં તો ઈજ્જત છે જ. એટલા જ માટે ઉત્તમ ુરુષોની નજરે તો સારા બનીને જ આપણે રહેવું જોઈએ. એ પ્રમાણે ાવાથી આપણામાં જે નબળાઈ છે તે ટકી જ નહીં શકે. કાકભુશુંડિજીનો "શ આશ્રમ છે, કહેવાય છે કે ત્યાં યોજનભર ભગવાનની માયા વ્યાપતી "શ નહોતી અને તેથી કરીને ત્યાં માયાના વિકારોની શી તાકાત? જે ોઈ પણ ત્યાં આવતું હતું તેના દુર્ગુણ અને દુરાચાર પહેલાં જ ભાગી "તા હતા અને બધા પ્રકારના સદ્‌ગુણ-સદાચાર સ્વાભાવિક રૂપે જ ોનામાં આવી જતા હતા.

નાનું અમથું બાળક છે અને તેને કૂતરાનો કે બિલાડીનો ભય સતાવે ।ે, તે દોડીને માના ખોળામાં ભરાઈ જાય છે. પછી તે એકદમ નિર્ભય

ઉચ્ચકોટિની કોશિશ રહે છે. સ્ત્રી, પુત્ર, ભાઈ-બંધુ અને આ શરીર પણ આપણા શું કામમાં આવવાનાં છે? મરણ પછી એ બધાનું જ્ઞાન રહેશે નહીં.

જે રીતે સ્વપ્નમાંથી જાગૃત થઈએ છીએ, ત્યાર પછી સ્વપ્નની સૃષ્ટિનું જ્ઞાન રહેતું નથી, અથવા તો ઘણું જ ઓછું રહે છે અને ઘણાં બધાં સ્વપ્નાં તો ભૂલી જવાય છે; આ જ રીતે પરમાત્મા વિષેનું યથાર્થ જ્ઞાન થવાથી આ સંસાર સ્વપ્નવત્ બની જાય છે. જે રીતે સ્વપ્નના પરિવારથી, રૂપિયાથી અને ભોગપદાર્થોથી આપણો કોઈ જ સંબંધ નથી, એ જ રીતે આ સંસારથી પણ આપણો કોઈ જ નાતો - રિશ્તો નથી. એટલે પૈસાથી, લોભથી કે સંકોચને લઈને પોતાના કર્તવ્યનું ક્યારેય ઉલ્લંઘન ન કરવું. જે કામને સારું શરીર પ્રાપ્ત થયું છે તે જ કામમાં તેને લગાડી દેવું. જો જોતરવામાં વિલંબ થાય છે તો તેનાથી ઘણું મોટું નુકસાન થાય છે. હમણાં તો તે નુકસાન દેખાતું નથી, પરંતુ આગળ જતાં તે ભયંકર રૂપ ધારણ કરીને આપણો સર્વનાશ કરી નાખશે. અને તેથી જ મનુષ્યે એક ક્ષણનું પણ વ્યર્થ નુકસાન ન કરવું અને કામ પણ દામી એટલે કે વધારેમાં વધારે હેતુલક્ષી અને ઉપયોગી કરવાં. જે સૌથી વિશેષ ઉપયોગી તથા ઉચ્ચ શ્રેણીનું છે તે કામ જ કરવું, એટલું જ નહીં પણ શ્રદ્ધા અને ભક્તિપૂર્વક કરવું. નિષ્કામ પ્રેમભાવથી કરવું. આવો ઉત્તમ મોકો પામીને આપણે પરમાત્માની પ્રાપ્તિથી વંચિત રહી જઈએ તો એ આપણે માટે ઘણા મોટા દુઃખની વાત છે, શોકની વાત છે, ભયની વાત છે અને શરમની વાત છે.

સમત્વ

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः।
निर्दोषं हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि ते स्थिताः॥

આ શ્લોક ગીતાના પાંચમા અધ્યાયનો ઓગણીસમો છે. તેમાં કહેવાયું છે તે પ્રમાણે - **'इहैव तैर्जितः सर्गो'** નો અર્થ થાય છે - એવા પુરુષો વડે આ સંસાર અહીં જ જીતાયો છે, જેઓ જીવનમુક્ત છે. કોણ? કે જેમનાં મન સમતામાં સ્થિર થયેલાં છે. બ્રહ્મ જે છે તે ખરે જ સમ છે, વિષમ તો આ સંસાર છે, પ્રકૃતિ છે. બ્રહ્મ તેમજ સમ નિર્દોષ છે, શુદ્ધ છે. નિર્દોષનો અર્થ થાય છે દોષથી રહિત, વિકારથી રહિત શુદ્ધ. જેમની સમત્વમાં સ્થિતિ છે, તેમની બ્રહ્મમાં સ્થિતિ છે. જેમ બ્રહ્મ નિર્દોષ છે તેમ તે પુરુષ પણ નિર્દોષ છે. વિષમતા એ જ દોષ છે. તેથી કરીને વિષમતાને હટાવી દેવી જોઈએ. બ્રહ્મની પ્રાપ્તિનું આ ખાસ લક્ષણ બતાવવામાં આવ્યું છે. તેના પહેલાં એમ કહ્યું છે -

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः॥

(ગીતા ૫/૧૮)

વિદ્યા અને વિનયશીલ બ્રાહ્મણ, ગાય, હાથી, ચાંડાલ અને કૂતરો આ બધામાં જેની સમબુદ્ધિ છે તે જ જ્ઞાની છે, એટલે કે જ્ઞાનીની આ બધામાં સમબુદ્ધિ હોય છે. પંડિત એટલે કે ભગવત્ પ્રાપ્ત પુરુષ, જેને બ્રહ્મનું જ્ઞાન થઈ ગયું છે એવા પુરુષને પંડિત કહેવામાં આવે છે. વિદ્યા- વિનય-શીલ બ્રાહ્મણને સાત્ત્વિક ગણવામાં આવે છે, અને ગાય

પશુઓમાં સાત્ત્વિક છે અથવા તો એમ કહીએ કે ગો-ભાવ સાત્ત્વિક છે, અને જે હાથી છે તે પશુઓમાં રાજસી છે કેમકે રાજાઓની સવારીમાં તેને યોગ્ય માન્યો છે. કૂતરો પશુઓમાં તામસી છે અને ચંડાળ મનુષ્યોમાં તામસી છે. તેથી મનુષ્યોમાં અને પશુઓમાં સાત્ત્વિક, રાજસી અને તામસી જે પશુ અથવા માણસ છે તે બધામાં જેની સમબુદ્ધિ છે તે જ્ઞાની છે, પંડિત છે, સાચો જ્ઞાની મહાત્મા પુરુષ છે. આપણે પણ એવા જ બનવું જોઈએ. અહીં પશુઓમાં તેમજ મનુષ્યોમાં સૌમાં સમતા બતાવી -

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते॥

(ગીતા ૬/૯)

આ બધામાં જેમની બુદ્ધિ સમ છે તે વિશેષ પુરુષ છે. તો અહીં મનુષ્યમાત્રમાં સમતા બતાવી. આમાં એ બધાનું નામ આ રીતે આવ્યું છે- સુહૃદ્, મિત્ર અને વેરી, ઉદાસીન તથા મધ્યસ્થ અને દ્વેષી તથા બંધુ અને પાપી, ધર્માત્મા. સુહૃદ્ એને કહેવામાં આવે છે કે જે પ્રત્યુપકાર નથી ઈચ્છતો પણ નિષ્કામ ભાવે દયા અને પ્રેમ કરે, અને મિત્ર એને કહેવામાં આવે કે જે પરસ્પર પ્રેમ કરે. વેરી એને કહેવાય કે જે પરસ્પર એકબીજાનું અનિષ્ટ કરનાર હોય, તેમાં વેરભાવ દાખવે. ઉદાસીન એને કહેવામાં આવે છે કે જે પક્ષપાતરહિત હોય, બિલકુલ સંબંધ ન રાખે અને મધ્યસ્થ એને કહેવાય કે જે બેયમાં સમભાવ રાખે, જેવી રીતે પક્ષપાત વગરનો ન્યાયાધીશ. દ્વેષી એને કહેવામાં આવે છે કે - જેનો સ્વભાવ જ દ્વેષ કરવાનો હોય છે, અને બંધુ એને કહેવાય કે જે આપણો કુટુંબીજન હોય અથવા એવી જ રીતનો આપણો કોઈ સંબંધી હોય. સાધુ એટલે શ્રેષ્ઠ પુરુષ અને પાપી એટલે પાપાત્મા પુરુષ, નીચ પુરુષ. સાધુનો અર્થ થાય છે - ધર્માત્મા, શ્રેષ્ઠ પુણ્યાત્મા પુરુષ. આ બધામાં જેની સમબુદ્ધિ હોય તે શ્રેષ્ઠ છે અને સૌથી વિશેષ

છે. આવા જ થવું જોઈએ. ખાંડમાંથી કોઈ પણ મિઠાઈ બનાવવામાં આવે, રમકડાં બને, પરંતુ આખરે તો તે ખાંડ જ છે, તેમાં સારું શું અને ખોટું શું? સોનાનાં જેટલાં પણ આભૂષણ છે, તે બધાં સોનાનાં જ છે, સોનું જ છે, પછી ભલેને કંઠી હોય, કડું હોય, બંગડી હોય, કંઈ પણ હોય. માટીનાં જેટલાં વાસણ છે તે બધાં માટીનાં જ છે, માટી જ છે - ચરવી, સકોરું, હાંડી, માણ, કુંડું અને જે કંઈ પણ માટીનાં વાસણ ગણાય, છેવટે તો તે માટી જ છે. આ જ રીતે પરમાત્માનું જે સ્વરૂપ છે, તેમાં સારું કે ખોટું નથી, તે તો પરમાત્મા જ છે. પરમાત્માની જે લીલા છે તેમાં ઉત્તમ અને કનિષ્ઠ એવા ભેદ શા? ઉત્તમ અને કનિષ્ઠ એ તો માયામાં છે, સંસારમાં છે, તેમાં કે જ્યાં રાગ-દ્વેષ છે ત્યાં જ અનુકૂળ અને પ્રતિકૂળ ભાવ થાય છે. મનને અનુકૂળ થવામાં રાગ અને મનના પ્રતિકૂળ થવામાં દ્વેષ થાય છે. મનની અનુકૂળતામાં પ્રસન્નતા અને મનના વિપરીતપણામાં દુઃખ તેમ જ શોક. આ બધી જ આપણી માન્યતાનું પરિણામ છે, વાસ્તવમાં તો શું ચીજ છે, તેનો પૂરો વિચાર કરવો જોઈએ. વાસ્તવમાં તો એક પરમાત્મા છે, પરમાત્માનો જે ઉપદેશ છે, તે જ માનવા યોગ્ય છે, તેની જે લીલા છે તેનું અનુકરણ કરવું, તેનો આદર કરવો અને ભગવાનનું જે સ્વરૂપ છે તેની તો પછી વાત જ શું કરવી? આમ એનું આ તત્ત્વ છે કે પરમાત્માનું કોઈ પણ જાતનું સ્વરૂપ હોય, પછી તેમાં સારું શું ને ખોટું શું? ભલે નિર્ગુણ હોય, ભલે સગુણ, સગુણમાં ભલે સાકાર હોય, ભલે નિરાકાર. સાકારમાં ભલેને રામનું સ્વરૂપ હોય કે ભલેને કૃષ્ણનું હોય, ભલે વિષ્ણુનું હોય કે પછી શિવનું, ભલેને વરાહનું કે નૃસિંહનું પણ કેમ નહોય, છે તો ઈશ્વરનું જ સ્વરૂપને! ભગવાનનો જ અવતાર છે ને? તો પછી તેમાં ઉત્તમ શું અને કનિષ્ઠ શું? ભગવાનના ગુણ, પ્રભાવ, તત્ત્વ-રહસ્યની જે વાતો છે તે બધી જ ઉત્તમ છે. તેથી આપણે આપણી જાતને એવી બનાવી લેવી જોઈએ;

કે જેથી વસ્તુમાત્ર આપણને પરમાત્માનું સ્વરૂપ દેખાય. એટલું જ નહીં પણ બધામાં સૌની ચેષ્ટાઓ આપણને ભગવાનની લીલા સ્વરૂપે લાગવા લાગે, જેમાં નથી કોઈ ઉત્તમ કે નથી કોઈ અધમ, બધું જ ઉત્તમ છે, શ્રેષ્ઠ છે, અધમ કંઈજ નથી. ભગવાન શ્રીકૃષ્ણ જે કોઈ લીલા કરતા હતા તે બધી જ ગોપીઓને તો ઉત્તમ જ લાગતી હતી. બધી જ ચેષ્ટાઓને તેઓ પ્રભુની લીલા સ્વરૂપે જોયા કરતી કે પ્રભુ લીલા કરી રહ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણ તો ક્યારેય ચોરી નથી કરતા, જૂઠું નથી બોલતા, એના તત્ત્વ- રહસ્યને ગોપીઓ સમજતી હતી. આજના લોકો તે વાતને સમજતા નથી, પ્રભુના હૃદયમાં તો કોઈ જ કામના નથી હોતી, અને કામના વગર પાપ થશે જ ક્યાંથી? પાપનો જન્મ આસક્તિમાંથી થાય છે, કામનામાંથી થાય છે, કામ જ પાપોનો જન્મદાતા છે. આ વાત ખુદ ભગવાને ગીતામાં કહી છે -

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम्॥

(ગીતા ૩/૩૭)

અર્જુને ભગવાનને પૂછ્યું -

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः॥

(ગીતા ૩/૩૬)

'अयं पूरुषः'નો અર્થ થાય છે કે આ પુરુષ. તેથી આ પુરુષ કોના દ્વારા પ્રેરાયેલો પાપનું આચરણ કરે છે? માણસ પાપ શા માટે કરતો હશે? માણસનો ઉદ્દેશ્ય તો પાપ કરવાનો નથી, અંદરથી પણ તે આમ નથી ઇચ્છતો અને તો પણ જાણે કોઈ પરાણે તેને પાપમાં જોડી દે છે. તો હવે કહો જોઈએ તે કયો પુરુષ હશે કે જે માણસ પાસે પરાણે પાપ કરાવે છે? અર્જુને ગીતાના ત્રીજા અધ્યાયના ૩૬મા શ્લોકમાં આ વાત ભગવાનને પૂછી છે અને ૩૭મા શ્લોકમાં ભગવાને

તેનો ઉત્તર આપ્યો છે કે આ જે કામ છે તે આસક્તિ અને રજોગુણને લઈને ઉત્પન્ન થયો છે. સંગથી કામ અને કામથી ક્રોધ ઉત્પન્ન થાય છે -

संगात् संजायते कामः कामात् क्रोधोऽभिजायते॥

(ગીતા ૨/૬૨)

જે આસક્તિ છે - રાગસ્વરૂપ આસક્તિ છે, તેના વડે ક્રોધનો જન્મ થાય છે, કામને લીધે ક્રોધ ઉત્પન્ન થાય છે. એટલે એમ પણ કહી શકાય કે કામનો બીજો અર્થ ક્રોધ છે, તેની ઉત્પત્તિ રજોગુણને લીધે છે. રજોગુણને લીધે કહો કે આસક્તિને લીધે કહો એ બેય એક જ છે. '**रजो रागात्मकं विद्धि**' રજોગુણને તું રાગ જ જાણ. આ કામ કેવો છે? '**महाशनः**' એટલે કે ખૂબ ખાવાવાળો, એનું પેટ જ ભરાતું નથી. જેમ અગ્નિમાં આહુતિ આપવામાં આવે તો અગ્નિ વધારે પ્રજ્વલિત થાય છે એમ જ અગ્નિની જેમ આ કામ વધતો જ જાય છે; તેનું પેટ ભરાતું જ નથી. કોઈ જો એમ વિચાર કરવા લાગે કે સંસારનાં એશ-આરામ ભોગવીને આપણી બધી જ લાલસા પૂરી કરી લઉં, તો તે શક્ય નથી, તે પૂરી થવાની જ નથી. રાજા યયાતિએ આ ગાથા ગાઈ છે. જેવી રીતે અગ્નિમાં હવિ નાખવાથી પ્રજ્વલિત થઈ જાય છે એવી જ રીતે સંસારના આ વિષય-ભોગ ભોગવવાથી કામના અધિક થતી જાય છે અને વધે છે. અને તેથી તેનો ત્યાગ કરવો જોઈએ. આ જે કામ છે તે તો મહાપાપી છે. મનુષ્યથી જેટલાં પાપ આચરાય છે તે બધામાં પ્રમુખ તો કામ જ હેતુ છે. તેથી એમ સમજો કે પાપ કરાવવાના વિષયમાં કામ જ આપણો મોટો શત્રુ છે. પાપનું ફળ દુઃખ છે. જે દુઃખ આપે તે જ દુશ્મન છે ને? તેથી તું આ કામને માર. આ ઉપદેશ ભગવાને ગીતાના ત્રીજા અધ્યાયના ૩૭મા શ્લોકથી લઈને અધ્યાયની સમાપ્તિ સુધી આપ્યો છે. ભગવાનમાં તો કામ છે જ નહીં. ભગવાન તો પૂર્ણકામ છે. તેમનામાં

કોઈ કામના કે ઇચ્છા છે તો પોતાના જે પ્રેમી ભક્તો છે તેમને ખુશ કરવાને સારુ છે, તેમને આનંદમગ્ન કરી દેવાને માટે જ છે તેમનામાં પ્રેમ વધારવાને સારુ છે. તેમની જે ચેષ્ટા છે તે શુદ્ધ છે. આ જ પ્રમાણે જે સાધનામાં પહોંચેલી ગોપીઓ હતી તેઓ ભગવાનની પરિકર હતી, ભગવાનની સાથે જ લીલા કરવાને માટે આવી હતી, અને તેથી તેઓ પણ ભગવાનની બરોબર જ હતી. તે સૌમાં રાધિકાજી કે જેઓ સૌથી વિશેષ હતાં તે સાચે જ ભગવાનની એક લીલામયી શક્તિ હતાં. આમ ભગવાનની બધી જ લીલાઓ, બધી જ ચેષ્ટાઓ, બધાં જ ચરિત્રો પોતાના ભક્તોને રાજી કરવાને માટે જ છે. ગોપીઓને ખુશ કરવાને માટે જ છે. આનંદિત કરવાને સારુ જ છે, પ્રેમ વધારવા સારુ છે. વળી, ભક્તોનું જે ચરિત્ર છે તે ભગવાનને આનંદ આપવાને માટે છે, ભગવાનને ખુશ કરવાને માટે છે. ભગવાન જે પણ કંઈ પ્રવૃત્તિ કરે છે તેમાં તેમને કોઈ દોષ દેખાતો જ નથી. આમ, પરસ્પર તેમને નથી કોઈ ભય કે નથી કોઈ આદર, નથી કોઈ સત્કાર કે નથી કોઈ સંકોચ, કંઈ પણ નથી. ભગવાનનું જે સ્વરૂપ છે તે તો મધુર છે, તેમની લીલાઓ મધુર છે, તેમનામાં જે ગુણો રહેલા છે તે મધુર છે, ભગવાનનો પ્રભાવ મધુર છે. એનો એ અર્થ થયો કે ભગવાનની તમામ પ્રવૃત્તિઓ, ચેષ્ટાઓ મધુર છે. ભગવાનના તમામ વસ્ત્રો મધુર છે તો ભગવાનનાં સઘળાં સ્વરૂપો પણ મધુર જ છે. ભગવાનનું કોઈ પણ સ્વરૂપ કેમ ન હોય, ગમે તેવું પણ કેમ ન હોય, છતાંય તેમની મૂર્તિ માધુરીપૂર્ણ છે. આ રૂપ-માધુરીને જોઈને જ ગોપીઓ બધો વખત ખુશ ખુશ રહેતી હતી. આ વાત સમજવાની ખાસ જરૂર છે. ભગવાનની બધી જ લીલા મધુર છે, ઘણી જ મધુર છે. ભગવાનું જે સ્વરૂપ છે તે પણ મધુર છે. ભગવાનનો જે ઉપદેશ છે તે પણ મધુર છે. ગીતા જે છે તે ભગવાનનો ઉપદેશ છે. ભગવાનનું જે ચરિત્ર હતું તે ભગવાનની લીલા હતી. આપણે પણ વ્યાખ્યાન તો સાંભળીએ

ાીએ. તેમાં આ વધારે મૂલ્યવાન છે અને આ ઓછું કિંમતી છે એવો ાાપણાં બધાનો એક જાતનો ભાવ છે. પરંતુ ભગવાનની ચર્ચા બધી ''ત ઉત્તમ છે, બધી જ મધુર છે, એ બધામાં સમભાવ હોવો એ અત્યંત ''ત્રી છે. પરંતુ આપણા મનને જે અનુકૂળ છે અથવા તો જે પ્રતિકૂળ ાે તે બધામાં પણ સમભાવ કેળવવાની ખાસ જરૂર છે. માટી અને ાનામાં પણ સમભાવ કેળવવાની જરૂર છે. અહીં સોનાને માટી રૂપે ામજવાનું છે. એટલે કે સોનાને માટી સમાન સમજવાનું છે. વેરી ાને મિત્રમાં સમભાવ કેળવવાનો હોય તો અહીં દુશ્મનમાં પણ ૈત્રીભાવ જગાવવાનો છે. સુખમાં કે દુઃખમાં સમભાવ કેળવવો ''ાઈએ, એથી કરીને અહીં દુઃખમાં સુખનો ભાવ કેળવવાનો છે. સુખ ાા સુખ જ છે. સુખમાં આનંદ છે જ. દુઃખમાં પણ આનંદ-બુદ્ધિ ેળવવાની છે. આ પ્રમાણે સમભાવ કેળવવો, એવું સર્વત્ર જોવાથી ાધામાં સમભાવ આપમેળે જાગૃત થઈ જાય છે -

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति॥
सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः।
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते॥

(ગીતા ૬/૩૦-૩૧)

ભગવાન એમ કહી રહ્યા છે કે **'यो मां पश्यति सर्वत्र'** જે મનુષ્ય ''ુજ પરમાત્માને સર્વત્ર જુએ છે અને **'सर्वं च मयि पश्यति'** એટલે ''ુજ પરમાત્મામાં બધાને જુએ છે, તેનાથી હું કદાપિ અલગ નથી ''તો, અદૃશ્ય નથી થતો અને તે મારાથી કદી અદૃશ્ય નથી થતો, તેની ''જરમાંથી હું ક્યારેય અદૃશ્ય નથી થતો અને તે મારી નજરમાંથી ''ારેય અદૃશ્ય નથી થતો, કારણ કે બધાં જ ભૂતોમાં હું સમભાવે ''ેલો છું. ભગવાન એમ કહી રહ્યા છે કે બધાં ભૂતોમાં જે હું સમભાવે ''સેલો છું એવા મુજ પરમાત્મામાં જે એકાત્મભાવથી રહે છે, એટલે

કે મારામાં ઓતપ્રોત-તન્મય થઈ જાય છે અને તન્મય બનીને જે મારા સ્વરૂપનો અનુભવ કરતો રહે છે, લોકદૃષ્ટિએ તો તે સંસારમાં ભલેને કંઈ પણ કરતો હોય, વર્તતો હોય, પણ તે મારામાં જ વર્તે છે. એટલે કે તેની બધી જ લીલાઓ, બધી જ પ્રવૃત્તિઓ, ચેષ્ટાઓ, ક્રિયાઓ લીલાના સ્વરૂપમાં જ થતી રહેતી હોય છે.

અહીં આ જે સમતાનું પ્રકરણ ચાલી રહ્યું છે, એમ સમજી લો કે આ સાક્ષાત્ પરમાત્માનું જ સ્વરૂપ છે. એક તો સમભાવ છે અને એક પરમાત્માનું સ્વરૂપ છે. પોતાની બુદ્ધિ અને મનની સમજમાં જે સમભાવ છે - બધાને સમાન ભાવે જોવાનું અને બધાને સરખા સમજવાનું છે એ તો છે ભાવ. આ છે અંતઃકરણનો ભાવ. જેના અંતઃકરણમાં આ ભાવ છે, માની લેજો કે તેનો આત્મા છે તે ખરે જ પરમાત્માને પામી ચૂક્યો છે. સમતા એ કસોટી છે. પરમાત્માને પ્રાપ્ત કરી ચૂકેલા પુરુષની કસોટી છે. આ સમતા વળી કઈ બલા છે? એટલે કે પરમાત્મા જે સમ છે તે પરમાત્માને જે સાધક પ્રાપ્ત થઈ ગયો તે પણ પરમાત્મા જ બની ગયો. આમ એ મહાત્માનું જે હૃદય છે તે શુદ્ધ હૃદયમાં આભાસ થઈ આવે છે. પ્રતિબિંબના જેવો આ સમભાવ છે. આ જે સાચો ચંદ્રમા છે, તેનું જ દર્પણમાં પ્રતિબિંબ પડે છે. આમ જેવું ચંદ્રમાનું સ્વરૂપ છે તેવું જ દર્પણમાં પ્રતિબિંબ પડે છે. જોકે સાચો ચંદ્રમા તો આકાશમાં છે. આમ, ચંદ્રમા જેવા તો પરમાત્મા છે અને શુદ્ધ હૃદયની ઉપમા દર્પણની સાથે અપાઈ છે. આમ, આકાશની માફક પરમાત્મા છે, તેનું દર્પણ જેવા શુદ્ધ હૃદયમાં પ્રતિબિંબ જેવો સમભાવ. ભાવ જે છે તે તો જડ છે. વળી, અંતઃકરણ જડ છે, અને તેથી અંતઃકરણનો ભાવ જે છે તે પણ જડ છે, સમભાવ એ તે પરમાત્માનો આભાસ માત્ર છે. પરમાત્માનું સ્વરૂપ પણ સમ છે. આમ, આ વાત એટલા માટે બતાવવામાં આવી કે જેના હૃદયમાં સમત્વ છે, જેનું મન સમત્વમાં સ્થિર થયેલું છે, જેની બુદ્ધિ સમ છે,

।। પરમાત્માને પામી ગયો. તેનો આત્મા પરમાત્મામાં એકાકાર થઈ
ૂક્યો. તેથી આપણે આ વાત ઉપર વિશેષ ધ્યાન આપવું જોઈએ
બધામાં આપણો સમભાવ થાય, પછી ભલેને તે મનને અનુકૂળ
ાય કે પ્રતિકૂળ. જેઓ ગુણાતીત મહાત્મા પુરુષ હોય છે તેમનો
નુકૂળ અને પ્રતિકૂળ એમ બેય વાતોમાં સમભાવ હોય છે.

समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकाञ्चनः।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः॥
मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः।
सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते॥

(ગીતા ૧૪/૨૪-૨૫)

ભગવાન કહે છે '**सः गुणातीत उच्यते**' એટલે કે તે ગુણાતીત કહેવાય છે, કોણ? જે સુખ અને દુઃખમાં સમ છે. સંસારમાં વિચારપૂર્વક જુઓ તો બધા જ સુખની જ ઇચ્છા સેવે છે, દુઃખ કોઈને ખપતું નથી. તો સમતા ક્યાં રહી? પરમાત્મા એમ કહી રહ્યા છે કે '**समदुःखसुखः स्वस्थः**' અર્થાત્ '**स्व**' પરમાત્મા છે, જે પોતાનું મૂળ સ્વરૂપ છે. તેમાં જે સ્થિત છે તે પુરુષ સુખ અને દુઃખમાં સમ છે અને '**समलोष्टाश्मकाञ्चनः**' છે એટલે કે માટી, પથ્થર અને સોનું એ બધામાં જેની બુદ્ધિ સમ છે, સમભાવ છે, પ્રિય-અપ્રિય, અનુકૂળ-પ્રતિકૂળ એ બધામાં જે સમ છે તેમજ ધીર એટલે કે જ્ઞાની છે, સ્તુતિ તેમ જ નિંદામાં જે સમ છે, માન તેમજ અપમાનમાં પણ જે સમ છે, વેરી અને મિત્રમાં જેને પક્ષાપક્ષી નથી - સમ છે, તેમજ કર્મોમાં જેને કર્તાપણાનો લેશમાત્ર પણ ભાવ નથી, મતલબ કે કર્તાપણાના ભાવથી જે રહિત છે; આમ, આવા બધા જ આરંભોનો પરિત્યાગી ગુણાતીત કહેવામાં આવે છે. '**गुणातीतः स उच्यते**' એટલે કે જીવનમુક્ત જ્ઞાની મહાત્મા પુરુષ. તેનાં આ લક્ષણ છે. તો આ બધામાં પ્રધાન વાત શું છે? - 'સમતા'. આમ મનમાં જે પ્રતિકૂળતાનો

ભાવ છે તેને દૂર કરવાની જરૂર છે, બધા પ્રત્યે એક ભાવ જગાવવાની જરૂર છે, તો તે કોનામાં સમાવેશ કરવો જોઈએ? અનુકૂળતામાં જે પણ કંઈ ચેષ્ટા થાય છે તે પ્રભુની ઈચ્છાને લીધે જ થાય છે. જોકે કદાચ તે આપણા મનથી તો પ્રતિકૂળ જ હોય; પરંતુ ભગવાનના મનને તો અનુકૂળ જ હોય છે. આપણે તો ભગવાનની અનુકૂળતામાં જ પ્રતિકૂળતાને સમાવી લેવાની છે. પ્રભુને જે અનુકૂળ છે તેજ આપણને પણ અનુકૂળ. ભગવાનનો જે સિદ્ધાન્ત છે તે જ આપણો પણ સિદ્ધાન્ત. આમ, જે કંઈ પણ બને છે તે ભગવાનના વિધાન પ્રમાણે છે, તે જ ન્યાયયુક્ત છે અને મંગળમય છે, એથી કરીને તેને ભગવાનની લીલા સમજવી જોઈએ. લીલાનું તત્ત્વ-રહસ્ય સમજ્યા પછી તો આપમેળે જ એકાત્મતા થઈ જશે, તેમાં બે ભેદ હોતા જ નથી. તેમની લીલામાં આ અનુકૂળ છે અને આ પ્રતિકૂળ છે આ રીતના બે પ્રકાર હોય તો તેને લીલા નહીં કહેવાય. આ વાત સમજી લેવામાં આવે કે જે કંઈ પણ બની રહ્યું છે ભગવાનની લીલા થઈ રહી છે તો પ્રતિકૂળતાની કોઈ ગુંજાશ નથી. જો પ્રતિકૂળતાની ગુંજાશ નથી તો પછી આ જેટલા તામસી, રાજસી વિકારો છે તે બધા જ નાશ પામી જાય છે. પ્રતિકૂળતામાં ભય છે, પ્રતિકૂળતામાં જ દ્વેષ હોય છે, પ્રતિકૂળતામાં જ વેર હોય છે, પ્રતિકૂળતામાં જ દુઃખ હોય છે, પ્રતિકૂળતામાં જ ચિંતા હોય છે, પ્રતિકૂળતામાં જ ઈર્ષ્યા હોય છે, આ બધું પ્રતિકૂળતામાં જ હોય છે. તો પછી એ બધું જ સ્વાહા. ભગવાન કહી રહ્યા છે કે -

हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः।

(ગીતા ૧૨/૧૫)

હર્ષ, અમર્ષ એટલે કે ઈર્ષ્યા, ભય, ઉદ્વેગથી જે સંપૂર્ણપણે મુક્ત છે તેવો મારો ભક્ત મને વહાલો છે. ભગવાન નિર્વિકાર અને તેમના ભક્ત પણ નિર્વિકાર. પરમાત્માના તત્ત્વનું જ્ઞાન થઈ જાય છે તો સૌમાં

સમતા થઈ જાય છે. ઈંટની જે દિવાલ છે તેના માટે તો બધું જ સરખું છે - સમ છે કારણ તે જડ છે ને! તેને ભલેને તમે ગાળો આપો અથવા તો તેનાં વખાણ કરો. તે તો ચૂપ જ છે, બેયમાં સમ છે એટલે કે ભલેને તમે દિવાલનું સન્માન કરો કે તેનું અપમાન. આમ, આ દિવાલના જેવા બની જવું જોઈએ; દિવાલ જે છે તે તો જડ છે અને હૃદય જે છે તે પણ જડ છે, પરંતુ એ હૃદયની સાથે જ્યારે જીવાત્માની એકતા થઈને તે હૃદયનો માલિક બની બેસે છે ત્યારે જ બધી જાતના વિકાર જન્મે છે અને જો તે જીવાત્મા એનાથી દૂર રહીને પરમાત્માને પ્રાપ્ત થાય અને કેવળ આ જડ હૃદય જ શેષ રહે તો તેમાં કોઈ જ વિકાર રહેતો નથી. બેયના ઐક્યથી જ વિકાર જન્મે છે. જડ અને ચેતનની જ્યાં એકતા છે ત્યાં જ બધા વિકાર જન્મતા હોય છે. નથી તો એક માત્ર જડમાં વિકાર થતો કે નથી કેવળ ચેતનમાં. ચેતન તો નિર્વિકાર શુદ્ધ છે જ, જડમાં જે વિકાર થાય છે તે ચેતનના સંગથી થાય છે. એ વિકાર જડમાં છે, તેને ચેતન પોતાનામાં માની લે છે; અને તેથી જ તે જન્મે છે અને મરતો રહે છે.

મહર્ષિ પંતજલિ કહી રહ્યા છે : **द्रष्टृदृश्ययोः संयोगो हेयहेतुः** (યો.દ. ૨/૧૭) હેયનો અર્થ થાય છે ત્યાગને યોગ્ય. એટલે જે દુઃખ છે તેનું નામ છે હેય. આ દુઃખનો હેતુ સંયોગ છે. જડ-ચેતનનો સંયોગ કહો અથવા પ્રકૃતિ - પુરુષનો સંયોગ કહો કે આત્મા અને બુદ્ધિનો સંયોગ, એ બધી એક જ વાત છે. બુદ્ધિ કહી દો, પ્રકૃતિ કહો, જડ કહી દો એ પણ એક જ વાત કહેવાય. એક માત્ર જડ પદાર્થમાં દુઃખ હોઈ શકે નહીં. હોય જ નહીં. જેટલા પણ જડપદાર્થો છે, દૃશ્ય પદાર્થો છે, જેની સાથે ચૈતન્યનો સંબંધ નથી, જેવી રીતે આ પથ્થર છે, દીવાલ છે, ઘડિયાળ છે, ટેપરેકોર્ડર છે, તેને ભલેને તોડી-ફોડી નાખો, દુઃખ કોને થશે? દુઃખ એને જ થશે કે જે તેને પોતાનું ગણે છે એટલે કે આ ટેપરેકોર્ડર મારું છે, આ મારી ઘડિયાળ છે, તેને દુઃખ થવાનું,

ઘડિયાળ કે ટેપરેકોર્ડરને દુઃખ થવાનું નથી. કારણ કે ઘડિયાળ કે ટેપરેકોર્ડર તો જડ વસ્તુ છે. તેના ઉપર જેનો અધિકાર છે તે ચેતન છે, જડ-મિશ્રિત ચેતન-બુદ્ધિથી મળેલું ચૈતન્ય છે તેને દુઃખ થાય છે, ઘડિયાળને કે ટેપરેકોર્ડરને નથી થતું. આ જ રીતે આ શરીરની અંદર જે અંતઃકરણ છે, બુદ્ધિ છે અને તેમાં જે એક વ્યષ્ટિ ચેતન પોતાનું ઘર કરીને બેઠું છે, જેને જીવાત્મા કહેવામાં આવે છે તે જ સુખી કે દુઃખી થાય છે, એ જડના સંયોગથી, જડને આત્મા માનવાથી. આમ શાથી થઈ રહ્યું હશે? અવિદ્યાને લીધે, અજ્ઞાનને લીધે **तस्य हेतुरविद्या** - આ સંયોગનો જે હેતુ છે તે અવિદ્યા છે. જડ અને ચેતન આ બેય પરસ્પર એકબીજાથી અળગા છે, તે બેય વચ્ચેની જે એકતા છે તે તો અજ્ઞાનતાને લીધે માની લીધેલી એકતા છે, એને લીધે જ સુખ-દુઃખ થાય છે, તેનો હેતુ એકમાત્ર અજ્ઞાનતા જ છે; જેને અવિદ્યા કહેવામાં આવે છે. અવિદ્યાનો અર્થ છે અનાત્મ દેહમાં જે આત્મબુદ્ધિ છે તે. અવિદ્યા શરીર વગેરે જે વિનાશશીલ વસ્તુ છે તેને સત્ય માનવી નિત્ય માનવી તેનું જ નામ છે અવિદ્યા. આ શરીર દુઃખનું ઘર છે, સંસારનાં તમામ વિષય-ભોગ એ બધાં દુઃખનાં ઘર હોવાથી દુઃખરૂપ જ છે. જેને તમે સુખ માનો છો તે પરિણામે તો દુઃખ આપનારા હોવાથી તેમજ તેના સંસ્કાર પણ દુઃખ આપનાર હોવાથી બધું જ દુઃખ અને દુઃખ જ છે. આ દુઃખમાં જ જે સુખ-બુદ્ધિ છે તે જ છે અવિદ્યા. આ શરીર કે જે મહાન અપવિત્ર છે તેને 'હું શરીર છું' એમ માનીને 'હું પવિત્ર છું, હું શુદ્ધ છું' એ પણ અવિદ્યા જ છે.

આમ, એનો એ અર્થ થયો કે વિપરીત જ્ઞાનનું નામ અવિદ્યા છે. આ સંયોગ જે છે તેમાં હેતુ અવિદ્યા છે. આત્મા ચેતન છે. જો જડ શરીર સાથે તેનો મેળ થાય તો બેમાં મેળ કેવી રીતે થવાનો હતો! એમાં મેળ સમજવો એ અજ્ઞાનતા છે. આ અજ્ઞાનને દૂર કરવાને માટે સૌથી શ્રેષ્ઠ છે જ્ઞાન. જ્ઞાનની પ્રાપ્તિ થાય છે સત્પુરુષોના સંગથી

ગટલે કે જ્ઞાની પુરુષોના સંગથી જ્ઞાન મળે છે. જોકે આપણે લોકો
ાાાર તો અજ્ઞાની લોકોની સંગત કરીએ છીએ એટલે અજ્ઞાની
ાાકાના સંગને લીધે અજ્ઞાન દૂર થઈ શકતું નથી. બીજો ઉપાય છે
ાાાપુરુષોનાં જે વચન છે, પત્રો છે, લેખ છે, ઉપદેશ કે પુસ્તકો છે,
ાાાપુરુષોના પણ મહાપુરુષ એવા ભગવાન શ્રીકૃષ્ણજીનાં જે વચનો
ાે, ઉપદેશ છે, તે તો સાક્ષાત્ અમૃત છે; જેમ કે 'ગીતા'. બીજાં પણ
ત્ર શાસ્ત્ર છે તે બધાં ઋષિઓનાં વચન છે, મહાપુરુષોનાં વચન છે,
ામનો 'સંગ', તેમાં પ્રીતિ, તેમનું શ્રવણ કરી કરીને તેમને ધારણ
કરવાથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. એટલે કે શાસ્ત્રના અનુશીલનથી જ્ઞાન
ાતું હોય છે અને સત્પુરુષોના સંગથી જ્ઞાન થાય છે અને
ાિષ્કામકર્મથી જો અંતઃકરણને શુદ્ધ કરી લેવામાં આવે તો પછી તેમાં
જ્ઞાન આપમેળે જ ઉદ્ભવતું હોય છે. પરલોક, ઈશ્વર, મહાત્મા, શાસ્ત્ર
એ સૌમાં વિશ્વાસ કરી લેવામાં આવે, માની લેવામાં આવે, તેમાં
"ા શ્રદ્ધા ધરી લેવામાં આવે તો એ શ્રદ્ધાથી પણ જ્ઞાન જન્મે છે. અને
ાગી જ્ઞાનપ્રાપ્તિનાં જે ઘણાં બધાં સાધન બતાવેલાં છે, તેમનું સેવન
કરવાથી પણ જ્ઞાન ઉદ્ભવતું હોય છે. જ્ઞાનપ્રાપ્તિના ઘણા બધા ઉપાય
ાે. તેમાંનો કોઈ પણ ઉપાય કરવાથી જ્ઞાન જન્મે છે. જ્ઞાન થવાથી
અજ્ઞાનનો નાશ થતો હોય છે; જેવી રીતે સૂર્યનો ઉદય થવાથી
અંધકારનો નાશ થઈ જાય છે તેવી રીતે જ્ઞાનનો ઉદય થવાથી
અજ્ઞાનનો નાશ થઈ જાય છે. ગીતામાં બધી વાતો બતાવવામાં
આવેલી જ છે. જેમ કે ભક્તિ કરવાથી ભક્તિ કરનારાઓને ભગવાન
જ્ઞાન આપે છે. આ વાત ભગવાને ગીતાના ૧૦મા અધ્યાયના ૧૦મા,
૧૧મા શ્લોકમાં બતાવી છે. અને મહાત્મા પુરુષોના શરણે જવાથી
જ્ઞાન થઈ જાય છે. આ ગીતાના ચોથા અધ્યાયના ૩૪મા શ્લોકમાં
અને ૧૩મા અધ્યાયના ૨૫મા શ્લોકમાં બતાવવામાં આવ્યું છે. અને
નિષ્કામ ભાવે કર્મ કરવાથી આપમેળે જ જ્ઞાન થઈ જાય છે. આ વાત

ચોથા અધ્યાયના ૩૮મા શ્લોકમાં બતાવી છે. ઈશ્વર, પરલોક તથા મહાત્મા અને શાસ્ત્રો ઉપર શ્રદ્ધા કરવાથી જ્ઞાન થઈ જાય છે આ વાત ૪/૩૯માં કહી છે. અને જ્ઞાનના સાધનથી જ્ઞાન થાય છે. આ વાત ગીતાના ૧૮મા અધ્યાયના ૫૦થી ૫૫મા શ્લોકનાં સાધનો દ્વારા કહેવામાં આવી છે. બધાં સાધનોનું નામ જ જ્ઞાન છે. આ વાત ગીતાના ૧૩મા અધ્યાયના સાતમા શ્લોકથી લઈ ૧૧મા શ્લોક સુધી બતાવી છે. આમ, ગીતા તો એક રીતે જ્ઞાનથી ભરેલ અને તેનાથી ઓતપ્રોત છે. તેને પ્રાપ્ત કરવાથી જ માણસને શાન્તિ મળે છે. આનંદ મળે છે.

માણસમાં રાગ અને દ્વેષની માત્રા જેટલા વધુ પ્રમાણમાં છે તેટલો તે પરમાત્માથી દૂર છે અને વિષમતા પણ તેનામાં એટલા જ પ્રમાણમાં છે. જેના અંતઃકરણમાં સમતા આવી જાય છે તેનામાં ધીરે ધીરે રાગદ્વેષની માત્રા ઘટતાં ઘટતાં એકદમ ઘટી જાય છે. સમતા એ જ પરમાત્માનું સ્વરૂપ છે; એટલે સ્વરૂપની પ્રાપ્તિમાં હેતુ હોવાથી સ્વરૂપ જ કહેવામાં આવે તો પણ કંઈ જ વાંધો નથી. સાધકની અને સિદ્ધની - બેયની કસોટી સમતા છે. જેનામાં સમતાનો અભાવ છે તે સાધક સાધક ગણાય નહીં અને સિદ્ધ સિદ્ધ નથી. સમતાને ત્યાં સુધી લઈ જવાની છે કે સૌ કોઈનામાં સમભાવ થઈ જાય. આ જે વિષમતા છે તે અજ્ઞાનને લીધે છે.

એક ભાઈએ મારી પ્રશંસા કરી અને એકે મારી નિંદા કરી નાખી. એકે એમ કહ્યું કે જયદયાલ ઘણો સારો છે, મહાત્મા છે, જ્ઞાની છે, યોગી છે અને બીજાએ એમ કહી દીધું કે ના, ના; એ તો દંભી છે, પાખંડી છે, બદમાશ છે, ચોર છે. હવે આ બેયના જે શબ્દો છે તે વસ્તુતઃ શી ચીજ છે? આકાશનો ગુણ છે શબ્દ. એનાથી આત્માનો અને એ બેના શબ્દોનો શો સંબંધ? કારણ કે જે 'જયદયાલ'ની નિંદા છે અથવા તો પ્રશંસા છે - આ બેય કોની છે? જયદયાલની જ ને?

આ જયદયાલ આખરે છે કોણ? જયદયાલના શરીરમાં જે આત્મા વસે છે એનું નામ તો જયદયાલ છે જ નહીં! આત્મા તો નિત્ય છે અને સત્ય છે. જ્યારે આ શરીર ગર્ભમાં હતું ત્યારે પણ આત્મા તો હાજર જ હતો, પરંતુ તે વખતે તેનું નામ જયદયાલ નહોતું. આમ જયદયાલ નામ તો એક ઔપચારિક છે, કાલ્પનિક છે, મિથ્યા છે. આત્મા જયદયાલ કેવી રીતે હોઈ શકે? જ્યારે આ જન્મ્યો ત્યારે ઘરવાળાંએ એમ કહ્યું હશે કે પુત્રનો જન્મ થયો છે. એ વખતે તો જયદયાલ નહોતો. થોડા દિવસો પછી ચર્ચા વિચારણા કરી કે આનું શું નામ રાખીશું? કોઈએ એમ સૂચવ્યું હશે કે રામચંદ્ર રાખો, કોઈએ કૃષ્ણદત્ત, કોઈએ રામદત્ત. આમ કરતાં કરતાં કોઈએ વળી એમ કહ્યું હશે કે જયદયાલ રાખો, તો જયદયાલ નામ પડી ગયું. ઘણા દિવસો સુધી તો મને એ વાતનો ખ્યાલ જ ન રહ્યો કે આ લોકો 'જયદયાલ' 'જયદયાલ' શું કરી રહ્યાં છે? ઘણાં દિવસો પછી મને એ સમજાયું કે આ તો મને લોકો જયદયાલ કહી રહ્યાં છે. આમ, એ લોકોએ મારા માટે જે નામ ચૂંટ્યું હતું તે જયદયાલ નામ મેં મારા માટે પણ માન્યું. એ પછી તો કોઈ જયદયાલની નિંદા કરતું તો હું એમ માનવા લાગ્યો કે એ લોકો મારી નિંદા કરી રહ્યાં છે. જો સ્તુતિ કરે તો એમ સમજતો કે તેઓ મારી સ્તુતિ કરી રહ્યાં છે. વાસ્તવમાં તો જયદયાલની સ્તુતિ કે જયદયાલની નિંદા સાથે જયદયાલને કોઈ સંબંધ નથી. હું તો આત્મા છું, મારામાં તેનું શું પ્રયોજન! આનું નામ છે જ્ઞાન. જ્યારે જ્ઞાન થઈ જાય, પછી તો ભલેને કોઈ નિંદા કરે કે સ્તુતિ કરે, કંઈ વાધો નહીં. આ પ્રમાણે માન અને અપમાનમાં પણ છે. માન અને અપમાન તો શરીરનું થાય છે. તો શરીર તો જયદયાલનું છે જ નહીં, હું તો કોઈ શરીર નથી, આ તો નાશવંત છે, ઘટે છે, વધે છે અને તેનો એકદમ નાશ પણ થવાનો છે, આવા માંસપિંડને હું મારો આત્મા માનું કે આ તો 'હું છું' આ જ તો મોટી મૂર્ખતા છે

ને! તેના મરવાથી મારું મરવું, તેના જીવતા રહેવાથી મારું જીવવું જો ગણીએ તો એ એક રીતે તો જન્મનારી અને મરનારી ચીજ છે. આવી આ આપણી જે દૃઢ માન્યતા છે, તેને લીધે જ આપણા જન્મ અને મૃત્યુ થતાં રહે છે. વિચારીને જોઈએ તો શરીર આત્મા કેવી રીતે છે? જો કોઈ કારણે આપણો હાથ કપાઈ જાય તો કપાયેલા હાથમાં તેને પોતાનો આત્મા માલૂમ પડતો નથી, ભલેને તેને બાળો, દાટી દો અને દર્દ પણ થતું નથી, કારણ કે તેમાં હું મારો આત્મા માનતો નથી અને જ્યાં હું મારો આત્મા સમજું છું ત્યાં અવશ્ય પીડા થાય છે. આ જાણીતી વાત છે, જો સત્ય હોય તો હાથ કપાયાથી પછી પણ તેમાં આપણો આત્મા જરૂર માલૂમ પડવો જોઈએ. આમ, આ વાત તો સાચી નથી, માની લીધેલી ભ્રમણા માત્ર છે. જો આમ છે તો શરીરમાં કોઈ પણ રીતે જો હોય જ નહીં તો પછી શરીરનું ભલેને કોઈ માન કરે કે અપમાન કરે, કપાયેલો જે હાથ છે એને ભલેને કોઈ બાળે કે ભલેને કાપે? હાથનું તો એક દૃષ્ટાંત છે. આ પ્રમાણે જ આપણો બીજો હાથ છે, એવો જ પગ છે.

આ વાત જ્યારે પૂરેપૂરી સમજમાં આવી જાય તો એનું નામ જાણવું - જ્ઞાન. પછી તો માન કે અપમાન બેય એક સરખાં જ થઈ જાય છે. રતીભારનો પણ તેમાં ફેર રહેતો નથી. આપણે જોઈએ છીએ કે એક ભીંતને જો કોઈ ગાળ આપે કે એક ભીંતની કોઈ પ્રશંસા કરે છે તો તેની કોઈ અસર આપણા ઉપર પડે છે ખરી? રસ્તે જઈ રહ્યા છીએ અને ઘણા બધા પદાર્થો મળે છે. કોઈ કોઈની પ્રશંસા કરે છે, તો કોઈ કોઈની નિંદા કરે છે, કોણ એના ઉપર ધ્યાન આપે છે? આપણો તો કોઈ સંબંધ જ નથી. આ રીતે જેમ જેમ જ્ઞાન થતું જાય છે તેમ તેમ આ બધા જ પદાર્થો એક સરખાં થઈ જાય છે. બધી જ ક્રિયાઓ પણ એક સરખી બની જાય છે. બધા જ ભાવ એક સરખાં બની જાય છે. આમ, બધા પદાર્થો, બધી જ ક્રિયાઓ, બધા જ ભાવ,

બધી જ ઘટનાઓ - બધું જ તેના માટે એક સરખું બની જતું હોય છે. સ્વપ્નમાંથી થતાંની સાથે જ સ્વપ્નમાં જે ઘટના બની હોય છે તેના વિષે જાગૃત કોઈ પણ જાતના રાગ-દ્વેષ રહે છે ખરા? એમ સમજાઈ જાય છે કે સ્વપ્નમાં જે પ્રકારની ઘટનાઓ ઘટી હતી, તે વાસ્તવમાં કશું જ નહોતું. બધું જ એક પ્રકારે કાલ્પનિક હતું. મનના સંકલ્પો હતા. આમ, જ્યારે એ વાત સમજાઈ જાય છે કે એ તો ભગવાનનો સંકલ્પ છે અને વાસ્તવિક રીતે તો કોઈ ચીજ નથી ત્યાર પછી કોઈ જ પ્રકારનો વિકાર નથી થતો. બધામાં જ સમત્વ આવી જાય છે. આ વાતને બરાબર સમજી લઈને બધામાં સમતા રહે એ માટે ખાસ પ્રયત્ન કરવાની જરૂર છે. ઈશ્વરની કૃપા થાય તો પણ સમતા આવી જાય છે, મહાપુરુષોની સંગતથી પણ આ વાત બને છે, શાસ્ત્રનું અનુશીલન કરવાથી પણ આ વાત બને છે, ઈશ્વરની ભક્તિને લઈને પણ આ વાત આવી જતી હોય છે અને વિચાર કરતાં પણ આ વાત આવે છે, અંતઃકરણ શુદ્ધ થતાં પણ આ વાત આવે છે. પછી ભલેને અંતઃકરણ ભગવાનનું ભજન કરવાથી શુદ્ધ થાય કે પછી નિષ્કામ કર્મથી, ભલેને તીર્થ-વ્રત કરવાથી થાય કે ભલેને સત્સંગથી થાય. અંતઃકરણ શુદ્ધ થતાં આપમેળે જ્ઞાન પેદા થઈ જાય છે. જેવી રીતે ઉજ્જ્વળ એવા દર્પણમાં પ્રતિબિંબ પડે છે. માટે અંતઃકરણ પણ એકદમ શુદ્ધ અને ઉજ્જ્વળ બનાવવું જોઈએ. આ સૌ સાધનોમાં ભગવાનની ભક્તિ સુગમ છે, ભક્તિ કરવાથી ભગવાનની કૃપાથી આ કળિયુગમાં ઘણા જ જલ્દીથી અંતઃકરણની શુદ્ધિ થાય છે અને પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે.

નારાયણ! નારાયણ!! નારાયણ!!!

નિયમોના પાલનથી કલ્યાણ

લોકમાં શિક્ષણનું મહત્ત્વ ઘણું જ છે; તેના ધારણ અને આચરણનું પણ ઘણું મહત્ત્વ છે. એથી કરીને કોઈ પણ જાતના શિક્ષણની વાત કહેવામાં આવે, જો તે સાંભળીને હૈયામાં ધારણ કરવામાં આવે તો તે ઘણું જલ્દીથી ઉપયોગી થાય છે, પણ જો સાંભળીને તેનો અમલ ન થાય તો રોજ સાંભળીએ તો પણ શું? તેની ખાસ કોઈ અસર પડતી નથી. આવી જ પરિસ્થિતિ આપણા લોકોની પણ થતી જાય છે. થોડી વાર કે વધારે વાર શિક્ષણની વાતો સાંભળી લેવામાં તો આવે છે; પરંતુ તેનો અમલ ઘણો જ ઓછો થતો હોય છે. એક તો એમ માનીને તેનો અમલ કરવો કે વાતો શાસ્ત્રોક્ત છે, તે મહાત્મા કહે છે, અને તેથી આપણે પણ તે પ્રમાણે જ કરવું, તલભાર પણ તેનાથી આગળ પાછળ ન જવું જોઈએ. ભલેને ગમે તે થાય, મામૂલી અમથી વાતને માટે પણ ભલેને પ્રાણ ચાલ્યા જાય, આપણે એ જ વાત કરવી કે જે સાંભળી છે અને મહાત્મા પુરુષોએ કહી છે. જો આટલી દૃઢ ધારણા કરવામાં આવે તો ઘણું જ જલ્દીથી કામ બની જાય. પણ જો આપણી આળસને લઈને, શરીરને આરામ આપવાને કારણે અથવા તો બીજી કોઈ પણ વાતે તેની અવહેલના કરવામાં આવે તો તે જ કામ એક રીતે મુશ્કેલ થઈ જાય.

કાલે જ મને મહાભારતની કથા વાંચીને મનોમન એવું આશ્ચર્ય ઉપજ્યું કે, જરત્કારુ કે જેઓ ઋષિ છે, તેમની પત્નીએ સંધ્યાકાળે તેમને

જગાડી દીધા, કારણ કે તેમની સંધ્યાનો સમય થઈ ગયો હતો. તે બપોરથી લઈને ત્રીજા પહોર સુધી પોતાની પત્નીના ખોળામાં સુતા રહ્યા. હવે જ્યારે પત્ની તેમને જગાડવા લાગી તો તે તેના ઉપર ક્રોધે ભરાયા અને કહેવા લાગ્યા - "તેં મને શા માટે જગાડ્યો?" તે બોલી - "હે નાથ! અસ્તાચળે જઈ રહેલા ભગવાન સૂર્યનારાયણને મેં જોયા એટલે હવે સૂર્યાસ્તનો સમય થઈ રહ્યો છે, આપનો નિયમ છે કે સૂર્ય આથમે તે પહેલાં સંધ્યા કરી લેવી. હું જો આ વખતે આપને ન જગાડત તો આપનો ધર્મ ભંગ થાત! એટલા માટે મેં આપને જગાડ્યા. મેં એમ વિચાર્યું કે સૂર્યનારાયણ અસ્તાચળે જઈ રહ્યા છે, તો જગાડું. તે બોલ્યા - "હું સુતો રહું અને સૂર્ય અસ્તાચળે ચાલ્યા જાય, એટલું તેમનામાં સામર્થ્ય નથી. એ બની જ ન શકે. મને પૂરો વિશ્વાસ છે. મારા હૃદયમાં એ વિષે સંપૂર્ણ વિશ્વાસ છે કે હું જ્યાં સુધી ઊઠીને સંધ્યા નહીં કરી લઉં, સૂર્ય છૂપાશે જ નહીં." આટલો બધો દૃઢ વિશ્વાસ છે તો તેનો ભાવ એ છે કે જો માણસ સૂર્યની ઉપાસના કરે તો સૂર્યને પણ તે માણસની ઉપાસના ઉપર નજર રાખવી પડશે. આવો જેનો નિયમ છે કે સૂર્ય આથમ્યા પહેલાં જ સંધ્યા કરવી તો સૂર્ય પણ તેના માટે રોકાઈ જશે. આ વાત આમ તો કેટલી બધી આશ્ચર્યજનક લાગે છે? આજે તો એમ લાગે છે કે આવું તો ભલા બને ખરું? ભગવાન સૂર્યનારાયણ રોકાય પણ ખરા કે? પરંતુ મહાભારતમાં તેમણે આ વાત કહી છે.

આ પ્રમાણે પતિવ્રતા નારીની વાત પણ કહેવાઈ છે. એક પતિવ્રતા સ્ત્રીએ એમ કહ્યું કે સૂર્ય ઉગતાં જો મારા પતિદેવનું અવસાન થવાનું હોય તો એવા સૂર્યદેવ ઉદય જ શા માટે થાય? સૂર્યની ચાલ અટકી ગઈ અને સૂર્ય રોકાઈ ગયો.

જયદ્રથના માટે સૂર્યભગવાને એવી જ આશ્ચર્યજનક વાત દેખાડી. જ્યારે જયદ્રથ મરાયો ત્યારે એક પ્રકારનો હાહાકાર થઈ પડ્યો. લોકો

કહેવા લાગ્યા કે આ તો ઘોર અન્યાય થઈ ગયો કે સૂર્યના અસ્ત થયા પછી જયદ્રથ માર્યો ગયો. પ્રભુ તો ત્યાં જ ઊભા હતા, તેઓ કહેવા લાગ્યા. સૂર્ય ભગવાન હજુ તો હાજર છે, આ વાત પ્રત્યક્ષ છે, સૂર્યદેવ હજુ તો અસ્તાચળે નથી ગયા. તેઓ દેખાઈ રહ્યા છે. પ્રભુ તો આ સૃષ્ટિના સર્જનહાર છે, તેઓ ઈચ્છે તે પ્રમાણે કરી શકે છે. ભગવાન વિના પણ સંધ્યા કરનારી વ્યક્તિનો પ્રભાવ અને પતિવ્રતા સ્ત્રીનો પ્રભાવ આપે જોયો. પરંતુ આજે તો આવી પ્રભાવશાળી વ્યક્તિ જોવા જ ક્યાં મળે છે? શું બધા જ મરી પરવાર્યા? અથવા તો ચાલ્યા ગયા? પરંતુ એ જમાનામાં તો આવી આવી આશ્ચર્યજનક ઘટનાઓ બનતી હતી. આપે વિશ્વાસ રાખવો જોઈએ કે જે વાતો શાસ્ત્રોમાં લખાઈ છે તે બધી જ સાચી છે, કોઈ ખોટી નથી; કારણ કે એ વખતે લોકો નિયમના પાકા હતા. ભલેને ગમે તે થાય, પણ પોતે નિયમનું બરાબર પાલન કરતા હતા; જ્યારે આપણામાં તો એવો દોષ આવી ગયો છે કે થોડી પણ આફત જો આવી ગઈ તો આપણે બચવાને માટે સગવડતા ખાતર નિયમને છોડીને તેનાથી વિમુખ થઈને ઊભા રહી જઈએ છીએ.

ડૉક્ટરોની દવાઓમાં જે દારુનું મિશ્રણ રહેલું હોય છે, એના સેવનમાં સમજી લો ને કે કેટલું બધું મહાપાપ રહેલું છે? કોઈ પણ રીતે એકાદ વાર પણ જો શરાબ પી લીધો, તો તેનાથી મોટો દોષ આવી પડે છે, તેનો શાસ્ત્ર વિરોધ કરે છે. જો આપ તેનું પ્રાયશ્ચિત્ત કરવા ઈચ્છો તો ગાયત્રી મંત્રનો, જેનું યજ્ઞોપવીત થઈ ગયું છે, તેણે એક હજાર જપ રોજ ત્રણ વર્ષ સુધી અથવા તો એક વર્ષ સુધી કરવાનું વિધાન છે. જો રોજ પીએ તો સમજી લો કે તે કેટલાં વર્ષ સુધી કરશે? આમ, ડૉક્ટરની દવા કોઈ મુખેથી ખાઈ લે છે. કોઈ ઈન્જેક્શન દ્વારા. થોડી અમથી તકલીફ આવી જાય તો તેને પણ લોકો સહન નથી કરી શકતાં, તરત લપસી જાય છે. પરંતુ તે લોકો તો નિયમના એટલા બધા પાકા હતા

ક પ્રાણ ભલેને ચાલ્યા જાય પણ પોતાના ધર્મનો ત્યાગ નહોતા કરતા. આ જ કારણ હતું કે ધર્મ પણ તેમને પ્રત્યક્ષ ફળ દેખાડતો હતો.

રાજા યુધિષ્ઠિરને જુઓ. ભારેમાં ભારે આફતો તેમના ઉપર આવી, પણ તેમણે પોતાનો ધર્મ ન છોડ્યો. ધર્મનો એવો પ્રભાવ હતો કે જે દેશમાં રાજા યુધિષ્ઠિર વસી રહ્યા હોય તે દેશમાં ક્યારેય દુકાળ ન પડે, મહામારી જેવો રોગ ન ફેલાય કે કોઈ પણ પ્રકારના દૈવી પ્રકોપ પણ આવે નહીં. ધનની વૃદ્ધિ થતી, ધાન્યની વૃદ્ધિ થતી, ધર્મની વૃદ્ધિ થતી, સત્યની વૃદ્ધિ થતી. આ બધામાં વૃદ્ધિ થતી. કારણ હતું કે તેઓ સત્ય જ બોલતા હતા. અને તેથી સત્યની વૃદ્ધિ થતી હતી. જે મનુષ્ય ધર્મનું પાલન કરે છે તેનો એટલો બધો પ્રભાવ પડતો હોય છે કે તેની સામે બીજા લોકો પણ ધર્મનું પાલન કરવા લાગી જાય છે. ત્યાં સુધી દેખાડવામાં આવ્યું છે કે યુધિષ્ઠિરના શરીરમાંથી જો લોહીનું એક બુંદ પણ જમીન ઉપર પડે તો ૧૨ વર્ષ સુધી દુકાળ પડી જાય. રાજા નહુષે તેમની સાથે વાર્તાલાપ કર્યો તો રાજા નહુષના પાપનો નાશ થઈ ગયો. વાર્તાલાપ કરવાથી, પ્રશ્નોત્તરી કરવાથી, દર્શન કરવાથી પાપનો નાશ થાય છે. તો આ કેટલા બધા મહત્ત્વની વાત છે; પરંતુ તેઓ તો ધર્મ ઉપર અડગ રહ્યા એથી મૃત્યુ પણ તેમને ન મારી શક્યું. તેઓ તો પોતાના શરીર સાથે જ સ્વર્ગે પહોંચી ગયા. તેમની બધી રીતે બધે જ ગતિ હતી ભલેને પછી સ્વર્ગ હોય કે વૈકુંઠ હોય. તેઓ તો જ્યાં ઇચ્છા થાય ત્યાં પહોંચી જતા હતા. આમ, તેમનામાં એક અલૌકિક શક્તિ જોવામાં આવી. સત્યનું તેઓ પાલન કરતા હતા. સત્યના પ્રભાવને લઈને જ તેમના રથનું પૈડું જમીનથી ઉપર ચાલતું હતું. જ્યારે યુધિષ્ઠિર રથ ઉપર પગ મૂકતા ત્યારે જમીનથી રથનાં પૈડાં ઉપર ઊંચે આવી જતાં. પોતાના સંપૂર્ણ જીવનમાં એક જ વાર તેઓ ખોટું બોલ્યા. આ જૂઠનું પરિણામ એવું આવ્યું કે તે જ દિવસે તેમના રથનાં પૈડાં જમીન પર આવી ગયાં.

જે દિવસે તેમણે અશ્વત્થામાના મરણના સમયે થોડા દબાયેલા આવાજમાં એમ કહી દીધું કે અશ્વત્થામા તો મરણ પામ્યો પણ મર્યો હાથી. શબ્દ તો સત્ય કહ્યો, પરંતુ ગુરુ દ્રોણાચાર્યએ સાંભળ્યું નહીં કે હાથી મર્યો અથવા મારો પુત્ર મરણ પામ્યો છે. શબ્દ સાંભળીને ગુરુએ પોતાના પ્રાણ છોડી દીધા. આમ, આ પ્રમાણેનું અસત્ય બોલવાનું પાપ પણ યુધિષ્ઠિરને મળ્યું. કારણ કે દ્રોણાચાર્યે જે સમજ્યું તે જ વાત સાચી મનાઈ, યુધિષ્ઠિરની વાતને સાચી ન માનવામાં આવી. આપણે કોઈને કોઈ વાત કહીએ અને સમજાવીએ તો તે જે સમજશે તે જ વાત સત્ય કહેવાશે. આ જ સાચી વાત છે ને! આપણા કહેવાનો કોઈ અર્થ નથી, જો તે ખરી વાત ન સમજે તો. આપણી નીયતમાં કોઈ જ પ્રકારે દોષ આવવો ન જોઈએ. શબ્દ તો બોલી જવાયો, પરંતુ જો તે કપટભર્યો હોય તો તે મિથ્યા છે. આમ, સત્યના પ્રભાવને પણ દેખાડવામાં આવ્યો છે અને સત્યના ત્યાગના પરિણામને પણ દેખાડવામાં આવ્યો છે. આ બધી વાતોને યાદ કરી કરીને આપણા નિયમ-પાલનમાં પૂરા દૃઢ રહેવું જોઈએ.

આપણે કેટલી બધી વાર સત્સંગના નિયમ બનાવ્યા. ભાઈજી* વગેરેએ બનાવ્યા, ઘણા દિવસો સુધી તેને અનુસર્યા પણ ખરા અને પછી પાછા છોડી દીધા, ફરી બનાવ્યા, પાછા છોડ્યા. આમ તેનાથી શો લાભ થયો. લાભ તો ત્યારે જ થઈ શકશે કે જ્યારે આપ નાના અમથા નિયમ ઉપર ચાલવામાં અડગ રહો. એક બાજુ તો પ્રાણનું પાલન કરો અને બીજી તરફ નિયમોનું પાલન ઇચ્છો, આ કેવી રીતે? કાલે જ મેં કથા વાંચી કે શૃંગી ઋષિએ રાજા પરીક્ષિતને શાપ આપ્યો તો તેના પિતા મહર્ષિ શમીકે તેને ઉપાલંભ આપ્યો. કહ્યું, હે વત્સ! પરીક્ષિત રાજા છે, ધર્માત્મા છે, બધી રીતે રક્ષણ કરે છે. રાજાને આ રીતે શાપ ન દેવો

★ શ્રી હનુમાનપ્રસાદ પોદ્દારજી

જોઈએ. તમે આ ઘણી મોટી ભૂલ કરી છે, ત્યારે પુત્રે ભાર દેતાં કહ્યું કે મેં જે કંઈ કર્યું તે ઠીક જ કર્યું છે. અને મારી વાત તો બીલકુલ સોળ આના સાચી થશે. મેં ક્યારેય પણ મજાકમાં પણ જૂઠું બોલવાનો પ્રયત્ન નથી કર્યો. હું તો સ્વેચ્છાથી અને સ્વાભાવિક રીતે જ બોલતો હોઉં છું અને તેમાં પણ ક્યારેય મિથ્યા તો બોલતો જ નથી. મારું વચન સત્ય જ બનીને રહેશે. રાજાએ તો અવશ્ય મરવું જ પડશે. પછી તો પિતાએ પણ એ વાતનું સમર્થન કર્યું કે બરાબર છે, તું સત્યવાદી છે, બાળપણથી જ સત્ય બોલે છે. મેં ક્યારેય પણ તારી વાત મિથ્યા નથી સાંભળી અને તેથી જ તારું વચન સત્ય બનીને રહેશે. તો પણ એ વાત કહીશ કે તું તો હજુ બાળક છે. હું તો તારો પિતા છું. પિતાનું કર્તવ્ય છે કે તેમની નજરે બાળકો સદાય બાળકો જ રહે છે. તેથી હમણાં પણ મારું તો એવું જ કર્તવ્ય છે કે જો તું ભૂલ કરે તો તને પણ હું એમ જ સમજાવીશ કે આ વાતે તેં ભૂલ કરી છે. હું રાજા પરીક્ષિતને આ વાત કહીશ કે મારા મૂઢમતિ પુત્રે આપને જે શાપ આપ્યો છે તે શાપ તો મિથ્યા થવાનો નથી જ, અને તેથી આપ્યો તેનાથી ઉગરવા માટેનો પ્રયત્ન કરો. તમે જે કંઈ કરી બેઠા છો તેનાથી ઉગરવાનો ઉપાય શોધવા સાવધ કરી દીધા છે. તેમનો મોકલેલો જે શિષ્ય હતો, તે પણ સાચે જ ઘણો સદાચારી હતો. તેણે રાજાની સભામાં જઈને આ વાત જેવી ઋષિએ કહી હતી તે પ્રમાણે જેમની તેમ રાજાને કહી સંભળાવી. રાજાએ પણ એ સાંભળીને એ પ્રમાણે નિર્ણય કરી લીધો કે વાત તો સત્ય છે, મારો ઘણો મોટો અપરાધ ગણાય. રાજાએ કહ્યું કે જો તેના શાપથી હું મરી જઈશ તો તેની મને ચિંતા નથી, પરંતુ મારાથી જે આ અપરાધ થઈ ગયો છે તેની જ મને તો મોટી ચિંતા સતાવી રહી છે, શાપ આપનારનો દોષ જોયો નહીં, પરંતુ પોતાના ઉપર તે દોષ લીધો કે મારાથી મોટી ભૂલ થઈ ગઈ છે કે મેં આ રીતે બેઠેલા ઋષિના ગળામાં સાપ નાખી દીધો

- મરેલો સાપ નાખી દીધો. તે ધૈર્યવાન ઋષિના ગળામાં સાપ નાખ્યો છતાંય જેમના તેમ બેસી રહ્યા. એવું નહીં કે રાજા ઉપર ક્રોધ કર્યો. તે સાપ ખભે પડેલો જ રહ્યો. ઋષિમાં કેટલી બધી ધીરજ હતી! તેમના પુત્રે શાપ આપી દીધો. આજનો પિતા તો એમ જ કહી બેસે કે બરાબર છે, ઘણું જ સારું કામ કર્યું. તેણે જેવી દુષ્ટતા કરી છે તેવું જ ફળ આપવા તેં તેને શાપ આપ્યો. પરંતુ શમીક ઋષિએ આ વાત કહી કે હે પુત્ર! તેં આ વાત અનુચિત કરી, તેં સારું કામ ન કર્યું. તારું આ પ્રમાણે કરવું અયોગ્ય હતું. રાજાને પણ ઋષિએ તે પ્રમાણેનો જ સંદેશો પાઠવ્યો કે મારા મૂઢમતિ છોકરાએ વગર વિચાર્યે છોકરમતમાં, આપે જે અપરાધ કર્યો હતો તેના બદલામાં શાપ દઈ દીધો, એ તેનું અયોગ્ય પગલું હતું... આ પ્રમાણે દરેક વાતે આપણે શિક્ષણ લેવું જોઈએ. હમણાં હું મહાભારતનો અભ્યાસ કરી રહ્યો છું અને તેથી મને આ પ્રમાણેના શિક્ષણની વાત જાણવા મળે છે. આમ તો મેં મહાભારત વાંચ્યું છે અને સાંભળ્યું પણ છે, પરંતુ તે જ્યારે નજર સમક્ષ આવી જાય છે ત્યારે નવા નવા અનેક ભાવો જાગૃત થઈ જાય છે અને તેને લીધે ઘણું મોટું શિક્ષણ આપમેળે મળી જાય છે કે જુઓ તો ખરા! તેનામાં કેટલી પ્રબળ દૃઢતા હતી? આવી જ દૃઢતા પ્રત્યેક માણસમાં હોવી જોઈએ.

આપણામાં આવી દૃઢતાનો અભાવ હોવાથી આપણને સફળતા મળતી નથી. માણસ જો દૃઢતાપૂર્વક પ્રત્યેક વાતે અડગ રહે તો તેને જરૂર સફળતા મળવાની જ છે. આથી પોતાનું જે કર્તવ્ય છે, નિયમો વગેરેનું પાલન કરવાનું છે, તેને સદાય વળગી રહેવું અને તે ઉપર ચાલવું જરૂરી છે, કોઈ પણ રીતે ડગી ન જવું. કોઈ પણ જાતની આફત આવી પડે, કાયદાની આફત આવે, શરીરની આફત ઊભી થાય, કાયદાની હોય કે સગાની હોય કે સરકાર તરફથી હોય! જોકે તમે સરકારી આદેશનું પાલન નહીં કરો તો સરકાર તરફથી દંડ ભોગવવો પડશે.

દંડ ભલે થાય, પણ નિયમ પાળવામાં સરકારી કાનૂન નથી માનવો - એ દૃઢ નિશ્ચય રાખો. એમ નહીં કે માનવો જ જોઈએ. કોઈ જરૂરી નથી. ઈશ્વરના કાયદાની જે વાત છે તેમાં ઘણા સાવધ રહેવાની જરૂર છે. તમે જો નાની અમથી વાત પણ બરાબર પાળો તો તેના ઉપર સદાય અડગ રહેવું.

કાલે મેં જે વાત વાંચી હતી તે વાત આપ સૌની આગળ મૂકી. કાલે પણ કામ પડ્યું હતું રોજ કામ પડે છે, આ તો તાજી વાત છે એટલે તમને બધાને કાલની જ વાત કહી સંભળાવી. કાલે મહાભારતમાં આ બધી વાતો વાંચવામાં આવી. એથી મનમાં એવા ભાવ ઊઠ્યા કે માણસે ખૂબ મજબૂત રહેવાની જરૂર છે. પોતાના ધર્મ ઉપર ખૂબ અડગતાથી ચાલવું જોઈએ. બેત્રણ દિવસ અગાઉ ઉપમન્યુની વાત વાંચવામાં આવી હતી. તેમાં વાત એમ હતી કે ગુરુજીએ ઉપમન્યુને પૂછ્યું કે "ઉપમન્યુ! જો તું બધી જ ભિક્ષા લાવીને સીધી મને જ સોંપી દે છે તો પછી આવો તાજો - માજો કેવી રીતે બન્યો છે? હું તો તને ખાવા માટે ભિક્ષામાંથી કંઈ જ નથી આપતો! તો વગર ખાધે-પીધે તું આવો તાજો બન્યો છે કેવી રીતે?" તેણે કહ્યું - ભિક્ષા હું બીજી વાર માગી લાવું છું." ત્યારે ગુરુજી બોલ્યા - "આ તો શાસ્ત્રની વિરુદ્ધનું કાર્ય છે. બે વાર ભિક્ષા ન મગાય. ભિક્ષામાં એક જ વાર.જે કંઈ મળી જાય તે જ ઉચિત છે. બે વાર તો ભિક્ષા કદાપિ ન માગી શકાય." ત્યારે તે બોલ્યો - "આપની વાત સાચી છે, હું હવે બીજી વાર ભિક્ષા નહીં માગું." આમ થવા છતાં પણ તે તો તાજો - માજો જ રહ્યો. પછી પાછું ગુરુજીએ તેને પૂછ્યું - "હું તને ખાવા આપતો નથી, તું બધી જ ભિક્ષા લાવીને મને સોંપી દે છે, તું બીજીવાર ભિક્ષા માગવા જતો નથી, તો પછી તારું આ પ્રમાણે હૃષ્ટ-પુષ્ટ રહેવાનું રહસ્ય શું છે? ત્યારે તેણે જણાવ્યું કે - "હું ગાયનું દૂધ પી લઉં છું." ગુરુજી બોલ્યા -

"ના, તારે એમ ન કરવું જોઈએ. ગાયનું દૂધ તારે ન પીવું, જો તું દૂધ પી જઈશ તો વાછરડું ભૂખ્યું રહી જશે." ત્યારે તેણે જવાબ આપ્યો - "ગુરુજી! હું હવેથી નહીં પીવું." આમ થવા છતાં તે તો પાછો તાજો ને તાજો જ દેખાયો. પાછો ગુરુજીએ બોલાવીને પૂછ્યું કે - "હે ઉપમન્યુ! આ રહસ્ય મારી સમજમાં નથી આવતું કે તું બીજી વાર ભિક્ષા નથી લાવતો, ગાયનું દૂધ નથી પીતો, તો પણ એવો ને એવો તાજો-માજો કેવી રીતે રહે છે?" ઉપમન્યુ બોલ્યો - "હે ગુરુજી! વાત એમ છે કે વાછરડું દૂધ ધાવતું હોય છે ત્યારે ફીણ થાય છે, હું તે ફીણ ચૂસી લઉં છું. વાછરડાં તો ઘણાં બધાં છે ને! મારું પેટ આમ ભરાઈ જાય છે." ગુરુજી બોલ્યા - "તારું આ વર્તન બરાબર નથી. તને ખબર છે, વાછરડાં દૂધ પીએ છે તેમાંથી તારા લીધે વધારે ફીણ કરીને આપે છે. આમ તારે ફીણ પણ નહીં પીવું જોઈએ." ત્યારે તે બોલ્યો - "બરાબર છે, નહીં પીઉં" અને હવે તો તે નથી ખાતો કે નથી ફીણ પીતો. ભૂખથી મરવા જેવો થઈ ગયો. જ્યારે તેને કકડીને ભૂખ લાગી અને ન રહેવાયું ત્યારે આકડાના પાન ખાઈ બેઠો. આકડાનાં પાન ખાઈ જવાથી તે આંધળો થઈ ગયો. આમ થવાથી એક દિવસ તે કૂવામાં પડી ગયો; ત્યારે ગુરુજીએ શિષ્યોને પૂછ્યું કે - "ઉપમન્યુ કેમ ન આવ્યો?" પછી બોલ્યા - "ઠીક છે, ચાલો જંગલમાં ખોળીએ." એમ કહી જંગલમાં ખોળવા પહોંચી ગયા. તો તે કૂવામાંથી મળ્યો. ગુરુજીએ પૂછ્યું - "અરે ઉપમન્યુ! તું કૂવામાં કેવી રીતે પડી ગયો?" ત્યારે તેણે કહ્યું - "ગુરુજી! બધી તરફથી ભોજન તો બંધ થઈ ગયું, ભૂખ ખૂબ લાગવાથી આકડાના પાન ખાઈ બેઠો અને તેથી આંધળો થઈ ગયો છું. ગાયો ચરાવતાં ચરાવતાં કૂવામાં પડી ગયો છું." ત્યારે ગુરુજીએ તેને કહ્યું - "હે ઉપમન્યુ, તું અશ્વિનીકુમારની સ્તુતિ કર." આમ કહીને ગુરુજી ત્યાંથી ચાલ્યા ગયા. તેણે કૂવામાં રહ્યે રહ્યે જ અશ્વિનીકુમારની સ્તુતિ કરી ત્યાં

અશ્વિનીકુમાર આવી પહોંચ્યા. તેઓ બોલ્યા કે - "હે ઉપમન્યુ - તું આ અમૃતનું પાન કરી લે." તે બોલ્યો - "હું ગુરુજીના આદેશ વગર આ અમૃતનું પાન કેવી રીતે કરી શકું!" પછી તો અશ્વિનીકુમારે તેને સુંદર નેત્રો આપ્યાં, બળ પણ આપ્યું. પછી ઉપમન્યુ ગુરુજી પાસે ગયો. બધી વાત કહી સંભળાવી. ત્યારે ગુરુજીએ કહ્યું કે હવે તું તારે ઘેર જા, તને બધાં જ શાસ્ત્રોનું જ્ઞાન થઈ જશે. તારી ઈચ્છેલી સર્વ કામનાઓ પરિપૂર્ણ થશે, તારાં બધાં જ કામો પરિપૂર્ણ થશે. વેદોનું, બ્રહ્મનું તેને બધું જ જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. આ પ્રમાણે ગુરુજીએ ઉપદેશ આપ્યો. આથી, કોઈ પણ વાત હોય, તેનું દૃઢતાથી પાલન કરવું, જે વાત કહેવામાં આવી તેનું દૃઢતાપૂર્વક પાલન કરવું; પછી ભલેને ગમે તેટલું કષ્ટ કેમ ન ઉઠાવવું પડે! અને વળી એવું કામ તો કદાપિ ન કરવું કે જેની શાસ્ત્રોએ મનાઈ ફરમાવી છે. અને આપણાં માતા-પિતાએ કે આપણા માલિકે કે મોટાએ આપણને કોઈ પણ આદેશ આપ્યો કે હુકમ કર્યો, તેના માટે આપણા જીવનમાં ક્યારેય આપણે ના ન પાડીએ, પછી ભલેને ગમે તે થઈ જાય. જે વાતની મનાઈ ફરમાવી તે વાત ત્યાં જ છોડી દઈએ અને તેમની આજ્ઞા માની લઈએ તો તેમના આશીર્વાદના અધિકારી જરૂર થઈએ અને જરૂર કલ્યાણ થાય. ગુરુજીએ ભણાવ્યો - ગણાવ્યો કંઈ નહીં; એની પરીક્ષા લઈ લીધી, આદેશ આપી દીધો, જોયા વિના કે આ કેટલે સુધી આદેશનું પાલન કરી શકે છે. એટલું જ નહીં તેના ઉપર એટલી બધી સખતાઈ કરી કે જે હદથી વધારે હતી, તેણે આકડાનાં પાન ખાવા પડ્યા કે જેથી તે આંધળો થઈ ગયો અને કૂવામાં પડી ગયો. અને તો પણ તેને કૂવામાંથી બહાર ન કાઢ્યો, કૂવામાં જ પડી રહેવા દીધો; ત્યારે પણ કોઈ વિચાર ન આવ્યો. ઉપમન્યુ તો જે આજ્ઞા મળતી હતી તે મુજબ તે કરતો જતો હતો. ગુરુજીએ તેને એ પણ કહ્યું નહીં કે અશ્વિનીકુમાર જો અમૃત આપે તો તું ન પીતો. ઉપમન્યુએ ન તો

અશ્વિનીકુમારેએ આપેલા પૌંઆ ખાધા કે ન અમૃત પીધું. છેવટે તો તેને સિદ્ધિ મળી જ ગઈ કારણ કે તે હુકમને માનતો જતો હતો, જેથી બીજા શિષ્યોમાં આ બધી બાબતો જોવા મળી. ગુરુજીના ત્રણ શિષ્યો હતા. ત્રણેયમાં એક જ વાત હતી કે ગુરુએ જે કહ્યું - તે લોકોએ તેનું પાલન કર્યું. તે શિષ્યો આગળ જતાં આચાર્યો બન્યા અને પોતાના પણ શિષ્યો બનાવ્યા. તેમણે એટલી બધી સખ્તાઈ ન કરી, તેઓ કહેતા કે અમે તો ગુરુજીની સખ્તાઈ જોઈ છે, અમે તો ગુરુજીની જેટલી સખ્તાઈ સહન કરી છે એટલી સખ્તાઈ કરીશું નહીં.

આ જ પ્રમાણે શાપ દેવાની શક્તિ તો તે વખતે ગુરુમાં હતી. તેમાં પણ વધારે વિલંબ થતો નહોતો. આજના જમાનામાં તો થોડી ભૂલ થઈ જાય તો સોટી ફટકારી દે છે. પણ એ જમાનામાં તો વચનની સોટી હતી, થોડી પણ ભૂલચૂક થઈ જાય તો શાપ આપવાને માટે તૈયાર. ઉત્તંક ઋષિ પોતાના ગુરુજીની આજ્ઞા પાળવામાં એકદમ નિપુણ રહ્યા હતા. તેમને એટલું બધું કઠણ કામ બતાવવામાં આવ્યું કે ગુરુપત્નીએ કહ્યું કે - અમુક રાજાની રાણીનાં કુંડળ લઈ આવો, અમુક દિવસે ફલાણું પર્વ છે, તે દિવસે હું કુંડળ પહેરીને જ તે તહેવાર મનાવીશ. ચોમાસાનું પર્વ હતું, શિષ્યના આવવામાં થોડો વિલંબ થઈ ગયો જેથી ગુરુપત્ની તેને શાપ આપવાને માટે તત્પર થઈ ગઈ. તેણે કહ્યું કે જો તું ઠીક સમયે ન આવી પહોંચ્યો હોત તો હું તને શાપ આપી દેત. એમ સમજોને કે એક રીતે તલવાર કાઢીને મારવાને માટે તૈયાર બેઠી હતી. આવી રીતે ગુરુના હુકમ-આદેશને પાળવાનું કામ આશ્ચર્યજનક તો હતું જ. પ્રાણ પણ આપવા તત્પર રહેતા. તેમનામાં શક્તિ હતી, આપણા લોકોમાં તો આ વાત બિલકુલ જોવામાં આવતી નથી. અને ઈચ્છીએ કે ફળ તો મળી જવું જ જોઈએ. મુક્તિ મળી જાય. જોકે નિયમનું પાલન કરવું ઘણું જ અઘરું કામ છે, અને તો પણ નિયમનું પાલન અવશ્ય કરવું જોઈએ.

આરુણિને ધૌમ્ય મુનિએ આજ્ઞા આપી કે તું ખેતરમાં જા. જંગલના ખેતરમાં જે પાણી જઈ રહ્યું છે તેને તું રોક. ઘણા પરિશ્રમપૂર્વક તેણે પહેલાં તો પાવડા વડે તે પાણીને રોકવાનો પુરુષાર્થ કર્યો, પરંતુ તે પાણી તો રોકાયું જ નહીં. અને તેથી પછી તો તેણે પોતાની જાત જ આડે ધરી દીધી. તે સૂઈ ગયો, અને આડા પડી તેણે વહેતા પાણીના પ્રવાહને રોકી દીધો. રાત્રિનો વખત થયો, આરુણિ ઘેર ન આવ્યો ત્યારે શિષ્યોને પૂછવામાં આવ્યું કે આરુણિ કેમ નથી આવ્યો? ત્યારે શિષ્યોએ કહ્યું કે તેને પાળ બાંધવા માટે મોકલ્યો હતો. ગુરુજીએ કહ્યું કે ચાલો આપણે તેની ભાળ મેળવીએ. ગુરુજી તો બધું જાણતા જ હતા, પરંતુ તેઓ બીજા શિષ્યોને આ વાત શિખવવા ઇચ્છતા હતા કે જુઓ આ કેવો આજ્ઞા પાળવામાં તત્પર છે. ગુરુજી શિષ્યોની સાથે ગયા. ખેતરની નજીક જઈને તેમણે હાંક મારી, "આરુણિ! આરુણિ, અરે આરુણિ!!! તું ક્યાં છે?" આરુણિએ ગુરુજીનો અવાજ સાંભળ્યો. બોલ્યો, "ગુરુજી હું અહીં છું, પાણી રોકાતું નહોતું તેથી હું આડો પડીને તે રોકી રહ્યો છું." ગુરુજી તેની વાત સાંભળીને તેની પાસે પહોંચી ગયા. તે બોલ્યા : "ઊઠો બેટા આરુણિ!" ગુરુજીના આદેશથી તે ઊઠ્યો અને ગુરુજીનાં ચરણોમાં નમસ્કાર કરીને બોલ્યો : "ગુરુજી! રાત અંધારી હતી, આપે પાળ બાંધવા માટે મને મોકલ્યો હતો. માટીથી કોઈ પણ રીતે તે પાળ બંધાતી નહોતી અને તેથી હું આડો સૂઈ ગયો અને પાણી રોકી લીધું. પાણી રોકીને રાખ્યું હતું. બીજી શું આજ્ઞા છે? હું ત્યાં ફરી જઈને પાણી બાંધું કે બીજો કોઈ આદેશ છે. જ્યારે આપે મને બોલાવ્યો તો હું ચાલ્યો આવ્યો. પાણી વહી રહ્યું છે."

ગુરુજી બોલ્યા - "બેટા આરુણિ! હવે તારું કામ સિદ્ધ થઈ ગયું. તું હવે તારે ઘેર જા." ગુરુજીના આદેશનું પાલન કરવાથી બધાં જ શાસ્ત્રો વગર ભણ્યે જ તેને આવડી ગયાં.

સૌમાં નિષ્કામ પ્રેમ રાખવાનો અને શોક-નિવૃત્તિનો ઉપાય

સૌ કોઈમાં ભગવદ્‌બુદ્ધિ અને પ્રેમ થઈ જાય તો બેડો પાર છે. સૌની સાથે આપણે લોકોએ નિષ્કામભાવે પ્રેમ રાખવો જોઈએ અથવા ભગવાનને પ્રસન્ન કરવાને માટે પ્રેમ રાખવો જોઈએ. ભગવાન તથા મહાત્મા પુરુષોને છોડીને જગતમાં જેટલાં પણ પ્રાણીઓ છે - દેવતાઓ, મનુષ્યો, યક્ષ-રાક્ષસ વગેરે બધાયમાં પણ ગુણ-અવગુણ રહેલા છે. ગુણોનાં વર્ણન તો કરવાં જોઈએ, પણ કોઈના અવગુણોને ન વર્ણવવા જોઈએ. કોઈનામાં પણ દોષ ન જોવા, એકલા ગુણ જ જોવા. આપણે જો કોઈના ગુણોનું વર્ણન કરીશું તો તેનો પ્રેમ આપણા ઉપર વધશે અને આપણો પણ પ્રેમ તેના તરફ વધશે. જોકે ગુણો પણ સાચા ગાવા, ખોટાં વખાણ ન કરવાં. ખોટાં વખાણ કરતાં રહેવાથી. કોઈ અસર નથી થતી કે ફાયદો પણ નથી થતો. જો કોઈ પણ મનુષ્ય જૂઠને લીધે ફાયદો મેળવવા ઇચ્છે તો તે ખોટા માર્ગે છે. ગુણોનું ગાન કરવાથી સારા માણસો, દેવતાઓ તેમજ જેમનાથી બીજું કોઈ ઊંચુ નથી એવા ખુદ ભગવાન પણ ખુશ થાય છે. નીચ તથા બદમાશ માણસ પણ ગુણોનું ગાન સાંભળીને રાજી-રાજી થઈ જાય છે. આ રીતે જો આપણે કોઈને માન આપીએ તો તેનાથી તેઓ રાજી થાય છે.

ભગવાન ખુદ તો અમાની છે, પણ તેઓ પણ બીજાઓને તો માન આપે જ છે - **'अमानी मानदः'**

આપણે લોકોએ પણ ભગવાન પાસેથી આ વાત શીખવી જોઈએ કે પોતે માન ન ઇચ્છીએ પણ બીજાઓને માન આપીએ. આપણે જો બીજાને માન આપીશું તો તેની સાથે આપણો પ્રેમ વધવાનો જ છે.

માન આપવાથી, કીર્તિના વખાણ કરવાથી અને હિત કરવાથી પ્રેમમાં વધારો થાય છે. પ્રેમ વધારવાનો આ ઉત્તમ ઉપાય છે. આપણે જો દેવતાઓને માન આપીશું તો તેઓ જરૂર ખુશ થશે, ભગવાનને માન આપીશું તો તેઓ પણ ખુશ થશે. નીચમાં નીચ માણસને પણ આપણે માન આપીશું તો તે ખુશ થશે. ત્યાં સુધી કે જો આપણે એક સામાન્ય એવા કૂતરાને પણ માન આપીશું તો તે પણ ખુશ થશે. તમે કરી તો જુઓ, કોઈ કૂતરો છે તેને તમે પુચકારો, માન આપો, બોલાવો તો તે ખુશ થઈ જશે અને જો તેનો તિરસ્કાર કરશો કે અપમાન કરશો તો તેનો ચહેરો ઉદાસ થઈ જશે અને નિરાશ થઈને તે ચાલ્યો જશે. આથી એક વાત સાબિત થાય છે કે માન આપવાથી તો એક કૂતરું પણ રાજી થતું હોય છે. નીચ તથા બદમાશ માણસ પણ રાજી થતા હોય છે અને સાધુ સંતો માન પામીને તો જરૂર રાજી થાય છે. ભગવાન પણ રાજી થાય છે. આમ સૌ સાથે પ્રેમ વધારવાનો ઉપાય છે સૌને માન આપવું, સૌનો આદર કરવો.

આ સમસ્ત જગતને ભગવાનની પ્રજા જાણો અને સૌ કોઈને પ્રેમ કરો તથા એથી પણ આગળ જઈને સૌનામાં આપણો જ આત્મા સમજો અને પ્રેમ કરો. અને એથી પણ આગળ સૌને ભગવતસ્વરૂપ જાણીને પ્રેમ કરવો જોઈએ. ભગવાનનું સ્વરૂપ કેવી રીતે? તો વાત એમ છે કે આ સમસ્ત સંસાર ભગવાનનો સંકલ્પ છે, જેવી રીતે મનોરાજ્ય અને સપનાનો સંસાર આપણો સંકલ્પ હોય છે. 'પરમાત્માનો સંકલ્પ હોવાથી તેનું સ્વરૂપ જ છે.' આમ સમજીને સૌ કોઈની સાથે પ્રેમનો નાતો જોડવો, સો કોઈની સેવા કરવી. સૌ કોઈની સેવાથી જ સૌમાં પ્રેમ જન્મે છે.

રામચરિતમાનસમાં ભગવાન શ્રીરામ કહે છે -

सो अनन्य जाकें असि मति न टरइ हनुमंत।
मै सेवक सचराचर रूप स्वामि भगवंत॥

(રા.ચ.મા. ૪/૩)

'ચરાચર ભગવાનનું સ્વરૂપ છે, ભગવાન સ્વરૂપની રાશિ છે અને

હું તેમનો સેવક છું' આ પ્રમાણે જેમની બુદ્ધિ બધો સમય અડગ રહે છે, ભગવાન એમ કહે છે કે તે મારો અનન્યભક્ત છે. તો એ ભગવાનની અનન્ય ભક્તિ પણ છે અને ઉચ્ચ કોટિનો પ્રેમ પણ થઈ જાય છે. આવો પ્રેમ આપણે નિષ્કામભાવે કરીએ, સ્વાર્થનો ત્યાગ કરી દઈને કરીએ. જો આમ થશે તો તેથી આપણો આત્મા શુદ્ધ થાય છે અને પરમાત્મા વિષેનું જ્ઞાન થાય છે, અને પછી પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે.

હવે બીજી વાતનો વિચાર કરીએ. કોઈનો જુવાનજોધ પુત્ર મરણ પામે છે, ત્યારે તેને ઘણું જ દુઃખ થાય છે, કોઈનો જમાઈ મરણ પામે છે તો તેને ઘણું દુઃખ થાય છે, કોઈની પત્ની મૃત્યુ પામે છે તો તેને ઘણું દુઃખ થાય છે. આ પ્રમાણે ઘરમાં જેટલાં જણ છે તે બધાં જ મરશે અને એક એકનું દુઃખ થશે. તેથી, જો આપણે જરા વિચાર કરી લઈએ અને એક જ દિવસે બધી વાત સમજી લઈએ તો દુઃખ ક્યારેય નહીં થાય. અને તેથી જ તો દુઃખનો અંત જ લાવી દેવો જોઈએ. જો મનુષ્ય શરીર પામીને આપણે દુઃખનો અંત ન લાવ્યા તો પશુપક્ષીની યોનિમાં તો એવાં દુઃખોનો અંત આવશે જ.કેવી રીતે? આ માનવદેહ ભગવાને આપણને દુઃખોમાંથી મુક્ત કરવાને માટે આપ્યો છે. જે વાત વીતી ગઈ છે તેનું દુઃખ કે શોક કરવો એ નરી મૂર્ખતા છે. આ જ વાતને એક જગ્યાએ આમ કહેવામાં આવી છે - **'गतं न शोचामि कृतं न मन्ये।'** જે વાત પૂરી થઈ ગઈ છે તેનું દુઃખ કે શોક હું નથી કરતો, કે નથી કરતો મારી મોટાઈનાં વખાણ! પછી હું મૂર્ખ શા માટે? એટલે જે માણસ વીતેલી વાતને વિચારતો રહે છે તે જ મૂર્ખ છે.

ઘરનું કોઈ પણ મરણને શરણ થાય છે ત્યારે હું સૌ કોઈને માટે એક વ્યાપક વાત કહેતો હોઉં છું. સ્ત્રીનો પતિ મરણ પામે છે, પુરુષની પત્ની મરણ પામે છે, કોઈનો ભાઈ મરણ પામે છે, તો કોઈનો બાપ મરણ પામે છે, કોઈની માતા મરી જાય છે, કોઈની પુત્રી, તો કોઈનો પુત્ર મરણ પામે છે; એ બધાં તો મરતાં - જન્મતાં રહે જ છે. એમ

સમજોને કે આપણી જ પુત્રી હતી, તેનો વિવાહ કરી દીધો, આણું પણ કરી દીધું, અને તે મરણ પામી હવે જો આપણે તેની ચિંતા કે શોક કરીએ તો તે આપણી મોટી ભૂલ ગણાય. આ જ પ્રમાણે જો આપણો યુવાન પુત્ર અવસાન પામે છે, આપણે જો તેનો પણ શોક કરીએ તો તે આપણી મૂર્ખામી છે. આ પ્રમાણેના ઉત્તમ વિચારો રાખવા જોઈએ. પરમાત્માએ આપણને પુત્રી આપી કે પુત્ર આપ્યો. આપણે તેનું લાલન-પાલન કરીએ છીએ. તેનાં લગ્ન કરીએ છીએ. આમ કરવાથી તેમનાં પૂર્વજન્મનાં ઋણ હતાં તે સરભર થઈ ગયાં. અને પછી પ્રભુએ તેમને બોલાવી લીધાં. આપણે ત્યાં રહેવા કરતાં તો તેઓ ભગવાનને ત્યાં ચાલ્યા ગયાં તે ઘણી ઉત્તમ વાત બની ગણાય. ભગવાનને ત્યાં જે સુખ છે, તે સુખ આપણે ત્યાં નહોતું. આપણે તો મોહવશ ઇચ્છીએ છીએ કે તે આપણે ત્યાં જ રહે. નરસિંહ મહેતાનો પુત્ર જ્યારે મરણ પામ્યો ત્યારે મહેતાજી તો નાચવા લાગ્યા; કીર્તન કરવા લાગ્યા. બોલ્યા કે પ્રભુએ ઘણું ઉત્તમ કામ કર્યું. મારા ઉપર મોટો ઉપકાર કર્યો કે તેમણે મારા પુત્રને પોતાની પાસે બોલાવી લીધો. આવી જ રીતે આપણા ઘરમાં કોઈ જન્મે તો તેનો ભાર ન સમજવો જોઈએ. ભગવાને એ બાળકને આપણે ત્યાં મોકલ્યું છે. ભગવાને મોકલ્યું છે એમ માની આપણે તેનું પાલન કરવાનું છે અને તેથી ભગવાન ખુશ થશે જ અને તે પછી જ્યારે અહીંથી રવાના થશે ત્યારે ત્યાં તેની વધારે સારી સેવા થશે. આ માટે આપણે શા માટે ચિંતા કરીએ? જુઓને, અહીં તો ઘણા બધા ભાઈઓ આવે છે. આવેલા ભાઈઓની ખૂબ પ્રેમપૂર્વક આનંદથી બધાએ મળીને સેવા-શુશ્રૂષા કરવાની છે. તેઓ ગયા અને બીજા આવ્યા તો તેમની સેવા કરવાની છે અને તે ચાલ્યા જાય પછી બીજા આવે તો તેમની. તેનો મતલબ એટલો જ કે આપણે તો પ્રત્યેક પળને સેવામાં વિતાવવાની છે, એમ સમજો કે આનંદ લૂંટવાનો છે. જેઓ ચાલ્યા ગયા, આપણે તેમની ચિંતા કરવાની નથી, તેઓ જ્યાં પણ જશે ત્યાં પ્રભુએ તેમના જોગ પહેલાથી વ્યવસ્થા ગોઠવી રાખેલી છે. આપણે શા માટે ચિંતા

સેવીએ? આ પ્રમાણે જ આપણે ઘેર જે જન્મ લઈને આવે છે તેમની સેવા કરવી છે અને જો મરણને શરણ થયાં તો પછી તેઓ જ્યાં પણ જશે ત્યાં તેમની સેવા થશે. પ્રભુએ બધે જ વ્યવસ્થા રાખી છે. જો આમ ન હોત તો તો અહીંથી જનારાની આપણે ચિંતા સેવવી પડત. અહીં દસ-દિવસ રહ્યા પંદર દિવસ રહ્યા, તેમની સેવા - શુશ્રૂષાની વ્યવસ્થા ગોઠવી અને હવે તેઓ ચાલ્યાં ગયાં તો પછી બીજી જગ્યાએ તેમને શું શું તકલીફો, સુખ કે દુઃખ થતાં હશે' તેની આપણને શી ખબર? આપણે તો એમ જ માનવાનું છે કે અહીંથી વધારે સુખ બધે જ છે. આપણી જ આ ખામી છે કે આપણે વધારે સેવા-ચાકરી ન કરી શક્યાં. અને ભવિષ્યમાં એવો પ્રયત્ન કરવો કે આપણે વધારે સેવા કરવા યોગ્ય બનીએ. એ આપણું કર્તવ્ય હોવું જોઈએ. જોકે અહીંથી વિદાય થયા પછી તો આપણી કોઈ જ ફરજ શેષ રહેતી નથી. બધી જ જગ્યાએ તેમની દેખભાળ વધારેમાં વધારે સારી રીતે થતી હોય છે. પ્રભુએ બધે જ તેમની વ્યવસ્થા ગોઠવી રાખેલી છે. આ પ્રમાણે આપણે ત્યાં ઘરમાં કોઈ અવસાન પામે તો તેની પણ કોઈ જ ચિંતા ન સેવવી, શોક ન કરવો. અરે, શોક અને ચિંતાને પાસે જ ન ફરકવા દેવાં.

આ જ વાતને હવે બીજી દૃષ્ટિએ બતાવાય છે. જેમકે, કોઈ ભાઈ આવીને આપણે ત્યાં રૂપિયાથી ભરેલી થેલી મૂકી જાય છે અને કહેતો જાય છે કે હું બદરિકાશ્રમ, ગંગોત્રી, કર્ણપ્રયાગ, દેવપ્રયાગ જાઉં છું. આ રૂપિયાની થેલી તમે તિજોરીમાં મૂકો. પાંચ દસ-દિવસ પછી તે પાછો ફરે છે અને કહે છે કે સાહેબ! અમે તીર્થે જઈ આવ્યા, અમારી થેલી અમને આપો. જો આપણે તે થેલી પાછી આપવામાં આનાકાની કરીએ તો આપણે ચોર છીએ. એક અમાનતના રૂપે જે થેલી આપણને સોંપી છે તે આપવામાં આપણે જો આનાકાની કરીએ તો તો તે જુલમ કર્યો એમ ગણાય. અને આપીને જો પસ્તાવો કરીએ કે બળાપો કરીએ કે જુઓને, તેની થેલી આપણી પાસે આવી ગઈ હતી, આપણા હાથમાં આવી ગઈ હતી, તિજોરીમાં મૂકી હતી, હવે તે કાઢીને આપણે આપી

દીધી, તો આ પણ ભૂલ છે. આ ઈમાનદારીનું કામ નથી. એ જ રીતે પરમાત્માએ આપણે ત્યાં પુત્ર કે પુત્રી આપી એટલે કે એક થેલી અમાનતના રૂપમાં આપી અને જ્યારે ભગવાન તેને પરત માગી લે છે ત્યારે દુઃખ શાને માટે? ભગવાનની ચીજ હતી, તેઓ લઈ ગયા! પુત્રીને તેનો પતિ આણું વાળીને તેડી જાય છે તો આપણે શા માટે આક્રંદ કરીએ? તેની ચીજ હતી અને તે લઈ ગયો. આપણે તેને ખુશીથી આપી અને જો આપણે પ્રેમપૂર્વક તેને ન આપીએ અને તે આવીને પોતે જ તેની પત્નીને લઈ જાય, તો પણ આપણે ચિંતા શા માટે કરીએ? આમાં તો વધારે સુખ થવું જોઈએ. આ જ પ્રમાણે જો કોઈ અવસાન પામે અથવા તો પ્રભુને વહાલું થઈ જાય તો તેના માટે પણ ચિંતા કરવી ન જોઈએ; બલકે ભગવાનને એવી પ્રાર્થના કરવી જોઈએ કે હે પ્રભુ! એના આત્માને શાંતિ આપજો!

આપણે આ જ વાત જ્ઞાનની દૃષ્ટિએ જો વિચારીએ. સમજો કે એક ધર્મશાળામાં બધા લોકો એકઠા થતા હોય છે અને પોતપોતાનો સમય પૂરો કરીને ચાલ્યા જાય છે તો કોઈ કોઈની ચિંતા કે દુઃખ કરતું નથી. રેલગાડીના ડબ્બામાં એક સાથે ઘણાં બધાં ભાઈઓ યાત્રા કરી રહ્યા હોય છે અને પોતપોતાનું સ્ટેશન આવતાં તુરત જ ઊતરી પડે છે. આમ થાય છે, ત્યારે પાછળ રહેલા લોકો તો ઉલટાના એમ વિચારે છે કે ચાલો, ઘણું જ સારું થયું, ગાડીમાં જગ્યા થઈ; આપણે વધારે ને વધારે ભજન-ધ્યાન કરતાં કરતાં ચાલો. આ જ રીતે ઘરનું કોઈ અવસાન પામે તો ઘર પણ રેલગાડીના ડબ્બાની માફક ખાલી થાય છે, સમજી લો ને કે તેનું સ્ટેશન આવી ગયું; અને તે ઊતરી ગયો. આમ, ખૂબ ભજન-ધ્યાન કરવાં જોઈએ. નાનું અમથું બાળક ગુજરી જાય તો એમ સમજવું કે એ ઊતરી ગયું તે ઠીક છે, કારણ કે તેનું સ્ટેશન આવી ગયું હતું. અહીં સુધીની જ ટીકીટ તેણે લીધેલી હતી.

જો તમે એમ કહો કે સ્ત્રીને માટે તો તેનો પતિ એ જ સર્વસ્વ છે અને પતિની આયુષ્ય-રેખા પૂરી થઈ ગઈ અને તે મૃત્યુ પામ્યો, પત્ની

પોતાની જુવાન અવસ્થામાં જ વિધવા બની ગઈ, આ તો ઘણી દુઃખની વાત ગણાય, તો આ વાતે પણ આપણે ધીરજપૂર્વક વિચારવું કે જે કંઈ થાય છે તે બધું જ ઈશ્વરની દૃષ્ટિતળે થતું હોય છે. પ્રભુની ઇચ્છાથી થાય છે! તેથી પ્રભુની ઇચ્છામાં જ આપણી ઇચ્છા મેળવી દેવી જોઈએ. પ્રભુની ઇચ્છા વગર કોઈ મરતું નથી. પ્રભુની ઇચ્છાથી, પ્રભુના આદેશથી જ કોઈ માણસ મરણ પામે છે. આથી કોઈનું પણ અવસાન થાય તો રાજી થવું જોઈએ. એ સ્ત્રીએ પણ ખરેખર તો એમ સમજવું કે પ્રભુની મારા ઉપર ઘણી મોટી મહેરબાની છે. જો એમ કહેશો કે આવી દયા ન સમજાણી. તો પછી બીજી કઈ દયા સમજણમાં આવે છે? પત્ની મળે, પૈસા મળે, પુત્ર મળે અને સંસારના બીજા પદાર્થો મળે તો પ્રભુની દયા છે અને જો તે ચાલ્યાં જાય તો આપણે એમ સમજીએ છીએ કે પ્રભુનો આપણા ઉપર કોપ થયો છે, આપણા પાપનું ફળ ગણીએ છીએ. પરંતુ વિચાર કરીને જોઈએ તો પ્રભુ આપણને પુત્ર, સ્ત્રી, ધન, મકાન, રૂપિયા અને ઐશ્વર્ય આપે તો તે એમની એક સાધારણ કૃપા છે, પણ જો તે પાછા લઈ લે તો તે તેમની વિશેષ કૃપા સમજવી જોઈએ. આપે તો ઓછી કૃપા અને પાછું લઈ લે તો અધિક દયા છે. આપણા શરીરનું જો આરોગ્ય રહે તો ભગવાનની ઓછી દયા છે, બિમાર રહે તો વધારે દયા છે. જો એમ કહેશો કે આ વાત અમારી સમજણમાં નથી બેઠી તો માની લો કે ભગવાન તો પુણ્યનું જ ફળ આપે છે. સ્ત્રી, પુત્ર, ધન, વિદ્યા, ઐશ્વર્ય, માન-મોટાઈ, પ્રતિષ્ઠા અને શરીરમાં આરોગ્યભરી તંદુરસ્તી - આ બધી જ ચીજો કે જે ભગવાન આપે છે, તો એ તો પુણ્યનું જ ફળ છે, એ ભગવાનની દયાનું ફળ છે, તો હવે એમાં થોડો એવો વિચાર કરવાની જરૂર છે કે તે આપવાથી આપણા પુણ્યનો ક્ષય થાય છે કે નહીં? આ બધી ચીજો આપણા પુણ્યને પ્રતાપે મળી ગઈ છે. આમ થવાથી આપણું પુણ્યનું ખાતું સરભર થઈ ગયું અને પાપનું ખાતું તો અકબંધ ઊભું જ છે.

ભગવાનને ત્યાં આપણું એક પુણ્યનું ખાતું છે અને એક પાપનું

છે. આપે જે પુણ્ય કર્યું હતું તે પુણ્યના બદલામાં સ્ત્રી, પુત્ર, ધન, ઐશ્વર્ય - એ બધી વસ્તુઓ આપને આપી હતી. આ તમારું પુણ્યનું ખાતું સરભર કરી આપ્યું. બીજે જ દિવસે તમારું અવસાન થઈ ગયું. પુણ્યનું ખાતું તો સરભર છે અને તે બધા જ પદાર્થો અહીં જ પડ્યા રહ્યા અને તમે રોતા રોતા અહીંથી વિદાય થઈ ગયા. શું ફાયદો થયો? ભગવાને તમને આ બધું શા માટે આપ્યું હતું? એટલા માટે આપ્યું હતું કે એના મારફતે મારી પ્રાપ્તિ કરજો. આ ચીજો વડે ભગવાનની પ્રાપ્તિ કેવી રીતે થાત? ત્યારે કે જ્યારે એ બધી ચીજોનો ઉપયોગ આપણે ભગવાનનાં કામમાં કરત. આપણે જે સારું કામ કર્યું હતું, પુણ્ય કર્યું હતું, એનું ફળ ભગવાને આપણને આપી દીધું. હવે આપણું શું કર્તવ્ય હોવું જોઈએ? આપણે પ્રભુને રાજી કરવા માટે, તેમની પ્રાપ્તિને અર્થે તેમને જ પાછું સોંપી દઈએ, તેમને જ સમર્પણ કરી દઈએ. એમાં આપણું એક પ્રકારનું શાણપણ રહેલું છે અને તેનું જ ફળ ભગવાનની પ્રાપ્તિ છે. જો રૂપિયા પણ ભગવાનના કામમાં ખર્ચી નાખીએ, શરીર જો આરોગ્યપૂર્ણ છે તો ભગવાનના કામમાં તેનો ઉપયોગ કરીએ. તો એ પ્રભુની ઘણી મોટી કૃપા છે.

બરાબર છે, જો આમ થાય તો તો ભગવાનની કૃપાનું ફળ (લાભ) આપને મળ્યું. આમ પરમાત્માએ એ બધી ચીજો આપણને એટલા માટે આપી હતી કે તેમનાથી લાભ મેળવવો જોઈએ. પ્રભુમાં તેમનો ઉપયોગ કરવો જોઈએ, પણ આપણે કરતા નથી. તે વખતે પ્રભુ તેમનો વિનાશ કરે છે; કારણ કે ભગવાન સમજે છે કે એમાં ફસાઈને આગળ જતાં તેની દુર્ગતિ જ થશે. તેમાં એમ સમજવું કે ભગવાન તે આપણી પાસેથી છીનવી લે છે; એ પ્રભુની આપણા ઉપર મોટી કૃપા છે. ભગવાન આપણને માંદગી આપે છે તો એનો અર્થ એ છે કે આપણે કોઈ પાપ કર્યું હતું, એ પાપના ફળરૂપે જ આ માંદગી આવી છે, આપણે રોગગ્રસ્ત થયા. આપણે તે ભોગવીએ છીએ. જો તે ભોગવી લીધું તો આપણું જે પાપ હતું તે દૂર થઈ ગયું. જેટલું પણ કષ્ટ પડ્યું તે બધું જ પાપનું

ફળ છે અને તે કષ્ટનો આપણે સ્વીકાર કરી લઈએ તો તેનાથી પાપનો ભોગ થઈ જાય છે. આમ થતાં આપણે પાપના ઋણમાંથી મુક્ત થઈ જઈએ છીએ. ભગવાન પાપોમાંથી મુક્તિ અપાવવાને માટે જ આ સંસારમાં દુઃખો મોકલી રહ્યા છે. ભીષ્મ પિતામહ જ્યારે બાણશય્યા પર સૂતા હતા, ત્યારે ભગવાનને પ્રાર્થના કરતાં કરતાં એમ કહે છે કે હે પ્રભો! મેં જે પાપો કર્યાં છે તે બધાંને રોગ સ્વરૂપે મોકલો કે જેથી હું પાપોના ઋણમાંથી મુક્ત થાઉં અને પછી મારો આ સંસારમાં ફરી જન્મ ન થાય. ભીષ્મજી તો એમ પણ ઝંખે છે કે મેં જે પાપ કર્યાં છે તેમનું ફળ મને આ જન્મમાં જ આપો કે જેથી હું તે ભોગવી લઉં. બીજા જન્મ ઉપર ન છોડો. તેઓ ખૂબ સમજુ હતા, બુદ્ધિશાળી હતા. તેઓ સામેથી માગણી રજૂ કરે છે. આ વાત મહાભારતમાં આપેલી છે.

બીજી વાત એ છે કે રોગને ભોગવતી વખતે સમજુ તથા શાસ્ત્રો ઉપર જેમનો વિશ્વાસ છે એમને એ વાત પણ યાદ આવે છે કે અમે જે માંદગી ભોગવી રહ્યા છીએ તે અમારા જ પાપનું ફળ છે. ભવિષ્યમાં પાપ ન કરવું જોઈએ, નહીં તો આ પ્રમાણે ભોગવવાનું આવશે. આ વખતે તેઓ પૂરા સાવધ બની જતા હોય છે અને નવું પાપ કરવામાં ખચકાટ અનુભવે છે. આ પણ આપણે માટે તો લાભની જ વાત છે.

ત્રીજી આપણા લાભની વાત એ છે કે એશ-આરામમાં, ભોગ-વિલાસમાં આપણે પ્રભુને વિસરી જઈએ છીએ; અને જ્યારે માર ખાઈએ છીએ ત્યારે પ્રભુ યાદ આવે છે. આ પણ પ્રભુની દયાનું જ પરિણામ છે કે ભૂલ્યા-ભટક્યાને ભગવાન યાદ દેવડાવ્યા કરે છે. જ્યારે માર નથી પડતો ત્યારે ભગવાન ઓછા યાદ આવે છે, અને એટલે જ માતા કુંતી દેવીએ એમ કહેલું કે હે પ્રભો! સંકટોમાં તમે વધારે યાદ આવો છો; માટે હું તો એમ જ ઇચ્છું છું કે સદાય અમારા ઉપર આપત્તિ ઘેરાયેલી જ રહે. કોઈ એક ભક્તજને પણ કહ્યું છે કે -

सुखके माथे सिल पड़े जो नाम हृदयसे जाय।
बलिहारी वा दुःखकी जो पल-पल नाम रटाय॥

ભક્તનું એમ કહેવું છે કે જે સુખથી પ્રભુની વિસ્મૃતિ થઈ જાય એ સુખ ઉપર પથ્થર પડજો એટલે કે હું એવું સુખ ઈચ્છતો નથી. જે દુઃખથી પ્રભુની સ્મૃતિ થાય એવા દુઃખની બલિહારી છે એટલે કે તે દુઃખ ભલેને વારંવાર આવે. આમ, કોઈ પણ જાતનું દુઃખ આવી પડે ત્યારે આપણને તેનાથી ફાયદો જ થતો હોય છે.

વિધવા માતાઓનું પ્રકરણ ચાલી રહ્યું હતું. મેં તેમાં એમ કહ્યું કે જેના પતિ સ્વર્ગવાસી થયા હોય તેમણે એમ સમજવું કે આ તો ભગવાનનું વિધાન છે. ભગવાનની ઈચ્છાને લીધે જ આમ બન્યું છે; અને તેમાં પણ ભગવાનની દયા માનવી જોઈએ. આ પ્રમાણે પણ જો ન સમજાય તો એમ વિચારવું ઘટે કે જો પતિ જીવતા હોત તો દીકરો-દીકરી હોત; તો તેમનાં સગાઈ-લગ્ન વગેરે કરવાં પડત. ઘરમાં જમાઈ આવત, પુત્રની વહુ આવત, સાસુ-વહુમાં ઝઘડો ચાલત અને તેથી કરીને રાત-દિવસ ઘરમાં એક પ્રકારનો કંકાસ-ક્લેશ વધ્યો હોત. જો જમાઈનું અવસાન થાત તો બેટી ઘરમાં વિધવા બનીને રહેતી હોત. અને તેથી તેનો પણ એક ક્લેશ વધારામાં. પ્રભુએ તો સારું કામ કર્યું. પ્રભુ તો સદાય એમ જ ઈચ્છે છે કે તમે હંમેશાં ભજન-ધ્યાનમાં પોતાનું જીવન ગાળો. હે હાડ-માંસની પુતળી! આ સાંસારિક પતિને શું પતિ માને છે, મને પરમાત્માને પતિ માની લે. આ પ્રમાણે પરમાત્માએ ઘણી મોટી કૃપા કરી, તેઓ પોતાના પરમધામમાં બોલાવવા ઈચ્છે છે. આમ, સ્ત્રી પતિના મૃત્યુ પછી ભગવાનને જ પોતાનું સર્વસ્વ માની લે; અને સમજે કે ભગવાન જ પોતાના માતાપિતા, ભગવાન, ગુરુ અને પ્રભુ છે, અમારા પતિ તથા અમારું સર્વસ્વ છે.

त्वमेव माता च पिता त्वमेव त्वमेव बन्धुश्च सखा त्वमेव।
त्वमेव विद्या द्रविणं त्वमेव त्वमेव सर्वं मम देवदेव॥

ભગવાને ભજનમાં આપણું મન જોડવા માટે બધી જ જાતની અડચણો દૂર કરી દીધી. પરંતુ જો તેણીએ કોઈ છોકરાને ખોળે બેસાડ્યો, તેનાં વિવાહ-લગ્ન કર્યાં તો તે પોતે જ પોતાને માથે ઝંઝટ ઉપાડી લે

છે અને તેનું ફળ આગળ જતાં તેને પોતાને જ ભોગવવાનું છે, અને તેથી સ્ત્રીએ પોતાના તરફથી તો કંઈ જ ન કરવું જોઈએ; કારણ કે પતિ ચાલ્યો ગયો, પુત્ર ચાલ્યો ગયો, તે તો પ્રભુની મરજીથી ગયો; એને પત્નીએ તો માર્યો નહોતો, તેણીએ તો કંઈ કર્યું નહોતું ને! આ ઘટના તો એની મેળે જ ઘટી. પ્રભુની મરજીથી થઈ, તેમાં તો ખુશી થવી જોઈએ. ઈશ્વર જે કંઈ કરતો હોય છે તે સારું જ કરે છે, તેમાં આનંદ માનવો અને ઈશ્વર પ્રત્યે ખૂબ પ્રેમ વધારવો. આ વિષે એક નાનકડી લોકવાર્તા આ પ્રમાણેની છે :

એક વખત ભગવતી ઉમાદેવી (પાર્વતીજી) શિવજીને કહેવા લાગ્યા- 'હે દેવ! આપ તો સદાય ભગવાનના ભક્તોની પ્રશંસા કરતા હો છો, તો ભક્તોનાં દર્શન મને પણ કરાવો ને!' તેઓ બોલ્યા - 'ઘણું સારું'. અને પછી તેમને તેઓ એક વૈશ્ય - વેપારી પાસે લઈ ગયા. પોતે બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કર્યું અને સાથે રહેલા ભગવતી પાર્વતીજીને બ્રાહ્મણીનું રૂપ આપીને તેઓ ત્યાં પહોંચી ગયા. અતિથિ માનીને વૈશ્યે તેમની ખૂબ સેવા-ચાકરી કરી. તેના ઘરમાં બે એક બકરીઓ હતી. તેના દૂધમાંથી ખીર બનાવીને ખીર-પૂરીનું ભોજન આપ્યું અને ઘણી ચાકરી કરી. જતાં-જતાં શિવજી બોલ્યા - 'તારી બધી જ બકરીઓ મરી જાય.' આ સાંભળીને પાર્વતી તો ખૂબ દુઃખી થયાં; બોલ્યાં : 'હે મહાદેવ! તેણે તો આપની આટલી સેવા-ચાકરી કરી અને તમે તેને શાપ આપી દીધો?' શિવજી બોલ્યા - 'આ વાતનો જવાબ હું તમને એક વર્ષ પછી આપીશ.' પાર્વતીજી કહ્યું - 'સારું'. એ પછી એક વર્ષ પૂરું થયું એટલે પાર્વતીજી શિવજીની સાથે આવ્યાં અને જુએ છે તો ત્યાં તો નથી તેની પત્ની કે નથી તેની બકરીઓ. બધાં જ મરી પરવાર્યાં છે અને તે વૈશ્ય એકાંતમાં ભજન-ધ્યાનમાં મસ્ત બની ગયો છે. શિવજી બોલ્યા - જુઓ, આ ભાઈ તો ધ્યાન કરી રહ્યો છે અને મસ્ત છે. જો આ વખતે તે બકરીઓ રાખતો હોત તે વાત ઠીક ગણાય, કે હવે તે ભગવાનના ધ્યાનમાં મસ્ત છે તે વાત સારી ગણાય? પાર્વતી બોલ્યાં - 'આ જ ઠીક છે.' ત્યારે શિવજી

બોલ્યા : 'હવે કહો મેં તે વખતે શાપ આપ્યો કે વરદાન આપ્યું? મેં તેના હિતને માટે જ આમ કર્યું હતું. હવે તેને કોઈ જ ઝંઝટ નથી, કોઈ બાળબચ્ચાં નથી, બધા જ ઝઘડા સમાપ્ત થઈ ગયા. હવે એકલો ભજન ધ્યાન કરતો રહે છે, નુકસાન તો આપણા સ્વાર્થનું થયું. કારણ કે પહેલાં તો તેણે એટલી બધી સેવા કરી હતી અને હવે પૂછ્યું પણ નહીં. તેને એ વાતની ખબર પણ નથી કે આપણે એને ત્યાં આવ્યા હતા ત્યારે તેણે કેટલી બધી સેવા કરી હતી અને હવે આપણને પૂછતો પણ નથી. તેને આપણા આવવાનો પણ ખ્યાલ નથી તથા આપણા આવવાની તેણે નોંધ પણ નથી લીધી. જો તે પોતાની જવાબદારી સમજે તો તેને અસર પણ થાય ને! હવે તો તે એકલો ધ્યાનમાં મસ્ત બની ગયો છે.' જો ભગવાન ઘરમાં સૌનો નાશ કરી દે અને તે એકલો એકલો ભજન ધ્યાન કરે, તો તે સારી વાત છે; અને એમ પણ યોગ્ય ગણાશે કે પ્રભુ જો પુત્ર કે પુત્રી આપે તો પણ આપણે નફરત ન કરવી. પ્રભુનું જે વિધાન છે તેમાં જ ખુશ રહેવું. જન્મે ત્યારે પણ આનંદ, મરી જાય ત્યારે પણ આનંદ, લાખો રૂપિયાનું નુકસાન થઈ જાય તો પણ આનંદ અને મળી જાય તો પણ આનંદ. શરીરમાં રોગનું આગમન થાય તો તેનાથી પણ રાજી થવાનું અને મટી જાય તો તેનાથી પણ આનંદ. આનંદ કાયમ રાખવો. આનંદ તો ત્યારે જ રહી શકે કે જ્યારે કોઈ પણ જાતની ઘટના ઘટે તેને પ્રભુની પ્રસાદી સમજીએ, પ્રભુનું વિધાન સમજીએ; અને એમ સમજી લઈએ કે આ ભગવાનનું મંગળમય વિધાન છે. એને પરમાત્માની લીલા માનીને ખુશ રહેવું. જે કંઈ આપમેળે જ આ જગતમાં થઈ રહ્યું છે તે બધાથી ખુશ રહેવું. આ જગતમાં જે જન્મ ધરીને આવે છે તે અચૂક મરવાનું તો છે જ. અહીં બેઠાં આપણા બધામાં કોઈ પણ એવું નથી કે જે મરવાનું નથી. કોણ ક્યારે મરશે - દશ વર્ષમાં, વીસ વર્ષમાં, પચાસ વર્ષમાં, તેનો તો કોઈ ખ્યાલ મને નથી; પરંતુ એટલી વાત તો જરૂર જાણીએ છીએ કે સો વર્ષની અંદર જરૂર બધાનાં મૃત્યુ આવશે. જો એમ કહેશો કે ભવિષ્યની વાત આપે કેવી રીતે કહી તો

આ વાત અમે સમજી-વિચારીને કહી છે. એ તો નક્કી જ છે કે સો વર્ષ પછી તો કોઈ પણ જણ જીવતું રહે તે સંભવિત નથી; એટલે આમ કહેવું એ અતિશયોક્તિ નથી. વળી, કોઈનું અહીં રહેવાનું નિશ્ચિત છે નહીં, મરવાનું અચૂક છે, તેથી આ વિધાન કરવામાં મને જરાય સંકોચ થતો નથી. વધારેમાં વધારે મુદત મેં આપી છે. આજથી સો વર્ષની મુદતથી વધારે કોઈનું પણ આયુષ્ય લાંબું જવાનું નથી. હવે તમારે વિચાર કરવો ઘટે કે જો સૌ કોઈ મરવાનું જ છે, કોઈ આજ જશે તો કોઈ કાલે કે પરમ દિવસે, બે માસમાં મરે કે દસ વર્ષમાં મરે તો પણ શું ફેર પડવાનો છે! છેવટે મરવાનું તો છે જ! અને તેથી એ વાતની ચિંતા કરી કરીને શા માટે દુઃખી થવું?

અહીંના પરિવાર, રૂપિયા, ઐશ્વર્ય, મકાન આ બધાથી તમારો જરૂર વિયોગ થવાનો છે. જ્યારે એક દિવસે વિયોગ નિશ્ચિત છે જ. રૂપિયા જવાથી વિયોગ થયો, આપણે ગયા તો વિયોગ થયો, મકાનમાં મરણ પામ્યા તો તેથી વિયોગ થયો, મકાન ગયું, ભૂકંપ થયો અને નષ્ટ થઈ ગયું તો વિયોગ થયો. આમ, બધી જ ચીજો આખરે નાશ પામવાની છે. લાખ જતન કરવા છતાં પણ કોઈ પણ ચીજ સ્થિર રહી શકતી નથી. મકાન વગેરે જેવી જડ વસ્તુઓ કે પછી ચેતન હોય તેવી કોઈ પણ ચીજ કે જેની સાથે આપણો જીવંત નેહ બંધાયો છે તે બધાની સાથેનો નાતો એક દિવસ અચૂક તૂટવાનો છે; સંબંધ - વિચ્છેદ અચૂક છે. જો તમે ખુશીથી એ સંબંધ કાપી નાખશો તો તે આનંદદાયક રહેશે અને જો તેમ ન થાય અને ભગવાન તમારો સંબંધ કપાવી નાખે અને ત્યારે ભગવાનની દયા માનીને જો તમે ખુશ થઈ જાઓ તો પણ આનંદ અને આનંદ છે. અને જો ખુશ નહીં થાઓ તો તેનાથી ઊલટું આપે દુઃખ અને દુઃખ જ ભોગવવાનું છે. જો કોઈ પણ ચીજનો નાશ થયો અને જો તમે તે મેળવવાની ઝંખના રાખશો તો આપને જરૂર દુઃખ ઊપજશે. આપ અહીંથી વિદાય લેશો, તેમને છોડીને જશો, તો પણ આપને દુઃખ થશે. પણ જો તમે પહેલેથી જ તેના ઉપરનો સ્નેહભાવ

- એક પ્રકારનો મોહ છોડીને નિશ્ચિંત થઈને બેસી જશો તો આનંદ જ મળશે. જેમકે ટિકિટ કપાવીને માણસ બેઠો રહે છે અને પોતાના ગંતવ્ય સ્થાને જવા ઇચ્છે છે અને પ્રતીક્ષા કરે છે કે હવે ગાડી આવે એટલે બેસી જઈએ. આ પ્રમાણે જ મૃત્યુની પણ પ્રતીક્ષા કરતા બેસવું જોઈએ. તૈયાર થઈને પ્રભુની પાસે, આપણા પરમ સખા-મિત્ર એવા ભગવાન પાસે પહોંચવું છે અને વહેલામાં વહેલી તકે ત્યાં આપણું પહોંચવાનું સુલભ બને તો સારી વાત છે. આ જ પ્રમાણે બધા પદાર્થોનું પણ છે. એ બધાય જડ-ચેતન પદાર્થો પ્રત્યેનો સ્નેહભાવ પહેલેથી જ તોડી નાખવો. જડ પદાર્થો એ શું છે? રૂપિયા, ઐશ્વર્ય-આ બધા જડ પદાર્થો જાણવા. ચેતન શું છે? આપણું કુટુંબ. આ બધા પ્રત્યેનું પ્રેમનું બંધન તોડીને એક માત્ર પ્રભુ સાથે પ્રીત જોડવી. પ્રભુમાં પ્રેમ શા માટે રાખવો? એટલા માટે કે ભગવાન ક્યારેય મરણ પામતા નથી. ભગવાન સાથે આપણો સંયોગ થઈ જાય તો પછી વિયોગ થવાનો નથી. જે ચીજથી છેવટે વિયોગ નક્કી હોય, છેવટે સંયોગનો ત્યાગ જ કરવાનો હોય, તો તેના પ્રત્યેનો સ્નેહ અગાઉથી જ તોડી નાખવો. આ મંથન વેળાએ આપણને ઘણું બધું સુખ-દુઃખ અનુભવાશે, પણ પછી ભવિષ્યમાં ક્યારેય નહીં થાય. આ સમગ્ર સંસારના સર્વે પદાર્થો દુઃખરૂપ તેમજ નાશવંત છે, આમ સમજીને તેમજ તેમના વિષે વિચાર કરીને તે બધામાંથી આપણો સ્નેહભાવ તોડીને કેવળ એક પ્રભુમાં જ પ્રેમ જોડવો જોઈએ. આ બધા પદાર્થો સાથે જે આપણે પ્રેમ જોડ્યો એ આપણી મોટી ભૂલ થઈ, કારણ કે આ બધા જ મરણધર્મા છે. તેમની સાથે પ્રેમ જોડવાથી ફાયદો શો? જે ચીજ રહેવાની જ નથી, થોડા દિવસો માટે તેની સાથે પ્રેમ શા માટે બાંધવો? પ્રેમ તો તેની સાથે બાંધવો જોઈએ કે જે ચીજ સ્થિર રહેવાની છે, કાયમ ટકવાની છે અને તે છે પરમાત્મા. તેમના સિવાય આ જગતમાં એવી બીજી કોઈ ચીજ નથી કે વ્યક્તિ નથી કે જે સદાય ટકે.

ભગવાને ગીતામાં કહ્યું છે :

ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते।
आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः॥

(ગીતા ૫/૨૨)

'જે આ ઇન્દ્રિય અને વિષયોના સંયોગથી ઉત્પન્ન થતા સર્વ ભોગો છે, તે બધા - જોકે વિષયી માણસોને સુખસ્વરૂપ ભાસે છે, તો પણ - નિઃશંકપણે દુઃખના જ હેતુ છે; વળી, આદિ-અન્તવાળા એટલે કે અનિત્ય છે. માટે હે કૌન્તેય! ડાહ્યો અને વિવેકી માણસ એમનામાં રમતો નથી.' સંસારના કોઈ પણ પદાર્થમાં પ્રેમ ન કરવો જોઈએ, કે ન કરવો જોઈએ તેનો સંગ. તેનો નાશ થતાં ન રોવું જોઈએ કે ના પેદા થતાં તેનાથી આનંદ મનાવવો જોઈએ. ભગવાન ગીતાનો ઉપદેશ આપતાં આ ઘણી માર્મિક વાત કરી રહ્યા છે. બીજા અધ્યાયના ૧૧માં શ્લોકથી ભગવાન ઉપદેશનો પ્રારંભ કરી રહ્યા છે. ભગવાન કહી રહ્યા છે - થોડી ઉઘાડી આંખ રાખીને જુઓ -

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः॥

ભગવાન અર્જુનને કહી રહ્યા છે - હે અર્જુન! જેઓ શોક કરવા લાયક નથી તેમના માટે તું શોક કરી રહ્યો છે અને વાતો પંડિતોના જેવી કરી રહ્યો છે. પરંતુ તું પંડિત નથી. '**गतासूनगतासूंश्च**' જેના પ્રાણ ચાલ્યા ગયા છે તેના ખાતર, અને જેના પ્રાણ નથી ગયા તેના માટે પંડિતો - જ્ઞાનીઓ - વિદ્વાનો કદાપિ શોક નથી કરતા. તેના માટે તો મૂર્ખ લોકો શોક કરે છે. અજ્ઞાની જન શોક કરતા હોય છે. ભગવાનનું એમ કહેવું છે કે શોક કરવો પડે એવું તો કોઈ છે જ નહીં, તો પછી જેઓ મરણને શરણ થયેલાં છે તેમના માટે ભલા શોક શાને માટે કરવો? જે મરી ગયા તે મરી ગયા! તેઓ પાછા ફરીને આવવાના નથી તો તેના માટેનો શોક વ્યર્થ છે. તેની સાથે આપણો સંબંધ શો? એટલો જ નાતો હતો કે તેમની સાથે આપણી લેણ-દેણ હતી તે બધી જ છૂટી ગઈ, હિસાબ બરાબર થઈ ગયો, ઘણી સારી વાત થઈ. તેઓ પોતાને

ગાર્ગે ગયા, તેમના માટે શોક કરવો જોઈએ નહીં. આત્માની દૃષ્ટિએ પણ શોક કરવાની જરૂર નથી.

ભગવાન કહી રહ્યા છે -

न जायते म्रियते वा कदाचि-
न्नायं भूत्वा भविता वा न भूयः।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे॥

(ગીતા ૨/૨૦)

આ આત્મા નથી જન્મતો કે નથી મરતો. આ આત્મા અજર, અમર, શાશ્વત અને પુરાતન છે. શરીરનો નાશ થવા છતાં પણ આત્માનો નાશ થતો નથી. એટલે આત્માને માટે કદાપિ શોક ન કરવો જોઈએ; અને શરીરને માટે પણ શોક ન કરવો જોઈએ, કારણ કે શરીર એ કાયમને માટે રહેનાર ચીજ નથી.

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना॥

(ગીતા ૨/૨૮)

બધાં જ ભૂત-પ્રાણીઓ આદિમાં પણ નિરાકાર હતા, શરીરધારી નહીં હતા તેમજ ભવિષ્યમાં પણ. વચ્ચેના થોડા સમયમાં શરીરવાળા લાગે છે. તે જો નામશેષ થઈ જશે તો તેના માટે શા માટે શોક કરવો? રાત્રિમાં સ્વપ્ના અવસ્થામાં જો રાજ્ય મળી ગયું કે જે કાલે તો નહોતું અને આજે પણ નથી તો આપણે તેના માટે શોક શા માટે કરીએ? આપણે જરા વાસ્તવિક રીતે વિચારીશું તો સમજણ પડશે કે ના તો શરીરની દૃષ્ટિએ કે ના આત્માની દૃષ્ટિએ શોક કરવો જોઈએ. ના શરીર બદલવાનો શોક કરવો જોઈએ. કેમ કે -

देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा।
तथा देहान्तरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति॥

(ગીતા ૨/૧૩)

જે રીતે જીવાત્માનું શરીર બાળ અવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થાવાળું બને છે, તે જ રીતે દેહાન્તરની પ્રાપ્તિ થાય છે, પરંતુ જે ધીર છે, જ્ઞાની છે તે તેમાં મોહિત થતા નથી, મૂર્ખો જ મોહ પામે છે.

वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोऽपराणि।
तथा शरीराणि विहाय जीर्णा-
न्यन्यानि संयाति नवानि देही॥

(ગીતા ૨/૨૨)

જેવી રીતે જૂનાં વસ્ત્રો છોડીને મનુષ્યો નવાં નવાં વસ્ત્રો ધારણ કરી લેતાં હોય છે, તે જ રીતે આ જીવાત્મા જૂના શરીરને છોડીને બીજું નવું શરીર ધારણ કરી લે છે, એમાં શોક કરવાની વાત જ શી? આ રીતે ભગવાને ઉપદેશ આપીને બતાવ્યું છે કે ના તો શરીરની દૃષ્ટિએ શોક કરવો જોઈએ કે ના કરવો જોઈએ આત્માની દૃષ્ટિએ. આ જ રીતે રામાયણના કિષ્કિન્ધાકાંડમાં પણ તારાને બાલિના મરતી વેળાએ, જ્યારે તે વ્યાકુળ બનીને ઘણો ઘણો વિલાપ કરી રહી હતી, રોતી હતી તે વેળાએ ભગવાન શ્રી રામચંદ્રજી તેને ઉપદેશ આપતાં આમ કહે છે-

छिति जल पावक गगन समीरा।
पंच रचित अति अधम सरीरा।
प्रगट सो तनु तव आगें सोवा।
जीव नित्य केहि लगि तुम्ह रोवा॥

(રા.ચ.મા. ૪/૧૧/૪-૫)

તે કહેવા લાગ્યા - હે તારા! આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી આ પાંચ ભૂતોમાંથી બનેલી આ અધમ - અપવિત્ર, પાપી કાયા તમારી સામે પડેલી છે; જો તું તેને માટે રોતી હોય તો તે ક્યાંય ગયું નથી, આ પડ્યું, પણ જો તું આત્માને માટે રુદન કરી રહી હોય તો તે આત્મા તો નિત્ય, સત્ય વસ્તુ છે, તેનો ક્યારેય નાશ થતો નથી. તારું રોવાનું કારણ શું છે? તે બતાવ. આ સાંભળીને તારાને જ્ઞાન થઈ ગયું અને

તેણે પ્રભુ પાસેથી શ્રેષ્ઠ ભક્તિનું વરદાન માગી લીધું -

उपजा ग्यान चरन तब लागी। लीन्हेसि परम भगति बर माँगी॥

(રા.ચ.મા. ૪/૧૧/૬)

તેના હૃદયમાં એ વેળાએ જ જ્ઞાનનો ઉદય થયો, કારણ કે ઉપદેષ્ટા પોતે જ સાક્ષાત્ ભગવાન હતા. તેને જ્ઞાન ઊપજ્યું અને તે પ્રભુના ચરણોમાં પડી અને ભગવાનની પરમ ભક્તિને તેણે વરદાન રૂપે માગી લીધી. આમ આ દૃષ્ટાંતથી એ વાત સિદ્ધ થાય છે કે તેનું રોવું તો નાહકનું હતું, બેકાર હતું. આ વાત ખ્યાલમાં રાખીને દરેક માતા-બહેન કે જેના પતિ ગુજરી ગયા હોય, આ ઉપદેશને યાદ રાખવો જોઈએ. આ ભગવાને તારાને નિમિત્ત બનાવીને આપેલો ઉપદેશ છે, પણ છે તો સૌ કોઈને માટે. પ્રત્યેક માતા-બહેનને ભગવાનનાં ચરણોમાં નમસ્કાર કરીને તેની પરમ ભક્તિ માગી લેવી જોઈએ. આ પ્રમાણે ઘરમાં કોઈનું પણ અવસાન થયું હોય તો તે વખતે ગીતા વાંચીને આ પ્રમાણેનું જ્ઞાન લેવું જોઈએ કે આ શરીર તો નાશવંત છે, એના માટે શોક કરવાની જરૂર નથી. આત્મા અવિનાશી છે, તેના માટે પણ શોક કરવાની જરૂર નથી. અને શરીર જ્યારે જૂનું થઈ જાય છે, જર્જરિત થઈ જાય છે તો તેને બદલવાની જરૂર ઊભી થાય છે. જે રીતે કપડું-વસ્ત્ર જૂનું થાય છે તો તેને પણ બદલી લેવામાં આવે છે. બદલવાથી આનંદ મળે છે, એવી જ રીતે આમાં પણ આનંદ મળી જવો જોઈએ. ક્યારે પણ ચિંતા કે શોક કરવાં જોઈએ નહીં. વૈરાગ્યની દૃષ્ટિથી વિચાર કરીને જોઈશું તો પણ જેટલું મોટું કુટુંબ હોય તેમાં આસક્તિ હોવાને લીધે તેટલી ઓછી ભક્તિ થાય છે. જપ ધ્યાનમાં ખોટ આવે છે. જો ચિત્તમાં વૈરાગ્ય ઉપજે તો એ બધી ચીજો તેને ગમતી નથી. એકાંત તેને સારું લાગવા લાગે છે પરિવારમાં વૃદ્ધિ જોઈને તે ગભરાવા લાગે છે. વૈરાગ્યની દૃષ્ટિએ વિચાર કરીશું તો લાગશે કે ઘણું મોટું કુટુંબ હોવું તે આપણે માટે આમ પણ સારું નથી. પરમાત્માની પ્રાપ્તિમાં તે મદદગાર નથી. આ બધી વાતોને આપણે વિચારી શું તો લાગશે કે વૈરાગ્યની દૃષ્ટિએ પણ આપણે શોક કરવો

ન જોઈએ. જો ઘરમાં કોઈનું મરણ થયું હોય તો જ્ઞાન દૃષ્ટિએ પણ શોક ન કરવો જોઈએ. જે રીતે ગીતા અને રામાયણનાં દૃષ્ટાંતો આપીને બતાવવામાં આવ્યું.

ભક્તિની દૃષ્ટિએ વિચારીને જોઈશું તો પણ એમ લાગે છે કે શોક તો ન જ કરવો જોઈએ; કારણ કે ભગવાનની ચીજ ભગવાન પાસે પહોંચી ગઈ. બધી જ ભગવાનની ચીજો છે; તેમણે તે મંગાવી લીધી તો તે આપણે માટે સારી વાત છે. એમ સમજોને કે જેના પ્રાણ ચાલ્યા ગયા છે તેમના માટે શોક કરવાનું જરૂરનું નથી. જેના પ્રાણ છેવટે તો ચાલ્યા જવાના છે જ એથી એમના માટે શોક કરવો વ્યર્થ છે અને એમ વિચારતા રહેવું અયોગ્ય છે કે તેઓ હયાત રહે. પ્રભુ જે કંઈ પણ કરે છે તેમાં જ આનંદ માનીને આપણે ખુશ રહેવું જોઈએ. ખુશી મનાવવી જોઈએ. બધામાં ભગવાનનાં દર્શન કરીને બધાંની સેવા કરવી જોઈએ. અને પ્રત્યેક ક્રિયાને ભગવાનની લીલા સમજીને ચાલવું જોઈએ. જે કંઈ પણ થઈ રહ્યું છે તે જોઈને ખુશ થવું જોઈએ. જે થવાનું છે તે જ થશે; તેમાં કોઈ પણ જાતનો ફેરફાર થવાનો નથી, તો પછી શા માટે આપણે શોક, ચિંતા અને ખોટો ભય માની લઈને આપણા જીવનને નષ્ટ કરી દઈએ? સૌ માતાઓએ તથા ભાઈઓએ આ વિષે ખાસ લક્ષ્ય કેળવવાની જરૂર છે. આમ આ શોક નિવારણની વાત બતાવી.

તમે ખ્યાલ તો કરો કે પ્રહ્લાદ ઉપર એકથી એક ચઢિયાતી એવી આફતો આવતી રહી હતી. તેના ઉપર પળે પળે અત્યાચાર થતા રહ્યા પણ દરેક પળે પ્રહ્લાદના મનમાં તો પ્રસન્નતા જ વધતી ગઈ. પ્રહ્લાદ આ તત્ત્વને બરાબર જાણતો હતો કે આ બધી યાતનાઓ ભગવાનની લીલા જ છે. ભગવાનનું વિધાન છે અને તેમાં મંગળ જ રહેલું છે; તેથી તે બધું ભગવાનનું આપેલું પુરસ્કાર છે. તેને અગ્નિમાં બેસાડ્યો તો પણ તે આગ શીતળ થઈને ઠરી ગઈ; અને તે તો આનંદથી ગદ્ગદ થઈ રહ્યો છે. તેણે એવી વાત ક્યારેય નથી કરી કે મારા ઉપર અત્યાચાર આચરાયા છે, અમને ભારે કષ્ટો આપવામાં આવી રહ્યાં છે. હે પ્રભો!

હે પરમાત્મા! આ કષ્ટને દૂર કરો. હું આપનો ભક્ત છું, મને આ કષ્ટમાંથી ઉગારો. પ્રહ્લાદે ક્યાંય પણ આ વાત જરા પણ ઉચ્ચારી નથી. જો એ વાત ઊંચી કક્ષાની હોત અથવા તો ગૌરવપ્રદ હોત તો તો પ્રહ્લાદ પણ તેમ જરૂર કહેત. આ તો આપણા લોકોની કમજોરી, અણસમજ છે કે તેને દૂર કરવાને માટે પ્રયત્ન કરીએ છીએ, ચેષ્ટા કરીએ છીએ, પ્રાર્થના કરીએ છીએ. ભગવાનના મંગળવિધાનને સ્વીકારીને ચાલવામાં જ આપણું કામ જલ્દીથી સિદ્ધ થઈ જાય છે. જુઓને, પ્રહ્લાદને કેટલો સમય લાગ્યો? થોડા જ સમયમાં તેને તો ભગવત્પ્રાપ્તિ થઈ ગઈ. ધ્રુવજીને સાડા પાંચ માસ સુધી કેટલું બધું કષ્ટ ઊઠાવવું પડ્યું? અસુર લોકો આવી આવીને તેમને તકલીફો આપતા હતા, પણ ધ્રુવના હૃદયમાં તો લેશમાત્ર પણ ભયનું નામ નિશાન હતું નહીં. તેણે પોતાના ઉપર જેટલી બધી મુશ્કેલીઓ આવી તેનો વિચાર જ નથી કર્યો. ધ્રુવ અને પ્રહ્લાદને યાદ કરીને આપણે એમ વિચારીએ તો આપણને જરૂર એમ લાગે છે કે કોઈ પણ ઘટના આપણા મનથી વિપરીત આવી જાય તો તેથી ભગવાનની પ્રાપ્તિ જલ્દીથી થાય છે. તેને આપણે ભગવાનની વિશેષ કૃપા પ્રસાદી માનવી જોઈએ. આપણે ભગવાનની વિશેષ દયા માનીએ કે વારે વારે ભગવાન આપણી પરીક્ષા લેતા રહેતા હોય છે તેમાં ક્યારેય ફેલ ન થવું જોઈએ. દુઃખ ઉપર દુઃખ, આફત ઉપર આફત આવવા લાગે તો જ આપણા સઘળાં પાપ જલ્દીથી સમાપ્ત થઈ જાય છે અને પછી આપણે આગળ જોઈશું તો પ્રભુ ઊભા જ છે! જેવી રીતે ધ્રુવ અને પ્રહ્લાદે જોયા. આપણે આફતોનો તો વિચાર કરીએ છીએ, પણ તેના ફળના વિષે વિચારતા નથી. આમ આપણે તેના ફળના વિષે વિચારવું જોઈએ. સાડા પાંચ માસ સુધી ધ્રુવે મુશ્કેલીઓ વેઠી, અને પછી ધ્રુવને સાક્ષાત્ ભગવાન વિષ્ણુ મળી ગયા. પ્રહ્લાદે પણ તકલીફ ઉપાડી, પરંતુ નાની વયે જ તેમણે પ્રભુને મેળવ્યા.

આ પ્રમાણે ગમે તેવી આફત આવે અને તેને હસતાં હસતાં ભગવાનનો પુરસ્કાર જ માનીએ. કોઈ પણ કામ આવે તો તેને પ્રભુની

પ્રસાદીરૂપે સ્વીકારી લઈએ અને એમ માનીએ કે આ તો પ્રભુની ઈચ્છા છે, ભગવાનની ઈચ્છામાં જ આપણી ઈચ્છા, ભગવાનની ખુશીમાં જ આપણી પણ ખુશી, આપણી પોતાની કોઈ જ ઈચ્છા નહીં, કોઈ પણ જાતની મરજી નહીં. આ આપણા માટે પરમ સૌભાગ્યની વાત છે. આ પ્રમાણે આપણે જીવન વિતાવીશું તો ઘણા જલ્દીથી પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે. ભગવાને મોકલેલા દુઃખમાં પણ સુખની બુદ્ધિ કેળવવી જોઈએ. જેમ કે માતા પોતાના બાળકને મારે છે, તે મારમાં પણ અમૃત ભરેલું છે. સુખ સમાયેલું છે. બાળકનું હિત સમાયેલું છે. તે મારમાં તો થોડું જ હિત છે, અલ્પ છે, ભગવાનના મારમાં જે હિત છે તે તો ઘણું મોટું છે. તે આપણી મહાન માતા છે. તેનું હૃદય લાખો, કરોડો માતાઓ કરતાં પણ વિશાળ છે. આપણે થોડો વિશ્વાસ કેળવવાની જરૂર છે. ધીરજ રાખવી જોઈએ, એવી રીતે કે ભગવાન આપણને મારી રહ્યા છે, તકલીફ આપી રહ્યા છે પણ તેમાંય આપણું મોટું હિત છે આપણી સમજણમાં એ વાત ન પણ આવે તો પણ આ વાત આપણે સ્વીકારી લેવી જોઈએ. ગુરુજી મારે છે તેમાં પણ હિત તો છે, પરંતુ તે ભગવાન જેટલું નહીં. આમ માનીને આપણે સદાય હસતા રહેવું જોઈએ. કોઈ પણ કામ હોય ભગવાનની લીલા માનો. પ્રત્યેક વસ્તુમાં ભગવાનના સ્વરૂપનો અનુભવ કરવો જોઈએ. અને જે ચેષ્ટા થઈ રહી છે તે આપમેળે જ થઈ રહી છે, અનિચ્છાએ કે પરેચ્છાએ થઈ રહી છે તે ભગવાનની લીલા છે. જે કંઈ અનિચ્છાએ બની રહ્યું છે તે ભગવાન પોતે જ બનાવી રહ્યા છે અને જે પરેચ્છાથી બની રહ્યું છે તે ભગવાન કરાવી રહ્યા છે. એમાં ભગવાનનો હાથ છે એમ સમજીને આપણે રાજી થવું જોઈએ કે આપણા મિત્ર, પ્રેમી, માલિક, ભગવાનનો હાથ આપણા માથે હોય પછી આપણે શા માટે ચિંતા કરવી? દુઃખનું કોઈ જ કારણ નથી. જો દુઃખ થાય છે તો તે આપણી મૂર્ખતા અને અણ સમજનું જ કારણ છે. શાસ્ત્રો તેમજ મહાત્માઓ ઉપર વિશ્વાસ ધરીને પ્રભુની લીલામાં પ્રત્યેક પળે આપણે તો ખુશ જ રહેવું જોઈએ.

પ્રેમનું તત્ત્વ-રહસ્ય

પરમાત્મા કે મુક્તિની પ્રાપ્તિને અર્થે જેટલાં સાધન બતાવવામાં આવેલાં છે તે તરફ આદર કેળવવો જ સાધ્યને આદર દેવો એમ ગણાય. પરમાત્માની પ્રાપ્તિના ઉપાય-શ્રદ્ધા અને પ્રેમપૂર્વક ભગવાનના નામનો જપ, તેમના સ્વરૂપનું ધ્યાન એ બધાને મુક્તિ કરતાંય વિશેષ માનવાં જોઈએ. આ ભગવાનનો જ આદર છે. એવો ભાવ કેળવવો જોઈએ કે આપણો સંબંધ ભગવાન સાથે કાયમ બંધાયેલો રહે. આપણા હૃદય પર ઉપર તેમની સ્મૃતિ સદા અંકિત રહે ભલે ને ભગવાન ન મળે, પણ ભગવાનમાં આપણો પરમ પ્રેમ, વિશુદ્ધ પ્રેમ સદાય રહેવો જોઈએ. અનન્ય પ્રેમ હોવો જોઈએ. ભગવાનમાં આપણી પરમ શ્રદ્ધા હોવી જોઈએ, કારણ કે ભગવાનથી જો વધારે કોઈ ચીજ હોય તો તે છે તેમના પ્રત્યેની શ્રદ્ધા અને પ્રેમ. શ્રદ્ધા તથા પ્રેમ હોવાને લીધે પ્રભુની સ્મૃતિ સદાય રહે છે. આ કારણે ગીતામાં ક્યાંક એવી વાત કહેવામાં આવી છે કે આપણું સ્મરણ નિત્ય નિરન્તર બની રહેવું જોઈએ, આ સૌથી મહત્ત્વની વાત છે અને વળી ક્યાંક પ્રેમની વાત કહેવાઈ છે. તો તે અંગે આમ જાણવું જોઈએ કે જ્યાં નિત્ય નિરંતર સંબંધ હશે, ત્યાં જ પ્રેમ છે અને જ્યાં પ્રેમ છે ત્યાં નિત્ય-નિરંતર સ્મરણ પણ છે. આમ એકને માટે કહેવાયું તો બેયના માટે પણ કહેવાઈ ગયું -

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः॥

(ગીતા ૮/૧૪)

ભગવાન એમ કહે છે કે જે પુરુષ અનન્ય ચિત્ત બનીને સદા સર્વદા

મારું જ સ્મરણ કરે છે, તે સદા સર્વદા સ્મરણ કરનાર યોગીને માટે હું સુલભ છું - હું સહજપણે જ પ્રાપ્ત થઈ શકું છું. આ જ પ્રમાણે પ્રેમની વાત કરી. ભગવાન કહે છે કે હું તો પ્રેમ વડે મળું છું અને શિવજી પણ શ્રીરામચરિત માનસમાં દેવતાઓને આ પ્રમાણે કહે છે :

हरि ब्यापक सर्बत्र समाना। प्रेम तें प्रगट होहिं मैं जाना॥

(બાલકાંડ ૧૮૪/૫)

હરિ બધી જ જગ્યાએ સમાનભાવે વ્યાપેલા છે, તેઓ પ્રેમથી મળે છે. પ્રેમ એ એક રીતે ઉચ્ચકોટિનો ભાવ છે અને ક્રિયા કરતાં ભાવ મુખ્ય છે. આથી ભગવાનમાં આપણો પ્રેમભાવ હોવો જોઈએ. પછી તો કશાયની જરૂર નહીં પડે. પ્રેમને ખાતર આપણે પાગલ થઈ જવું જોઈએ; જેવી રીતે લોભી અને કંજૂસ માણસ રૂપિયાને ખાતર પાગલ જેવો બની જતો હોય છે. આ જ પ્રમાણે આપણે પણ ભગવાનને માટે પ્રેમના ભૂખ્યા બની જવું જોઈએ; અને જો તેમ થશે તો સાચે જ ભગવાન પણ આપણી પાછળ પાછળ ફરશે. ભગવાન પોતે જ એમ કહે છે કે 'મારો પ્રેમી ભક્ત જ્યાં જ્યાં પણ જાય છે, ત્યાં ત્યાં હું તેની પાછળ પાછળ જાઉં છું. હું કોઈનો પણ રોક્યો રોકાતો નથી. પરંતુ રોકાઉં છું તો ફક્ત એક સત્સંગને લીધે. આમ આ જે સત્ છે તે પરમાત્મા છે, અને સંગ છે તે પ્રેમ છે. ભગવાનમાં જે પ્રેમ છે તે જ સાચો સત્સંગ છે. ભગવાન પ્રેમથી રોકાય છે. તેમને રોકવાનો બીજો કોઈ ઉપાય નથી. જો આપણામાં સાચો પરમ પ્રેમ હશે તો ભગવાન આપણી આગળપાછળ ફરવાના, પછી આપણે ભગવાનની શી જરૂર? તે જ પુરુષ સૌથી વધારે બુદ્ધિશાળી છે કે જે જ્યાં પણ રહે છે ત્યાં જ પોતાની જરૂરિયાત ઊભી કરી શકે. અને પછી તો એક રીતે માલિકને જ તેની જરૂર પડે છે. એમ લાગ્યા કરે છે કે જાણે તેના વગર આપણું કામ ચાલશે જ નહીં. જો આપણામાં પ્રેમ હશે તો આપણા વગર ભગવાનનું કામ પણ નહીં ચાલે ભગવાનને જ આપણી ગરજ પડશે. આમ આવી પરિસ્થિતિનું નિર્માણ કરવું જોઈએ કે જેથી ભગવાનને આપણી જરૂરિયાતનો ખ્યાલ

આવે. પછી તો ભગવાનને બોલાવવાની પણ જરૂર ન રહે, તે તો વગર બોલાવે જ આવશે.

એક નાનકડી વાર્તા છે -

કલકત્તામાં એક અંગ્રેજની સૂતર અને કાપડની એક ઘણી મોટી મીલ હતી. ભારતમાં તેમની બીજી જગ્યાઓએ પણ અનેક મિલો હતી. હિંદુસ્તાનમાં તેની બરોબરી કરી શકે એવું બીજું કોઈ જ નહોતું. એક ભાઈ પાસે થોડું રૂ હતું. તેમણે દલાલોને બોલાવીને કહ્યું કે સાહેબને કહો કે મારે થોડું રૂ વેચવું છે, શું ભાવથી લેશો? દલાલો સાહેબ પાસે ગયા. ત્યારે તે સાહેબે સામાન્ય રીતે જે ભાવ હતો તેના કરતાં ઘણા જ ઓછા ભાવે રૂ લેવાની હા પાડી. ત્યારે દલાલોએ આવીને આ ભાઈને જણાવ્યું કે આ સાહેબ તો આપણી ગરજ જાણીને સામાન્ય બજાર ભાવ કરતાં ઘણા ઓછા ભાવે રૂ ખરીદવા ઈચ્છે છે. પછી શેઠ પોતે દલાલની સાથે તે સાહેબ પાસે ગયો. કોઈએ અંદર જઈને જાણ કરી કે સાહેબ! રૂનો જથ્થાબંધ વેપાર કરનાર ફલાણા શેઠ મળવા માટે આવ્યા છે અને તેમની પાસે ઘણું બધું રૂ છે. સાહેબ બોલ્યો - 'અમારે રૂ લેવું નથી' દલાલ બોલ્યા - 'કોઈ પણ ભાવે લઈ લો' સાહેબ કહેવા લાગ્યો - 'કોઈ પણ ભાવમાં ખરીદવું નથી.' દલાલ કહેવા લાગ્યા - 'ભલે - જેવી તમારી મરજી' - આમ કહીને આવીને શેઠને કહેવા લાગ્યો - 'શેઠજી! સાહેબ તો કોઈ પણ ભાવે રૂને લેવા ઈચ્છતો જ નથી.' ત્યારે શેઠે કહ્યું - 'ભલે, જેવી તેની મરજી.' તે પછી તે ઘેર આવીને વિચાર કરવા લાગ્યો હવે શો ઉપાય કરવો. પછી ફરીથી દલાલોને બોલાવ્યા અને પૂછ્યું ત્યારે દલાલોએ જણાવ્યું કે શેઠજી! વાત એમ છે કે સાહેબને રૂની જરૂર તો છે પણ તે ભાવ ઓછો આપવા ઈચ્છે છે. શેઠ બોલ્યા, ભલે, આપણે પણ હમણાં વેચવું નથી. આમ વિચારીને તેમણે તો રૂનો 'ખેલા' કર્યો. 'ખેલા'નો અર્થ એવો થાય છે કે આખી દુનિયાના દેશમાં રૂની જેટલી પણ મિલો હતી, કપાસ જ્યાં પણ તૈયાર થતો હતો, તે બધી જગ્યાએથી તેણે કરોડો રૂપિયાનો કપાસ

- રૂ ખરીદી લીધાં અને બધું જ હાથવગું કરી લીધું. રૂનો ભાવ તેજીમાં આવી ગયો. 'ખેલા' કર્યો એટલે કે ભારતભરનું લગભગ તમામ રૂ તેણે એક હાથે ખરીદીને પોતાના કબજે કરી લીધું - હવે સાહેબને રૂની જરૂર પડી ત્યારે દલાલો મારફત બજારમાંથી રૂ ખરીદવાને માટે કહ્યું. રૂનો ભાવ તો બજારમાં આસમાને પહોંચી ગયો. દલાલો કહેવા લાગ્યા - 'સાહેબ! ભાવ ઘણો તેજ છે' સાહેબ બોલ્યો - 'સૌથી વધારે રૂ કોની પાસે છે?' દલાલો બોલ્યા - 'ફલાણા શેઠ પાસે છે', સાહેબે કહ્યું, તો તેને જઈને મળો. તે શેઠ પાસે દલાલો પહોંચ્યા અને કહેવા લાગ્યા કે 'સાહેબને રૂની જરૂર છે અને તે ખરીદવા ઈચ્છે છે.' ત્યારે શેઠ બોલ્યા - 'ના, આપણે નથી વેચવું.' દલાલ બોલ્યા - 'શેઠ! ભાવ તો કહેશો કે નહીં?' શેઠ બોલ્યા - 'ભાઈ! હું ભાવ તો જો રૂ વેચવું હોય તો બતાવું ને? મારે તો રૂ વેચવું જ નથી.' દલાલ કહેવા લાગ્યા - 'શું કરશો, આટલા બધા રૂનું!' ત્યારે શેઠ બોલ્યા - 'મારી મરજી પ્રમાણે કરીશ.' દલાલોએ તો જઈને સાહેબને સંભળાવ્યું કે સાહેબ! 'તે તો રૂ વેચવા જ ઈચ્છતો નથી.' સાહેબે કહ્યું : 'નહીં વેચશે તો શું કરશે? તમે જઈને કહો કે હું યોગ્ય દામ આપીશ.' દલાલોએ આવીને શેઠને કહ્યું કે શેઠ! સાહેબ રૂનો ખાસો ભાવ આપશે, શેઠનો તો એ જ જવાબ : 'મારે તો વેચવું જ નથી! જઈને કહી દો!' દલાલોએ પાછા સાહેબ પાસે પહોંચ્યા. 'સાહેબ! તે તો કોઈ પણ ભાવે નથી વેચવા ઈચ્છતા. સાહેબ બોલ્યા, 'મારી તેમની સાથે મુલાકાત ગોઠવો, તેને બોલાવીને લઈ આવો.' તેઓ તો પાછા ગયા અને કહેવા લાગ્યા 'શેઠજી! સાહેબ બોલાવે છે' તે કહેવા લાગ્યો. મારે તો કોઈ જરૂર નથી સાહેબને મળવાની, મારે જો રૂ વેચવું હોય તો સાહેબને મળું ને! દલાલે જઈને કહ્યું - 'સાહેબ? તે તો નથી આવતો, તે તો રૂ વેચવા જ નથી ઈચ્છતો.' સાહેબ બોલ્યો - 'વાત તો કરાવો.' તેણે કહ્યું કે જઈને કહો કે 'સાહેબ મળવા આવે છે, તમારી અનુકૂળતા પ્રમાણેનો સમય આપી ગોઠવણ કરો.' જ્યારે દલાલોએ આવીને શેઠને આ પ્રમાણે કહ્યું ત્યારે વળી તે એમ જ કહેવા લાગ્યો

કે મારી પાસે મળવાનો સમય જ નથી. તેઓ ફરી પાછા ગયા અને સાહેબને કહ્યું કે સાહેબ! તેની પાસે તો મળવાનો સમય પણ નથી.' સાહેબ બોલ્યો, ચાલો, જો આપણને જરૂર છે તો તેને મળવું જ પડશે. જઈને તે તો ગાદી ઉપર બેસી ગયો અને ત્યાંના માણસને કહ્યું, શેઠ ક્યાં છે? ત્યારે માણસ બોલ્યો - શેઠજીતો ભોજન માટે ગયા છે. સાહેબે કહ્યું - 'સાહેબ આવ્યા છે, ગાદી ઉપર બેઠા છે જઈને બોલો.' માણસે કહ્યું 'સારું' આમ કહીને તે તો શેઠ પાસે જઈને આટલું કહી આવ્યો. પછી આવીને બેઠો એટલે સાહેબે પૂછ્યું ત્યારે તેણે તો કહી દીધું કહ્યું તો ખરું કે ભોજન કરે છે. થોડી વાર પછી પૂછ્યું કે ભોજન કર્યું? ત્યારે નોકર કહેવા લાગ્યો - ભોજન કરી તો લીધું, 'તો હવે શું કરે છે?' ત્યારે કહ્યું, હાથ ધુવે છે. ત્યારે સાહેબ અકળાયો અને કહેવા લાગ્યો કે ભાઈ! જઈને કહો કે સાહેબ ઘણા સમયથી આવીને બેઠા છે અને તમારી રાહ જુએ છે. તેણે કહ્યું 'સાહેબ! કહી આવ્યો.' પછી ધીરે ધીરે શેઠ આવ્યા. પૂછ્યું - શેઠજી! સાંભળ્યું છે કે આપની પાસે રૂનો ઘણો મોટો સ્ટોક છે? અમારી મિલો બધી બંધ પડી છે રૂ વગર - એટલું રૂ મને નથી મળતું કે જેથી મારી મિલો ચલાવી શકું; તો મારી મિલો બંધ રહેશે કે રૂ તમે આપશો? ત્યારે તે શેઠ બોલ્યા - 'સાહેબ! રૂ વેચવું જ નથી' સાહેબે કહ્યું - નહીં વેચો તો કરશો શું? શેઠ બોલ્યા : મારે જે કરવું હશે તે કરીશ ત્યારે સાહેબ બોલ્યા - 'હે શેઠ! તો પછી મારી બધી મિલો તમે લઈ લો ભાઈ? કારણ કે વગર રૂએ તો તે નથી ચાલવાની તમે જ ચલાવો શેઠજી' ત્યારે તે કહેવા લાગ્યા - 'સાહેબ! તમે જાણો છો કે જ્યારે મારે રૂ વેચવું હતું ત્યારે તમે મને મળવાની પણ દરકાર કરી નહોતી અને બારોબાર સંભળાવી દીધું હતું કે રૂની જરૂર નથી. તો તે દિવસે તમારે ખરીદવું નહોતું - તેમ આજે મારે વેચવું નથી.' સાહેબ બોલ્યા ભાઈ! તમે જીત્યા અને હું હાર્યો! હવે તો તમે જેમ કહેશો તેમ કરવા હું તૈયાર છું. ત્યારે શેઠ બોલ્યા - 'બરાબર છે, આપ જો આ રીતે સંમત હો તો હું પણ તૈયાર જ છું. જેવી તમારી

મરજી. તમારું રૂ છે અને હું પણ તમારો જ છું ત્યારે સાહેબ બોલ્યા - 'ભાઈ! આ બધી જ મિલો આપની અને હું પણ આપનો, જેવી ઇચ્છા હોય તેમ કરો.' શેઠ બોલ્યા - 'હું પણ તમારો, રૂ પણ તમારું, જેવી મરજીહોય તેમ કરો.' આ એક દૃષ્ટાંત છે.

અહીં આપણે તેને પરમાર્થના અર્થમાં ઘરાવીશું. અહીં સાહેબ કોણ છે? ભગવાન! અને દલાલ કોણ છે? વચમાં સોદો કરવાવાળા મહાત્માજન. મહાજન અને શેઠ કોણ છે? રૂ સ્ટોક કરવાવાળો, સાધના કરનારો અને રૂએ શું છે? - 'ભગવત્પ્રેમ'. પહેલાં તો તે પ્રેમને વેચતો હતો, ત્યારે સાહેબે (ભગવાન) તેના તરફ ધ્યાન જ ન આપ્યું. પ્રેમ વેચું છું, પ્રેમ વેચું છે, તેનો પ્રેમ જ્યારે સકામ હતો, ત્યારે ભગવાને પરવા ન કરી. દલાલોએ કહ્યું કે 'મહારાજ, અમુક વ્યક્તિ આપને પ્રેમ કરે છે અને કંઈક ઇચ્છે છે,' ત્યારે ભગવાને કહ્યું કે 'મને સમય નથી.' આપણે જોઈએ જ છીએ કે ધનવાન માણસોને ત્યાં માગવા જાય ત્યારે તેઓ તો બોલવાનું પણ પસંદ કરતા નથી. એ માણસો કહે છે કે શેઠને મળવું છે. લેવાને માટે જાય છે - મળ્યા પછી રૂપિયાનો સવાલ પૂછે છે અને શેઠ વાત જ નથી કરતા. સંસારમાં ધનવાન સ્વાર્થી માણસને મળવા ઇચ્છતો જ નથી. આવી જ રીતે સકામ પ્રેમીને ભગવાન પણ નથી મળવા ઇચ્છતો. ત્યાર પછી સાધકે વિચાર્યું કે પ્રેમ એકઠો કરો. પ્રેમની તો ભગવાનને ગરજ છે જ ને! તે જ્યાંથી પણ મળ્યો ત્યાંથી પ્રેમ ભેગો કરતો ગયો. જેવી રીતે રૂ ભેગું કર્યું, તેમ પ્રેમ પણ ભેગો કર્યો. પ્રેમ ભેગો કરીને પછી તેને વધારવા માટેની ચેષ્ટા શરૂ કરી દીધી. દુનિયાભરનો પ્રેમ એકઠો કરીને રાખ્યો. પ્રેમ એકઠો કરવો એટલે શું? જે કોઈ પણ માણસ પ્રભુ ભક્તિ કરે, તેમની સેવા કરવી. એવી રીતે તે પ્રેમ ભેગો કરે છે. પ્રેમ ખરીદી લે છે. જેવી રીતે રૂ એકઠું કર્યું, તેવી જ રીતે વિશુદ્ધ પ્રેમ અનન્ય પ્રેમ ભેગો થતો ગયો. પ્રેમ ભેગો થઈ ગયો. ભગવાનને જરૂર હતી પ્રેમની, વગર પ્રેમે તો તેનું કામ ચાલી શકે તેમ નથી, મિલો બધી જ તેની બંધ થઈ જાય. એ પછી તેણે દલાલોને મોકલ્યા

કે તે માણસને મળવા ઈચ્છું છું. દલાલોએ કહ્યું કે ભગવાન યાદ કરી રહ્યા છે, તેઓ કહે છે કે, કરવા દો. અમારે તો પ્રેમ વેચવો જ નથી. અમારે જો પ્રેમ વેચવો હોય તો સાહેબ (ભગવાન) પાસે જઈએ ને! અમારે તો તેની કોઈ ગરજ છે જ નહીં. પ્રભુ કહે - ભલે, તો હું આવું છું. પ્રેમીને તો મળવું જ પડશે ને! પ્રભુ આવે છે મળવાને માટે. એ પછી કહે છે કે સમય તો બતાવશો; તેઓ કહે અમારી પાસે સમય જ નથી. તે પછી પ્રભુ આવે છે અને દરવાજા ઉપર જ બેસી જાય છે. કહે છે કે તેમને મળવું છે. પછી જ્યારે મુલાકાત યોજાય છે ત્યારે કહે છે કે હવે વરદાન માગો. સાધક કહે છે - મારે તો કંઈ જ નથી જોઈતું. તેઓ કહે છે - જે તમારી ઈચ્છા હોય તે માગો. સાધક કહે છે - અમારી તો કોઈ ઈચ્છા છે જ નહીં ત્યારે તેઓ બોલે છે - અમે તો ભૈયા? તમારા પ્રેમમાં વેચાઈ ગયા છીએ, અને તમારા જ થઈ ગયા છીએ. તમારે જેમ ચલાવવું હોય તેમ ચલાવો. ત્યારે સાધક કહે, અમારું જે રૂ છે (પ્રેમ છે), અમે છીએ, તે બધું જ આપનું છે. ઈચ્છા હોય તે મુજબ કરો : જે કંઈ છે તે બધું જ તમારું છે. અમે પણ આપના જ છીએ. પણ આપને એ તો બરાબર યાદ છે ને કે એક વખત તમને બોલાવવા માટે દલાલોને મોકલ્યા અને ઘણી કોશિષ કરી-કરાવી હતી. ઉત્તમ ઉત્તમ પુરુષોથી, સાધુઓથી, મહાત્માઓથી, પણ તમે તો ક્યારેય દર્શન આપવા નથી આવ્યા. આપને ત્યાં જવાને માટે તૈયાર થયો ત્યારે પણ આપ તો મળવા ઈચ્છતા નહોતા ને! તો આ પ્રતિકાર એનો છે અમે આપની રીત જાણી ગયા કે જ્યારે પ્રેમ વેચવાની જરૂર છે ત્યારે તો ભગવાન તેને ખરીદતા નથી. જ્યારે જરૂર હશે પ્રેમ ખરીદવાની અને ભગવાનને પ્રેમ આ દુનિયામાંથી મળશે નહીં ત્યારે દોડી દોડીને આપો આપ આવશે જ. ભગવાનને વશ કરવાનો આ જ ઉપાય છે - વિશુદ્ધ પ્રેમ. જે પ્રેમમાં કામના રહે છે, વાસ્તવમાં તે પ્રેમ છે જ નહીં. આમ ભગવાનને એવો વિશુદ્ધ પ્રેમ કરો કે જેથી ભગવાનને બંધનથી બંધાઈને આવવું પડે.

એક નાનકડી એવી ઘટના આપને બતાવવા ઇચ્છું છું. પંઢરપુરમાં એક પુંડરીક નામનો વ્યક્તિ માતા-પિતાનો અનન્યભક્ત હતો. પહેલાં તો તે ભક્ત નહોતો. પરંતુ બીજાં એક માતૃ-પિતૃભક્તને જોઈ તેનામાં પણ ભક્તિનો સ્રોત જાગ્યો હતો. તે માતાપિતાની ખૂબ ભાવથી સેવા-ભક્તિ કરતો હતો. એક દિવસ ભગવાન આવ્યા અને કહેવા લાગ્યા કે 'હે પુંડરીક! હું તને મળવા માટે આવ્યો છું.' પુંડરીક બોલ્યો - 'મહારાજ! મને તો હમણાં વાત કરવાનો સમય નથી; પણ આપ જો આવી જ ગયા છો તો બેંસો.' એક ઈંટ પડી હતી; તેને આસન માટે આપી અને કહી દીધું કે આના ઉપર બેસો. પ્રભુ બોલ્યા - હું (ભગવાન) તને મળવા માટે આવ્યો છું અને તારી પાસે મને મળવા જેટલો સમય નથી! તે બોલ્યો : હે મહારાજ! અત્યારે તો સમય નથી જ, હું મારાં માતાપિતાની સેવામાં રોકાયેલો છું, અત્યારે આપ શા માટે આવ્યા? ત્યારે પ્રભુ બોલ્યા : તું માતા પિતાનો ભક્ત છે એટલે જ તને દર્શન દેવાને માટે હું હમણાં આવ્યો છું. પુંડરીક બોલ્યો : માતાપિતાની સેવાનો આટલો બધો પ્રભાવ છે કે વગર બોલાવ્યે પણ આપને આવવું પડ્યું! ભગવાન બોલ્યા - માતાપિતાની સેવાનો પ્રભાવ તો આવો જ છે. પુંડરીક બોલ્યો તો તો આપ જ વિચારોને, કે જે માતાપિતાની સેવાનો આટલો મોટો પ્રભાવ હોય, કે વગર બોલાવ્યા પણ આપને આવવું પડે, તો એવાં માતાપિતાની સેવાને, આપને મળવાને માટે હું છોડી દઉં? આપ બેસો, જો હમણાં આપની પાસે સમયનો અભાવ હોય તો, ફરી વાર આવજો. ત્યારે પ્રભુ તેની નજીક આવ્યા અને બોલ્યા : 'હું તારા ઉપર ઘણો જ રાજી છું, ખુશ થયો છું તારી નિષ્ઠા જોઈને માતાપિતાની સેવામાં તારી આટલી બધી નિષ્ઠા?' આ પ્રમાણે જ જો પ્રભુ ભજનમાં પણ આપણી અનન્ય નિષ્ઠા હશે તો તેમને જરૂર આવવું જ પડશે. જો માતાપિતાના ભક્તને ખાતર તેઓ વગર બોલાવ્યા આવી જતા હોય તો ભગવાનની ભક્તિ કરનારાઓ પાસે કેમ નહીં આવે? ભગવાનનું ભજન-ધ્યાન શ્રદ્ધા-પ્રેમપૂર્વક કરવું જોઈએ. પછી તો ભગવાનને બાધ્ય

થઈને આવવું જ પડવાનું છે. જેમ કે સૂરદાસજી કહી રહ્યા છે :

बाँह छुड़ाये जात हौ निबल जानिकै मोय।
हृदयसे जब जाओगे तब पुरुष बदूँगा तोय॥

'હાથ છોડાવીને, મને કમજોર માની તમે ભલે જતા રહો છો; પરંતુ મારા હૃદયમાંથી નીકળીને જો જશો તો હું આપને પુરુષ સમજીશ.' પ્રભુ તો પાછા આવી ગયા. સૂરદાસને આંખો આપી અને બોલ્યા : 'હે સૂરદાસ! હું તમારા ઉપર ખુશ છું.' ત્યારે સૂરદાસ બોલ્યા - 'હે પ્રભો! જ્યારે આપ ખુશ થઈ ગયા અને આપે મને દર્શન આપી દીધાં, પછી તો હવે મારે માટે બાકી જ શું રહ્યું?' ત્યારે પ્રભુ બોલ્યા : 'તું વરદાન માગી લે.' સૂરદાસ કહે છે - 'મહારાજ! હું તો આ વરદાન જ ઇચ્છું છું કે હું જેમ પહેલાં સૂરદાસ હતો, તેવો જ સૂરદાસ બનાવી દો. કારણ કે મને જે આપનો મેળાપ થયો તે તો મારી સૂરદાસની અવસ્થામાં જ થયો ને! ત્યારે ધ્યાન ઘણું સારું લાગતું હતું, જ્યારે આંખેથી બીજી કોઈ ચીજ જોવામાં આવતી નથી ત્યારે આપ ને આપ જ દેખાતા હતા, એ જ પ્રમાણે મારું સઘળું ધ્યાન આપમાં જ લાગેલું રહો. ધ્યાન વખતે જ આપ પ્રગટ થયાને! બસ, એવું જ ધ્યાન ઇચ્છું છું.' ત્યારે પ્રભુ બોલ્યા - 'તથાસ્તુ' (એમ જ થાઓ.) આમ ભગવાનથી પણ વિશેષ તો તેમનું ભજન ધ્યાન છે. જો આપણું ભજન ધ્યાન સકામ હશે તો આપણે ભગવાનની ખુશામત કરવી પડશે, અને જો ભજન ધ્યાન તથા આપણી શ્રદ્ધા અને પ્રભુ પ્રત્યેનો પ્રેમ નિષ્કામ થઈ જશે તો પછી તો ગરજ રહેશે ભગવાનને, આપણને કોઈ ગરજ નહીં રહે. આવી જરૂરિયાત ઊભી કરી દેવી જોઈએ, જેથી માલિકને આપણી જરૂર લાગે, પછી માલિક પોતે જ ખુશામત કરશે, આપણે ખુશામત કરવી નહીં પડે. હનુમાનજીએ એવી ભક્તિ કરી કે ભગવાનને પોતાને વશ કરી લીધા :

सुमिरि पवनसुत पावन नामू। अपने बस करि राखे रामू॥

(બાલકાંડ ૨૫/૬)

જેવી રીતે કામી પુરુષને કામિની સ્ત્રી પોતાના વશમાં કરી લેતી

હોય છે. જે કામ-કિંકર હોય છે તેને તેની સ્ત્રી પોતાને વશ કરીને રાખે છે. આ રીતે જ ભગવાન પ્રેમને વશ થઈને રહે છે. પ્રભુ પોતે જ કહી રહ્યા છે : **'अहं भक्तपराधीनः'** હું તો ભક્તોને આધીન છું. આમ ભગવાન પ્રેમીજનોને પરાધીન થઈ જાય છે -

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्।

(ગીતા ૪/૧૧)

ભગવાન કહી રહ્યા છે કે જે મને જેવી રીતે ભજતો હોય છે. હું તેને એવી જ રીતે ભજું છું. સૌથી વિશેષ તો ભગવાનનું ભજન-ધ્યાન છે અને વળી જો તે પૂર્ણ શ્રદ્ધાપૂર્વક તથા પ્રેમથી થાય તો તો તેનાથી વધારે બીજું કંઈ જ નથી. આપણે જો ભગવાનને શ્રદ્ધા તથા પ્રેમથી ભજીશું તો ભગવાન આપણને ભજવાના જ. જો આપણે ભગવાનને ક્યારેય પણ ભૂલીશું નહીં તો ભગવાન પણ આપણને કદાપી નહીં ભૂલશે. જો આપણે પ્રભુને આપણું સર્વસ્વ સમર્પિત કરી દઈશું તો પ્રભુ પણ પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દેશે. ભગવાનને જીતવા માટેનો આ જ એક સરળ માર્ગ છે. આ પ્રમાણે જે કોઈ પ્રભુભક્તિ કરે છે, ભગવાન તે ભક્તને અધીન થઈ જાય છે. આવા જે ભક્ત છે કે જેમને અધીન ભગવાન છે તેઓ ભગવાનથી પણ વિશેષ છે. આ વાત રામાયણમાં કહેવાઈ છે :

मोरें मन प्रभु अस बिस्वासा। राम ते अधिक राम कर दासा॥
राम सिंधु घन सज्जन धीरा। चंदन तरु हरि संत समीरा॥

(ઉત્તર. ૧૧૯/૧૬,૧૭)

આનો અર્થ ઘણો જ સરળ છે; તો પણ શબ્દાર્થ બતાવવામાં આવે છે. **'मोरें मन प्रभु अस बिस्वासा। राम ते अधिक राम कर दासा॥'** હે પ્રભુ! મારા મનમાં એવો વિશ્વાસ છે કે રામથી પણ વધારે રામનો દાસ છે. રામ સમુદ્રના સમાન છે, અને તેમનો ભક્ત વાદળ જેવો છે. જોકે વાદળાં જળ તો સમુદ્રમાંથી જ ઉપાડે છે, મોટાભાગે જળ મળે છે સાગરમાંથી જ, પરંતુ ખેડૂ વર્ગ તો વાદળથી જ પ્રેમ કરે છે, સાગરને

પ્રેમ નથી કરતા. ઉચ્ચ કોટિના મહાત્મા લોકો જ્યારે પ્રેમ-પ્રભાવ, ગુણોની વર્ષા કરે છે ત્યારે સાંભળનારા મુગ્ધ બની જાય છે. એવી જ રીતે ખેડૂતો વર્ષાનું જળ પામીને મુગ્ધ થયેલા જોવામાં આવે છે. સમુદ્રનું જળ તો અપાર છે પણ ખારું છે, તે વાદળના મુખડે આવતાં જ મીઠું મધુરું થઈ જાય છે. આવા જ ભગવાન કે જેઓ નિર્ગુણ-નિરાકાર છે અને એક રીતે એમ પણ કહેવાય કે સમજવા ભારે અઘરા છે, ભગવાનના ભક્તો તેમને સરળતાથી એવી રીતે મીઠા બનાવી દેતા હોય છે કે સૌ કોઈ તેમને સરળતાથી સમજી શકે છે. આથી જ ભગવાન કરતાં પણ વધારે ભગવાનના ભક્ત છે. ભગવાન ચંદન વૃક્ષ છે તો ભક્ત વાયુ જેવા છે ચંદન વૃક્ષની સુગંધ લઈને વાયુ બધાં જ વૃક્ષોને ચંદન બનાવી દેતો હોય છે તેથી તે બધાં વૃક્ષો વાયુને જ આશીર્વાદ આપે છે, તેના જ ગુણ ગાય છે.

આ વ્રજ છે. અહીં ગોપીઓ ભગવાનની ભક્ત હતી અને તેમને થોડી અમથી છાશને માટે નચાવ્યા કરતી હતી અને ભગવાન પણ તેમનાથી વશીભૂત થઈને નાચ્યા કરતા હતા. પ્રેમને લીધે રાધિકાજીને તો ભગવાન એકદમ વશમાં જ હતા. બધી દુનિયાને આહ્લાદિત કરવાવાળા પ્રભુ ખુદ રાધિકાજીથી આહ્લાદિત થઈ જતા હતા. રાધિકાજી ભગવાનની આહ્લાદિકા શક્તિ છે. બધી દુનિયાને આનંદ પહોંચાડનારા ભગવાનને તે આનંદ આપે છે, ભગવાન તેને અધીન છે. તેઓ જેવી રીતે નચાવે છે તેવી રીતે નાચે છે. આપણી બધી જ ક્રિયાઓ ભગવાનને આહ્લાદિત કરનારી હોય, આપણા હૃદયનો ભાવ, વાણીના શબ્દો, શરીરની પ્રત્યેક ક્રિયા એ તમામ ભગવાનને મુગ્ધ કરનારાં હોય પછી આપણે ભગવાનનાં દર્શનની કંઈ જ જરૂર નથી. ભગવાનને જો જરૂર લાગે તો તેઓ જ આવીને દર્શન કરે એ જ ઉચ્ચકોટિનો ભાવ છે.

ભાવ જ મુખ્ય છે. શ્રદ્ધા, પ્રેમ, શાન્તિ, નિષ્કામ, શાન્તરસ અને માધુર્ય વગેરે ભાવ છે. ભાવ એ જ સર્વશ્રેષ્ઠ ચીજ છે. જ્યારે માણસ ભાવાવેશમાં આવી જાય છે ક્યારે ભગવાન પોતે જ આવીને તેને ચેતના બક્ષે છે.

સુતીક્ષ્ણજીને ભાવસમાધિ લાગી ગઈ ત્યારે ભગવાને જાતે આવીને તેમને તેમાંથી જગાડ્યા હતા. 'ઉઠો ઉઠો, દ્વિજરાય, પ્રાણના જેવા મારા વહાલા દ્વિજરાય! ઊઠો હું તમારી પાસે આવી ગયો છું.' પરંતુ તે તો ધ્યાન અને ભાવાવેશમાં, પ્રેમમાં એટલો બધો મસ્ત બની ગયો હતો કે તેને એ વાતનો ખ્યાલ જ ન રહ્યો કે ભગવાન ખુદ જ આવી ગયા છે. પછી તો ભગવાને પોતાના સ્વરૂપને છૂપાવી દીધું. અકળાઈને તેણે આંખો ખોલી તો જોયું કે ભગવાન સામે જ ઊભા છે. ત્યારે ભગવાનની સ્તુતિ કરવા લાગી ગયો. પ્રેમમાં મુગ્ધ બની ગયો. પ્રભુ જ ત્યાં પધાર્યા. પ્રભુ તો આવા ભક્તોને ખોળતા જ હોય છે, શોધતા જ હોય છે. આપણે જરૂર છે ભાવ વધારવાની. પદાર્થો પણ ભાવ સાથે નાતો રાખે છે. જેટલી ચીજો છે તેમનો ભાવ તેજ થઈ જાય તો જ તેની સારી કિંમત અંકાય છે. આપણા હૃદયનો ભાવ તેજ થશે તો જ તેની કિંમત સારી ઉપજશે. પ્રેમ વધવો જોઈએ. પ્રેમ એ ઉચ્ચ કોટિનો ભાવ છે. હૃદયમાં પ્રેમનો સંગ્રહ કરવો જોઈએ. વીણી વીણીને ભેગો કરવો જોઈએ. આખી દુનિયાના તમામ પ્રેમને કોણ એકઠો કરી શકે છે? જે ભગવાનનો અનન્ય ભક્ત હશે તે જ. સૌને ભગવાન સમજીને સૌના હિતમાં જે રત રહે છે, બધાંના માટે જે પોતાની જાતને સમર્પણ કરી દે છે, તે જ બધાંને જીતી લે છે, સૌને મૂલવી લે છે. ભગવાન શ્રીરામચરિતમાનસમાં કિષ્કિન્ધાકાંડમાં હનુમાનજીને કહી રહ્યા છે :

समदरसी मोहि कह सब कोऊ। सेवक प्रिय अनन्यगति सोऊ॥

(કિષ્કિ૦ ૨/૮)

સૌ કોઈ મને સમદર્શી કહે છે, પરંતુ હું તો મને પોતાને સમદર્શી કહેતો નથી; કારણ કે અનન્ય સેવક તથા અનન્ય ભક્ત મને વહાલા છે. સમદર્શી હોવા છતાં પણ મારામાં આ એક વિશેષ વાત છે અનન્ય ભક્તનાં લક્ષણ આ પ્રમાણે છે :

सो अनन्य जाकें असि मति न टरइ हनुमंत।
मैं सेवक सचराचर रूप स्वामि भगवंत॥

(કિષ્કિ૦ ૩)

મારા અનન્યભક્તની બુદ્ધિ આ સિદ્ધાન્તથી ક્યારેય ફરતી નથી, હટતી નથી કે આ ચરાચર ભગવાનનું સ્વરૂપ છે. એવા સાચા સેવક બનીએ બધાંને સાક્ષાત્ નારાયણનું સ્વરૂપ સમજીને બધાંને માટે પોતાની જાતને સમર્પિત કરી દે, તે જ ભગવાનનો અનન્ય ભક્ત છે. બધાને જીતવાનો ઉપાય છે નિષ્કામ ભાવ. ભગવદ્ભાવે સૌ કોઈની સેવા કરવાવાળો સૌ કોઈને જીતી લે છે. સૌને મૂલવી લે છે સૌ કોઈના પ્રેમને પોતાનામાં જ આકૃષ્ટ કરી લેતો હોય છે. બધા જ તેને ચાહે છે બધા જ તેના પ્રેમને આધીન થઈ જતા હોય છે. આવા પ્રેમીને ભગવાન પોતે આધીન થઈ જતા હોય છે. ભગવાન કહે છે, હું તો ભક્તને આધીન છું તેમના માટે જ કહેવાય છે કે તેઓ તો ભગવાન કરતાંય આગળ છે - તેથી જ આપણે પણ તેમના જેવા બનવાનો સદાય પ્રયત્ન કરવો જોઈએ. આ તો ભગવાનના પ્રેમના વિષયની પ્રાપ્તિની તાત્ત્વિક વાત તમને જણાવી અને બીજી વાત છે ભગવાનના રહસ્યની જે એક રીતે એમ કહી શકાય કે તે રહસ્યની વાત છે કે પ્રેમીને આધીન ભગવાન થઈ જાય છે. પ્રેમી તો ઘણા ઉચ્ચ કોટિના મહાત્મા પુરુષો હોય છે. એ વાત તો બરાબર છે, પરંતુ આ સંસારમાં જે નિમ્ન શ્રેણીના છે એવા પુરુષોને માટે પણ બીજો કોઈ માર્ગ છે ખરો? ભગવાન કહે છે –

अन्ये त्वेवमजानन्तः श्रुत्वान्येभ्य उपासते।
तेऽपि चातितरन्त्येव मृत्युं श्रुतिपरायणाः॥

(ગીતા ૧૩/૨૫)

જે મન્દબુદ્ધિ છે, અજ્ઞાની છે, ન જાણનારા છે તેઓ પણ જાણકાર પુરુષો, ઉચ્ચ કોટિના મહાત્માઓની પાસેથી સાંભળીને તદ્નુસાર ઉપાસના કરે છે. એવા શ્રુતિ પરાયણ પુરુષ મૃત્યુવાળા આ સંસાર સાગરને પાર કરી જાય છે. તેઓ પણ એમની વાતો સાંભળે અને સાધન કરે. પ્રશ્ન થાય છે કે કોઈ એવો ઉપાય ખરો? કે જે દીન હોય, દુઃખી હોય, અનાથ હોય, અસમર્થ હોય, કોઈ પણ વાત માટે લાયક ન હોય અને જે પાપી હોય તેમના માટે પણ? તો તેમના માટે પણ ઉપાય

બતાવ્યો છે -

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक्।

(ગીતા ૯/૩૦)

જો ઘણો જ દુરાચારી પણ મને અનન્ય ભાવે ભજનારો હોય તો તે પણ શીઘ્ર જ ધર્માત્મા બનીને નિત્ય-શાન્તિને પામે છે.... આપે તો એ જ વાત કહી દીધી કે ભલેને ગમે તેવો પાપી પણ કેમ નથી, ગમે તેવો નીચ પણ કેમ નથી, તે પણ ભગવાનનો અનન્ય-ભક્ત જો બની જાય! જોકે પહેલી વાત તો એ છે કે આવો પાપી અનન્ય ભક્ત બનવો એ ઘણું અઘરું છે પણ જો બની જાય તો આ વાત બની શકે છે. પરંતુ બીજો કોઈ સહેલો ઉપાય આને માટે છે ખરો? તો પ્રભુ કહી રહ્યા છે -

सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति।

(ગીતા ૫/૨૯)

મનેં બધાનોય સુહૃદ જાણી લે તો તે જરૂર શાન્તિને પામે છે. સુહૃદ એટલે શું? એટલે કે ભગવાન એવા છે કે વગર કારણે પણ પ્રેમ કરનારા છે; દયા કરનારા છે. હું ભગવાનને પ્રેમ કરું અને તેઓ મને પ્રેમ કરે તો તો એ એક રીતે ન્યાય જ ગણાય. એમાં તો તેની કોઈ વિશેષ સુહૃદયતા નથી. ભક્ત જ સુહૃદ છે ભગવાન કરતાં. ભગવાન પોતે જ આ વાત આ મુજબ કહી છે -

उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम्।

(ગીતા ૭/૧૮)

જેટલા પણ મારા ભક્તો છે તે બધા જ ઉદાર છે, અને જ્ઞાની તો સાક્ષાત્ મારો આત્મા જ છે. બધા એટલા માટે ઉદાર છે કે તેમણે મારા ઉપર એટલી મોટી ઉદારતા દાખવી અને મને ભજવાનું શરૂ કર્યું. એટલે જ તેઓ ઉદાર છે, શ્રેષ્ઠ છે. હું તેમને ભજવાનું શરૂ કરું એ પહેલાં તેમણે મને ભજવાનું શરૂ કરી દીધું એટલે જ તેઓ ઉદાર છે, શ્રેષ્ઠ છે એમ માનું છું. પોતાનું તન, મન, ધન અને સમય મારા ઉપર વિશ્વાસ ધરીને મને અર્પણ કરી દીધાં, તેઓ સર્વસ્વ મને અર્પણ કરી

દે, અને હું પણ તેમને સર્વસ્વ અર્પણ કરી દઉં તો પણ મારા કરતાં તો તેઓ જ શ્રેષ્ઠ છે, તેમની પાસે જે કંઈ પૂંજી છે તે બધી જ મને અર્પણ કરી છે, તો મારી પાસે પણ જે કંઈ પૂંજી છે તે હું અર્પણ કરી દઉં તો તે બરાબર છે, પણ તો પણ હું તો તેમનો ઋણી જ રહું છું, કારણ કે પહેલી શરૂઆત તો તેમણે કરી છે ને! અને તેથી એમ કહી શકાય કે પહેલા ઉદાર તો તે બન્યા છે, અને તેથી તેઓ ઉદાર છે, તેમને પ્રભુ ઉદાર કહે છે. આમ આપણે ભગવાનને સુહૃદ, સમજી લઈએ તો આપણે બેડો પાર. સુહૃદ છે, ભજવાની જરૂર નથી, ધ્યાન કરવાની જરૂર નથી, પરંતુ એ વાત આપણે બરાબર જાણી લઈએ કે ભગવાન સૌ કોઈને માટે સુહૃદ છે, તે બધાંમાં આપણે પણ આવી ગયાં. ભગવાન પ્રેમી છે, આપણે માટે સુહૃદ છે અને આપણા ઉપર વગર કારણે પણ દયા - પ્રેમ કરનારા છે. કારણ હોય તો તો પછી વાત જ શું? ભગવાને આપણને મનુષ્ય શરીર આપ્યું છે તે તો આપણને એમ સમજીને આપ્યું છે-

कबहुँक करि करुना नर देही। देत ईस बिनु हेतु सनेही॥

(ઉત્ત૨૦ ૪૩/૬)

આપણે લોકો ચોરાસી લાખ યોનિઓમાં ભટકતા ફરતા હતા. કાળ, કર્મ અને સ્વભાવથી ઘેરાયેલા એવા આપણી આવી દશાને જોઈને કોઈ પણ કારણ વગર પ્રેમ અને દયા કરવાવાળા ભગવાને આપણને મનુષ્યનું શરીર આપ્યું. કરુણા કરીને આ જીવોને માણસનું શરીર આપે છે. કારણ વગર જ તેઓ દયા વરસાવે છે. વગર કારણે જ પ્રેમ કરે છે, તેમને આવા સુહૃદ્ સમજી લેવાથી પણ કલ્યાણ થઈ જાય છે. જો એમ કહો કે આમ તો અમે કહેતા જ હોઈએ છીએ, સાંભળીએ છીએ અને વાંચીએ છીએ. પરંતુ વાસ્તવમાં ભગવાન એવા છે, તમે જાણતા નથી; જો તમે એમ કહો કે તમને શું ખબર છે? હું બધું જ સમજું છું, તો પછી જો આપ ભગવાનને સુહૃદ સમજો છો તો તો તમે પણ જરૂર સુહૃદ બની જતા. ભગવાન તો કોઈ પણ કારણ વગર દયા કરવાવાળા છે. આ

રહસ્ય તત્ત્વને જો તમે બરાબર જાણો તો તમે પણ જરૂર એવા જ બની જાત. ઓછામાં ઓછું એવું તો બનત કે તમારા લોકોના મનમાં પ્રેમ, આનંદ, શાંતિ અને દયાનો એક સાગર ઊભરાઈ જાત. આપ એમ સમજી લેત કે ભગવાનની આટલી મોટી દયા આપણા ઉપર છે. અમારા જેવા સાવ તુચ્છ માણસોના ઉપર - જીવો ઉપર પણ જુઓને, ભગવાન કેટલી બધી દયા, કેટલો બધો પ્રેમ આપી રહ્યા છે? આ વાત સમજતાંની સાથે જ માનો કે આપણે પાગલ જેવા થઈ જાત. આપણે સમજીએ છીએ કે કોઈ પણ માણસ કે જે ઘણો જ નાનો - મામુલી છે અને વળી કોઈ પણ રીતે એકાદ રૂપિયાની લોટરી ખરીદી લે છે અને તે લોટરીને પ્રતાપે બે ચાર કરોડ રૂપિયા આવી ગયા, તે આ સંદેશો સાંભળીને આનંદથી ઊભરાઈ જાય છે. જેની ઔકાત હજાર રૂપિયા જેટલી પણ નથી અને હવે તો મળી ગયા કરોડો રૂપિયા. તો તેથી તે પાગલ જેવો બની જાય છે તેના આનંદની કોઈ સીમા રહેતી નથી.

આપણે તો સમજોને કે એક સામાન્ય માણસ છીએ અને એમ સમજી લઈએ કે ભગવાનની આપણા ઉપર મોટી દયા, મોટો પ્રેમ છે તો પછી આપણને હોશ રહે નહીં. એક રીતે તો આપણી દશા પણ પાગલ જેવી જ બની શકે છે. આપણે સાંભળીએ છીએ, વાંચીએ છીએ, પણ ક્યાં સમજીએ છીએ? દુનિયામાં છે જ કોણ? હિંદુસ્તાનમાં જો અહીંના બાદશાહની કોઈના ઉપર કારણવગર પ્રેમ-દયાની વર્ષા થઈ જાય તો તે ફૂલ્યો સમાતો નથી. તો પછી આ આખા સમસ્ત બ્રહ્માંડના ધણીની અકારણ આપણા ઉપર પ્રેમવર્ષા-દયા થઈ છે તેનું જ્ઞાન જો આપણને થઈ જાય તો આપણી શી હાલત થશે? તેને આપણે જીરવી શકતા નથી. એનો ભાવ એવો સમજવાનો છે કે ભગવાન પાત્ર ઉપર દયા તો વરસાવે છે જ, અપાત્ર ઉપર પણ દયા કરે છે. પુત્ર ગમે તેટલો કુપાત્ર બની જાય, માતા-પિતાની દયા તો તેના ઉપર સદાય રહેવાની છે. જો દયા ન હોય તો છોકરો જીવી કેવી રીતે શકવાનો છે? જો ત્રણચાર વર્ષનો પુત્ર માતાને મારે છે અને પિતાની મૂછ ઉખાડવાની ઉદ્દંડતા કરે

છે તો પણ માતા-પિતાની દયા તે બાળક ઉપર ઓછી થતી નથી. તો ભગવાનની દયા ક્યારેય પણ દૂર થઈ શકે? આ વાત આપણે બરાબર નથી સમજતા; એટલા જ માટે એ લાભથી આપણે વંચિત રહીએ છીએ. આપણે ભગવાનની દયાને જોઈ-સમજીને ક્ષણ-ક્ષણમાં પળેપળમાં ભાવવિભોર થવું જોઈએ, મુગ્ધ થવું જોઈએ. બાળક ઝાડા-પેશાબથી લથબથ હોય તો પણ માતાને માટે જો રુદન કરે છે તો માતા તેની શુદ્ધિ-અશુદ્ધિને ભૂલી જઈ, તેની દરકાર કર્યા વગર જ તેને છાતીએ વળગાડી દેતી હોય છે. તેના પછી જ તે પોતાનાં તથા બાળકનાં બગડેલાં કપડાં સાફ કરતી હોય છે. સ્નાન કરે છે, કરાવે છે. આ પ્રમાણે જે ભગવાનને માટે વ્યાકુળ બની જાય છે તેના માટે તે પણ વ્યાકુળ બની જાય છે; તેમાં તો કહેવાનું જ શું? પરંતુ ભગવાનના તત્ત્વને અને રહસ્યને જે બરાબર સમજી જાય છે તેના માટે ભગવાન એમ કહે છે કે તેને પરમ શાન્તિ મળી જતી હોય છે. આપણે ગમે તેટલા કુપાત્ર કેમ નથી, પરંતુ ભગવાનની દયાના રહસ્યને સમજી લીધા પછી પ્રેમાશ્રુઓની ધારા વહેવા લાગે છે - કે જુઓ ભગવાનની આપણા ઉપર કેટલી મોટી દયા છે! જે પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દે તેને ભગવાન પણ સર્વસ્વ અર્પણ કરી દેતા હોય છે. આ તો ન્યાયની વાત થઈ, કાયદાની વાત છે. પરંતુ એમાં એવું શું રહસ્ય છે કે જે પોતાનું કંઈ જ ભગવાનને અર્પણ ના કરતો હોવા છતાં, કંઈ પણ નથી આપતો છતાં, અને ભજન પણ નથી કરતો છતાં આ તત્ત્વ રહસ્યને સમજે છે કે ભગવાનને ત્યાં આવા પુરુષોના માટે જગ્યા તો છે જ; તેમજ જે મહાનીચ છે, પાપી છે, ઉદ્દંડ છે; તેના માટે પણ ભગવાનને ઘેર ગુંજાઈશ છે. જો ભગવાનને ત્યાં નથી તો પછી જશે ક્યાં? આ વાત બરાબર મનમાં સમજી લેવી. આ વાત જો તેની બુદ્ધિમાં બરાબર બેસે તો ભગવાનની દયાનો સાગર તેના ઉપર ઉછળી રહે છે. આમ આ દયાને જોઈ જોઈને આપણે મુગ્ધ થવું જોઈએ. જુઓ તો ખરા! આપણા ઉપર પ્રભુની કેટલી બધી કૃપા છે? દયા છે? એક રીતે કહીશું તો ભગવાન

કેટલા મોટા દયાળુ છે? કેટલા બધા પ્રેમી છે? તો આ પ્રમાણેનો ભાવ રાખવાવાળા પુરુષ પણ ભગવાન પાસેથી અલૌકિક લાભ ઉઠાવી લેતા હોય છે, આપણે લોકો પોતાની જાત તરફ ધ્યાન દઈને બરાબર નિરીક્ષણ કરીશું તો લાગશે કે આપણા પાપોનો અંત નથી, કોઈ સીમા નથી, આપણે લોકોએ એટલા બધા જન્મોમાં કેટકેટલાં પાપો કર્યાં હશે તેનો કોઈ સુમાર નથી, અને આમ હોવા છતાં પણ ભગવાનને ઘેર તો આપણા માટે ઉત્તમ પદ તૈયાર જ છે. સૂરદાસજી એમ કહી રહ્યા છે કે - '**मो-सो कौन कुटिल खल कामी।**' મારા જેવો કુટિલ એટલે કે નીચ આ દુનિયામાં બીજો કોણ હશે? એવો કામી પણ બીજો કયો હશે? આ પ્રમાણે ભાવને સમજીને એમણે પ્રભુને મેળવ્યા. તેઓ પોતાની દૃષ્ટિથી જોતા હતા. તેઓ અનંત જન્મોમાં કરેલાં કોટિ કોટિ પાપોને અને આ જન્મનાં પાપોને સમજીને એમ કહેતા હતા કે જુઓ તો ખરા, આપણી કેવી હીન દશા છે? આ હીન દશાને માનવાના પ્રભાવને લઈને જ તેમનો ઉદ્ધાર થઈ શક્યો. જે માણસ મુખેથી કંઈજ બોલતો નથી હોતો અને પોતાની જાતને ખુદ પોતે જ બધાય કરતાં હીન સમજે છે, પરમાત્માનું જ્ઞાન થતાં બધા જ પાપોમાંથી મુક્ત થઈને તે પ્રભુના ધામમાં પહોંચી જાય છે. ભગવાન અર્જુનને કહી રહ્યા છે -

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि॥

(ગીતા ૪/૩૬)

(તું પાપી નથી) પરંતુ આ દુનિયામાં જેટલાં પણ પાપી છે, તે બધા પાપીઓ કરતાં પણ વધારે પાપી હોય તો પણ જ્ઞાન રૂપી નૌકાના સહારે પાપ-સાગરને તરી જઈશ.

ભક્ત અને ભગવાનની પરસ્પર લીલા

ભક્તોના હૃદયના જે ભાવ છે, ઉદ્ગાર છે તેવો જ ભાવ અને ઉદ્ગાર ભગવાનમાં પણ ભરપૂર છે. જ્યારે ગોપીઓ ભેગી થાય છે ત્યારે પ્રેમ વિષેની ચર્ચા કરે છે. તેમની એવી ઈચ્છા હોય છે કે અમારા શરીરનું બારીક એવું ચુરણ બનાવી દેવમાં આવે (જેમ કે ચંદનનો બાટીક ભૂકો કરવામાં આવે છે. આરી વડે લાકડાને વહેરવામાં આવે છે અને જે લાકડાના કણનો વેર હોય છે તેને ચૂરો કહેવામાં આવે છે. ચંદન વૃક્ષનો ચૂરો બારીક અને આટાના જેવો ઝીણો હોય છે. ગોપીઓ ઈચ્છે છે કે અમારા શરીરનો પણ આવો ચૂરો બનાવવામાં આવે.) અને તેના ઉપર ભગવાન સૂઈ જાય તો અમને તેનાથી અનહદ આનંદનો અનુભવ થાય. અમે મુગ્ધ થઈ જઈએ.

આપણા મનમાં શંકા ઊઠે છે કે જ્યારે શરીરનો ચૂરો થઈ જાય પછી તેમાં જીવ તો ક્યાંથી રહી શકશે? પછી મુગ્ધ બનશે કોણ? પરંતુ આનો ભાવ એવો છે કે એ ચૂરાની અંદર પણ અમારો જીવ સદા રહેશે જ. તમને એ વાતનો ખ્યાલ રહેવો જોઈએ કે તેના માટે એક નાનકડી વાર્તા છે. છે તો તે લોકોક્તિ જ, ક્યાંક ગ્રંથસ્થ થઈ હશે તેની મને ખબર નથી.

એક વેળાની વાત છે. નારદજી ભગવાનના પરમ ધામમાં આવે છે. અહીં પરમધામ એટલે દ્વારકાપુરી સમજવી. ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર તે વખતે દ્વારકાપુરીમાં વસવાટ કરી રહ્યા હતા. નારદજીએ જઈને પૂછ્યું.

'હે પ્રભુ! તમને સૌથી વિશેષ વહાલું કોણ છે? તમારો સૌથી વધારે વહાલો પ્રેમીજન કોણ ગણવો? તમારો જેના ઉપર સૌથી વિશેષ પ્રેમ હોય તે ભલા કોણ હશે? સૌથી વધારે કોની ભક્તિ આપ ગણી રહ્યા છો? આ વાત કરો. ત્યારે પ્રભુ બોલ્યા - 'ગોપીઓની ભક્તિ'.

નારદજીએ ફરી પૂછ્યું, 'આજે આપ એમ પલંગમાં કેમ પોઢ્યા છો?' ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા : આજે મારી આંગળીએ ચોટ વાગી છે નારદજી બોલ્યા, 'મહારાજ! આ ઘાની રૂઝ ક્યારે આવશે?' પ્રભુ કહે છે - 'જો પ્રેમી ભક્તના લોહીમાં પટ્ટી ભીંજવીને આના ઉપર લપેટવામાં આવે તો તે જલ્દીથી ઘાને રુઝવી દેશે.' નારદજી બોલ્યા - 'સારુ મહારાજ! હું તેના માટે પ્રયત્ન કરું છું.' કૃષ્ણ બોલ્યા - 'હા, જરૂર કરવો જ જોઈએ.' એ પછી સંસારભરમાં જેટલા ભક્તો કહેવડાવતા હતા તે બધાની પાસે નારદજી પહોંચ્યા અને કહે કે 'હે ભક્તજી! ભગવાનની આંગળીએ વાગી ગયું છે, તેની દવાના સ્વરૂપમાં ભક્તના લોહીની ઘણી જરૂર ઊભી થઈ છે. જો આપ આપનું લોહી આપો તો તેમાં આ પટ્ટી ભીંજવીને ભગવાનની આંગળીએ બાંધી દઈએ જેથી તેઓ સાજા થઈ જાય. તેઓ કહેવા લાગ્યા : 'હે નારદજી! તમારી વાત તો બરાબર છે, પરંતુ અમે તો એવા ભક્ત નથી, કે જેથી અમારા રક્તથી ભગવાનને આરામ થઈ જાય. અમે તો સાધારણ એવા ભક્ત છીએ. નારદજી જ્યાં જ્યાં ગયા, બધેથી કોઈએ લોહી આપવાની તૈયારી ન બતાવી. કોઈએ આમ કહ્યું અને કોઈએ તેમ કહ્યું. એ વખતે નારદજીને એકાએક યાદ આવ્યું કે એક વાર ભગવાન એમ કહેતા હતા કે સૌથી વિશેષ ગોપીઓ તેમની ભક્ત છે. તો હવે હું વ્રજભૂમિ તરફ જાઉં. ફરતાં ફરતાં તેઓ તો આવી પહોંચ્યા વ્રજમાં; અને જ્યારે આ પ્રસ્તાવ તેમણે ગોપીઓ આગળ રજૂ કર્યો તો ગોપીઓ ખુશ થઈ ગઈ, આનંદથી નાચવા લાગી. કહેવા લાગી કે નારદબાવા! ભગવાનની આંગળીએ ચોટ લાગી

છે તે શું ભક્તના રક્તથી ઠીક થઈ જશે? તેમને સંપૂર્ણ આરામ મળી જશે? જો તેમ હોય તો હે નારદજી! તમારી પાસે કોઈ વાસણ છે? નારદજીએ પોતાનું કમંડળ ધર્યું. ત્યારે ગોપિયોએ નારદજીના કમંડળને લઈને પોતાની સાથળો ચીરી ચીરીને તે કમંડળને લોહીથી ભરી દીધું. અને પછી કહ્યું : 'હે નારદજી! અમારામાં એવી મોટી ભક્તિ તો નથી, પણ અમારું રક્ત જો ભગવાનના કામે આવતું હોય તો અમારું જીવન સફળ થઈ જાય. નારદજી લોહીથી ભરેલું કમંડળ લઈને ત્યાં આવી પહોંચ્યા. ભગવાન પૂછે છે - નારદજી! આટલું બધું લોહી ક્યાંથી લઈ આવ્યા? આ તમને ક્યાંથી મળ્યું? કેવી રીતે મળ્યું? નારદજી કહે છે - 'મહારાજ! હું ઘણું ભટક્યો, પણ ક્યાંયથી ના મળ્યું. છેવટે આ લોહી મળ્યું ગોપીઓ પાસેથી. મેં જ્યારે તેમને લોહીની જરૂર બતાવી ત્યારે તેમણે તો ઘણા જ આનંદથી હસતાં હસતાં હર્ષ સાથે પોતાની જાંઘ કાપી કાપી લોહી આપવાનું શરૂ કરી દીધું, જેથી મારું કમંડળ ભરાઈ ગયું.' ભગવાન બોલ્યા - 'હે નારદ! હવે તમારી સમજણમાં આ વાત આવી ગઈ હશે કે સૌથી વધારે અમારી ભક્તિ કોનામાં છે?' નારદ બોલ્યા - 'હા મહારાજ! હવે મારી સમજણમાં વાત આવી ગઈ. જ્યારે આપે એમ કહ્યું હતું કે સૌથી વિશેષ ભક્તિ તો ગોપીઓની છે, ત્યારે આ વાત મારી સમજણમાં નહોતી બેઠી. જ્યારે સાચા ભક્તનું લોહી પ્રાપ્ત કરવાને માટે હું અહીંથી નીકળ્યો, ત્યારે હું જ્યાં જ્યાં ગયો, બધેયથી મને સાવ સૂકો જવાબ મળ્યો, કોઈએ ના આપ્યું.'

કૃષ્ણ બોલ્યા : 'હે નારદ! તું શા માટે ભટકતો રહ્યો? શું તું મારો ભક્ત નથી? તમને એ વાત ન સૂઝી કે હું શા માટે ભટકું છું. એમની આંગળીમાં ચોટ લાગી છે તો હાલ જ મારી જાંઘ કાપીને લોહી આપી દઉં! જેવી રીતે ગોપીઓએ આપી દીધું. તમે પણ આપી તો શકતા હતા.' નારદ કહેવા લાગ્યા - 'હા. મહારાજ! આપની વાત તો સાચી

છે. આ વાત એ વખતે તો મારી સમજણમાં ના આવી. કૃષ્ણ બોલ્યા - 'ગોપીઓને કેવી રીતે સમજણમાં આવી?' નારદજીએ એકરાર કર્યો કે હા, મહારાજ, હવે મારી સમજણમાં આવી ગયું, હું તો ભક્ત હોવાનો ડોળ જ કરું છું, ખોટું અભિમાન લઈને ફર્યા કરું છું, આપની સાચી ભક્ત તો ગોપીઓ છે.

એક સમયની વાત છે. બન્યું એમ કે ભગવાન શ્રીકૃષ્ણની પોતાના રાણીવાસમાં રુક્મિણી વગેરે રાણીઓ સાથે પ્રેમના વિષયની ચર્ચા ચાલી રહી હતી કે કઈ રાણીનો કેવો પ્રેમ છે? ભગવાન કહે છે - હા, બધાયનો પ્રેમ છે. પણ રાણીઓ પૂછે છે કે સૌથી વધારે કોનો પ્રેમ છે? ત્યારે શ્રીકૃષ્ણ કહે છે કે સૌથી વધારે પ્રેમ તો છે રાધિકાજીનો. રાણીઓ કહેવા લાગી, 'તો મહારાજ, અમને કોઈ વાર તો એમનાં દર્શન કરાવો!' પ્રભુ કહે છે - 'હાં, તો સારું, ક્યારેક મોકો મળશે.' બે ચાર દિવસ પછી આવી તક મળી ગઈ. ત્યાં રાધાજી પોતાની સખીઓ સાથે આવી પહોંચી. જ્યારે રાધા આવી ગઈ ત્યારે રાણીઓએ તો તેની ઘણી સેવા કરી. આવકાર આપ્યો, માન આપ્યું. પીવા માટે કઢેલું ઉત્તમ દૂધ આપ્યું - રાધાજીએ પણ તેમની સાથે ઘણો પ્રેમ ભર્યો વ્યવહાર કર્યો. સૌએ એક બીજાને માટે ઘણો સારો ભાવ દેખાડ્યો, અને પછી રાધાજી પોતાને ઉતારે ચાલી ગયાં. રાત્રે ભગવાન રુક્મિણીજીના મહેલે શયન માટે પધાર્યા. જ્યારે રુક્મિણીજી પગચંપી કરી રહ્યા હતાં ત્યારે ભગવાનના પગમાં તેમણે ફોલ્લા જોયા અને બોલ્યાં - 'આ ફોલ્લા ક્યાંથી? કેવી રીતે થયા?' કૃષ્ણ બોલ્યા, 'એમ જ થઈ ગયા.' રુક્મિણી બોલ્યાં - નહીં, નહીં, તમને ખ્યાલ હોય તો મને કહો. કૃષ્ણ બોલ્યા - રુક્મિણી! એમ જ થઈ ગયા. એના માટે તમે શા માટે વારંવાર પૂછી રહ્યાં છો? રુક્મિણીજી બોલ્યાં - 'નહીં, હું જાણવા ઇચ્છું છું.' કૃષ્ણ બોલ્યા - 'રુક્મિણી! આજે દિવસે રાધાજી પધાર્યાં હતાં. તેમની ચાકરી તમે

લોકોએ સારી રીતે કરી?' તે કહે - હા, મહારાજ! જે કંઈ અમારાથી થઈ શક્યું તે બધું જ કર્યું. ભગવાન - ' ' શું તમે તેમને દૂધ પાયું હતું? રુક્મિણીજી બોલ્યાં - 'હાં, મહારાજ! દૂધ પાયું હતું અને એમ સમજોને કે પિસ્તાં વગેરે સુગંધી દ્રવ્યો નાખીને કાઢીને પિવડાવ્યું હતું.' કૃષ્ણ બોલ્યા : 'હાં બસ, આ જ કારણ છે.' તો રુક્મિણીજી કહે - મહારાજ! શું વાત કરો છો, દૂધ પિવડાવ્યું એ કારણ બની ગયું? કૃષ્ણ કહે છે - હાં, દૂધ કંઈક વધારે પડતું ગરમ હતું. રુક્મિણી બોલ્યાં - મહારાજ! દૂધ વધારે ગરમ હતું તો તેમાં તમારા ચરણોમાં ફોલ્લા ક્યાંથી પડ્યા? કૃષ્ણ બોલ્યા : મારાં ચરણ છે ને, તે સદાય રાધાજીના હૃદયમાં વાસ કરે છે અને તેમનાં ચરણ મારા હૃદયમાં વસેલાં છે. એટલે તે દૂધ જે ગરમ હતું તે મારાં ચરણો ઉપર પડ્યું, જેથી ફોલ્લા ઊઠી આવ્યા છે. હવે આ જાણીને રુક્મિણીજી ઘણો પસ્તાવો કરવા લાગ્યાં, હે મહારાજ! અમે તો આવું નહોતાં જાણતાં. આ અમારી ભયંકર ભૂલ કહેવાય, અમારો મોટો અપરાધ છે. તમારામાં રાધાજીનો એટલો બધો પ્રેમ છે કે આપનાં ચરણોને પોતાના હૃદયમાં રાખે છે? કૃષ્ણ બોલ્યા - હા, તેઓ મારાં ચરણો તેના હૃદયમાં પ્રત્યેક પળે રાખે છે.

એક દિવસની વાત છે. સૌ સખીઓ ભગવાનનાં ગુણ અને સ્વભાવ વિષે ચર્ચા કરી રહ્યાં હતાં, એક સખીને બારણા ઉપર બેસાડી દીધી અને કહી દીધું કે બહારથી કોઈને અંદર આવવા દેવું નહીં. જો ખુદ ભગવાન પણ આવે તો તેમને પણ રોકી દેવા. અંદર રાધારાણી બેઠાં છે, બીજી સખીઓ પણ બેઠેલી છે. અંદર અંદર વાતો ચાલે છે. એમાં પ્રેમ વિષેની ચર્ચા આવી કે ભગવાનનો પ્રેમ સૌથી વધારે કોની સાથે છે? બધીઓએ મળીને નક્કી કર્યું કે સૌથી વિશેષ પ્રેમ તો રાધિકાજી સાથે છે. એક જણી કહેવા લાગી કે મને ભલા શું થયું છે કે એવો રોગ લાગુ પડ્યો છે કે હું તેને ભૂલવા મથું છું પણ ભૂલી શકતી નથી.

મારા ઉપર કોઈએ જાદુ કર્યો હોય તેમ લાગે છે. રાત અને દિવસ હું પાગલની જેમ ભમ્યા કરું છું. મારું આ ગાંડપણ દૂર કેવી રીતે થાય? જોઉં છું કે ભગવાનના મળ્યા સિવાય એનો બીજો કોઈ ઇલાજ નથી. કોઈ બોલી કૃષ્ણ આટલા બધા કાળા શાથી છે? તેના જવાબમાં એક સખી કહે છે - આપણે લોકો આંખોમાં કાજળ નાખીએ છીએ અને કૃષ્ણ અમારી આંખોમાં વસે છે તેથી અમારા કાજળને લીધે તેઓ કાળા થઈ ગયા છે.

એક સખી બોલી : હે સખી! હું તેમને ક્યારેય ભૂલી શકતી નથી. તેઓ રાત દિવસ બસ મારા હૃદયમાં વસે છે, તો એવું તો નહીં બની જાય ને કે હું કૃષ્ણ કૃષ્ણ યાદ કર્યા કરું છું તેથી કૃષ્ણમય બની જાઉં? તો બીજી સખી કહેવા લાગી : બની જઈશ તો શું મોટું નુકસાન થઈ જવાનું છે. તું રાત અને દિવસ શ્રીકૃષ્ણની યાદ લાવ્યા કરે છે અને શ્રીકૃષ્ણ પણ રાત દિવસ તને યાદ કરે છે કારણ કે તેમનો તો આ નિયમ છે કે : **ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्।** (ગીતા ૪/૧૧)

'જેઓ જે રીતે મને ભજે છે, હું પણ તેને તે રીતે ભજું છું' જ્યારે તું કૃષ્ણ બની જઈશ તો તેઓ ગોપી બની જશે. આમ તમારું દાંપત્ય પ્રેમવાળું હેત તો કાયમ રહેશે ને? એથી તે માટે તમારે કોઈ પણ જાતની ચિંતા કરવી ન જોઈએ. આ રીતે કોઈ કંઈ, કોઈ કંઈ વાત કરી રહે છે. એટલામાં ત્યાં દરવાજા ઉપર ભગવાન આવીને ઊભા રહી ગયા. તેમને સખીએ એમ કહીને રોકી રાખ્યા કે રાધા રાણીનો આદેશ છે કે અંદર કોઈ ન આવે. કૃષ્ણએ એમ કહ્યું - 'તો જાઓ અને રજા લઈ આવો, કહો કે કૃષ્ણ આવ્યા છે.' તે બોલી સારું, આપ અહીં જ રોકાજો, પૂછીને હું આવું છું. પ્રભુ ત્યાં જ રોકાઈ ગયા અને તે પૂછવા ગઈ તો સખીઓ બોલી - 'હમણાં નહીં, હમણાં તો અમારી રહસ્યની વાતો

ચાલી રહી છે. જો તેઓ આવી જશે તો તે બધું બંધ થઈ જશે. જઈને કહી દો હજી થોડીક વાર ત્યાં ઠહરો. ગોપીએ આવીને વિનય સાથે કહ્યું - હજી રાધા રાનીની આજ્ઞા નથી. તેઓ કહે છે થોડીક વાર ત્યાં જ પ્રતીક્ષા કરો કેમ કે અહીંયાં પરસ્પરમાં જે રહસ્યની વાતો થઈ રહી છે તે બધી આપના આવવાથી બંધ થઈ જશે. શ્રીકૃષ્ણ બોલ્યાં : 'બંધ કેમ થઈ જશે?' ત્યારે બોલી : આપના ગુણોની વાતો, આપના પ્રભાવની વાતો, આપના વિષેની વાતો, આપની રૂબરૂમાં કરવાથી શરમ ઊપજે છે. મનમાં સંકોચ થાય છે. ભગવાન બોલ્યા - સંકોચ તો નહીં કરવો જોઈએ. જ્યાં પ્રેમ હોય ત્યાં સંકોચ કરવો ન જોઈએ.

સખીએ જઈને કહ્યું કે તેઓ તો એમ કહે છે કે 'જ્યાં પ્રેમ હોય ત્યાં સંકોચ ન કરવો જોઈએ. અમારા આગળ કરે તો પણ શું આપત્તિ છે. પ્રેમમાં સંકોચ, ભય, માન, પ્રતિષ્ઠા તે બધાં રહેતાં જ નથી, તો પછી તમારામાં આવ્યાં ક્યાંથી?' તો પછી ફરીથી તે તો પાછી ગઈ અને ત્યાંથી એવો હુકમ લઈ આવી કે 'નહીં, હમણાં ત્યાં જ રહો અને થોડી પ્રતીક્ષા કરો.' તો ભગવાને એમ કહીને પ્રત્યુત્તર આપ્યો કે હવે અમારાથી વધારે પ્રતીક્ષા થઈ શકશે નહીં, પછી તો ભગવાન એક રીતે કહીએ તો અંદર આવી ગયા. તેમને જઈને સૌ ગોપીઓ મુગ્ધ બની ગઈ અને ભગવાન કહેવા લાગ્યા કે મારા આવવાથી શું તમને લાજ આવે છે? શરમ ઊપજે છે? ભય ઊપજે છે? ત્યારે તેઓ કહેવા લાગી 'નહીં તો', ભગવાને પૂછ્યું : 'મને તો એમ જણાવવામાં આવ્યું હતું. ત્યારે રાણીઓ કહેવા લાગી 'તે તો વિનોદની વાત હતી.' કૃષ્ણ બોલ્યા : 'તો પછી તમે અમારી સમક્ષ કેમ નથી કરતા?' 'જે વાત કહેવી હોય તે અમારી સામે જ કરો ને!' તેઓ બોલી : 'ઘણી બધી વાતો તો અમે તમારી રૂબરૂમાં જ કરતી હોઈએ છીએ, ક્યારેક કોઈ વાત એવી પણ હોય છે કે તમારી ગેરહાજરીમાં અમને વધારે આનંદ આપતી હોય

છે. કૃષ્ણ - એવી ભલા કઈ વાત છે?... એ વાત છે કે જેથી આપના ઉપર દોષ ઓઢાડવામાં આવે છે.'

કૃષ્ણ બોલ્યા : 'તો પછી તમને ભય થવાનું શું કારણ? દોષ આપો તો અમારી રૂબરૂમાં જ આપો. અમે દોષ વિષે સાંભળીને નારાજ નહીં થઈશું. તેઓ કહેવા લાગી : 'હે મહારાજ! અમે આપના ઉપર એવો દોષ લગાડીએ છીએ કે આપનામાં દયાનો છાંટોય નથી, એક રીતે અમે કહીએ કે આપ અમને સદાય તડપાવતા રહો છો. ભલેને અમે તડપતાં મરી જતાં કેમ નથી, પરંતુ તોય આપને દયા નથી આવતી. તડપાવવામાં આપને શું મજા આવે છે? આ વાત અમે સમજી શકતાં નથી. અને તેથી જ્યારે જ્યારે પણ અમે આપની નિંદા કરવા બેસી જઈએ ત્યારે આપને બહાર જ રોકી દઈએ કૃષ્ણ બોલ્યા, ના ના, મારી નિંદા તમે મારી રૂબરૂમાં જ કરો. અમે નારાજ નહીં થઈએ. એ માટે તમારે કોઈ પણ જાતનો ભય ન લગાડવો, કે ન લગાડવો સંકોચ. સંકોચ તો તમારે લાવવો જ ન જોઈએ. સંકોચ શાને માટે? તે કહેવા લાગી - અમે જ્યારે પણ આપના ગુણો વિષેની ચર્ચા કરીએ છીએ તો તમારી રૂબરૂમાં કહેતા થોડો સંકોચ થાય છે પાછળ ચર્ચા કરવામાં તેવો સંકોચ નથી થતો.

ત્યારે કૃષ્ણ બોલ્યા : પ્રત્યક્ષમાં સંકોચ થાય છે તે જ પ્રેમની ખામી છે. સંકોચ થવો જ ન જોઈએ. જ્યાં પ્રેમ છે, ત્યાં આદર, સત્કાર, ભય અને સંકોચ - એ બધાં જ તેમાં રહેલાં કલંક છે. જ્યાં આપણો વિશુદ્ધ પ્રેમ હોય, અનન્ય પ્રેમ હોય, ત્યાં એ બધું થવું જ ન જોઈએ. પ્રેમનાં તત્ત્વ, રહસ્યને જે સ્ત્રી બરાબર સમજી લે છે અથવા પુરુષ જાણી લે છે ત્યાંથી ભય અને સંકોચ, આદર તથા સત્કાર વિદાય લઈ લે છે. જ્યારે સાધક પોતે બધા જ ભાવોથી ઉપર આવે છે ત્યાં પછી આ બધું આવતું જ નથી. બધા ભાવો એટલે શું? જેમ કે માધુર્ય ભાવ છે, દાસ ભાવ છે, સખ્ય ભાવ છે, વાત્સલ્ય ભાવ છે, શાન્ત ભાવ છે. માધુર્ય

ભાવના પણ બે પ્રકાર છે, એક સ્વકીય મને બીજો પરકીય. પોતાની જે ધર્મ-પત્ની છે તેનો જે માધુર્ય પ્રેમ છે તે સ્વકીય છે અને જે સ્ત્રી બીજાની છે અને ત્યાં જે માધુર્ય પ્રેમ છે તે પરકીય છે. તેમાં ફેર શો છે? તેમાં એ ફેર છે કે પોતાની સ્ત્રીના હૃદયમાં કામ ઉદ્દીપન થઈ જાય, અથવા પુરુષના હૃદયમાં કામ ઉદ્દીપન થઈ જાય તો તેમાં કોઈ જ દોષ જોવામાં આવતો નથી, આમાં દોષ એટલા માટે નથી ગણ્યો કે તે પોતાની ધર્મ-પત્ની છે. તેની સાથે સહવાસ કરવામાં કોઈ દોષ નથી, પરંતુ જો સ્ત્રી બીજાની છે અને તેના હૃદયમાં જો મધુર પ્રેમ છે, આવા વિશુદ્ધ પ્રેમમાં જો કામવાસના જાગે તો આ કામવાસના કલંક રૂપ જાણવી. સહવાસની તો વાત જ દૂર રહી, ત્યાં કામવાસના જાગવી એને જ કલંક ગણવામાં આવ્યું છે. આમ જ્યાં પ્રેમ હોય છે ત્યાં કોઈ પણ દોષ રહેતો નથી. એ બધાંનો તો વિશુદ્ધ પ્રેમ હતો, પરંતુ જો તેમનામાં સંકોચ, ભય, આદર, સત્કાર આવે, જેમ કે વાત્સલ્ય ભાવ છે, સખ્યભાવ છે, દાસ્યભાવ છે, જેવી રીતે કોઈ સખી કે જે દાસી હતી, તે દાસભાવ રાખતી હતી, આમ તેના મનમાં સ્વામીનો ભય થઈ જાય, સંકોચ પણ થાય. આવી જ રીતે સખ્યભાવનું પણ જાણવું. તેમાં પણ કંઈ ને કંઈ શરમ રહે છે. હવે બધા જ ભાવોથી જ્યારે ઉપર ઊઠાય છે ત્યારે ત્યાં દોષ રહેતો નથી. સાથે ઘણા બધા ભાવ રહેતા હોય છે, જ્યારે ભાવોથી તે ઉપર ઊઠે છે ત્યારે તેના બધા જ ભાવ તેના અંતર્ગત થઈને તે ભાવોને લીધે જે કંઈ ઓછપ લાગે છે તે આગળ જતાં વિલીન થઈ જાય છે. દાસ ભાવ ઘણો જ ઊંચો છે. એ રીતે જ સખ્યભાવને પણ ઊંચો ગણવામાં આવ્યો છે. હનુમાનજીને રામચંદ્રજીમાં જે ભાવ હતો તે દાસ્યભાવ હતો, પરંતુ અર્જુનને જે ભાવ શ્રીકૃષ્ણમાં હતો તે દાસ્ય ભાવ તો હતો જ પણ સાથોસાથ સખ્યભાવ પણ હતો. ભગવાને પોતે જ આ વાત કરી છે. **'भक्तोऽसि मे सखा चेति ॥'** અર્જુને પણ શ્રીકૃષ્ણને કહ્યું છે કે મેં

આપને મારા સખા જેવા ગણીને આપની સાથે આસન ઉપર, શય્યા ઉપર અને આપની સાથે કંઈ જે પ્રકારનો વ્યવહાર કર્યો છે, તિરસ્કાર પણ કર્યો હોય તો તેના માટે હું ક્ષમા પ્રાર્થુ છું. આમ આ પણ એક રીતે કહીએ તો અર્જુનના માટે ઉચ્ચ ભાવ નથી. ઉદ્ધવજીનો ભાવ દાસ્ય ભાવ પણ હતો અને સખ્ય ભાવ પણ. જેટલા પણ ગોપ-ગોવાળો હતા તે બધામાં સખ્યભાવ હતો અને ગોપીઓ જે હતી તે બધી તેમની સખીઓ હતી. તેમનામાં સખ્યભાવ પણ હતો અને ઘણામાં માધુર્ય પ્રેમ પણ હતો. અને શ્રીરાધાજી તો એ બધા ભાવોથી ઉપર ઊઠેલી હતી. તેનામાં બધા જ ભાવોનો સમાવેશ હતો. તે પોતે બધા જ ભાવોથી અતીત હતી. આમ આ રીતે આપણે લોકોએ પણ ભગવાનની સાથે ગોપીઓના ભાવો પ્રમાણેનો પ્રેમ કરવો જોઈએ. એમ ન ગણવું જોઈએ કે સખીઓનો પ્રેમ છે તે સ્ત્રીઓનો જ હોઈ શકે, પુરુષોનો નહીં, એવું નથી; કારણ કે તે તો ભાવ છે, ભાવ તો બધાંનો હોઈ શકે છે. પુરુષ સખા બનીને રહે છે, તો સ્ત્રી સખી બનીને રહે છે. પુરુષ દાસ બનીને રહે છે તો સ્ત્રી દાસી બનીને રહે છે. પુરુષ પિતા બનીને રહે છે તો સ્ત્રી માતા બનીને રહે છે. માતાનો પણ વાત્સલ્ય ભાવ છે તો પિતાનો પણ વાત્સલ્ય ભાવ છે.

શાંત ભાવ છે, તે સાધન કાલમાં દ્વૈતભાવ અને તેનું ફળ નિર્ગુણ - નિરાકાર બ્રહ્મમાં પર્યવસાન એટલે કે સમાપ્તિ. સાધન-કાળે તો દ્વૈત અને ફળમાં સચ્ચિદાનંદ પરમાત્માની (એટલે કે અદ્વૈતની) પ્રાપ્તિ. નિર્ગુણ - નિરાકાર બ્રહ્મમાં જે ભાવ છે તે શાંતભાવ છે સગુણની ભક્તિ કરતાં કરતાં પણ જે ઇચ્છા તે ભાવની છે તેનો ભાવ પણ શાંતભાવ છે, તો પુરુષ પણ પ્રત્યેક ભાવથી ભગવાનથી પ્રેમ રાખી શકે છે; અને સ્ત્રીઓ પણ રાખી શકે છે. આમ આપણો ભગવાનમાં અતૂટ પવિત્ર ભાવ રહેવો જોઈએ અને અનન્ય પ્રેમ, વિશુદ્ધ પ્રેમ હોવો જરૂરી છે.

તેનું જે ફળ છે તે તો સાક્ષાત્ પરમાત્માની પ્રાપ્તિ છે અને ભગવાનની પ્રાપ્તિરૂપ ફળને પણ ના ઈચ્છે. ભગવાન તો મનાઈ કરવા છતાં પણ ત્યાં આવી જ પહોંચશે. મળવાની ઈચ્છા ન રાખીએ તો ભગવાન વિશેષ જલ્દીથી આવે છે અને તેથી તેને સૌથી વધારે ઉચ્ચ કોટિનો ભાવ ગણવો. જોકે તેમાં પણ છૂપાઈને રહેલી કામના હોય છે, મળવાની ઈચ્છા ના સેવી - મળવાના ઉદેશથી તો ભગવાન જલદીથી આવશે. આમ ભગવાનને જલદીથી મળવાની ઈચ્છા ન સેવવી જોઈએ. એના કરતાં પણ ઉચ્ચ ભાવ તો આ છે કે જેમકે ભગવાન મને તરસાવે છે, એમ જ હું પણ ભગવાનને તરસાવું. જો તેમને મારી ગરજ નથી તો મને પણ તેમની ગરજ નથી. ગરજ તો છે જ પણ કહેવાનું એમ છે કે મને ગરજ નથી. આ તો વિનોદ માત્ર છે. આમ ભગવાનને તરસાવાનું ઔર ભી મહત્ત્વની વાત છે. પોતાની ધર્મપત્નીની સાથે પતિનો પ્રેમ હોય અને ધર્મપત્ની પણ તે વાતને બરાબર સમજે છે કે મારા વગર મારા પતિદેવ રહી શકવાના નથી અને તેથી મનમાં ભરપૂર ઈચ્છા હોવા છતાં પણ બહારથી તો તેમને તરસાવવાનો ડોળ કરતી હોય છે. જો આ વિદ્યાને આપણે બરાબર જાણી-સમજી લઈએ તો પછી ભગવાનને બોલાવવાની જરૂર નહીં રહેશે; તે પોતે જ આવીને ખુશામત કરશે. પ્રેમનું તત્ત્વ જેટલું ઈશ્વર જાણે છે એટલું આપણે નથી જાણતા હોતા. સાધક પોતે પ્રેમનું તત્ત્વ એટલું નથી જાણતો, જેટલું સાધ્ય જાણે છે. જે સાધક છે તે પ્રેમી છે અને સાધ્ય જે છે તે પ્રેમાસ્પદ છે. આમ પ્રેમાસ્પદ ભગવાન પ્રેમનાં તત્ત્વોને જેટલાં જાણે છે તેટલાં તેના ભક્તો જાણતા હોતા નથી. આમ આ રહસ્યને જે સમજી લે છે તે એક રીતે ભગવાન પાસે ખુશામત કરાવે છે અને ભગવાન જે ખુશામત કરે છે, તેમાં તો એક રીતે ભગવાનને ખુદને પણ મજા પડે છે; અને ખુશામત કરાવનારાને પણ મજા પડે છે. પ્રેમનો માર્ગ આવો જ છે. પ્રેમના માર્ગે

જ્યાં વિશુદ્ધ પ્રેમ થાય છે ત્યાં કોઈ નાનું કે મોટું છે જ નહીં, એટલે કે ત્યાં એકબીજાથી કોઈ શરમ કે સંકોચ પણ નથી અને તેથી ત્યાં આદર કે સત્કાર પણ નથી. જ્યાં નાના મોટાનો ભેદ છે, આદર સત્કાર હોય છે ત્યાં તો આ આદર સત્કારને પ્રેમમાં રહેલું કલંક ગણવામાં આવે છે. પ્રેમીનો ઉદ્દેશ્ય તો આવો છે કે અમે ભગવાનને આહ્લાદિત કરતા રહીએ; ભગવાનને અમે અમારા ચરિત્રથી મુગ્ધ કરતા રહીએ અને પ્રભુનો ઉદ્દેશ્ય પણ એવો જ રહે છે કે તેઓ ભક્તને આહ્લાદિત કરતા રહે. પ્રભુની બધી લીલાઓ ભક્તને માટે જ હોય છે અને ભક્તની બધી જ ક્રિયાઓ - પ્રયત્નો પ્રભુને ખુશ કરવાને માટે હોય છે, પોતાને માટે હોતી નથી. ભગવાનની દૃષ્ટિએ જે ભગવાનનો ભક્ત છે તે પ્રેમાસ્પદ છે અને ભગવાન પ્રેમી તથા ભક્તની દૃષ્ટિએ ભક્ત પ્રેમી અને ભઘવાન પ્રેમાસ્પદ છે. બેયનો બેયના માટેનો અતૂટ સંબંધ છે. પ્રેમી, પ્રેમ અને પ્રેમાસ્પદ એમ ત્રણ છે, પરંતુ વસ્તુથી તો એક જ છે. જેવી રીતે જ્ઞાનના માર્ગે તો એક બ્રહ્મ જ છે. બીજી કોઈ જ ચીજ નથી; એવી રીતે પ્રેમના માર્ગે એક પ્રેમ જ છે, બીજી કોઈ વસ્તુ નથી. અહીં જે પ્રેમ, પ્રેમાસ્પદ અને પ્રેમી છે, એ ત્રણેય ચેતન છે. સાધન-કાળમાં જે પ્રેમ હોય છે તે જડ હોય છે. આ જે પ્રેમ છે તે ચેતન છે, પરમાત્માની પ્રાપ્તિ પછીની જે પ્રેમની અવસ્થા છે એ ત્રણેયની એક જ અવસ્થા છે. ત્રણેય ચેતન છે અને સાધના કાળનો જે પ્રેમ છે તે અસલી પ્રેમનું પ્રતિબિંબ છે. જેવી રીતે સાચો ચંદ્રમા - જે અસલ છે તે બિંબ છે અને તેની જે છાયા છે - જે ટપકું પડે છે તે પ્રતિબિંબ છે. આમ જે સંસારમાં સ્ત્રી-પુરુષનો પરસ્પરનો પ્રેમ ભાવ છે તે તો પ્રેમ જ નથી, કામ માત્ર છે, મોહ છે, પરંતુ ભગવાન વિષેનો જે પ્રેમ છે તે પ્રેમ તે મૂળ - અસલી પ્રેમનું પ્રતિબિંબ માત્ર છે. જ્ઞાની મહાત્માઓના હૃદયમાં નિર્ગુણ-નિરાકાર બ્રહ્મનું સ્વરૂપ પ્રતિબિંબ જ આવતું હોય છે. તે તો ધારણ

કરી શકે નહીં વળી અન્ત:કરણ બુદ્ધિ છે તે અલ્પ છે. તે બુદ્ધિના અંતર્ગત તે નિર્ગુણ નિરાકાર બ્રહ્મ આવી જ કેવી રીતે શકે? આ જ પ્રમાણે સાધન કાળે સાધકના હૃદયમાં અનંત, અનન્ય અને અસીમ પ્રેમ સમાઈ જ કેવી રીતે શકે તો પણ એક રીતે કહીએ તો ભગવાનના હૃદયમાં જે વસે છે, ભગવાન તેના હૃદયમાં જરૂર વાસ કરે છે.

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते।

(ગીતા ૭/૧૭)

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रिय:।

(ગીતા ૯/૨૯)

ચાર પ્રકારના જે ભક્તોનું વર્ણન ગીતાના સાતમાં અધ્યાયમાં ૧૬મા શ્લોકમાં કર્યું છે તે આર્ત, અર્થાર્થી, જિજ્ઞાસુ તથા જ્ઞાની, એ ચારેયની વચ્ચે જે જ્ઞાની, નિષ્કામી ભક્ત છે, અનન્ય ભક્તિથી યુક્ત છે તે બધામાં શ્રેષ્ઠ છે. હું આ જ્ઞાનીને અતિશય વહાલો છું; અને તેથી જ્ઞાની મને અતિશય વહાલો છે. **'ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम्'** એટલે કે હું બધા જ ભૂતોમાં સમભાવે રહેલો છું, પરંતુ મને જે પ્રેમ પૂર્વક ભજે છે તેના હૃદયમાં હું અને મારા હૃદયમાં તે સદાય વસેલાં છે. ભગવાન પોતાના ભક્તોના હૃદયમાં નિત્ય વાસ કરે છે અને પ્રેમીઓ ભગવાનના હૃદયમાં વાસ કરે છે. ભગવાનની જે પણ બધી ચેષ્ટાઓ છે તે બધી જ ભક્તને માટે છે અને ભક્તની બધી ચેષ્ટાઓ ભગવાનને ખુશ કરવાને માટે છે. આમ એક રીતે કહીએ તો તે બેય લીલા જ છે, તે ભગવાનની લીલા છે અને તે ભક્તની લીલા છે.

અનન્ય વિશુદ્ધ પ્રેમ

ભગવાનના પ્રેમનો વિષય ઘણો જ ગહન છે, ઘણો જ રહસ્યવાળો છે, તેના વિષે કંઈ પણ કહેવું ઘણું અઘરું છે. ખરેખર તો એ વાણીનો વિષય જ નથી. પ્રેમ જે છે તે તો હૃદયની ચીજ છે. જેના હૃદયમાં પ્રેમની જાગૃતિ છે તે જ એ વાતને સમજે છે કે પ્રેમ શું ચીજ છે, તો પણ સમજાવવાને ખાતર લૌકિક દૃષ્ટાંત આપીને સમજાવી શકાય છે, પણ ખરેખર તો સમજાવી શકાતું નથી. તુલસીદાસજીએ કહ્યું છે કે શ્રીરામચંદ્રજી અને ભરતજીના મિલન વખતનો જે પ્રેમ છે તે કવિની વાણીનો વિષય નથી. કવિ તેને વાણી દ્વારા વર્ણવી ન શકે. જે રીતે ઘેટાની તાંતમાંથી સુરાગ ન નીકળી શકે, એ જ રીતે કવિની જે વાણી છે તે ભગવાન રામ અને ભરતના પ્રેમને વર્ણવી જ ન શકે. એમ કહેવામાં આવ્યું છે કે જેમ દુનિયાના લોકોને સ્વાદનો આનંદ પ્રાપ્ત થાય છે, પણ એ સ્વાદનો આનંદ માણનારો વાણી દ્વારા એ સ્વાદને વર્ણવી શકવા સમર્થ નથી હોતો; આ જ રીતે જે પ્રેમ છે તેનું વર્ણન કરી શકાતું નથી. નારદજી કહે છે કે પ્રેમ જે છે તેમાં રોજ વધારો જ થતો રહેતો હોય છે પાછળ નથી જતો હોતો. જે પ્રેમીજન છે, ભગવત પ્રેમી છે, તે પણ એક રીતે કહીશું તે પ્રેમના વિષયનું વર્ણન વાણી દ્વારા નથી કરી શકે. મારા જેવો સાધારણ માણસે પ્રેમને કેવી રીતે બતાવી શકે? તો પણ જે આ પ્રેમની ચર્ચા છે તે કરવી એ સારી વાત છે. આ વાતને લઈને આપણે અહીં કંઈક કહીએ. પ્રેમ તો જ્યાં પોતાપણું હોય

છે, મમતા હોય છે, ત્યાં જ હોય છે. જેમાં આત્મીય ભાવ હોય છે, કે 'આ મારું છે' ત્યાં જ પ્રેમ રહે છે. આમ પ્રેમને માટે ભગવાનના સરખું તો બીજું કોઈ જ નથી; કે જેથી પ્રેમ કરવો જોઈએ. પ્રભુ તો પરમ હિત કરનાર છે, હિતૈષી છે. તેના જેવો બીજો કોઈ હિતેચ્છુ છે જ નહીં. તુલસીકૃત રામાયણમાં બતાવવામાં આવ્યું છે કે :

उमा राम सम हित जग माहीं। गुरु पितु मातु बंधु कोउ नाहीं॥

(કિષ્કિંધા૦ ૧૧/૧)

આવું ભગવાન શિવજીનું વચન છે. શિવજી પાર્વતીજીને કહે છે કે હે ઉમા! રામના જેવી હિતેચ્છુ, હિત કરવાવાળી જગતમાં બીજી કોઈ વ્યક્તિ નથી. માતા-પિતા, ગુરુ, બંધુ કોઈ પણ એવા નથી કે જેઓ સ્વાર્થથી પર હોય! પરમાત્માની પ્રાપ્તિવાળા પુરુષને છોડી દઈએ તો બીજા બધા જ પોતાના સ્વાર્થ વગરની કોઈ જ વાત કરતા હોતા નથી. વાત વાતમાં પોતાના સ્વાર્થ તરફ લક્ષ્ય રાખે છે. જેમ ગીધ પક્ષીની દૃષ્ટિ એક માત્ર માંસ તરફ જ જતી હોય છે એ જ રીતે સ્વાર્થી માણસોની દૃષ્ટિ પોતાના સ્વાર્થની સિદ્ધિ અર્થે જ દોડતી રહેતી હોય છે. કોઈ પણ જાતનું કામ કરતા હોય છે ત્યારે પહેલાં તેમને એ જ વિચાર આવી જાય છે કે આમાંથી મને શું મળશે? મને આમાંથી શું ફાયદો થશે? કોઈ સમાજના કે દુનિયાના ફાયદા તરફ તો જોતું જ નથી હોતું. પરમાત્માની પ્રાપ્તિવાળા પુરુષને છોડી દઈશું અને પછી જોઈશું તો લાગશે કે બાકીના સૌ કોઈ તો આ જ પ્રમાણેનું જીવન જીવતા હોય છે જ.

सुर नर मुनि सब कै यह रीती। स्वारथ लागि करहिं सब प्रीती॥

(કિષ્કિંધા૦ ૧૧/૨)

સુર કે જેઓ દેવતાઓ છે અને નર જે મનુષ્ય છે, મુનિ જે સાધક છે, ઋષિ-મુનિ લોકો જે વનમાં રહેનારા છે, એ બધાયની રીત આ

જ છે કે પોતાના પ્રયોજનને જોઈને જ પ્રીતિ કરતા હોય છે. એ બધા મુનિઓમાં કોઈ એકાદ, એ સાધકોમાંના કોઈ એકાદ ભગવત્પ્રાપ્ત પુરુષ હોય છે. જ્ઞાની મહાત્મા છે તેની તો વાત જ અલગ છે, તેમના માટે તુલસીદાસજીએ એવી વાત કહી કે તે તો ભગવાનને અનુરૂપ જ છે -

हेतु रहित जग जुग उपकारी। तुम्ह तुम्हार सेवक असुरारी॥

(ઉત્ત૨૦ ૪૬/૫)

તુલસીદાસકૃત રામાયણના ઉત્તરકાંડમાં પ્રજા ભગવાનને એમ કહી રહી છે કે હે અસુરારિ! હે ભગવન્! હેતુ-રહિત, હિત કરવાવાળા એક તો આપ છો કે પછી આપના ભક્તો છે, બાકીના બધા તો સ્વાર્થના જ સગા - સ્વાર્થના જ મિત્રો છે.

स्वारथ मीत सकल जग माहीं। सपनेहुँ प्रभु परमारथ नाहीं॥

(ઉત્ત૨૦ ૪૬/૬)

હેનાથ! સૌ કોઈ પોતાના સ્વાર્થના જ સગા છે, મિત્ર છે. પોતાના સ્વાર્થને લીધે જ મિત્રતા સાધે છે. સ્વાર્થને છોડી દઈને મિત્રતા બાંધવાવાળા તો ફક્ત બેને છોડીને ત્રીજો કોઈ જ નથી. તેમાં પણ ભગવાનના સરખા તો એક માત્ર ભગવાન જ છે. આમ આ વાત સમજીને કે એક ભગવાન જ આપણા સાચા પરમ મિત્ર છે, ભગવાન જ એક માત્ર આપણા છે, અને એના સરખા કોઈ પણ આપણા નથી. આ સ્થિતિમાં હવે આપણે ફક્ત એક ભગવાનને જ પ્રેમ કરવો જોઈએ. અને પ્રભુ આપણા આત્મીય જન છે, કારણ કે ભગવાન સૌના આત્મા છે - **'अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः'** ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહી રહ્યા છે કે હે ગુડાકેશ! બધાં ભૂતોના હૃદયમાં રહેલો એવો હું જ બધાનો આત્મા છું. જેમ કે શરીરનાં માલિક માતા-પિતા છે, કારણ કે શરીર એ માતા-પિતાનો જ અંશ છે, એ જ પ્રમાણે જે

જીવ છે, તે પરમાત્માનો અંશ છે, તો પરમાત્માનો અંશ હોવાથી એક રીતે કહીએ તો તેનું એક અંગ જ બની ગયું ને! આવી પરિસ્થિતિમાં ભગવાનને છોડી બીજાની સાથે પ્રેમ સંબંધ જોડવો એ તો એક રીતે મૂર્ખતા છે. તુલસીદાસજી કહી રહ્યા છે -

ईस्वर अंस जीव अबिनासी। चेतन अमल सहज सुखरासी॥

(ઉત્ત૨૦ - ૧૧૬/૨)

કે જીવ જે છે તે તો ઈશ્વરનો જ અંશ છે, ઈશ્વરના કોઈ ટુકડા હોતા નથી, પરંતુ ટુકડાની જેમ જ એક અંગ સમાન છે. જીવાત્મા જે છે તે ઈશ્વરનો જ એક અંશ છે અને તે અવિનાશી છે, તેનો નાશ કદાપિ નથી થતો, નાશ થાય છે શરીરનો. તેથી શરીર બદલવાની વાતને જ આપણે કહીએ છીએ કે માણસ મૃત્યુ પામ્યો. આત્મા તો નિત્ય છે, તેનો વિનાશ થતો નથી. કારણ કે તે ઈશ્વરનો જ અંશ છે ને! ઈશ્વર જેમ અવિનાશી છે, એવી જ રીતે જીવ પણ અવિનાશી છે, ચેતન છે, જડ નથી. શરીર જે છે તે જડ છે, આત્મા જે છે તે ચેતન છે. ચેતન અને જડની આ જ વાત છે કે જે ચીજ જાણવામાં આવે તે જડ છે, જે જાણનાર છે તે ચેતન છે. આમ જીવાત્મા જાણનાર છે; જાણવામાં આવનારો પદાર્થ નથી. એટલે જ તે ચેતન છે. અને વળી વાસ્તવમાં મલ-રહિત છે, માયાથી રહિત છે, દોષોથી રહિત છે, જીવાત્મા શુદ્ધ-સ્વરૂપ છે. પરંતુ અજ્ઞાનતાને લીધે માયા સાથે પોતાનો નાતો જોડીને દોષી બનેલો છે. વાસ્તવમાં મલરહિત શુદ્ધ છે અને સ્વાભાવિક રીતે જ આનંદની રાશિ છે, સુખની રાશિ છે. એક તો નિમિત્તને લીધે આનંદ થાય છે, પરંતુ તે જે આનંદ છે તે માયિક જ છે. ભલેને સાત્ત્વિક આનંદ જ કેમ ન હોય તે સ્વાભાવિક નથી પરંતુ અહીં કહેવામાં આવ્યું છે કે તે "**सहज सुखरासी**" છે. સહજ જે શબ્દ છે તે એમ બનાવે છે કે તે શુદ્ધ છે વિકારના રૂપમાં નથી. અને સાત્વિક રાજસી, તામસી જે સુખો છે તે

સમજી લો કે વિકારરૂપ છે, કારણ કે આ ગુણ માયાનો છે. સત-રજ-તમ આ ગુણોમાંથી અતીત છે તેનું જે સ્વરૂપ છે, જીવનું જે સ્વરૂપ છે તે ચેતન છે અને આનંદમય છે. ભગવાનનું જે સ્વરૂપ છે તેના અંશનું પણ એવું જ સ્વરૂપ હશેને? એટલે ભગવાનનું જેવું સ્વરૂપ છે તે સત્-ચિત્-આનંદઘન છે, નિર્મળ છે, શુદ્ધ છે. એ જ રીતે જીવાત્માનું સ્વરૂપ પણ તેવું જ છે. એટલા માટે કહેવામાં આવે છે કે તેનો અંશ છે અને એ અંશીની સાથે પ્રેમ કરવો એ જ તેનું કર્તવ્ય છે. એ તો એની મૂર્ખતા જાણવી કે આવા ઈશ્વરને ભૂલી જઈને મિથ્યા એવા સાંસારિક પદાર્થોની સાથે પ્રેમનો નાતો જોડે છે. જો આ વાત સમજણમાં બેસી જાય તો પછી આપણે જાણી સમજીને મૂર્ખ બનીએ શા માટે? કોઈ કોઈને જો મૂર્ખ કહી દે છે તો તેને ખરાબ લાગે છે અને વળી દિવસ ભર એવાં જ કામો કરતો રહે છે કે જેના કારણે તો તેને મૂર્ખ ગણવામાં આવે કારણ એ છે કે આપણા લોકોની બધી જ ક્રિયાઓ ઘણું ખરું તો અજ્ઞાનતાથી ભરેલી જ હોય છે. વિવેકપૂર્ણ હોય જ છે ક્યાં? એટલા જ માટે અજ્ઞાનતા કહો કે મૂર્ખતા કહો, એક જ વાત છે. જો આ અજ્ઞાન ના હોય તો તો પછી આપણી બધી જ ક્રિયાઓ વિવેકપૂર્ણ હોવી જોઈએ ને? ઈશ્વરની તેમજ મહાપુરુષોની જે ક્રિયાઓ હોય છે તે બધી જ વિવેકપૂર્ણ હોય છે, તો આપણે લોકોએ પણ વિચાર કરવો ઘટે છે કે ઈશ્વરને છોડીને બીજા કોઈની પણ સાથે સ્વાર્થને લઈને જો પ્રેમ કરીએ છીએ તો આવો પ્રેમ નીચલા સ્તરનો છે, ઘૃણિત છે. તેનો આદર નથી તો અહીં કે નથી પરલોકમાં. પણ આ વાતને સમજીને સંસારના તમામ વિષય ભોગોથી પ્રેમ હટાવી લઈને કેવળ એક માત્ર પ્રભુની સાથે જ પ્રેમ જોડવો જોઈએ.

એક તો સ્વાભાવિક પ્રેમ હોય છે તેને સહજ પ્રેમ કહેવાય છે તે ઉત્તમ કક્ષાનો ગણાય છે અને આવો ઉત્તમ શ્રેણીનો જ પ્રેમ હોવો

જોઈએ. આમાં બીજી તરફ આપણે વિચારીએ, સ્વાર્થની તરફ આપણે વિચારીએ, ગુણો તરફ વિચારીએ, સુંદરતા વિષે વિચારીએ, પ્રભાવનો ખ્યાલ કરીએ, તો ભગવાન સરખું સંસારમાં બીજું કોઈ જ ગુણી નથી, નથી પ્રભાવશાળી, નથી કોઈ સુંદર. બધી દુનિયાનું જે સૌંદર્ય છે તેને એકઠું કરીએ તો ભગવાન કે જે એક સૌંદર્યના કેન્દ્રબિંદુ સમાન છે તેમની એક કળા પણ નથી થતું. દુનિયાનું બધું જ સૌંદર્ય તેના એક અંશના જેટલું પણ ન બને. એવા શ્યામસુંદર ભગવાન વિષ્ણુને અથવા રામજીને અથવા શ્રીકૃષ્ણને છોડીને સંસારને પ્રેમ કરવો, મોહ કરવો એ તો મૂર્ખતા જ છે. ગીતામાં જ્ઞાન પ્રાપ્તિના સાધનોમાં ભગવાને કહ્યું છે :

मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥

(ગીતા ૧૩/૧૦)

હે અર્જુન! મારામાં એટલે કે પરમાત્મામાં અનન્ય યોગ દ્વારા અવ્યભિચારિણી ભક્તિ જ્ઞાનનો ઘણો ઉત્તમ સાધન છે. અવ્યભિચારિણી ભક્તિ - જેમાં વ્યભિચાર દોષ ના હોય. ભક્તિમાં વ્યભિચાર દોષ શું? ભક્તિ એટલે પ્રેમ, વિશુદ્ધ પ્રેમ; અવ્યભિચારિણી ભક્તિ - જેનામાં કોઈ જ દોષ ન હોય, દોષ એટલે કામનાનો દોષ, કોઈ પણ પ્રકારની કામના ના હોય. એ જ એક પ્રકારનું મેલપણું છે. નિષ્કામ ભક્તિ અને અનન્ય ભક્તિ શું? ભગવાનને છોડીને બીજા કશામાં પણ પ્રેમ ન હોય. કોઈમાં પણ ભક્તિ ન હોય. બીજા કોઈને માટે ના હોય, એવી મારામાં પરમાત્મામા અનન્ય ભક્તિ હોય. તેમજ વિશુદ્ધ ભક્તિ હોય તથા એકાન્ત જગ્યાનું સેવન હોય, જનસમૂહમાં "**अरति**" હોય. અરતિ એટલે કે પ્રીતિનો, પ્રેમનો અભાવ. એનો એ અર્થ થયો કે મને પરમાત્માને છોડીને બીજા કશામાંય પ્રીતિનો અભાવ. આ વાતનો ખુલાસો કરીને આ વાત બતાવી. એવી ભક્તિ ભગવાનમાં હોવી જોઈએ. અને વિચાર કરવો જોઈએ થોડો

ઊંડેથી. આ વાત જો બરાબર સમજણમાં આવી જાય તો ભગવાનમાં પૂરો પ્રેમ, પૂરો પ્રેમ - જ નહીં પણ વિશુદ્ધ પ્રેમ, પરમ પ્રેમ, અનન્ય પ્રેમ, પૂર્ણ પ્રેમ - જે શબ્દોથી આપ સમજી શકો તેવી રીતે શીઘ્ર જ થઈ શકે છે. એક ક્ષણ પણ ભગવાનને છોડીને આપણે બીજી વસ્તુમાં જીવ પરોવી પ્રેમ કરીએ છીએ, તેમાં આપણું જે નુકસાન થાય છે, ખોટ થાય છે - તેનું વર્ણન થઈ જ ન શકે.

ભગવાનમાં આપણો જો અનન્ય પ્રેમ બંધાઈ જશે, તેની કસોટી એવી છે કે પ્રતિપળ, હર વખત આપણને ભગવાનની સ્મૃતિ આવતી રહેશે. આપણને ભગવાનને સ્મરણમાં લાવવાની જરૂર જ નહીં પડે. તે તો લગાતાર આપ મેળે જ આવતી રહેશે. આમ આથી સિદ્ધ થાય છે કે સંસારના પદાર્થોમાં આપણી કંઈ પણ પ્રીતિ છે, એ જ કારણથી આ મન ભગવાનને છોડીને સંસાર તરફ દોડ્યા કરે છે. તેને જો કોઈ પૂછે કે કેમ જાય છે? તો સંસારમાં કોઈ પદાર્થનો જે પ્રભાવ માલૂમ પડે છે તે બધો જ ભગવાનને લીધે જ છે, જે કંઈ વિભૂતિની પ્રતીતિ થાય છે તે પણ ભગવાનને લીધે જ છે. બળ છે, તેજ છે અથવા તો જ્ઞાન છે, જે કંઈ પણ સંસારમાં સારી ચીજ છે તે ભગવાનનો એક અંશમાત્ર છે. ભગવાન ગીતામાં કહે છે :

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसम्भवम्॥

(ગીતા ૧૦/૪૧)

મતલબ કે **'यद्यद्विभूतिमत्सत्त्वम्'** જે જે વિભૂતિવાળી વસ્તુઓ છે તથા જે ૧૦મા અધ્યાયમાં ભગવાને કંઈક સંક્ષેપ અને કંઈક વિસ્તારપૂર્વક વિભૂતિઓ સમજાવી છે તે બધી જ વિભૂતિઓ ભગવાન કહે છે કે મારો જે પ્રભાવ છે, તેજ છે, તેના એક અંશમાત્રનો પ્રાદુર્ભાવ છે. જે જે વિભૂતિવાળી ચીજ છે, કેવળ વિભૂતિવાળી જ નહીં પણ જે

બળવાળી ચીજ છે, કેવળ બળવાળી જ નહીં પણ જે કાન્તિવાળી ચીજ છે, શોભાવાળી ચીજ છે, તે બધી જ જે છે, તે બધી મારું જે તેજ છે, મારો જે પ્રભાવ છે તેનો માત્ર એક અંશ છે. આ એક અંશનો જ બધો પ્રાદુર્ભાવ છે. તમે વિચારો કે સંસારમાં યકિંચિત્ જો પણ પ્રભાવ જોવામાં આવી રહ્યો છે, તે બધો જ ભગવાનને લીધે જ છે. ભગવાનના પ્રભાવની અંતર્ગત જ છે. ભગવાન સરીખું બીજું કોઈ જ પ્રભાવશાળી નથી. વાસ્તવમાં પ્રભુ ગુણાતીત હોવા છતાં પણ બીજા બધા જ ગુણો ભગવાનમાં જ હોવાને લીધે આ ગુણોના સમૂહરૂપ બધો જ સંસાર ભગવાનના એક અંશમાં છે -

अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत्॥

(ગીતા ૧૦/૪૨)

મતલબ કે, ભગવાન એમ કહે છે - હે અર્જુન તમારે વધારે જાણવાનું શું પ્રયોજન છે? આ સંપૂર્ણ જગતને હું મારા એક અંશમાં ધારણ કરીને સ્થિત છું. એટલે કે આ સમસ્ત બ્રહ્માંડ મારા એક અંશમાં છે તો મારાથી બહાર રહ્યું શું? કોઈ પણ ચીજ બાકી નથી બચી અને વળી ભગવાનથી વિશેષ કોઈ પ્રભાવશાળી પણ નથી. ભગવાનથી વિશેષ કોઈ ગુણી નથી, કોઈ શોભાવાળું સુંદર પણ નહીં. તો આપણે સંસાર તરફ શા માટે જોઈએ છીએ? સંસારની ચમકધમક અને ઝળહળાટ જોઈને શા માટે આપણે ત્યાં દોડી રહ્યા છીએ? આ બધી જ આપણી મૂર્ખામી છે, અણસમજ છે. જો આટલી વાત આપણે સમજી લઈએ તો ભગવાનમાં અનન્ય અને વિશુદ્ધ પ્રેમ થઈ જાય. અને જો અનન્ય વિશુદ્ધ પ્રેમ થઈ જશે તો તો પછી ભગવાન સિવાય તે બીજા કોઈ પણ ચીજ વિષે ચિંતન જ શા માટે કરશે? અને ભગવાનનું જે અનન્ય ચિંતન છે તેનાથી પ્રભુની પ્રાપ્તિ આપ મેળે જ. સહજતાથી થઈ જાય, સહજ

પણે થઈ જાય, વિલંબનું કામ નથી.

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः॥

(ગીતા ૮/૧૪)

"अनन्यचेतताः सततं यो मां स्मरति नित्यशः" એનો અર્થ એ થયો કે અનન્યચિત્ત થયેલો પુરુષ જે નિત્ય-નિરંતર પણે મારા સ્વરૂપનું સ્મરણ કરે છે, એટલે કે મારું ચિંતન કરે છે, તે નિત્યયુક્ત ભક્ત યોગીને માટે હું સુલભ છું. કશા જ પરિશ્રમની જરૂર નથી. કેટલી બધી ઊંચાઈવાળી આ વાત કહેવાઈ છે. ભગવાન કહી રહ્યા છે કે, જે મને પોતાના હૃદયમાં વસાવીને રાખે છે તેને હું મારા હૃદયમાં વસાવીને રાખું છું.

કાલે રાત્રે આપને મેં એક વાર્તા કહી હતી ભગવાને આ વાર્તા રુક્મિણીજીને કરી હતી. રાધા તો મારા હૃદયમાં વસેલી છે અને હું રાધિકાજીના હૃદયમાં વસેલો છું. આ વાતને સમજાવવા એક નામ આપી દીધું, પરંતુ તેનું હૃદય ઘણું જ વિશાળ છે. કોઈ ભક્ત ભગવાનનું ધ્યાન ધરે છે તો જરૂર ભગવાન પણ તેનું ધ્યાન ધરે છે, ભગવાનનો આ વાયદો છે, પ્રતિજ્ઞા છે કે -

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्।

(ગીતા ૪/૧૧)

જેઓ જે જે રીતે મને ભજે છે, હું પણ તેમને તે તે રીતે ભજું છું, બીજી રીતે નહીં. હૃદયમાં યાદ રાખવા જેવી વાત ભગવાન પોતે જ ગીતામાં કહે છે -

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम्॥

(ગીતા ૯/૨૯)

ભગવાન કહી રહ્યા છે કે હું બધામાં સમાનભાવે વસેલો છું, પરંતુ જેઓ પ્રેમપૂર્વક મને ભજે છે, તેમના હૃદયમાં હું છું અને તેઓ મારા હૃદયમાં છે. હું તેમના હૃદયમાં અને તેઓ મારા હૃદયમાં. જેટલા પ્રકારના મારા ભક્તો છે તે બધા જ શ્રેષ્ઠ છે, ઉદાર ચિત્તવાળા છે, પરંતુ નિષ્કામી જે મારો ભક્ત છે તે તો મારો આત્મા જ છે, મારું જ સ્વરૂપ છે -

उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम्।

(ગીતા ૭/૧૮)

આ જે ભક્તો છે તે બધા જ ઉદાર છે, **'एते'** એટલે કોણ? જે આર્ત, અર્થાર્થી, જિજ્ઞાસુ છે અને વળી જ્ઞાની પણ છે. જ્ઞાની એટલે કે નિષ્કામી. એ બધા જ ઉદાર છે. તેમાં પણ જે નિષ્કામી જ્ઞાની મારા ભક્તો છે, ભગવાન કહે છે કે તે તો મારાં જ સ્વરૂપ છે - તેના પહેલાં -

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः॥

(ગીતા ૭/૧૭)

ભગવાન કહે છે - આર્ત, અર્થાર્થી, જિજ્ઞાસુ એટલે કે મોક્ષાભિલાષી અને જ્ઞાની, આ ચાર પ્રકારના ભક્તોમાં - નિત્યયુક્ત જે જ્ઞાની છે - એક જ ભક્તિવાળો - તે જ શ્રેષ્ઠ છે. એક ભક્તિ એટલે કે મારામાં જ ભક્તિ છે, બીજા કશામાંય નહીં. જ્ઞાનીને તો હું અતિશય વહાલો છું - એટલા માટે જ્ઞાની પણ મને અતિશય વહાલો છે. આ વાત સાતમા અધ્યાયના ૧૭મા શ્લોકમાં છે. તેમાં **પ્રેમની વિશેષતા** બતાવવામાં આવી છે અને ૯મા અધ્યાયના ૨૯મા શ્લોકમાં હૃદયમાં નિત્ય **સ્થાયી રૂપે વસવાની વિશેષતા** બતાવી. ચોથા અધ્યાયનો જે ૧૧મો શ્લોક છે - **'ये यथा मां प्रपद्यन्ते तां- स्तथैव भजाम्यहम्'** આમાં ભજવાની વિશેષતા બતાવી છે.

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति॥

(ગીતા ૬/૩૦)

જે મને બધે જ જુએ છે, બધાને મારામાં જુએ છે, હું ક્યારે પણ તેનાથી જુદો પડતો નથી. અને મારાથી તે પણ કદાપિ જુદો પડતો નથી. આમાં **સંયોગની વિશેષતા** બતાવવામાં આવી.

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः।
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते॥

(ગીતા ૬/૩૧)

પહેલાં જે શ્લોક બતાવવામાં આવ્યો તે છઠ્ઠા અધ્યાયનો ત્રીસમો શ્લોક છે. હમણાં જે બતાવી રહ્યો છું તે ૩૧મો શ્લોક છે તેનું એવો ભાવ છે કે ભગવાન એમ કહી રહ્યા છે કે હું જે બધાં ભૂતોમાં આત્મા સ્વરૂપે વસેલો છું, આવા મારામાં પરમાત્મામાં જે એકીભાવે સ્થિત છે એટલે કે મારામાં જ જે તન્મય બની ગયો છે એવો ભક્ત સંસારમાં વિચરણ કરતો હો તો પણ તેનું જે વિચરણ છે, તેની જે ક્રીડા છે તે મારામાં જ છે. તેની દૃષ્ટિમાં મારા સિવાયનું બીજું કંઈ જ નથી. તે બધે જ એક મને જ જોઈ લેતો હોય છે અને મારામાં જ રમણ કરતો હોય છે, આમાં **એકતાની વિશેષતા** બતાવી. આવી રીતે વાંસ-સ્થાન અંગેનો જો વિચાર કરો તો ભગવાનમાં જ વસવું જોઈએ. તેના જેવું બીજું કોઈ વસવા યોગ્ય સ્થાન નથી. ભજવા તરફ વિચારો તો ભજવા યોગ્ય પરમાત્મા છે તેનાથી બીજુ કોઈ ભજન કરવા યોગ્ય છે જ નહીં. જો પ્રેમ કરવાની વાત કરો તો ભગવાન જ પ્રેમ કરવા યોગ્ય છે ભગવાનથી વિશેષ બીજું કોઈ પ્રેમને માટે પાત્ર નથી, જો એકતા સાધવી હોય તો પણ પ્રભુ સાથે, પ્રેમ કરવો હોય તો ભગવાનમાં, વાસ કરવો હોય તો ભગવાનમાં, મિત્રતા કે સખાપણું સાધવું હોય તો પણ ભગવાન

સાથે, આ પ્રમાણે સર્વ વાતે ભગવાન આપણા જ છે - આટલી વાત જો માણસ બરાબર જાણી લે તો પછી તે એક ક્ષણ માટે પણ ભગવાનને છોડી શકંશે નહીં. તેનાથી જુદો નહીં રહી શકે; તેને ભૂલી નહીં શકે. આવો જે ભાવ છે, આવી જે સ્થિતિ છે, તે પરમાત્માનાં પરમ પ્રેમનો સાધન છે. તેને પ્રેમનું સાધન કહો કે સ્વરૂપ ગણાવો. આથી સર્વે કામો છોડી દઈને તેના માટે જ આપણે પ્રાણપર્યંત કોશિષ કરતા રહીએ; એટલું જ નહીં પણ પૂરી લગનથી આવી ચેષ્ટા કરવી જોઈએ. જ્યારે આગળ જતાં તમને તેમાં આનંદ આવવા લાગશે, મજાનો અનુભવ થતો જશે, પછી તો આપ પોતે જ તેને છોડી શકશો નહીં. હા, એટલું ખરું કે આ ચેષ્ટા પ્રાણપર્યંત ચાલુ રાખવી જોઈએ. આ વાત કહેવાનું મન એટલા જ માટે થાય છે કે ખરેખર જેટલી ચેષ્ટા થવી જોઈએ તેટલી થતી નથી. જો પૂરી લગની લાગશે અને પ્રયત્ન થશે તો તો પછી પોતે જ તે નહીં છોડી શકે. એટલે આ વાત બરાબર સમજી લેવાની છે કે ભગવાન સિવાય આપણું કોઈ જ નથી, ભગવાન જ આપણા પરમ હિતેચ્છુ છે, ભગવાન જ આપણા પરમ પ્યારા છે, ભગવાન પોતે જ આપણા છે, ભગવાન જ આપણો આત્મા છે, આ જે પ્રેમની વાત સમજાવવામાં આવી, આ વાત સમજણમાં બેસી જાય પછી તો મનુષ્ય પ્રભુનો અનન્ય પ્રેમી બની જાય. જો તે નથી બની શકતો તો તો જાણવું કે તેણે વાત બરાબર જાણી નથી. સમજી નથી, સાંભળીને વિશ્વાસ કેળવ્યો નથી. સાંભળીને જો વિશ્વાસ કેળવાય, શ્રદ્ધા બેસી જાય તો તો પછી તે જ વખતે તે બની જ જવો જોઈએ. આ વાતની કસોટી પણ છે જેમકે, જ્યારે પ્રેમનો આવો ભાવ હૃદયમાં જાગે ત્યારે હૃદય એકદમ ગદ્‌ગદ થઈ જાય છે, પ્રફુલ્લિત થઈ જાય છે. શરીરમાં રોમાંચ ઊઠે છે. ક્યારેક ક્યારેક તો વળી અશ્રુ પણ ઊભરાઈ જતાં હોય છે. વાણી મૂક બની જાય છે, કંઠ રૂંધાઈ જાય છે, વાણી જે છે તે પણ ગદ્‌ગદીત

થઈ જાય છે. ક્યારેક તો વળી નાસિકામાંથી પણ પાણી છૂટી જાય છે. આ વખતે અલૌકિક સ્થિતિનું નિર્માણ થઈ જાય છે, આ પ્રમાણેની સમજણ આવે અને આવી જાતનું પરિવર્તન ન થાય તો કરુણા ભાવ જાગૃત થાય છે. એટલે કે ભગવાનને મળવા માટેની વ્યાકુળતા જાગૃત થાય છે, ભગવાનના વિયોગમાં વિરહની વ્યાકુળતા એટલી પ્રબળ થઈ જાય છે કે મળ્યા સિવાય રહી જ નથી શકાતું. આમ થતાં ભગવાનની સન્મુખ દિલ ખોલીને હૃદયથી રોવાનું શરૂ થાય છે કે 'હે પ્રભુ! હું શું કરું? આપ હવે વિલંબ શા માટે કરી રહ્યા છો? મને શા માટે તરછોડો છો, તરસાવો છો?'

एक बात मैं पूछउँ तोही। कारन कवन बिसारेहु मोही॥

હે પ્રભો! હું તો તમને એક જ વાત પૂછી રહ્યો છું કે શા માટે મને ભૂલી ગયા છો? શા માટે વિસારી મૂક્યો છે? આમ વિરહની વ્યાકુળતા જાગી ઊઠે છે એટલે કે વિરહની વ્યાકુળતા વધી જાય છે, તેને ચેન પડતું નથી, રાત્રે નીંદર નથી આવતી. દિવસે તેને ખાવા પીવાનું ગમતું નથી. તે સિવાય પણ તે જે કંઈ કામ કરે છે તે બધું તેને બોઝરૂપ લાગતું હોય છે. આગળ જતાં તેને પસ્તાવો થવા લાગે છે. વગર વિચાર્યું કામ કરવાથી માણસને જેવો પસ્તાવો થાય છે તેવો જ પસ્તાવો આને પણ થવા લાગે છે. તેની હાલત પણ પેલાના જેવી જ થઈ જાય છે; કારણ કે પરમાત્માને છોડીને બીજા કોઈમાં પણ પોતાનો સમય ખર્ચે છે, મન પરોવે છે, વાણી ખર્ચે છે, શરીર ઘસે છે, બુદ્ધિનો ઉપયોગ કરે છે તો તેના માટે તે રોવાનું જ સ્થાન છે. તેના માટે એક રીતે કહીશું તો તે પશ્ચાતાપ કરવાનું, પસ્તાવો કરવાનું જ સ્થાન બની જાય છે કે જુઓ, મારો સમય કેવા કામમાં વિત્યો - આથી સમજી વિચારીને જ આપણે લોકોએ આપણાં કર્તવ્યો બજાવવાં જોઈએ. સમજ્યા વિચાર્યા વગર તો એકક્ષણ પણ શા માટે વ્યર્થ ખર્ચવી જોઈએ?

ગિરિધર કવિ કહે છે -

बिना बिचारे जो करै सो पाछे पछिताय।
काम बिगाड़े आपनो जगमें होत हँसाय॥
जगमें होत हँसाय चित्तमें चैन न पावै।
खान पान सनमान राग रँग मन नहिं पावै।
कह गिरिधर कबिराय करम गति टरत न टारे।
खटकत है जिय माहिं कियो जो बिना बिचारे॥

ગિરિધર કવિ કહી રહ્યા છે કે 'बिना बिचारे जो करै सो पीछे पछिताय' તેનો એ અર્થ થયો કે વગર વિચાર્યું જે કરે છે તેને પાછળથી ભયંકર પસ્તાવો કરવો પડતો હોય છે. 'काम बिगाडे आपनो जगमें होत हँसाय।' એટલે કે પોતાનું તો કામ બગડે જ છે, પણ સાથે સાથે જગતમાં તેની હાંસી પણ થતી હોય છે - લોકો કહે છે કે જુઓ તો ખરા - કેવો મૂર્ખ છે!

जगमें होत हँसाय चित्तमें चैन न पावै।

જગતમાં હાંસી થાય છે, ચિત્તમાં ચેન પડતું નથી. રાગ છે, રંગ છે તે ગમતાં નથી હોતાં. ખાન-પાન, સન્માન, રાગ રંગ મનને ભાવતાં નથી રંગ કહે છે પરિણામને. ગિરધર કવિરાજ કહે છે કે ભાઈ! જે થવા કાળ છે તે તો થવાનું જ છે. કર્મની ગતિને કોઈ વાળી શકવા સમર્થ નથી, ટાળી નથી શકાતી. પરંતુ આટલી વાત તો જરૂર ખટકતી રહે છે કે, જે વગર વિચાર કર્યે કરવામાં આવતી હોય છે. આ પ્રમાણે જ ભગવાનના વિષયમાં પણ જે માણસ ભગવાનને છોડી દઈને એક ક્ષણ માટે પણ બીજા કામમાં પડે છે તે એવી જ રીતે ખટકવું જોઈએ જેમ અવિવેકીને - વગર વિચાર્યું કામ કરનારને જીવમાં ખટકે છે. આપણા લોકોનો સમય એક ક્ષણ પૂરતો પણ જો ફાલતુ કામોમાં વીતે તો તેને સહન કરવો ન જોઈએ અને વળી એ તો નિશ્ચય કરી જાણવો

જોઈએ કે જ્યારે ભગવાનમાં અનન્ય પ્રેમ બંધાઈ જાય છે, ગોવિંદ સાથે ગોઠડી થઈ જાય છે ત્યારે વિશુદ્ધ પ્રેમ જન્મે છે, ત્યારે ભગવાનને ભૂલવા છતાં પણ તે ભૂલાતા નથી હોતા. જગતની વિસ્મૃતિ કદાચ સંભવ બને છે અને ક્યારેક સ્મૃતિ થઈ આવે છે પણ તે તો સ્વપ્નવત્ થઈ જાય છે. તે તો ફક્ત એક માયામાત્ર જ હોય છે અથવા એમ કહીએ કે ભગવાનની લીલાની જેમ હોય છે અથવા ચલચિત્રના તમાશા માફક હોય છે અને લીલાના રૂપમાં જ પ્રેમમય પ્રતીત થાય છે; તો ચલચિત્રના તમાસાની માફક યા તો સ્વપ્નવત્ હોય છે, તો તેનો અભાવ માલૂમ પડતો હોય છે. આમ એક તો સંસારનો એક રીતે એવી પ્રતીતિ થઈને અભાવ જેવું લાગે છે, સંસાર દેખાતો જ નથી અને જો દેખાય છે તો લીલાના રૂપમાં દેખાય છે. આમ બેય રીતે આપણે સમજીએ કે આપણે માટે તે ફાયદા વાળો છે. સંસારને એવી રીતે જાણો કે કાં તો ભગવાનની લીલા થઈ રહી છે અથવા તો ભગવાન પોતે જ ચરિત્ર કરી રહ્યા છે. ભગવાન પોતે જ અનેક રૂપો ધારણ કરીને, આનંદ ઉલ્લાસ પ્રમોદ કરી રહ્યા છે, ક્રીડા કરી રહ્યા છે, આ તો ભગવાનની ક્રીડાસ્થલી છે. આ રીતે જોતાં - સમજતાં આપને માલૂમ પડશે કે આનંદમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. પ્રેમમાં ઉત્તરોત્તર વધારો જ થતો રહે છે. અને આ રીતે જો સંસાર એક રીતે ચલચિત્રના તમાસાની જેમ અથવા તો સ્વપ્નવત્ પ્રતીત થાય છે તો તે લુપ્ત થઈ જાય છે, સ્વપ્નવત્ થયા પછી તે લુપ્ત થઈ જાય છે. સ્મૃતિ નથી રહેતી. તેને એવી જ રીતે ભૂલી જવાય છે કે જેવી રીતે માણસ સ્વપ્નને ભૂલી જાય છે. આમ પછી આ સંસાર રહેતો જ નથી; માત્ર ભગવાન જ રહે છે - જ્યારે માત્ર ભગવાન જ શેષ રહી જાય છે જ્યારે કેવળ ભગવાન રહે છે જે ભગવાનની પ્રાપ્તિ છે તે અલૌકિક છે. તે બધી સાધનાનું ફળ છે, ત્યાં ફક્ત પ્રેમનું જ રાજ્ય છે. ત્યાં માત્ર એક પ્રેમાસ્પદ ભગવાન અને બીજું પ્રેમ કરનાર

પ્રેમીના સિવાય ત્રીજું કે ચોથું કોઈ જ નથી. ત્યાં છે એક માગ પ્રેમાસ્પદ ભગવાન અને પ્રેમ કરનાર પ્રેમી. તેમની ક્રીડા એજ પ્રેમ છે લીલાનું રૂપ ધારણ કરેલ છે. ત્યાં લીલા કઈ છે? ભગવાનનું જે ચરિત્ર છે તે જ બધી લીલા છે. ભક્તનું જે ચરિત્ર છે તે બધી લીલા છે. ભક્તનું જે ચરિત્ર છે તે ભગવાનને મુગ્ધ કરે છે અને ભગવાનનું જે ચરિત્ર છે તે ભક્તને મુગ્ધ કરે છે. એક બીજાના પ્રેમને વધારનાર, એકબીજાના આનંદને વધારનાર, એકબીજાને આહ્લાદિત કરનાર, આમોદ - પ્રમોદ કરાવનાર, એવું એ અદ્‌ભુત પ્રેમનું સ્વરૂપ છે - ત્યાં શરમ નથી, એક બીજાની, નથી તો ભક્ત શરમ ધરતા કે નથી ધરતા ભગવાન ભગવાનને માટે તો ભક્ત પ્રેમાસ્પદ અને ભક્તને માટે ભગવાન પ્રેમાસ્પદ છે, ત્યાં કોઈ જ નાનું કે મોટું નથી, સમાનતા છે, ઐક્ય છે. આ સ્થિતિ બધા જ ભાવોમાં શ્રેષ્ઠ ગણાય છે. ત્યાં વાત્સલ્ય ભાવ નથી એટલે કે જેવી રીતે પિતા-પુત્રનો જે ભાવ હોય છે એવો આ ભાવ નથી. જ્યાં એક બીજા સાથે એક બીજો પ્રેમ કરે છે તે સખ્યભાવ છે. તેને મિત્રતા કહો, અથવા ભલેને મૈત્રીભાવ કહી દો. આમ મિત્રતા તો એક બીજાની સાથે હોય છે જ, પરંતુ ત્યાં તો બીજા પણાનો કોઈ ભાવ જ નથી હોતો. ત્યાં કાન્તાભાવ નથી, કે જેથી પતિપત્નીનો ભાવ જાગે, તે તો છે સાધન અવસ્થામાં. ત્યાં સ્વામી સેવકભાવ નથી, દાસભાવ નથી, ત્યાં શાંતભાવ નથી, અદ્વૈત બ્રહ્મની પ્રાપ્તિમાં જે શાંતભાવ હોય છે, તે પણ નથી કારણ કે તે અદ્વૈત બ્રહ્મની પ્રાપ્તિ જે છે તે બીજા પ્રકારની છે. આ દ્વૈત હોવા છતાં પણ અદ્વૈત છે અને તે અદ્વૈત હોવા છતાં પણ અદ્વૈત છે. એ બે હોવા છતાં પણ એક છે; અને તે એક હોવા છતાં પણ એક છે. અહીં પ્રેમની પ્રધાનતા છે, ત્યાં જ્ઞાનની પ્રધાનતા છે, અદ્વૈતમાં જ્ઞાનની પ્રધાનતા છે. જ્ઞાન એ જ પરમાત્માનું સ્વરૂપ છે અને અહીં પ્રેમ એજ પરમાત્માનું સ્વરૂપ છે. શરમ બીજાથી આવે છે, તો અહીં તો શરમ

જ નહીં, સ્વામી કે સેવકનો ભાવપણ અહીં નથી. અને તેથી અહીં ોઈ પણ જાતનો આદર સત્કાર પણ નહીં. કોણ કોનો આદરકરે. અહીં ો ગુણ કે ગુણી ભાવ પણ નથી. અહીં તો છે ફક્ત ભગવદ્ભાવ. મગવાન સિવાય બીજો કોઈ પદાર્થ છે જ નહીં. બીજા બધા ભાવ તેમાં ંતર્ગત છે, કારણ કે એ ભાવોને ઓળંગીને જ આ પ્રેમ ભાવને પ્રાપ્ત યો છે. અથવા તો એમ કહો કે આ પ્રેમનું ફળ છે અથવા એમ કહો ક આ પ્રેમનું એક સ્વરૂપ છે, જે શબ્દોથી આપના સમજવામાં આવે ેવા શબ્દોનો પ્રયોગ આપ કરી શકો છો. પરંતુ વાસ્તવમાં અહીં શબ્દોની ગતિ નથી. અહીં તો તૂષ્ણીમ્ ભાવ છે. અહીં તો ચુપ થઈ જવું પડે છે, વાણી રોકાઈ જાય છે, અહીં ભગવાનની સ્તુતિ - પ્રાર્થના નથી. સ્તુતિ કોણ કોની કરે, અને પ્રાર્થના કઈ ચીજની અને કોનાથી કરે? અહીં કઈ ચીજ બાકી રહી ગઈ છે કે જેના માટે પ્રાર્થના કરવી? પ્રાર્થનાનું જે સાધન છે તેનાથી ઊંચું તો સ્તુતિનું છે, સ્તુતિનું જે સાધન છે તેનાથી આગળ ભાવનું છે, આ જે માધુર્ય-ભાવ છે, સખ્યભાવ છે, દાસ-ભાવ છે, વાત્સલ્યભાવ છે, શાન્તભાવ છે, અહીં તો બધા ભાવોથી અતીત અવસ્થા છે, ત્રણેય ગુણોથી અતીત, પાંચેય ભાવોથી અતીત, ત્રણેય અવસ્થાઓથી અતીત, કેવળ વિશુદ્ધ પ્રેમ, વિશુદ્ધ પ્રેમનું સ્વરૂપ કહો અથવા વિશુદ્ધ પ્રેમનું ફળ કહો અથવા પરમાત્માની પ્રાપ્તિ કહો અથવા પરમ શાંતિની પ્રાપ્તિ કહો અથવા પરમ ધામની પ્રાપ્તિ કહો અથવા પરમ આનંદની પ્રાપ્તિ કહો અથવા પરમ પ્રેમની પ્રાપ્તિ કહો જે શબ્દોથી આ વાત આપના સમજવામાં આવે. બધી જ વાતો એના અંતર્ગત છે, બધા જ શબ્દો એ સમજાવવાને માટે છે.

પ્રમાદ જ મૃત્યુ છે

મહાભારતના ઉદ્યોગ-પર્વમાં એક કથા આવે છે કે સંજયે સનત્સુજાત ઋષિને બોલાવીને ધૃતરાષ્ટ્રને ઉપદેશ અપાવ્યો. તેમણે ઉપદેશમાં ઘણીબધી વાતો સંભળાવી, તેમાં એક વાત એવી પણ હતી કે 'પ્રમાદ જ મૃત્યુ છે.' જોકે આ વાત તો સૂત્રરૂપે કહેવાઈ છે, પરંતુ હું તમને તે વિસ્તારીને કહી રહ્યો છું. સવાલ એ ઊઠે છે કે પ્રમાદ એટલે શું? અને પ્રમાદ એ મૃત્યુ કેવી રીતે છે? આમ તો એમ કહેવાય કે કરવા જેવા કામને ન કરવું એટલે તે પ્રમાદ ગણાય. એવી જ રીતે ન કરવા જેવા કામને કરવું એ પણ એક રીતે પ્રમાદ જ ગણાય. કારણકે ના કરવા યોગ્ય કામ છે તે આમ તો વ્યર્થ કામ છે અથવા તો પાપકર્મ છે. વ્યર્થકર્મ અને પાપકર્મ એ બેય કર્મો તામસી છે એટલે જ એને પણ પ્રમાદ ગણવામાં આવ્યો છે. આ કાર્યમાં જેટલો સમય જાય છે તે સમય તો નષ્ટ થયો જ છે એટલે કે એટલો સમય આપણા અણમોલ જીવનનો કાળના મુખમાં ચાલ્યો ગયો. એટલે જ એમ કહેવાયું છે કે 'પ્રમાદ મૃત્યુ છે.' બીજી વાત એ છે કે વ્યર્થની ચેષ્ટા અને પાપકર્મનું ફળ દુઃખ છે. દુઃખ ભોગવવાને માટે જીવને અનેક પ્રકારની યોનિઓમાં જન્મ ધારણ કરવો પડે છે, જેને લીધે અનેકવાર જન્મવું અને અનેક વાર મરવું પડતું હોય છે. આ ઘટના વારંવાર થયા કરે છે અને જીવ જન્મ-મરણના બંધનમાં પડી જાય છે. એટલે એમ કહેવાય છે કે 'પ્રમાદ જ મૃત્યુ છે.'

વાસ્તવમાં તો કર્તવ્ય કર્મનું પાલન ન કરવું એટલે જ પ્રમાદ. જેમ

કે માણસનું કર્તવ્ય છે કે ભજન કરવું જોઈએ, જપ કરવો જોઈએ, દાન કરવું જોઈએ, તપ કરવું જોઈએ, બીજાઓને મદદ કરવી જોઈએ, તીર્થયાત્રા વ્રત ઉપવાસ કરવાં જોઈએ, માતાપિતાની સેવા કરવી જોઈએ, કોઈ અતિથિ ઘેર આવી જાય તો તેની પણ સેવા કરવી જોઈએ. ઈશ્વરનું ધ્યાન ધરવું, ઈશ્વરની ભક્તિ, સ્તુતિ, પ્રાર્થના કરવાં. શ્રુતિ-સ્મૃતિ, ઇતિહાસ-પુરાણનો સ્વાધ્યાય કરવો, વેદોનું તથા ઉપનિષદોનું તેમ જ ગીતા અને રામાયણનો સ્વાધ્યાય કરવો એટલે કે તેમાં મન પરોવીને બરાબર અધ્યયન કરવું, તેના અર્થ તેમ જ ભાવને બરાબર સમજીને અંતરમાં ઉતારવું. સત્પુરુષોનો સંગ કરવો, મન તેમ જ ઇન્દ્રયોનો વિષય-વાસનાથી સંયમ રાખવો, સંસારથી વૈરાગ્ય કેળવવો. આ બધાં આપણા શાસ્ત્રોમાં મનુષ્યને માટે કર્તવ્યો ગણાવ્યાં છે. આ બધાં કર્તવ્યો આત્માના ઉદ્ધારને અર્થે, કલ્યાણને માટે કરવાં જોઈએ. મનુષ્ય જો આ કર્તવ્યો ન બજાવે તો તે પ્રમાદ છે. કારણ એ છે કે જો આપણે આ કર્તવ્યરૂપી સાધના નહીં કરીએ તો છેવટે મરીશું. જો સાધન કરીને આપણા કામો પૂરાં કરી લઈએ તો મરવાનું થાય નહીં તો તો સદાયને માટે અમર થઈ જઈએ. આ રીતે મરવામાં હેતુ પ્રમાદ થયો. એથી પ્રમાદ એ જ મૃત્યુ છે. આમ ક્યારેય માણસે આળસુ અને એદી ન રહેવું જોઈએ. જે કામ આપણી બુદ્ધિમાં સૌથી વિશેષ અને ઉત્તમ તેમજ હિતવાળુ ગણતા હોઈએ તથા જેનાથી આપણું કલ્યાણ થવાનું હોય તે જ કાર્ય કરવું જોઈએ. આ પ્રમાણે પરમાત્માની પ્રાપ્તિને માટે જે સાધન કરવું જોઈએ તે જ આપણું મુખ્ય કર્તવ્ય છે અને તેથી જ તે બરાબર બજાવવું જોઈએ.

હવે સવાલ એ થાય છે કે પરમાત્માની પ્રાપ્તિમાં વિલંબ શા માટે થઈ રહ્યો છે? આ વિલંબ પ્રમાદને લઈને થઈ રહ્યો છે તથા સંસારના વિષય-ભોગોમાં રહેલી આસક્તિને લીધે થઈ રહ્યો છે. સંસારના વિષયભોગોમાં આસક્તિ શા માટે છે? એટલા માટે છે કે આ

વિષયભોગોમાં સુખ બુદ્ધિ રૂપી આસક્તિ રહી છે. મતલબ એ કે સુખ મેળવવાની ભાવના છે. તો સુખબુદ્ધિ શા માટે છે? અજ્ઞાનતાને લીધે. તેથી તેનો મુખ્ય હેતુ અજ્ઞાન છે. આ અજ્ઞાનનો નાશ થાય કેવી રીતે? તો એનો નાશ જ્ઞાનથી જ થશે. તો જ્ઞાનનું ફળ શું છે? ફળ છે પરમ શાંતિ. જ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે થશે? તેની પ્રાપ્તિ થશે સાધનાથી. સાધના પ્રબળ કેવી રીતે થાય? તો શ્રદ્ધાથી થશે. શ્રદ્ધા કેવી રીતે થશે? તો થશે અંતઃકરણની શુદ્ધિથી. અંતઃકરણની શુદ્ધિ કેવી રીતે થશે? નિષ્કામભાવ-પૂર્વક કરેલા પરોપકારથી. પરોપકાર કેવી રીતે થશે? તેનો ઉત્તર છે : પરોપકાર આપણા આત્માના ઉદ્ધારમાં એક મુખ્ય સાધન છે - આમ સમજીને આપણું જે મુખ્ય કર્તવ્ય છે તે કરતાં રહેવું જોઈએ.

પ્રમાદ સિવાય બીજું શું કારણ છે, જેથી પરમાત્માની પ્રાપ્તિમાં વિલંબ થઈ રહ્યો છે. આમાં કારણ એ છે કે આપણે પરમાત્માને છેતરીએ છીએ. છેતરપિંડી કરનારને ભગવાન કેવી રીતે મળે? ખરેખર તો તે પોતાની જાતને જ છેતરતો હોય છે, કારણ કે પરમાત્માને તો એવી કોઈ જ જરૂરિયાત છે જ નહિ. એટલા માટે તે પોતે પોતાની જાતને જ છેતરે છે. ભગવાનને પામવાનો સૌથી ઉત્તમ અને સહેલો ઉપાય આ છે કે ભગવાનને જ સમર્પિત થઈ જવું. પોતાની જાતને સોંપી દેવી, તેને જ સર્વસ્વનું સમર્પણ કરી દેવું, પોતાની જાત પણ સોંપી દેવી. બધું જ ભગવાનનું છે. એથી કરીને તેમની વસ્તુ તેમને જ સોંપી દેવી. જેનો આવો ભાવ છે કે 'આ મારું' 'આ મારું' એને પણ ભગવાનને જ સોંપી દઈ સમર્પિત થઈ જવું. જગતની જેટલી પણ વસ્તુઓમાં 'મારાપણું' છે, 'હું' અને 'મારાપણું'નું જે અભિમાન છે, આ શરીર છે, તેમાં પણ મોહનો ભાવ જરૂર છે જ અને તેથી શરીર પણ ભગવાનને જ સમર્પિત કરી દેવું જોઈએ. તે સાથોસાથ શરીર સાથે સંબંધ રાખનારાં જેટલાં પણ, જે બધાં સજીવ અથવા નિર્જીવ પદાર્થો છે તે જેવા કે રૂપિયા - ધન નિર્જીવ, સ્ત્રી-પુત્ર સજીવ, તો આ બધાંને ભગવાનને સમર્પિત કરી

દેવાં જોઈએ. સમર્પણ પણ એવી ભાવનાપૂર્વક કરવું જોઈએ કે હે પ્રભુ! આ આપની જ ચીજ છે અને આપને જ સમર્પિત કરી રહ્યો છું. ખરેખર પણ આપણી તો છે જ નહીં. આપણે તો ભૂલથી તેને આપણી માની બેઠા છીએ અને તેથી જ હવે આપણે આપણી આ ભૂલને સુધારી રહ્યા છીએ. આ ભૂલને સુધારી લેવાથી ભગવાનની ચીજોના ઉપર આપણો જે ખોટો અધિકાર જમાવીને અભિમાન લઈ રહ્યા છીએ કે 'આ મારું છે', 'આ મારું છે' આમ આ અભિમાન જે મારાપણાનું છે તે દૂર કર્યું અને ભગવાનની ચીજ ભગવાનને સોંપી દીધી. આ કાર્ય ઈમાનદારીપૂર્વક અને સચ્ચાઈથી કરવું જોઈએ. જ્યારે ભગવાનને સર્વસ્વ સોંપી દેવામાં આવ્યું પછી તો આપણે તેનો ઉપયોગ કરીએ કે તેના ઉપર આપણો અધિકારમાનીએ, તે તો એક પ્રકારની બેઈમાની છે. એટલું જ નહીં પણ ભગવાનને છેતરવા બરાબર છે. છેતરપીંડી કરનારને ભગવાન ક્યારેય દર્શન આપતા નથી. કહેવામાં તો આવે છે કે પ્રભુ! બધું જ આપનું છે, પરંતુ ભગવાનને અર્પણ કરીને પાછો અધિકાર તો તે વસ્તુઓ ઉપર પોતાનો જ દાખવે છે, તો પછી તે ચોરી નથી તો બીજું છે શું?

આ ચોરી પણ પાંચ પ્રકારની થાય છે - (૧) સમયની ચોરી (૨) ઐશ્વર્ય એટલે કે ધન-સંપત્તિની ચોરી (૩) શરીરની ચોરી (૪) મનની ચોરી અને (૫) બુદ્ધિની ચોરી.

આ પાંચેય ભગવાનને અર્પણ કરી દેવામાં આવ્યા હતા, જેટલા પણ ઐશ્વર્યના પદાર્થો છે તે બધા જ ભગવાનને અર્પણ કરી દેવામાં આવ્યા અને આ શરીર પણ અર્પણ કરી દીધું, મન પણ આ રીતે ભગવાનને અર્પણ અને બુદ્ધિ સુદ્ધાં પણ અર્પણ. આ બધું જ સમર્પણ કરી દીધા પછી પણ આપણી પાસે જે વસ્તુ છે, તેમાં મમતા રહે છે - એટલે કે આ મારી સ્ત્રી, આ મારો પુત્ર, આ મારા રૂપિયા, આ બધું જ જો તમે ભગવાનને અર્પણ કરી દીધું તો પછી કેવી રીતે તમારું રહ્યું?

ખરેખર તો પહેલાં પણ બધું ભગવાનનું જ હતું, હવે પણ ભગવાનનું જ છે, આપણે તો આપણું માની લીધું હતું, હવે હું તે પાછું ભગવાનની ચીજ તેમને અર્પણ કરી રહ્યો છું, આમ જો ભગવાનને અર્પણ કરી દીધું તો તો આ બધું ઠીક છે.

જ્યારે ભગવાનને સર્વસ્વ સમર્પિત કરી દીધું તો પછી આ રૂપિયા ઉપર તમે શા માટે શાસન ચલાવી રહ્યા છો? તો જવાબ એવો મળે છે કે તેના રક્ષણને માટે. અધિકાર જમાવી રાખવો એ ઉચિત તો ગણાય પણ જો તમે રક્ષકની જગ્યા તેના ભક્ષક બની ગયા તો તો પછી તે એક રીતે ચોરી જ કરી ગણાશે ને! ચોરી કેવી રીતે થઈ? તમે ભોજન વગેરે લો છો, કપડાં વગેરે પહેરો છો, ભોજન કોનું છે? કપડાં કોનાં છે? શરીર કોનું છે? જવાબ મળ્યો - આ બધું ભગવાનનું છે. તો પછી તમે શા માટે ખાઓ છો કે પીવો છો? કે પહેરો છો? શરીર રક્ષાને માટે. શરીરનું રક્ષણ શાને માટે? બોલ્યા : ભગવાનની ચીજ છે, તેનું રક્ષણ કરવું એ જરૂરી છે, કારણ કે આ શરીરના માધ્યમથી આખરે ભગવાનનું જ કામ તો કરવાનું છે ને? આ વાત પણ સાચી છે, શરીરના રક્ષણને માટે ખાવામાં તથા વસ્ત્રો પરિધાન કરવામાં કોઈ જ આપત્તિ નથી. શરીરના રક્ષણ કાજે વસ્ત્ર તેમજ ભોજનનો ઉપયોગ તો ખરેખર યોગ્ય જ છે. પરંતુ આ બધું સાચે જ શરીરના રક્ષણને અર્થે કરી રહ્યા છો? અથવા તો કોઈ સ્વાદ, ભોગ એશ-આરામને માટે પણ કરો છો? સ્વાદ, ભોગ એશઆરામ તો સંસારની ચીજ છે ને! ભગવાન સાથે તો તેનો કોઈ જ નાતો નથી. આથી આ વાત વિચાર કરવા જેવી છે કે શરીરના રક્ષણને કાજે ભોજન-વસ્ત્ર વગેરેનો જે ઉપયોગ કરવાનો છે, તે તો યોગ્ય જ છે, પરંતુ આ બધામાં જે સ્વાદ,ભોગ અને એશઆરામની ભાવના છે તે ભગવાનનું કાર્ય નથી. તેનાથી ભગવાનને કોઈ જ ફાયદો નથી. આ તો તમારું પોતાનું વ્યક્તિગત છે, આ જ ચોરી છે. ચોરી વિષયોની પણ થાય છે, તથા ધનની પણ થાય છે. જે ધનનો અથવા

તો વસ્ત્રોનો ઉપયોગ શરીર-રક્ષાને માટે અથવા શરીર-નિર્વાહને માટે કરવો જોઈએ, તે ચોરી નથી. તેમાં કાંઈ જ થાય પણ નથી. ગીતામાં ભગવાન પોતે જ કહી રહ્યા છે કે – **'शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम्।'** (૪/૨૧) શરીરના નિર્વાહને માટે કર્મ કરી રહેલો પુરુષ પાપનો ભાગી નથી હોતો અને તેથી જ અનાસક્ત ભાવે વિષયોનું સેવન કરતા રહેવું જોઈએ, આસક્તભાવે નહીં એટલે જ જ્ઞાની મહાત્મા પુરુષો અનાસક્ત ભાવે જ કર્મ કરતા રહે છે અને અનાસક્ત ભાવે વિષયોનું સેવન કરતા હોય છે. એટલે જ તેઓ યોગારૂઢ કહેવાય છે.

सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते॥

(ગીતા ૬/૪)

જે કાળે તે વિષયોમાં આસક્ત નથી થતો તથા જે કાળે તે જે કર્મ કરતો હોય છે તેમાં આસક્ત નથી થતો હોતો તે વખતે સર્વ સંકલ્પનો ત્યાગી પુરુષ યોગારૂઢ કહેવાય છે. આમ સરવાળે એવો નિષ્કર્ષ નીકળ્યો કે પોતાના શરીરને ભોગોમાં નહીં વિતાવવું જોઈએ. શરીરનું રક્ષણ કરવામાં તો કોઈ દોષ નથી, પરંતુ એ વાતે સાવધ રહેવું જોઈએ કે શરીરનું રક્ષણ કરતાં કરતાં તે ભોગોમાં તો નથી ફસાઈ રહ્યા ને? રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ જે પાંચ પ્રકારના વિષય છે તેનો સંસર્ગ થવામાં તો કોઈ જ દોષ નથી, પણ તેમાં રસ લેવો એ ઠીક નથી. પુષ્પ, અત્તર, ફુલેલ જેવાં ભોગનાં સાધનો કદાચ મળી જાય તો તેમાં રસ ન લેવો જોઈએ. આ રીતની વસ્તુઓ પ્રાપ્ત થઈ જાય તો તે બધું જ ભગવાનને સમર્પણ કરી દો. આ જ પ્રમાણે જો કોઈ વિષયભોગની સામગ્રી એટલે કે કોઈ સુંદર વસ્તુ, પહેરવા માટે સુંદર કપડાં વગેરે અથવા કોઈ સુંદર વસ્તુ ઓઢવા માટે, ઓઢવાની કિંમતી શાલ મળી જાય તો એમ વિચારવું ઘટે કે આપણું કામ તો સાધારણ એવી કામળીથી પણ ચાલે છે, કેમ કે શરીર-નિર્વાહ તેમ જ ઠંડીથી બચવા માટે તે પૂરતું છે. ક્યારેક ઠંડીનો સમય હોય અને રાત્રે સૂવાનું થયું અને ભૂમિ ઉપર

સૂવાથી બીમાર પડી જવાનો ભય હોય છે. તેવા ટાણે નીંદર ઓછી આવવાની પણ બીક તો રહેતી જ હોય છે તે સમયે શરીરના રક્ષણ કાજે કોઈ સાધારણ વસ્તુ પાથરીને કામ ચલાવી શકાય છે. કામળો કે ચટાઈ પાથરીને જો કામ ચલાવી શકાય તો તેનો ઉપયોગ જરૂર કરી શકાય છે. મતલબ એ છે કે આરામની દૃષ્ટિએ કંઈ જ ન પાથરો, શરીર રક્ષણને માટે જેટલું પણ જરૂરી છે તેટલું પાથરો. શરીરમાં કોઈ દર્દ ન હોય, શરીરમાં કોઈ પીડા ન હોય, કોઈ બીમારી ન હોય. જેવી રીતે શરીરનું રક્ષણ થાય તેને ચલાવવા માટે જરૂરી એવી વસ્તુનો ઉપયોગ કરવો જોઈએ. વિશેષ રીતે ભોગો ભોગવીને મોજ-મજા કરવી એટલે જ એશઆરામ જેવો એકદમ ત્યાગ કરવો જોઈએ. એટલું જ નહીં પણ વિષયોનો તો સદંતર ત્યાગ કરી દેવો જોઈએ. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વગેરે જેવા ઈન્દ્રિયોના વિષયો છે.

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन्।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति॥
प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते॥

(ગીતા ૨/૬૪-૬૫)

જેનું મન પોતાના વશમાં છે એવો પુરુષ ઈન્દ્રિયો દ્વારા વિષયોમાં વિચરણ કરે, તે પ્રસાદને પ્રાપ્ત કરે છે. પ્રસાદ એ ચિત્તની પ્રસન્નતા છે, પ્રસાદ અંતઃકરણની શુદ્ધિ છે, પ્રસાદ ઈશ્વરની દયા છે તો મનુષ્ય ઈશ્વરની દયાનો પાત્ર બની જાય છે, તેનું અંતઃકરણ શુદ્ધ થઈ જાય છે અને શુદ્ધ અંતઃકરણને લઈને તેમાં સાત્ત્વિક પ્રસન્નતા થતી હોય છે. સાત્ત્વિક પ્રસન્નતાને લીધે તેનાં બધાં દુઃખોનો નાશ થાય છે, તે સાથે જ આ સાત્ત્વિક પ્રસન્નતાને લીધે તેની બુદ્ધિ પરમાત્મામાં સ્થિરતા પામે છે, પરિણામે તેનું ફળ મળે છે પરમાત્માની પ્રાપ્તિ આ રીતે તે પુરુષ પરમાત્માની પ્રાપ્તિ. સુધી પહોંચે છે. જોકે આ બધું વિષયોમાં

વિચરણ કરતા રહીને થાય, પરંતુ સુખ બુદ્ધિથી વિષયોમાં વિચરણ કરવાથી નહીં. આંખનું કામ છે જોવાનું અને તેથી આંખેથી જુઓ, પરંતુ કોઈ સ્ત્રીને આંખોથી પાપબુદ્ધિથી જોશો નહીં, જુઓ તો ધર્મબુદ્ધિથી જુઓ. નાકનું કામ છે સુગંધ લેવાનું, પણ આ સુગંધ ભોગ-દૃષ્ટિએ અત્તર, ફુલેલની લેવાય જે ના લેવી જોઈએ પરંતુ પ્રભુને અર્પણ કરેલી તુલસી અને તેના પુષ્પની સુગંધ પણ પ્રસાદ રૂપે ધાર્મિકભાવથી લેવામાં આવે છે, જે કલ્યાણકારી છે. આમ કાન સાંભળવાનું કામ કરે છે, સત્સંગ, કથા, કીર્તન જેવાં સાંભળવાનાં કામ એક તરફ કલ્યાણકારી છે, તે જ સિનેમા વગેરેના ખરાબ ગીતો સાંભળવા એ નુકસાનકારક છે. કાનનું કામ સાંભળવાનું છે, તો કાનેથી આપણે સાંભળીએ પરંતુ રાગદ્વેષથી પર થઈને. આ પ્રમાણે વિષયોમાં વિચરવું જ્યાં મુક્તિનું સાધન છે, ત્યાં જ બીજી બાજુ વિષયોનું સેવન જન્મ-મરણના બંધનનું કારણ છે.

જ્યારે સર્વસ્વ આપણે પ્રભુને સમર્પિત કરી દીધું, પછી તેનો ઉપભોગ જો કરીશું તો તે ચોરી છે. કોઈ બ્રાહ્મણને ગાયનું દાન આપ્યું, અને પછી તે ગાયને ચરાવવા લઈ જાય તો તો તે કામ ઉત્તમ કર્યું ગણાશે, પરંતુ તે બ્રાહ્મણની નજર ચૂકાવી ને આપ તે ગાયનું દૂધ દોહી લો અને અડધું તમે તમારા ઘેર લઈ જાઓ તથા અડધું તેમના ઘેર પહોંચાડો તો તે ચોરી થઈ કે નહીં? આ જ પ્રમાણે બધી ચીજ જ્યારે ભગવાનને સમર્પિત કરી દીધી તો ભગવાનની બધી ચીજોનું રક્ષણ કરવું એ આપણી ફરજ છે. કોઈપણ રીતે આપણા એશઆરામ અને ભોગમાં રૂપિયા ખર્ચવા એ ધનની ચોરી છે. જ્યારે બધા જ રૂપિયા ભગવાનના છે તો તે બધા જ ભગવાનના કામમાં આવવા જોઈએ. પ્રભુના કામ માટે તમે ભલેને લાખ એકઠા કરો કે કરોડ, ભગવાનની સેવાને અર્થે સંગ્રહ કરવામાં કોઈ જ વાંધો ન હોય; પરંતુ એશોઆરામ અને ભોગને માટે જો આવો સંગ્રહ કરવામાં આવે તો એ એક રીતે રૂપિયાની ચોરી ગણાય. આ રીતે આ સાંસારિક પદાર્થ અને ધન વગેરે ઐશ્વર્ય બધાં

જ ભગવાનનાં છે, જેનું આપણે રક્ષણ કરવું જોઈએ, પરંતુ ઉપભોગ ન કરાય. મતલબ એટલું જ છે કે રૂપિયા વગેરે વસ્તુઓનો અહંકાર ન હોવો જોઈએ. જો તમારી પાસે બે લાખ રૂપિયા છે, તો ભલા તે તમારા ઓછા છે? તે તો ભગવાનના છે. જો આ રૂપિયા તમે તમારી માન-મોટાઈને માટે ખર્ચવાનું શરૂ કરી દીધું, એવો પ્રયાસ કર્યો તો તે રૂપિયાનો ઉપભોગ કર્યો ગણાય. રક્ષણ તો એ રીતે કર્યું ગણાય કે જે રીતે બૅન્કોની તિજોરીઓમાં લાખો રૂપિયા રહે છે અને તેના રક્ષણને અર્થે નિયુક્ત કરેલો સિપાઈ બંદૂક ભરીને તેની ચોકી કરતો હોય છે; કે જેથી કોઈ તેને ચોરી ન જાય. આ પ્રમાણે તમારો અધિકાર તો માત્ર રક્ષણ કરવા પૂરતો જ છે, ઉપભોગ દ્વારા ચોરી કરવાનો જરાય નથી.

સમયની ચોરી પણ આ પ્રમાણે જ થતી હોય છે. ચોવીસ કલાકનો આપણો સમય છે જેમાં ૬ કલાક તો તમે સૂઈ જાઓ અને અઢાર કલાક ભગવાનનું કામ કરો એટલે કે આ પ્રમાણેની જે ચોકીદારીનું કામ છે તે અઢાર કલાકનું કામ છે –

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा॥

(ગીતા ૬/૧૭)

યુક્ત આહાર-વિહાર અને યથાયોગ્ય શયન તેમ જ યથાયોગ્ય ક્રિયા કરનારના માટે જ દુઃખોનો નાશ કરનારો યોગ સિદ્ધ થાય છે. ચોવીસ કલાકના તમે ચાર ભાગ કરી દો. ૬ કલાક સૂવું, ૬ કલાક આહાર-વિહાર તેમ જ ૬ કલાક શરીર નિર્વાહને માટે આજીવિકા માટેનો પુરુષાર્થ કરવાનું કામ એટલે કે જીવિકોપાર્જનનું કાર્ય તેમ જ ૬ કલાક ભજન, સાધના આવી રીતે ચોવીસ કલાકના સમયનો ઉપયોગ કરો. જો આહાર વિહાર ૩ કલાકમાં પૂરાં થઈ જાય તો સાધન ભજનભાવ વધારવાં. જીવિકાનો વખત પૂરો ૬ કલાકમાં પર્યાપ્ત ન હોય તો ૯ કલાકનો કરી લેવાય. તેમાં કોઈ જ અડચણની વાત નથી; પરંતુ જેટલું

બને તેટલું બધો જ વખત પ્રભુપ્રાપ્તિને અર્થે જરૂરી સાધન કરતા રહો. પ્રભુના નામનો જપ, પ્રભુના સ્વરૂપનું ધ્યાન અને નિષ્કામ ભાવના તેમ જ ઈશ્વરમાં પૂરી શ્રદ્ધા અને પ્રેમ–આ બધી જે ખાસ ખાસ બાબતો છે તેનું જ સાધન કરો. સમયની ચોરી એટલે શું? તેનો અર્થ એ થાય છે કે ચોવીસ કલાકમાં બધો જ વખત આપણે જપ-ધ્યાન કરવાં જોઈએ. ૬ કલાક સૂવામાં કોઈ જ વાંધો નથી. જાગૃત અવસ્થામાં અઢાર કલાકમાં તમે જે અભ્યાસ કરો છો તે ૬ કલાકની સુષુપ્તિમાં પણ તેવો જ અભ્યાસ થતો રહેશે.

ધ્યાન તો બધો જ વખત થઈ શકે છે એ તો એક સામાન્ય વાત છે. એકવાર બુદ્ધિ દ્વારા પરમાત્માને તત્ત્વથી જાણી લીધા હોય અને એવો વિશ્વાસ બેસી જાય કે પરમાત્મા તો બધી જગ્યાએ વ્યાપેલા છે. જેમ કે વીજળીના તારમાં વીજળી, દિવાસળીમાં અગ્નિ અને બરફમાં જળ છે, આવી જ રીતે પરમાત્મા પણ સર્વત્ર વ્યાપી રહ્યો છે. જો આ વાત બરાબર સમજી લઈએ અને તેમાં સંપૂર્ણપણે વિશ્વાસ બેસી જાય તો પછી આ વાત આપણા મનમાંથી દૂર કેવી રીતે થઈ શકે? આપણે સ્વપ્નામાં પણ એને ભૂલી શકીએ નહીં, સૂતાં સૂતાં પણ આપણે તે વાતને નહીં ભૂલી શકીએ, તેની સ્મૃતિ સદાય જાગૃત રહેશે. બુદ્ધિ તેમ જ વિવેક દ્વારા જ્યારે પરમાત્માના સ્વરૂપને સમજી લીધું અને તે સમજણ અનુસાર મનને તેમાં પરોવ્યું તેનું જ નામ ધ્યાન છે. વાસ્તવમાં તો પરમાત્મા આનંદ સ્વરૂપ જ છે. જ્યારે આ વાત સમજણમાં આવી જાય કે પરમાત્માનું સ્વરૂપ આનંદ જ છે, પછી આનંદને છોડી તેની બહાર જઈ જ નહીં શકે. મનને તો બીજું કરવાનું પણ શું હોય? આનંદનું ધ્યાન ધરવાનું છે, આનંદનું જ ચિંતન કરવાનું છે અને આ આનંદનો જ અનુભવ કરવાનો હોય છે. જો આનંદનો અનુભવ ન થાય, પછી પરમાત્માનું ધ્યાન ક્યાંથી થયું ગણાશે? પરમાત્માનું સ્વરૂપ આનંદમય છે તો આ આનંદ કેવો છે? આ વાસ્તવિક છે, નિત્ય છે, સત્ય છે,

અપરિમિત અને અસીમ છે, આ ચિન્મય આનંદ છે. આનંદ અને આનંદ જ છે. એ રીતે એ આનંદઘન છે. જ્યારે આપ સૌ આ વાતને સંપૂર્ણપણે સમજી લીધી છે તો પછી તેને કેવી રીતે છોડી દેશો? જે વાત બુદ્ધિમાં બેસી ગઈ, જેનો અનુભવ બુદ્ધિ કરી રહી હોય, તે આનંદને માણસ છોડી કેવી રીતે શકશે? કારણ સંસારમાં પશુ-પક્ષી, મનુષ્ય-દેવતા, યક્ષ-રાક્ષસ કોઈ પણ એવું પ્રાણી નહીં મળે કે જે આનંદને નથી ઇચ્છતું, મતલબ કે સૌ કોઈ તેની ઇચ્છા સેવે છે.

વાસ્તવમાં તો સંસારમાં એવી કોઈ જ વ્યક્તિ નથી કે જે દુઃખ ઇચ્છતી હોય. જો વિવેક તેમ જ બુદ્ધિ દ્વારા આનંદ સમજાઈ જાય અને તેનો પૂરો અનુભવ પણ થઈ જાય તો મનુષ્ય આનંદને છોડી દઈ, દુઃખ તરફ જશે શા માટે? એ આનંદમાં સ્વતઃ મન વળશે. પછી આનંદનું ધ્યાન તો આપમેળે જ થશે, તેને ધરવાની જરૂર નહીં પડે. જ્યારે મનને સુખ મળશે, જ્યારે આનંદની અનુભૂતિ થવા લાગશે ત્યારે તે આપમેળે જ ત્યાં પહોંચી જશે અને ત્યાં જ રહેશે. કારણ કે પરમાત્માનું સ્વરૂપ તો પૂર્ણ આનંદરૂપ જ છે. આ વાત બરાબર સમજી લઈને તેનું ધ્યાન સ્વતઃ સ્વાભાવિક રૂપે થતું રહેશે. આ રીતે આ પરમાત્માનું ધ્યાન થયું.

બીજી વાત છે નામનો જપ. જે લોકો પરમાત્માના તત્ત્વને બરાબર સમજી શકતા નથી અને વળી જેઓ તેનું નિરંતર ધ્યાન પણ નથી ધરી શકતા, તે સૌના માટે નામ-જપ એ જ પરમ સાધન છે. પરમાત્માના નામનો જપ પરમાત્માના સ્વરૂપને યાદ કરાવી દે છે. એટલા જ માટે નામ-જપનો વિશેષ મહિમા છે. જ્યારે વ્યક્તિ નામીને વાસ્તવિક રીતે સમજી જાય છે, તો નામ તેને વિશેષ વહાલું લાગે છે. વ્યવહારમાં પણ કોઈ આપણી વહાલી વ્યક્તિ અથવા મિત્ર હોય કે જેને આપણે આપણી માનીએ છીએ, તેનું નામ વધારે વહાલું લાગે છે. પરંતુ ભગવાનનું નામ તો હજાર ગણું વધારે વહાલું લાગે છે, કારણ કે તેઓ તો આપણા પ્રિયતમ છે, ભગવાનને માટે ભક્ત પ્રિયતમ છે અને ભક્તને માટે ભગવાન પ્રિયતમ અને પ્રિયતમનું નામ

સ્વાભાવિક રીતે જ વહાલું લાગતું હોય છે. એટલા જ માટે જો કોઈ તેને છોડવા ઇચ્છે તો પણ છોડી શકો નથી. સ્વતઃ નામ જપ થવા લાગે છે. કોઈની સાથે વાતચીતના ક્રમમાં જો વ્યક્તિ દ્વારા જપ નથી થતો તે આપણા પ્રિયતમનું સ્વરૂપ તો તેનાથી ભૂલી શકાતું જ નથી. પ્રિયતમનું સ્વરૂપ હૃદયમાં પ્રવેશ થઈ ગયા પછી તો તે કાઢવાની લાખ કોશિશ કરો તો પણ નથી નીકળતું. આમ આ ચીજ અત્યંત વહાલી બની જાય છે. જ્યાં સુધી આપણે તેના તત્ત્વને નથી સમજી શકતા ત્યાં સુધી જપ અને ધ્યાન કરતા રહેવું પડે છે. જ્યાં સુધી કરવો પડે, ત્યાં સુધી તો તે નકામી મહેનત જેવો લાગતો હોય છે, પણ જ્યારે તત્ત્વની સમજણ આવી જાય તો પછી આનંદ અને આનંદ જ છે.

આપણો પોતાનો સંપૂર્ણ સમય જ્યારે ભગવાનમાં પરોવતા નથી હોતા તથા જે સમયને બીજા કામમાં પરોવીએ છીએ તે સમય વ્યર્થ ગયો એટલે કે સમયની આપણે બરબાદી કરી ગણાય. અર્થાત્ પોતાના કર્તવ્યમાં એટલી ઉણપ આવી ગણાય. ભગવાનના કામને માટે જે સમય મળ્યો હોય અને જો તે સમય આપણે બીજા કામમાં વાપરી નાખીશું તો તે કામમાં ચોરી થઈ ગણાય. જેવી રીતે કોઈ મુનીમ-ગુમાસ્તો પોતાની ફરજ-ડ્યૂટીનો સમય માલિકના કામમાં પૂરો ન ખર્ચે અને પોતાના અંગત કામમાં ખર્ચે તો તો એ સમયની ચોરી જ ગણાશે. જો આઠ કલાકની ડ્યૂટી છે તો માલિકના કામમાં આઠ કલાક સમય લગાવવો જોઈએ. જો તેનાથી વધારે ખર્ચીએ તો માલિક પણ જરૂર વિશેષ ખુશી બતાવશે. એ રીતે જ આપણો જે માલિક છે એટલે કે પરમાત્મા છે તેના માટે ૨૪ કલાક પૂરા સમર્પિત કરી દેવામાં આવે તો બધો જ સમય ભગવાનો જ બની જાય અને પછી તો આપણે આપણા માટે કશું જ બચાવી રાખ્યું નહીં. ૨૪ કલાકમાંથી ૧૮ કલાક જો તપ, ધ્યાન અને ધારણાનો અભ્યાસ થઈ જાય. તો પછી બાકીના ૬ કલાક જે વિશ્રામના માટે બચે છે તેમાં પણ આ જ સ્થિતિ થશે.

ત્રીજી વાત છે શરીરની ચોરી. શરીર ચોરવું એટલે શું? શરીર મારફત જે જે ભોગો તથા એશઆરામ આપણે ભોગવીએ છીએ એ શરીરની ચોરી છે. કારણ, આ માનવશરીર મળ્યું છે પરમાત્માની પ્રાપ્તિને અર્થે અને તમે તેને બગાડી દેતા હો છો સંસારના વિષય ભોગોમાં, પછી આ ચોરી નહીં તો બીજું શું ગણાય? ભગવાનની એવી આજ્ઞા નથી કે તમે એશઆરામ અને ભોગવિલાસમાં પોતાના શરીરનો ઉપયોગ કરો. ભગવાન તો એમ કહે છે કે તમે પોતાના શરીરનું રક્ષણ કરો અને શરીરની સંપૂર્ણ શક્તિ તથા બધો જ સમય ભગવાનનાં કાર્યોમાં લગાડો તથા કસીને (ખૂબ) પરિશ્રમ કરો. ઘણા લોકો કામ તો કરે છે, પરંતુ જેટલી મહેનત કરવી જોઈએ તેટલી કરતા નથી, એના બદલે ઓછી મહેનત કરે છે. ક્યારેક તો કામમાંથી જીવ ચોરીને કામ વગર જ સમય વેડફી મારતા હોય છે. ક્યારેક કોઈ બહાને નીકળી જાય છે તો વળી ક્યારેક બીજું કંઈ બહાનું કાઢી જાય છે. આમ કોઈપણ જાતનાં બહાનાં શોધીને સમય વેડફી નાખતા હોય છે અને એ રીતે સમય નષ્ટ કરી તેમ જ શરીરને આરામ આપવો આ બધી જ શરીરની ચોરી જ છે. એટલે શરીરને ખૂબ કામમાં પરોવવું જોઈએ, પણ એમ પણ ન કરવું જોઈએ કે વધારે પરિશ્રમથી બિમાર પડી જવાય. કારણ કે શરીરનું રક્ષણ કરવું એ પણ આપણી ફરજ છે, કર્તવ્ય છે.

મનની ચોરી એ શું છે? ભગવાનમાંથી હઠાવીને સંસારમાં મન પરોવી દેવું એનું નામ મનની ચોરી છે. જેનું મન ખાસ કરીને સંસારમાં જોડાયું છે, તે કૃતકાર્ય નથી થયો, જ્યાં સુધી તમારું મન ભગવાન સિવાયની બીજી કોઈપણ ચીજમાં આસક્તિ રાખે છે તો એનો અર્થ એ થયો કે હજુ તમારા સાધનમાં કમી છે, સાધનમાં હજુ ઉણપ છે, અને હજુ સુધી પૂરા સાધક નથી બન્યા. જો સાધક બન્યા હો તો સિદ્ધ નથી થયા. સિદ્ધ બનવા માટે પોતાના મનની, બુદ્ધિની અને શરીરની એમ કોઈની પણ ચોરી ન કરશો. ચોરી કરવાનો એ અર્થ છે કે આ

બધી શક્તિ ભગવાનના કામમાં ન લગાડતાં બીજા કામોમાં લગાડવી. બધામાં જ ભગવાન તો વિરાજમાન છે જ, બધાને ભગવાનનું સ્વરૂપ માનીને સેવા કરી રહ્યા છીએ તો એમ જ સમજો કે આપણે ભગવાનની જ સેવા કરીએ છીએ, કોઈની સાથે વાત કરીએ છીએ તો તે પણ ભગવાનની સાથે જ વાત કરીએ છીએ, કોઈને ત્યાં ચાલીને પહોંચી જઈએ તો તે પણ સમજો કે ભગવાનને માટે જ જઈ રહ્યા છીએ. આ રીતે શરીર, મન, બુદ્ધિની સાથે પોતાની ઇન્દ્રિયોને પણ ભગવાનના જ કામમાં લગાડી દેવી જોઈએ. નિત્ય ઊઠીને ભગવાનનાં દર્શન કરો, કાનોથી ભગવાનનું નામ તથા તેમનું ચરિત્ર સાંભળો, વાણીથી તેમની વાત કરો તો તે પણ પોતાની ઇન્દ્રિયો તેમ જ વાણી ભગવાનમાં જ પરોવ્યાં ગણાશે. બીજાઓને સુખી કરવાનો વિચાર કરીએ કે તે અંગોની વાત પણ કરીએ તો આપણે તે ભગવાનની સેવામાં જ લાગ્યા હોઈએ છીએ એમ ગણાય. મન દ્વારા પણ સદાય ભગવાનનું ચિંતન કરવું જોઈએ, ભગવાનની સેવાને અર્થે બીજા કોઈનું ચિંતન કરવું એ પણ ભગવાનનું જ ચિંતન ગણાય. જો બુદ્ધિમાં આ વાત બરાબર બેસી જાય કે ભગવાન સર્વવ્યાપક છે. એટલે કે સર્વત્ર બિરાજમાન છે, તેમજ આપની આ ભાવના અને સમજણ દૃઢ બની ગઈ તો પછી તમે ગમે તેની સેવા કરશો તો પણ તે સેવા ભગવાનની જ હશે. આ કાર્યમાં સેવા અને દર્શન બેય સાથે સાથે થતાં રહેશે. જેમ કે ગોપીઓ ભગવાનની સેવા પણ કરતી હતી, તથા ભગવાનના દર્શન પણ કરતી હતી. ઘરનું કામ કરવું એ પણ એક રીતે પ્રભુસેવા જ ગણાય. ગોપીઓ ભગવાન શ્રીકૃષ્ણને માટે ગાયો દોહે છે, શ્રીકૃષ્ણને માટે માખણ તૈયાર કરે છે, ભગવાનને માટે જ છાશ પણ બનાવી રહી છે એટલે કે મઠ્ઠો ભગવાનને પિવરાવશે, આમ એમનું બધું જ કામ પ્રભુને અર્થે જ હોય છે. આ પ્રમાણે જ આપણા બધાનું પણ હોવું જોઈએ. આપણે પણ બધું જ કામ ભગવાનને માટે જ કરીએ.

જે રીતે ભગવાનમાં મન ચોંટાડવાની વાત છે, તે જ રીતે બુદ્ધિ પણ ભગવાનમાં જ લગાવવી જરૂરી છે. જો આપણે બુદ્ધિને આપણા પોતાના કામમાં લગાડીએ છીએ, ભગવાનનાં તત્ત્વ અને રહસ્યને સમજાવવાને માટે જો તેનો સદુપયોગ કરતા નથી હોતા, ગીતા-રામાયણનો અર્થ સમજવામાં કે તેના ભાવ સમજવામાં બુદ્ધિને કસતા નથી કે પરોવતા નથી તો તે પણ બુદ્ધિની ચોરી જ ગણવી. કોઈ વ્યક્તિ સંધ્યા કરે છે, ગાયત્રીનો જપ કરે છે, પરંતુ વાસ્તવમાં સંધ્યામાં તેનું મન લાગ્યું નથી, જપ કરતી વખતે પણ જપમાં અથવા ગાયત્રી માતાના સ્વરૂપમાં તેનું મન-ધ્યાન નથી, બલ્કે મન તો ઉપરથી ઉટપટાંગ વિચારોમાં ખોવાઈ જાય છે અને અહીં તહીં ભટકતું રહે છે. આ બધી છેતરામણી નથી તો બીજું છે શું? જગતની સામે તો તે સાચો પુરવાર થઈને રહેતો હોય છે, એટલું જ નહીં પણ મોટો મહાત્મા બનીને રહે છે, ધર્માત્મા બનીને રહે છે, પરંતુ વાસ્તવમાં એના જે ગુણો હોવા જોઈએ તે હોતા નથી. આ પ્રમાણે તે પોતાની બુદ્ધિ દ્વારા જગતને છેતરે છે, ભગવાનને છેતરે કરે છે અને પોતાની જાતને પણ છેતરતો હોય છે. આ પ્રમાણે બધાય લોકોએ એ દૃઢપણે નિશ્ચય કરવો જોઈએ કે તેઓ સમયની ચોરી કદાપિ ન કરે, ભગવાનના ધનની ચોરી ન કરે, પોતાના શરીરને ચોરીને ભોગવિલાસમાં ના લગાડે. આ જ રીતે મન, ઈન્દ્રિયો તેમ જ બુદ્ધિને પણ બીજી કોઈ જ પ્રવૃત્તિમાં ન લગાડતાં ભગવાનમાં જ પરોવી દેવાં જોઈએ. વાસ્તવમાં આપણે જ્યારે આપણું સર્વસ્વ ભગવાનને જ અર્પણ કરી દીધું છે અને હૃદયથી આપણે એમ માની લીધું છે કે આ બધું જ ભગવાનનું છે તો પછી તે વસ્તુને આપણા કામમાં ઉપયોગમાં લેવાનો આપણને શો અધિકાર છે? એટલે કે આ બધાને આપણા કામમાં વાપરવાં એટલે ચોરી કરવી એવો અર્થ થાય છે.

જ્યાં સુધી મનુષ્ય સાધક છે, ત્યાં સુધી તેણે સિદ્ધ બનવાનો પુરુષાર્થ કરતા રહેવું જોઈએ. સિદ્ધ બન્યા પછી પરમાત્માની પ્રાપ્તિનું લક્ષ્ય

કેળવવું જોઈએ. પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય તો પછી આ બધું કામ લોકસંગ્રહને અર્થે કરવું જોઈએ. લોકસંગ્રહ એટલે શું? લોકનો અર્થ થાય છે તમામ પ્રાણીમાત્ર અને સંગ્રહનો અર્થ છે પ્રાણીઓને એકઠાં કરવાં, મતલબ કે ચોરાસી લાખ યોનિઓમાં વહેંચાયેલા પ્રાણીઓને પરમાત્મામાં પરોવવાં, આ જ છે સંગ્રહ કરવો. વિખરાયેલી બુદ્ધિને જ ભટકવું એમ કહે છે. મનુષ્યમાં જે એક બુદ્ધિ છે તે ઉત્તમ બુદ્ધિ છે અને જે અનેક પ્રકારની બુદ્ધિ છે તે રસ્તો ભોલવવે છે. આ વાત ગીતામાં પણ ભગવાને કહેલી છે –

व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनन्दन।
बहुशाखा ह्यनन्ताश्च बुद्धयोऽव्यवसायिनाम्॥

(ગીતા ૨/૪૧)

જે બુદ્ધિ નિશ્ચયાત્મક છે તે તો પરમાત્માના સ્વરૂપનું જ ચિંતન કરનારી છે એટલે કે બધું માત્ર પરમાત્મા જ છે, પરમાત્મા સિવાય અન્ય કશું નથી, જ્ઞાનને માર્ગે પણ એક પરમાત્મા જ છે, એના સિવાય બીજું કોઈ નથી. મતલબ કે સર્વનો અભાવ છે, કેવળ એક પરમાત્માનો જ ભાવ છે અને તે એકજ છે. જો આ વાતમાં કોઈ દોષ છે. એટલે કે જેનો એક નિશ્ચય નથી તેની બુદ્ધિ અનેક પ્રકારની થાય છે અને એક એક બુદ્ધિની અનેક પ્રકારની શાખાઓ થાય છે. આ જ અનેક પ્રકારની બુદ્ધિ તેને સંસારની અનેક યોનિઓમાં ભટકાવતી રહે છે. તે ભટકતો રહે છે આમ આ ભટકી રહેલાઓને નિશ્ચયાત્મિકા બુદ્ધિ સમજાવી તે બધાનો સંગ્રહ કરવો - પરમાત્માના સ્વરૂપમાં લગાડવા - એ જ કર્તવ્યપાલન છે. ભગવાન કહી રહ્યા છે કે તમે ખ્યાલ કરીને જુઓ કે મારે માટે આ જગતમાં કોઈ કર્તવ્ય શેષ છે ખરું? એટલે કે નથી –

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि॥

(ગીતા ૩/૨૨)

હે પાર્થ! ત્રણેય લોકમાં મારે માટે કંઈ જ કર્તવ્ય શેષ છે નહીં અને સંસારમાં મારા માટે પ્રાપ્ય એવું કંઈ જ નથી; કારણ કે મને બધું જ પ્રાપ્ત છે. બધું જ પ્રાપ્ત હોવા છતાં પણ અને મારે માટે કોઈ કર્તવ્ય શેષ ના હોવા છતાં પણ હું કાર્યરત છું. કહેવાનો અર્થ એ છે કે તમારે પણ કર્મોમાં રત રહેવું જોઈએ તથા જેઓ જ્ઞાનીઓ-મહાત્માઓ છે તેમણે પણ કર્મોમાં વ્યસ્ત રહેવું જોઈએ. તમે જો સાધક હો, તો પણ તમારે કર્મ કરવું જ જોઈએ અને વળી જો તમે સિદ્ધ છો તો પણ તમારે કર્મ કરતા રહેવું જોઈએ.

सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वन्ति भारत।
कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसंग्रहम् ॥

(ગીતા ૩/૨૫)

જેવી રીતે અજ્ઞાની માણસ કર્મોમાં આસક્ત બનીને કર્મ કરતો હોય છે, એ જ રીતે જ્ઞાનીએ પણ અનાસક્ત ભાવે એટલે કે આસક્તિરહિત બનીને કર્મોનું આચરણ કરવું જોઈએ. લોકસંગ્રહને માટે ઇચ્છા કરવી એ વાસ્તવમાં ઇચ્છા નથી. સંસારના લોકોના કલ્યાણની જે ઇચ્છા છે, એ ઇચ્છામાં કોઈ દોષ નથી માનવામાં આવતો. વાસ્તવમાં આ ઇચ્છા તો સંસારના સર્વ મનુષ્યોને ભગવાનમાં લગાડવાના આશયથી જગાડવામાં આવતી હોય છે. તમારી જેવી સ્થિતિ થઈ ગઈ, એવી સ્થિતિ બધાની બનાવવી જોઈએ. એથી એ સિદ્ધ થાય છે કે સાધકે કર્મ કરવાં જોઈએ પરમાત્માની પ્રાપ્તિને અર્થે અને જેને પરમાત્માની પ્રાપ્તિ થઈ ગઈ, એવા જ્ઞાની મહાત્માઓએ પણ કર્મ કરવાં જ જોઈએ બીજાઓને મહાત્મા બનાવવાને માટે. સૌ કોઈને ભગવાનની પ્રાપ્તિ થઈ જાય, જ્યારે આ પરમાત્માની પ્રાપ્તિની વાત વિશેષ મહત્ત્વની બની જાય છે તો આવો અવસર સૌ કોઈને પણ મળી જવો જોઈએ. આમ આ ઉદ્દેશ્યથી કર્મ કરવાં જોઈએ. આ માટે આપણા સમયનો ઉપયોગ ઉત્તમોત્તમ કાર્યોમાં કરવો જોઈએ. સદાય એમ જ વિચારવું ઘટે કે આ

જે મારો સમય છે તેનો સદુપયોગ લોકોના કલ્યાણને અર્થે અથવા લોકોની સેવાને માટે યોગ્ય રીતે થઈ રહ્યો છે કે એમાં કંઈ ખામી છે? જો તેમાં કોઈપણ પ્રકારની ખામી હોય તો તે ખામીને સુધારવી ઘટે. જ્યારે આપણો બધો જ સમય પ્રભુને અર્થે જ ખર્ચવો છે અને જો તે ભગવાનના કામમાં નથી ખર્ચાતો તો તે એક પ્રકારની ચોરી જ છે - એમ કહેવાય. સમયની ચોરી કરવાનો અર્થ થાય છે, ભગવાનની આજ્ઞાનું પાલન ન કરવું તે. તેની સાથેસાથ જે કંઈ પદાર્થો છે, તે બધા ભગવાનના છે, કારણ કે પહેલાં જ બધું સર્વસ્વ ભગવાનને અર્પણ કરી ચૂક્યા છીએ અને તેથી ભગવાનની ચીજ તે ભગવાનના જ કામમાં વાપરવી જોઈએ. વળી ભગવાનના કામમાં તેને ન લગાડનારું ભલા શું કારણ હોઈ શકે છે? બીજી વાત, તમારું જે શરીર છે તે ભગવાનને માટે છે. તો આ શરીરને પણ બધો જ વખત ભગવાનના કામમાં લગાડવું જોઈએ, તેને અન્ય કામમાં શા માટે જોતરાય? તમારું જે મન છે તેને પણ તે જ કામમાં પરોવવું જોઈએ, તથા તમારી બુદ્ધિ છે, તેને પણ તે જ કામમાં લગાડવી જોઈએ. તમારાં બુદ્ધિ અથવા તો મન ન લાગ્યાં હશે તો તે પણ એમ જ જાણવું કે ભગવાનની આજ્ઞાનું પાલન થતું નથી; જે આપણે માટે યોગ્ય ન ગણાય. બગવાનની સર્વે ચીજોને ભગવાનના કાર્યમાં જ લગાડી દેવી જોઈએ.

સાધકે ભગવાનના સર્વ પદાર્થોને જેવા કે પુત્ર, રૂપિયા અને સંસારના ભોગ આ બધાને ભગવાનના કામમાં ખર્ચવા જોઈએ. શરીર, મન, બુદ્ધિ, ઈન્દ્રિયો અને સમય બધાં ભગવાનના કામમાં ન લગાડતાં બીજા કામોમાં લગાડવાં એ એક રીતે ગણીએ તો તેની ચોરી કરવા બરાબર છે, સાધકે તો એ બાબતમાં ખાસ સાવધ રહેવાની જરૂર છે. સિદ્ધે પણ પરમાત્માની પ્રાપ્તિ કરવી જોઈએ. પરમાત્માની પ્રાપ્તિમાં વિલંબ શા માટે થઈ રહ્યો છે? આ વિલંબનું કારણ છે એક માત્ર પ્રમાદ ન કરવા જેવું તે કરવું અને કરવા યોગ્ય છે તે ન કરવું, એ જ તો

છે પ્રમાદ. આ જ કારણે પરમાત્માની પ્રાપ્તિમાં પણ વિલંબ થાય છે. આ પ્રમાદને લીધે સિદ્ધ-મહાત્મા પુરુષોએ પણ બચવા જોઈએ અને લોકો ઉપર દયા કરવી જોઈએ. પોતાનાં તન-મન અને બુદ્ધિ એ બધાં જ સંપૂર્ણપણે ભગવાનના કામમાં લગાડી દેવાં જોઈએ. પરમાત્માની પ્રાપ્તિ કરવી એટલે જ ભગવાનના ધામમાં પહોંચવું છે એટલે કે તેમનામાં વિલીન થઈ જવું તે છે. ભગવાનના ધામમાં એક વાર જે ચાલ્યો ગયો તેનો સંસારમાં પાછો આવવું બીજાના હિત માટે હોય છે, આવા પુરુષને કારક પુરુષ કહેવામાં આવે છે. આવો પુરુષ ભગવાનની સાથે આવી શકે અથવા ભગવાને મોકલ્યો હોય એ રીતે આવી શકે છે. ભગવાન તેને સંપૂર્ણ અધિકારો આપીને મોકલે છે અથવા એમ કહીએ કે થોડો ઘણો અધિકાર આપીને મોકલતા હોય છે. તે સંસારમાં આવીને સંસારના ઉદ્ધારને અર્થે એટલે કે કલ્યાણને માટે કામ કરે છે. આ તેનું કર્તવ્ય તથા આપણે માટે ભગવાનનો આ ઉપદેશ છે કે આપણે સૌએ પણ એ જ પ્રમાણે કરવું જોઈએ.

શરણાગતની ત્રણ શાખાઓ

શરણાગતનો વિષય એટલે કે ભગવાનને શરણે જવાનો જે વિષય છે તે ઘણો જ ઊંચી શ્રેણીનો છે. ભગવાન કહે છે –

तमेव शरणं गच्छ सर्वभावेन भारत।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम्॥

(ગીતા ૧૮/૬૨)

'હે ભારત! તું સર્વભાવથી તે પરમાત્માને શરણે જા, તેની કૃપા વડે જ તું પરમ શાંતિને, અવિનાશી સ્થાનને પામીશ.' તેમનો સર્વભાવ કહેવાનો શો મતલબ છે? તાત્પર્ય એ છે કે હે પ્રભો! આપ જ અમારાં માતા-પિતા, ભાઈ-બંધુ, સખા, ધન, જન, પ્રાણ, સર્વસ્વ છો. આપ જ અમારા સ્વામી છો, વિદ્યા છો, પતિ છો એટલે કે જે કંઈ છો તે બધું જ આપ છો - એ જ સર્વભાવ છે. સર્વભાવનો અર્થ જો એ રીતે લેવામાં આવે કે 'હું ભગવાનને શરણે છું.' તો તેમાં આપણું મન, વાણી, તન, ધન, જન, બધુંય તેમના શરણે અર્પણ કરવું પડે છે. મનથી શરણે થવું, વાણીથી શરણે થવું, એ બધું જ તેના અંતર્ગત છે. શરીરથી પણ તેમના શરણે થવું અને ધન તથા જનથી શરણે થવું એટલે કે જે કંઈ છે તે બધું જ ભગવાનનું છે - એમ સમજીને ભગવાનને સમર્પણ કરી દેવું છે. ભગવાન કહે છે કે એ પરમાત્માની કૃપાથી જે પરમ શાંતિ છે એટલે કે પરમાત્માની પ્રાપ્તિથી જે શાંતિ પ્રાપ્ત થાય છે, તે પરમ શાંતિ છે. શાશ્વત સ્થાન જે છે કે તેને જ પદ કહેવામાં આવે છે, તેને જ પરમાત્માની

પ્રાપ્તિ કહેવામાં આવે છે, તેને તું પ્રાપ્ત કરી શકીશ. આ વાત ભગવાન પોતે જ કહી રહ્યા છે. આ સર્વભાવ અથવા બધી રીતના સંપૂર્ણ જે ભાવ છે, તેની વર્તમાનમાં પેૂરેપૂરી જાણકારી નથી. તેથી જે કંઈ આવિષ્કાર છે તે જ સર્વભાવ સમજીને આપણે ભાવ સમજવું જોઈએ.

જે શરણાગતિનો વિષય છે, તેનો આવિષ્કાર ઘણો જ ઓછો છે. તે છૂપો છે. આપણા લોકોમાંથી કોઈનીય જાણમાં તે સંપૂર્ણપણે નથી. સંસારમાં જેટલો આવિષ્કાર છે તેનું પણ જ્ઞાન પૂરું કોઈને નથી. એટલા આવિષ્કારની વચ્ચે એક વાત આ છે - તેના ઉપર નિર્ભર થઈ જવું, પોતાની જાતને તેના ચરણોમાં સમર્પિત કરી દેવી, સોંપી દેવી, પોતાની જાતને તેને સમર્પણ કરી દેવી.

પરેચ્છાથી હોય કે પછી અનિચ્છાથી હોય, જે કંઈ પણ આપણને મળે તો તે આપણા મનને અનુકૂળ હોય, વિપરીત પણ હોય તો પણ તેને ભગવાનનું મંગળમય વરદાન માની લેવું. મંગળમય ભગવાનના વરદાનથી એટલે કે ભગવાનના હુકમથી બધું થાય છે. જે કંઈ થશે તે બધું જ ભગવાનના હુકમની માફક જ થશે, તે અવશ્ય-ભાવી છે, જે પ્રારબ્ધનું ફળ છે, તેનો કોઈ પ્રતિકાર ન હોય; અને તેનો પ્રતિકાર કરવો પણ શા માટે જોઈએ. જ્યારે પ્રભુનું વિધાન છે અને મંગળમય છે તો પછી પ્રતિકાર શા માટે કરવો? હા, ભગવાન ઈચ્છે તો તેનો પ્રતિકાર જરૂર કરી શકે છે, પરંતુ તેના માટે ભગવાનને શા માટે પ્રાર્થના કરવામાં આવે કે હે પ્રભુ! તેનો પ્રતિકાર કરી દેજો! શૃંગી ઋષિ દ્વારા રાજા પરીક્ષિતને શાપ મળ્યો કે આજથી સાતમા દિવસે તક્ષક નાગ તમને ડંખ મારશે. આ સમાચાર શૃંગી ઋષિના પિતાશ્રી શમીક ઋષિએ રાજા પરીક્ષિતને પહોંચાડ્યા કે આજથી સાતમે દિવસે તમને તક્ષકનાગ કરડશે. આ સાંભળીને રાજા પરીક્ષિત ખુશ થયા કે અમારાથી જે મહાઅપરાધ થઈ ગયો છે, તેનો દંડ મને મળી જશે, આ ઘણા જ આનંદની વાત

છે. આ સમાચાર સાંભળીને રાજા સાવધ બની ગયા. ઋષિઓને તથા મુનિઓને બોલાવી પોતાનો સમય ભગવાનના ગુણ, પ્રભાવ, તત્ત્વ અને રહસ્યની વાતો સાંભળવામાં વિતાવ્યો.

એવામાં સદ્‌ભાગ્યે શુકદેવજી આવી ગયા. આવીને તેમણે રાજાને ભાગવત સંભળાવ્યું અને તેમના આત્માનો ઉદ્ધાર કર્યો. કશ્યપ ઋષિ તેમને જીવનદાન અપાવવા આવી રહ્યા હતા, પણ તક્ષક નાગે તેમને ધન આપીને પાછા વાળ્યા, કારણ તેણે વિચાર કર્યો કે જો આ તેને જીવનદાન આપશે તો પછી મારી પ્રતિષ્ઠાનું શું થશે? તેને મોટો ધક્કો લાગશે. પાછળથી આ વાત જ્યારે રાજા જનમેજયે જાણી ત્યારે તેમણે એમ કહ્યું કે તક્ષક નાગનું ડસવું એ કંઈ અનુચિત તો નહોતું. તે તો ઋષિનો શ્રાપ હતો, તેમાં તક્ષકનો કોઈ જ દોષ નહોતો. પરંતુ તેણે કશ્યપ બ્રાહ્મણને ધન આપીને પાછો વાળ્યો હતો, આ તેનો અપરાધ હતો અને તેથી જ હું સર્પયજ્ઞ કરીને તેને દંડ અપાવીશ. આ હેતુસર તેમણે સર્પયજ્ઞ કરાવ્યો.

હવે તેમાં વિચારવું ઘટે કે ઋષિની તો ભારે ઉદારતા છે કે પરીક્ષિત પાસે સમાચાર પહોંચાડ્યા અને રાજા પરીક્ષિતે તેને સાંભળ્યા પછી એક પ્રકારની ખુશી વ્યક્ત કરી, કેમ કે તેમને સાચી વાતનો ખ્યાલ આવ્યો, આ વાત પરીક્ષિતને માટે ગૌરવની વાત છે. જો ઋષિ સમાચાર ન કહેવડાવત તો રાજા પરીક્ષિત સાવધાન થઈ શક્યા ન હોત. પહેલેથી સમાચાર જાણી લેવાથી કેટલો મોટો ફાયદો થયો કે જેથી તેઓ પોતાના આત્માનું કલ્યાણ કરી શક્યા. આ ઘણા ફાયદાની વાત છે. આ વાત પરીક્ષિતને માટે ઘણા ફાયદાની છે. જનમેજયનો આ ભાવ છે કે મારા પિતાશ્રીનું અવસાન થયો, પછીથી કશ્યપઋષિ આવીને તેમને સજીવન કરી આપત. આ ભાવ જનમેજયને માટે યોગ્ય જ ગણાય. પિતાને માટે આ ભાવ હોવો ઘણું ઉત્તમ ગણાય. તેમાં ઋષિનાં વચનોનો પ્રતિકાર

પણ નથી અને ઈશ્વરના કાયદાનો અમલ પણ કર્યો ગણાય. રાજા પરીક્ષિતને જે શાપ મળ્યો હતો તે તો પરેચ્છાથી મળ્યો હતો. આ જ રીતે જો કોઈ ઘટના અનિચ્છાએ પણ આવી પડે પછી ભલેને તે આપણા મનને ભાવતી હોય કે નાપસંદ હોય, તેને શ્રીભગવાનનો પુરસ્કાર માનીને ખુશ થવું એટલે ભગવાનને પોતે પોતાની જાતને સમર્પિત કરી દેવી એવો અર્થ થાય. અનિચ્છાએ કે પરેચ્છાએ પણ કોઈપણ ઘટના આવી પડે અને આપણે તેના ભોગ બનીએ તો તેને ભગવાનનું મંગળકારી વિધાન જ નહીં, પણ તેને ભગવાનનું મંગળમય વરદાન માનવું જોઈએ. તેમાં ભગવાનની મોટી કરુણા માનવી જોઈએ. એકદમ ભગવાન ઉપર જ નિર્ભર થઈ જવું અને એ નિર્ભરતામાં ભગવાનની એ ઘટનાને જોઈ જોઈ રાજી થવું જોઈએ. એ ઘટનાને જો લીલાનું રૂપ આપવામાં આવે કે ભગવાન લીલા કરી રહ્યા છે તો તો ભગવાન એક રીતે આપણને તમાશો દેખાડી રહ્યા છે, લીલા દેખાડી રહ્યા છે એમ સમજવું એનાથીય વધારે સારી વાતછે. તે લીલાને જોઈજોઈને ક્ષણેક્ષણે મુગ્ધ થવું જોઈએ. જેટલી વધારે પ્રસન્નતા થશે તેટલું તે ભગવાનની વધારે શરણે છે. આ શરણાગતિનો એક અંશ છે, એક શાખા છે.

આ જે ભાવ છે - આ ભાવો જેનામાં છે તેનું આ કલ્યાણ કરનારા છે. તેનું આત્માનો ઉદ્ધાર કરનારા છે.

તેથી કેવલ માત્ર ભગવાન ઉપર નિર્ભર થઈ જાવ. એના માટે કંઈ પણ વિચાર ન કરે. તેની ક્રિયા જોઈજોઈને હસતો રહે, ખુશ હોતો રહે.

હવે બીજી વાત ઉપર આવીએ છીએ –

मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि॥

(ગીતા ૧૨/૧૦)

ભગવાન કહે છે કે મારા અર્થે (ભગવદઅર્થ) કર્મ કરતા રહીને પણ પુરુષ પરમ સિદ્ધિને પ્રાપ્ત થઈ જાય છે. ભગવદર્થ એટલે શું?

ભગવદ્‌ર્થ એને કહેવાય કે ભગવાનમાં પ્રેમ હોવાને માટે, ભગવાનની પ્રાપ્તિને અર્થે કર્મ કરવામાં આવે. જેવી રીતે લોભી માણસ રૂપિયા કમાવવાની દૃષ્ટિએ વેપાર ખેડતો હોય છે. તેની સંપૂર્ણ પ્રવૃત્તિ એક માત્ર રૂપિયા મેળવવા માટે જ હોય છે. આ પ્રમાણે જ આપણી બધી ચેષ્ટા ભગવાનને માટે જ હોય. આ જે પદાર્થો છે તે બધા જ ભગવાનના પદાર્થો છે. હું ભગવાનનો છું, ભગવાન મારા છે, મારી સર્વ ક્રિયાઓ ભગવાનને માટે છે, આ પ્રમાણે ભગવાનના હુકમ પ્રમાણે, ભગવાનની આજ્ઞા મુજબ જે ક્રિયા છે તે બધી ભગવદર્થ છે. તેનાથી પણ વિશેષ તો એ વાત ગણાય છે કે પ્રભુના રુખ (ઇચ્છા) પ્રમાણે, તેના સંકેત મુજબ ચાલવું. પ્રભુનો જે સંકેત છે, ઇશારો છે, ભગવાનનું જે રુખ (ઇચ્છા) છે, ભક્તના હૃદય ઉપર તેની છાપ પડતી હોય છે. વળી એનાથી પણ વિશેષ એ છે કે ભગવાનનો રુખ (ઇચ્છા) તેમના સિદ્ધાંત પ્રમાણે જ હોય છે. ભગવાનનો જે સિદ્ધાંત છે તેના અનુસાર તેમનો રુખ હોય છે. સિદ્ધાંત વિપરીત ઇચ્છા તો ક્યારેય નહીં હોય. આમ આપણે ભગવાનની ઇચ્છા પ્રમાણે ચાલીએ. તેમના સિદ્ધાંત મુજબ ચાલીએ. જેમ કે ગીતા ભગવાનનાં સિદ્ધાંત છે. જે કંઈ ભગવાનનો સિદ્ધાંત છે, ભગવાનનો મત છે, ભગવાને કરેલો નિર્ણય છે, ભગવાનની જે પણ માન્યતા છે તે અનુસાર ચાલીએ. તે પ્રમાણે ચાલવાથી ભગવાનના સિદ્ધાંતનો તેને જ્ઞાન થઈ જાય છે. ભગવાનના સિદ્ધાંત અનુસાર જે ચાલવા ઇચ્છતો હોય છે તે ભક્તને અનુભવ થઈ જાય છે. પ્રભુનો સિદ્ધાંત કાં તો એક ભગવાનનો ભક્ત જાણે છે અથવા તો ખુદ ભગવાન જાણે છે. જ્યારે મનુષ્ય ભગવાનનો ભક્ત બની જાય છે ત્યારે તેનું જે હૃદય છે તેનામાં ભગવાનના સિદ્ધાંતનો પ્રાદુર્ભાવ થતો હોય છે; પરિણામે તેનું હૃદય ભગવાનના સિદ્ધાંતથી પરિપૂર્ણ બની જતું હોય છે. તે ભક્તનો જે ભાવ છે તે જ સિદ્ધાંત છે. વેદ છે શું?

મહાપુરુષોના હૃદયનો ભાવ છે. મહાપુરુષ જેમ કે બ્રહ્માજી છે તો બ્રહ્માજીના હૃદયનો જે ઉદ્‌ગાર છે. તે જ વેદ છે. અને તેથી પણ આગળ જે છે તે ભગવાનના મનની જેમ ચાલવું તે છે. તેનાથી તો ભગવાનના મનનું જ્ઞાન પણ તેને થઈ જતું હોય છે. પ્રભુનું મન અને ભગવાનના ભક્તનું મન એક જ બની જાય છે. ભગવાનની બુદ્ધિ અને તેની બુદ્ધિ એક જ થઈ જાય છે. આમ ભગવાનના મનની માફક ચાલવું, ભગવાનની બુદ્ધિ અનુસાર ચાલવું, ભગવાનના સિદ્ધાંતની મુજબ ચાલવું, ભગવાનના સિદ્ધાંત માફક ચાલવું, ભગવાનના મનની માફક ચાલવું અને ભગવાનની ઈચ્છા મુજબ ચાલવું આ બધી એક જ વાત છે. અહીં સુધી જે છે તે તેમાં સૂક્ષ્મભાવે કર્તાપણું છે. સૂક્ષ્મ અહંકાર છે સૂક્ષ્મ અહંકાર જે છે તે શુદ્ધ અહંકાર છે. અહીં પણ એક રીતે કર્તાપણું છે. આ કર્તાપણાના ભાવને પણ ભગવાનને સમર્પણ કરી દેવું અને તેનું જે ફળ છે તે પણ અર્પણ કરી દેવું. પરેચ્છાથી અને અનિચ્છાથી પ્રાપ્ત થનારા જે ફળો છે તે બધાં ભગવાનને સમર્પણ કરવા એ વાત તો પહેલાં જ જણાવી દીધી છે, પરંતુ સ્વેચ્છાપૂર્વકની જે ક્રિયા છે તેનું ફળ પણ ક્રિયા કરતી વખતે જ પ્રભુને સમર્પિત કરી દેવું જોઈએ. જેવી રીતે કોઈ વેપાર ખેડે છે અને કોઈ ચીજ ખરીદે છે તો તેમાં જે નફો કે નુકસાન થતું હોય છે તો તે સ્વેચ્છાપૂર્વક કરેલા કર્મોનું ફળ છે. તો આ ફળ પણ ભગવાનને સમર્પિત કરી દો. તેના થકી આપણું કોઈ જ પ્રયોજન ન હોય, કેમ કે -

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।

(ગીતા ૨/૪૭)

તમારો અધિકાર તો માત્ર કર્મ કરવાનો જ છે, ફળમાં નથી. પોતાનાથી જે કંઈ ક્રિયા થાયછે અને તેનું જે કંઈ ફળ છે તે પણ પ્રભુને જ સમર્પણ છે, તેને પણ ભગવાનનું વિધાન જાણીને હર પળે ખુશ રહેવું

જોઈએ. ક્રિયાને પણ ભગવાનને સમર્પણ કરી દેવી એ એથી પણ ઊંચી કક્ષાની વાત ગણાય.

चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः।

(ગીતા ૧૮/૫૭)

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, 'હે અર્જુન! તું તારા પોતાના ચિત્તથી, મનથી બધાં જ કર્મોને એક મારામાં જ સમર્પણ કરી દે અને તું મારે શરણે આવી જા. આમ તું ભગવાનને પોતાની જાતને સંપૂર્ણ રીતે સમર્પિત કરી દે. પોતાનાથી થતી બધી ક્રિયાને ભગવાનને સમર્પિત કરી દે. ક્રિયાને સમર્પિત કરવી એનો શો અર્થ થાય છે? ક્રિયાને સમર્પણ કરવાનો એવો અર્થ છે કે જે રીતે શ્વાસ આપમેળે જ આવતા હોય છે, તેમાં કોઈ પરિશ્રમ કરવો પડતો નથી. એક તો મનુષ્ય પ્રાણાયામ કરે છે અને એક પોતાની મેળે શ્વાસ આવે છે, તો આપમેળે જે શ્વાસ આવે છે તેને આપમેળે થનારી ક્રિયા ગણાવો અને વિધિ સાથે જે પ્રાણાયામ કરે છે તે પ્રાણાયામની ક્રિયા ગણાય છે. બધું જ આપમેળે જ થાય છે, જેમ કે કોઈ બાળક ગુરુને ત્યાં અભ્યાસ કરે છે. તે ક, ખ, ગ, ઘ, ઙ લખી રહ્યોછે તો તેમાં ભૂલ આવે છે, પરંતુ તેના હાથ ઉપર ગુરુનો હાથ હશે તો તે ભૂલ નહીં કરે. ગુરુ પોતે જ તેનો હાથ પકડીને ક, ખ, ગ, ઘ, ઙ લખે છે તેથી ભૂલની કોઈ જ શક્યતા નથી. આ પ્રમાણે જ આપણા વડે જે ક્રિયા થાય છે તે પણ પ્રભુને સમર્પિત કરી દો અને નમ્રતાપૂર્વક કહો કે હે પ્રભુ! મને એક તો જ્ઞાન નથી, બીજું મારાથી સહજ રીતે ભૂલ થઈ જતી હોય છે તેથી હું તેનો અધિકારી નથી, તેથી મને આપે જે સ્વતંત્રતા બક્ષી છે, કામ કરવાની જે આજ્ઞા આપી છે, કે '**कर्मण्येवाधिकारस्ते**' તારો કામ કરવાનો અધિકાર છે, પરંતુ તે અધિકારનો યોગ્ય રીતે ઉપયોગ કરવાનું સામર્થ્ય મારામાં નથી અને તેથી હું આપને સમર્પણ કરી રહ્યો છું. આપ જ આપની જેવી

ઇચ્છા હોય તે મુજબ મારી પાસે કરાવડાવો. પછી ભગવાન જેની પાસેથી જે કંઈ કર્મો કરાવશે તો તેમાં ભગવાનની જેવી શાસ્ત્રોમાં આજ્ઞા છે એવી જ રીતે, ભૂલ થવાની કોઈ જ શક્યતા નહીં રહે. પછી ગીતાથી અને શાસ્ત્રોથી મેળવી લેવું જો તે ક્રિયા ગીતા કે શાસ્ત્રથી વિરુદ્ધની હોય તો સમજી લેવું કે તેમાં ભગવાનનો હાથ નથી. ત્યાં કામનો હાથ છે. અર્જુને આ વાત પૂછી કે –

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः॥

(ગીતા ૩/૩૬)

'अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः' આ ગીતાના ત્રીજા અધ્યાયના ૩૬મા શ્લોકમાં 'હે વાસુદેવ! આ પુરુષ કોના થકી પ્રેરિત થઈને પાપનું આચરણ કરે છે? તેની તો પાપ આચરવાની ઇચ્છા નથી, તેનો ઉદ્દેશ્ય પણ નથી, તો પણ એમ સમજો ને કે કોઈ મહાપરાણે તેની પાસે પાપ કરાવી રહ્યું છે. તો આ પ્રમાણે જે બળપૂર્વક પાપ કરાવી રહ્યું છે તે પુરુષ ભલા કોણ? કે જેની પ્રેરણાથી બંધાઈને પરાણે તેને કરવું પડે છે.' ત્યારે ભગવાન અર્જુનને કહે છે કે હે અર્જુન!

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम्॥

(ગીતા ૩/૩૭)

આ જે કામ છે એ જ ક્રોધ છે, તેની ઉત્પત્તિ રજોગુણથી થાય છે, અને તે મહાન ખાવાવાળો છે જેમ કે અગ્નિમાં જેટલાં ઇંધણ નાખો તો એક રીતે બુઝતો નથી, પરંતુ વધારે પ્રજ્વલિત થાય છે. એ રીતે અગ્નિ સમાન આ કામ છે અને મહાપાપી છે. જેટલાં પણ પાપો થાય છે તેના મૂળમાં આ કામ જ કારણરૂપ હોય છે. તો આ પાપ કરવાની વાતમાં તમે કામને જ પોતાનો શત્રુ સમજો, તેને જ પોતાનો વેરી જાણો. મતલબ એ

કે શાસ્ત્રથી વિરુદ્ધ આપણે જે પણ કંઈ કર્મ કરતા હોઈએ છીએ એવી જે પણ ક્રિયા મારાથી થાય છે તો તે સમજી લેવું જોઈએ કે તેમાં ભગવાનનો હાથ નથી, કામનો જ હાથ છે. એ વાત નિશ્ચિત છે કે જો ભગવાનનો હાથ તેનામાં છે તો તેનાથી થનારી બધી જ ક્રિયાઓ એક રીતે ઊંચામાં ઊંચી કક્ષાની હશે અને તેનું જે ફળ છે, તે તો પ્રભુને સમર્પણ છે જ. જ્યાં કોઈ કર્તા જ નથી તો ત્યાં સમજોને કે તેનું ફળ પછી જેનાથી ક્રિયા થઈ હશે તેનું ફળ પણ મળશે નહીં. ત્યાં તો ભગવાન જે પ્રમાણે કરાવી રહ્યા છે તે પ્રમાણે જ તે કરી રહ્યો છે, તો તેની બધી ક્રિયા ભગવાનની જ ક્રિયા છે, જેમ કે ભગવાન અવતાર લે અને ક્રિયા કરે છે તે જ રીતે તેનાથી થનારી ક્રિયા પણ તે જ પ્રમાણેની છે. જેમ કે ભગવાનની ક્રિયા, ભગવાનનું ચરિત્ર એક ભગવાનની જ લીલા છે, એ જ રીતે આવા મહાપુરુષની જે ક્રિયા છે, તે પણ ભગવાનની જ લીલા છે. તેને લીલા સમજીને બીજા માણસો ખુશ થાય છે તો તેમનું કલ્યાણ થઈ જાય છે. તો પછી આ ભક્તનું કલ્યાણ થઈ જાય એમાં તો શું કહેવાનું હોય! તે તો કલ્યાણ સ્વરૂપ છે જ. તેની તો બધી જ ક્રિયાઓ ભગવાનની લીલા છે. સંસારમાં કોઈ મહાપુરુષ છે, જેની ક્રિયાઓને આપણે ભગવાનની લીલા માનીને ચાલીએ તો આપણું કલ્યાણ થઈ શકે છે, તે તો સાચેજ કલ્યાણ સ્વરૂપ જ છે. આમ આ શરણાગતિની બીજી બાજુ બતાવવામાં આવી છે. બીજી એક શાખા બતાવી.

હવે ત્રીજી શાખા આ પ્રમાણે બતાવવામાં આવી રહી છે –

પ્રભુનાં નામ, સ્વરૂપ, ગુણ, લીલા, પ્રભાવ, સ્વભાવ, તત્ત્વ રહસ્યને જોઈ જોઈને, સમજી સમજીને બધો વખત તે આનંદમાં મગ્ન બની જાય. ભગવાનના નામનું, સ્વરૂપનું, ભગવાનની લીલાનું અને ભગવાનના ગુણોનું સ્મરણ, ભગવાનના પ્રભાવનું સ્મરણ પ્રત્યેક પળે કરતા રહેવું એ ઘણી જ ઊંચી શ્રેણીની વાત છે, ચીજ છે. તેનાથી પણ ઊંચી શ્રેણીની

વાત આ છે કે કંઈ જ કરવું નહી, બલ આપમેળે જ બધું થતું રહે. એક તો પ્રભુના નામનો જપ કરવો અને એક ભગવાનના નામનો જપ સ્વતઃ થતો રહે, એક તો ભગવાનનું ધ્યાન ધરવું અને એક ભગવાનનું ધ્યાન આપમેળે થતું રહે, એ રીતે કરવા કરતાં જો આપમેળે જ થતું રહે, તે ઘણી ઊંચી કક્ષાની વાત થઈ ગણાય અને તે નિરંતર થતી રહે, બધો જ વખત ચાલે તો તે વધારે ઊંચી શ્રેણીની વાત ગણાય. આ પ્રકારે ગુણ, પ્રભાવ, તત્ત્વ, રહસ્યને સમજતાં સમજતાં ભગવાનના નામનો જપ થતો રહે, ભગવાનના સ્વરૂપ વિષેનું ધ્યાન થતું રહે - તેનાથી પણ ઊંચી શ્રેણીની વાત છે. અને જો તે સદાય થતાં નિષ્કામભાવે થતી રહે તો તેનું કહેવું જ શું? તેમાં પણ ક્ષણે ક્ષણે પ્રસન્નતા, શાંતિ, આનંદની લહેરો ઊઠતી રહેતી હોય તો આ એક રીતે કહીએ તો એટલી બધી ઊંચી શ્રેણીની વાત ગણાય કે બીજા વ્યક્તિ પણ જો તેને જુએ તો તેનાં પાપોનો નાશ થઈ જાય અને એ પણ પરમાત્માની પ્રાપ્તિને યોગ્ય પાત્ર બની શકે. ભગવાનના નામનો જપ અને ધ્યાન જો ગુણ, પ્રભાવ, તત્ત્વ રહસ્યની સાથે થવા લાગે, તે ગુપ્ત રીતે થાય અને નિરંતર થતાં રહે તેમ જ આ બધું થઈને પણ નિષ્કામ ભાવે થાય તો તે વખતે તેની પ્રસન્નતા, શાંતિ અને આનંદની કોઈ સીમા રહેતી નથી. તો આમ એ વખતે આવી અવસ્થામાં તે પુરુષનું દર્શન કરનાર મનુષ્ય કેટલો મોટો લાભ મેળવવાનં પાત્ર બની જાય છે. ભરતજી ભગવાન રામચંદ્રજીના દર્શનને માટે ચિત્રકૂટ જતાં માર્ગમાં ભગવાનનાં ચરણ ચિહ્નો જ્યાં પણ નજરે પડતાં ત્યાં ત્યાંથી તેની ધૂળ ઉપાડીને, આંખે લગાડીને, હૃદય સાથે સ્પર્શ કરાવીને મસ્તક ઉપર ધારણ કરતા જતા હતા. તે વખતના તેમના પ્રેમની વિહ્વળતા જોઈને ગુહની દશા પણ બેદશા થઈ ગઈ હતી. ત્યાં જે બધાં દર્શકો હતા, તે બધા ચેતન જડ બની ગયા અને જડ હતા તે ચેતનવંતા બની ગયા. વૃક્ષને જેવા જડ પ્રફુલ્લિત બની ગયા અને

ગુહ જેવા ચેતનવંતા લોકો પોતાની જાતને ભૂલી બેઠા. તેમના શરીરમાં એક પ્રકારનો રોમાંચ થવા લાગ્યો અને શરીરમાં ઝણઝણાટી ઊઠવા લાગી. શરીરની બધી જ નાડીઓ કે જે ચાલી રહી છે તે બધી જ ભગવાનનું નામ સ્મરણ કરી રહી હોય એવો ભાવ જાગ્યો. શરીરની સંપૂર્ણ રોમાવલી જે ફરકી રહી છે એમ સમજો કે તે દ્વારા પ્રભુના નામનું ઉચ્ચારણ થઈ રહ્યું છે. ભલે તમે ઓમ્-ઓમ્ કહો કે ભલે રામ રામ કહો, તેની જે ક્રિયા છે હાલવું, ચાલવું, તે બધામાં સમજોને કે એક રીતે ભગવાનના નામનો જપ ચાલી રહ્યો છે. નામ-સ્મરણ ચાલી રહ્યું છે. આ પ્રમાણેનો ભાવ જેના અનુભવમાં છે, તો એમ સમજી લો કે પ્રત્યેક ક્ષણે કરોડો નામનો જપ થઈ રહ્યો છે.

રગ રગ બોલે રામજી રોમ રોમ રંકાર।
સહજે હી ધુન હોત હૈ યે હી સુમિરન સાર॥

જપમાં જ્યારે હૃદય પ્રફુલ્લિત બની જાય, શરીરમાં રોમાંચ ઊઠે, અશ્રુપાત થવા લાગે અને તેમાં મગ્ન થઈ જવાય તો એવી સ્થિતિવાળા ભક્તને જોનાર, તેનાં દર્શનનો લાભ લેનાર પુરુષ ખરે જ મુગ્ધ બની જાય છે. વિરહમાં આકુળ-વ્યાકુળ ભક્તની સ્થિતિ આ પ્રમાણેની બની જતી હોય છે. આ તો મેં આપને પ્રેમાનંદમાં મગ્ન થઈ જવાની વાત કહી, જેવી રીતે સુતીક્ષ્ણ ભગવાનના ધ્યાનમાં મસ્ત બની ગયા હતા કે તેમના શરીરનાં રુવાંડાં ઊભા થઈ ગયાં હતાં જેવી રીતે ફણસના ફળને કાંટા હોય છે, ઉપરાંત પ્રસન્નતા તેમજ શાંતિની એટલી મોટી લહેર આવી ગઈ કે વર્ણન પણ ન કરી શકાય. આ તો આનંદ અને હર્ષનો એક પ્રકાર છે. બીજો પ્રકાર આ મુજબનો છે - જેમ ભરતજી મહારાજ છે તેમનામાં વિરહની વ્યાકુળતા છે, જોકે તેમાં પ્રકારનો ભેદ છે, કારણકે પ્રસન્નતામાં રોમાંચ થાય છે, પ્રસન્નતામાં હર્ષ થાય છે, પ્રસન્નતામાં ઘણી મોટી શાંતિ રહેલી છે, પરંતુ વિરહની વ્યાકુળતામાં

હર્ષ નથી થતો હોતો, વિરહની વ્યાકુળતામાં રોમાંચ નથી થતો હોતો, પરંતુ થાય છે તો વિરહની વ્યાકુળતામાં એક માત્ર અશ્રુપાત. જેમ હનુમાનજીએ જ્યારે ભરતજીની સ્થિતિ નજરે જોઈ –

बैठे देखि कुसासन जटा मुकुट कृस गात।
राम राम रघुपति जपत स्त्रवत नयन जल जात॥

(રા.ચ.મા. ૭/૧ (ખ))

ભરતજી મહારાજ ભગવાન રામના વિરહને લીધે વ્યાકુળ બેઠા છે. તેઓ ચિંતા સેવે છે કે ભગવાન રામજી હજુ સુધી કેમ નહીં આવ્યા? હવે તો પ્રાણ પણ ચાલી જવાની તૈયારી થઈ રહી છે પ્રભુના વિયોગને લીધે. ભગવાનના વિરહમાં વ્યાકુળ છે. આવા સ્વરૂપને હનુમાનજી જોઈ રહ્યા છે. હનુમાનજી જોઈ રહ્યા છે કે ભરતજી કુશાના આસન ઉપર બેઠા છે, તેમનો જટાનો મુકુટ છે, શરીર કૃશ બની ગયું છે, પ્રભુના વિરહની વ્યાકુળતાને લીધે નેત્રોમાંથી આંસુડાની ધારા વહી રહી છે, તેઓ રઘુનાથજીના નામનો - રામનામનો જપ કરી રહ્યા છે. આ બધું જોઈને હનુમાનજીની એવી સ્થિતિ થઈ ગઈ કે તેમના શરીરમાં રોમાંચ ઊઠ્યો અને હનુમાનજી મુગ્ધ બની ગયા અને બોલ્યા કે હે મહારાજ! જે નામનું તમે રટણ કરી રહ્યા છો, તે શ્રીરામજી સીતા અને લક્ષ્મણની સાથે આવી રહ્યા છે. આ સાંભળીને ભરતમાં પહેલાં જે વ્યાકુળતાનું પૂર આવ્યું હતું તે એકદમ હર્ષમાં પરિણમ્યું. વિરહની જે વ્યાકુળ દશા હતી તે પણ કલ્યાણકારી જ હતી અને પછી તો એટલી બધી પ્રસન્નતા ઊપજી, એટલી બધી પ્રસન્નતા ઊપજી કે જેવી રીતે કોઈ તરસ્યા માણસને અમૃતનો ઘૂંટ પિવડાવી દે, જોકે આ તુલના પણ ઓછી પડે છે. આ માટેનો ઉપમા - તુલના યોગ્ય બીજું કંઈ જ નજરે પડતું નથી. આમ આ ભરતજીનો કરુણાભાવ છે અને આ કરુણાભાવનું એક રીતે ગણીએ તો ફળ છે - ભગવાનની પ્રાપ્તિ. પહેલાં મળ્યા હનુમાનજી અને પછી મળ્યા

રામજી. આમ કરુણાભાવ અને પ્રેમને લીધે હર્ષનો પ્રાદુર્ભાવ. એ બેય એક રીતે કલ્યાણ કરનારા ઉચ્ચ શ્રેણીના ભાવ છે. પહેલી વાત એ છે કે બધો વખત ભગવાનના નામ અને સ્વરૂપનું સ્મરણ કરવું જોઈએ તથા ભગવાનની લીલા અને તેના ગુણનું સ્મરણ કરવું જોઈએ, તેમજ તેમના સ્વભાવ અને પ્રભાવનું સ્મરણ કરવું જોઈએ. અને ભગવાનનાં તત્ત્વોને તેમજ રહસ્યોને પૂરાં જાણવાં-સમજવાં જોઈએ. આમ આમાં ભગવાનનાં નામ, રૂપ, ગુણ, પ્રભાવ વગેરેની જે વાતો બતાવવામાં આવી તે એટલા માટે કે ભગવાનનાં નામ, રૂપ, ગુણ, ભાવ, સ્વરૂપ અને લીલાનું સદાય સ્મરણ કરવું, આગળ જતાં કરવું નહીં, આ બધાનું સ્મરણ થવું અને એ પણ સદાય થતું રહે, કોઈ પણ રીતે રોકાય નહીં, તેના માટે કોઈપણ પ્રકારની ચેષ્ટા ન કરવી પડે, તેની જરૂર પણ ન પડે અને આપમેળે જ થતી રહે. આ બધાની વચ્ચે તત્ત્વ-રહસ્યને સમજી લઈને પોતાની જાત વિષે મુગ્ધતા હોવી, તેના ફળ સ્વરૂપ જ્યારે પણ પરમાત્મા પ્રગટ થાય છે, ભગવાન જ્યારે સાક્ષાત્ દર્શન આપે છે, તો પછી સાધક બધા જ ભાવોથી ઉપર ઊઠીને, પાર થઈ જઈને અથવા તો એમ કહોને કે બધા ભાવોથી ઉપર ઊઠીને પરમાત્માને પ્રાપ્ત કરી લે છે. ત્યાં કોઈ લાજ નથી, શરમ નથી, નથી ભય કે નથી માન, નથી આદર કે નથી સત્કાર. નથી સ્તુતિ કે નથી પ્રાર્થના. ત્યાં તો ભગવાન અને ભક્ત બેય એક જ રૂપમાં છે, બે હોવા છતાં પણ ભાવથી એક સ્વરૂપમાં જ છે. પ્રેમ, પ્રેમાસ્પદ, પ્રેમી સ્વરૂપથી ત્રણ હોવા છતાંય પણ ધાતુમાં તો એક જ રૂપ છે. તો ત્યાં પણ સમજી લો ને કે જાણે ચિન્મય ચેતન જે પ્રેમ છે, તે ત્રણ રૂપમાં વિભાજિત બનીને અહીં પ્રગટ્યો છે. આ સમયમાં ભગવાનથી થનારી સંપૂર્ણ ક્રિયાઓ ભક્તને આહ્લાદિત કરે છે. બધી જ ક્રિયા પ્રેમમય છે, ભાવમય છે. ભગવત્પ્રાપ્તિ થયા પછીની જે સ્વાભાવિક સ્થિતિ મહાપુરુષની છે, સાધકને માટે તે જ સાધન છે. આ જે પરમાત્માને પ્રાપ્ત

કર્યા પછીની વાત કહેવામાં આવી તે સાધન અવસ્થામાં તેને લક્ષ્ય બનાવીને તેનું અનુકરણ કરવું, તેનો આધાર લઈને તે પ્રમાણે ચાલવું જોઈએ. આ પણ એક રીતે તો શરણાગતિનો જ ભાવ છે. તેનો આશ્રય ગ્રહણ કરવો જોઈએ. ભગવત્પ્રાપ્ત પુરુષ, ભગવાનના પ્રેમમાં જે મુગ્ધ છે તે વખતે પ્રેમ, પ્રેમાસ્પદ, પ્રેમી આ બધાં સ્વરૂપથી અલગ અલગ, પણ વસ્તુરૂપે તો એક જ છે. આમ સમજીને તેનું અનુકરણ કરવું જોઈએ. જોકે આ રીતે અનુકરણ કરવું એથી તો વધારે સારું અને અધિક દામી તો એ ગણાશે કે એ પ્રમાણે કરવાની જરૂર જ ન પડે. આ પ્રમાણેની પરિસ્થિતિ આપમેળે જ થઈ જાય તેમ કરવું, પહેલાં તો તેની નકલ કરવી, તેનું જ અનુકરણ કરવું, તે પ્રમાણે બનવું, પછી તો એમ સમજી લો કે એવી સ્થિતિનું આપમેળે જ થઈ જશે. આવી સ્થિતિ જ્યારે આપમેળે થઈ જાય, તેના માટે કોઈ ક્રિયા ન કરવી પડે, અને સ્વભાવ-સિદ્ધ એ પ્રમાણેની સ્થિતિ થઈ જાય, ત્યારે તેનું ફળ ભગવાનની પ્રાપ્તિ છે. ભગવાનની પ્રાપ્તિ તો આપ મેળે જ થઈ જાય. પહેલાં તો તેનું અનુકરણ કરો અને પછી એવી સ્થિતિ આપ મેળે થવા લાગશે. આ સ્થિતિનું જે ફળ છે, એ એક રીતે ભગવાનની પ્રાપ્તિ છે. તે આપમેળે જ થઈ જાય. આમ ભગવાનની શરણાગતિની આ પણ એક બાજુ છે, આ પણ એક શાખા છે. મહાપુરુષોમાં, ભગવાનના ભક્તોમાં, ગુણાતીત મહાપુરુષોમાં, જે સ્વાભાવિક ગુણો રહેલા છે, જે તેમની સ્વાભાવિક સ્થિતિ છે, સાધક પુરુષને માટે તો તે જ સાધન છે. તેને લક્ષ્ય બનાવીને, તેને આધારરૂપ ગણીને તે પ્રમાણે આપણી જાતને બનાવવી. પહેલાં એક વાર બનાવી લે પછી બનાવવાની જરૂર જ નહીં પડે. સમજોને કે એ રીતે સ્વાભાવિક જ બની જાય. એ બધી વાત સ્વાભાવિક રીતે જ તેમાં થવા લાગશે.

નારાયણ! નારાયણ! નારાયણ!

વાસુદેવઃ સર્વં

જે ભગવાનને મળવા માટેની અવધિ નક્કી કરીને બેસે છે તેટલી અવધિમાં પ્રભુ મળી શકે છે પરંતુ અવધિ આ જીવનના અંત સુધીની હોય, જીવન સમાપ્ત થઈ જાય તે પછીની ન હોવી જોઈએ. એટલે આપણે જે સંસાર માનીએ છીએ, ભગવાન કહે છે કે હું જ અનેકરૂપો ધરીને દેખાવું છું.

कबहुँक करि करुना नर देही। देत ईस बिनु हेतु सनेही॥

(ઉત્તરકાંડ ૪૩/૬)

ભગવાન કરુણા કરીને વગર કોઈ કારણે જ માનવ દેહ આપે છે. આપણા આચરણો તરફ તો તેઓ જોતા જ નથી. જો આપણે ઈશ્વરને સુહૃદ માની લઈએ તો તો આપણું કલ્યાણ થઈ જાય. પ્રભુએ આહાર, નિદ્રા, વિષયભોગ માટે આ શરીર આપ્યું નથી. મનુષ્ય જન્મમાં એ જાણી લેવું છે કે આ બધું જ વાસુદેવ છે. મનુષ્ય બનાવ્યો તેથી તો પૂરી-પૂરી દયા થઈ ગઈ. મનુષ્ય શરીર આવ્યું, તેમ કરીને આપણને પ્રભુ પ્રાપ્તિનો મોકો ઉપલબ્ધ કરાવ્યો, આ પ્રભુની સુહૃદતા છે. એ પણ સમજાવી દીધું કે, वासुदेवः सर्वमिति આવી ઘોષણા પણ કરાવી. આમ વિશ્વાસ ધરીને આ વાત સમજી લેવાની છે કે ભગવાને પોતે જ આવું સ્વરૂપ ધારણ કર્યું છે, આ વાતને સમજીને ભગવાનનાં દર્શન કરતાં કરતાં જ આપણને ભગવાનની પ્રાપ્તિ થઈ ગઈ; એમ માની લઈએ, આ એક વાત થઈ.

બીજું, આજે ભગવાન મળવા માટે તૈયાર છે; વિશ્વાસ કેળવવો જોઈએ અને સાથોસાથ પ્રતીક્ષા પણ કરવી જોઈએ. વારંવાર વાટ જોતા રહીએ, જેવી રીતે આપણો કોઈ મિત્ર આવવાનો હોય અને ગાડીનો સમય બતાવવામાં ન આવ્યો હોય તો બધી ગાડીઓ ચકાસવી પડતી હોય છે અને જ્યારે આવે છે ત્યારે મળી જ જાય છે. એક મિનિટમાં જ બધાને તપાસી લે છે કે શું આ છે? ના આ નથી - આવી રીતે કોઈ પણ દેખાય, ખટકો હોય, બધામાં ભગવાનના આવવાની રાહ જુઓ, આ પ્રમાણે આતુરતાપૂર્વક ઝંખનાભેર પ્રતીક્ષા કરતા રહેવું એ જ સાચું ભજન છે. ગાડીમાં આવનારા આપણા મિત્રનો તો પ્રોગ્રામ પણ બદલાઈ જઈ શકે છે, પરંતુ ભગવાનના આવવાનો આધાર તો આપણા ખુદના ઉપર જ છે.

ભરોસો કરીને રાહ જોવી જોઈએ. ભગવાન આવી ગયા, ભગવાન આવ્યા, હમણાં આવ્યા, એ પ્રમાણે ઝંખવું જોઈએ. આખી અવધપુરી ભગવાનના વિમાનને જોઈને હિલોળા લેવા લાગી. બધાંને ઝંખના લાગેલી જ હતી. બધા જ ઘણા ઉત્સાહ ભર્યા થઈ ગયા હતા. પ્રભુ જોઈ રહ્યા છે કે આ લોકોનો પ્રેમ તો વૈકુંઠ વાસીઓને પણ ટળી જાય તેવો છે. જેવી રીતે ચકોરોનાં ઝુંડ ચંદ્રમાને જોતાં હોય છે એ રીતે બધાં જોઈ રહ્યાં છે. પોતાનાં સર્વે કષ્ટોને તેઓ ભૂલી ગયાં છે. ભગવાન પણ તે સૌની ઇચ્છા પૂરી કરે છે, એક ક્ષણમાં જ સૌને મળ્યા.

छन महिं सबहि मिले भगवाना। उमा मरम यह काहुँ न जाना॥

(ઉત્તરકાંડ : ૫/૭)

એક ક્ષણમાં જ ભગવાન સૌને મળ્યા, અનન્ત રૂપે થઈ ગયા.

अमित रूप प्रगटे तेहि काला। जथा जोग मिले सबहि कृपाला॥

(ઉત્તરકાંડ : ૫/૫)

પ્રભુ જેને પણ મળે છે તે આનંદમાં તરબોળ થઈ જાય છે. ભગવાન

કોઈના દોષો તરફ તો જોતા જ નથી. પછી આપણે દોષો તરફ જોઈ જોઈને હતાશ શા માટે થઈએ?

जन अवगुन प्रभु मान न काऊ। दीनबंधु अति मृदुल सुभाऊ॥

(ઉત્તરકાંડ : ૦/૬)

ભગવાન મહાન દયાળુ છે. ઉદ્ધાર કરવા માટે સદાય તત્પર રહે છે. ધૂળના કણે કણને ગણી શકાય છે, પરંતુ આપણા જન્મ કેટલા થયા તે ગણવું કઠણ છે. આ છેવટનો જન્મ, મનુષ્ય જન્મ આપ્યો છે એ તેમણે આપણા ઉપર મહાન દયા કરી દીધી છે.

ભગવાનની આ દયાનો જો આપણે સ્વીકાર નહીં કરીશું તો તે આપણી મોટી મૂર્ખામી ગણાશે. જ્યારે પ્રભુ એમ કહી રહ્યા છે કે - **'बहुनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते। वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः॥'** તો પછી આપણે અજ્ઞાની શા માટે બનીએ? બધા જ પરમાત્મા છે એમ સમજવામાં આપણને શુ નુકસાન છે? આ રીતે જે ભજે છે તે જ મહાત્મા છે, આ પ્રમાણેની વાત હોય તો પછી આપણે બધાયને જ પરમાત્મા શા માટે ન સમજીએ? આ વાત મનુષ્ય જન્મમાં જ માની શકાય, પશુ-પક્ષીની યોનિમાં આ વાત સમજવા માટેનું કોઈ સાધન નથી. હનુમાનજી વગેરે જેવાની વાત તો અસંખ્ય કોટિ જીવોમાં કોઈકમાં જ બનતી હોય છે. એ પ્રમાણેની આશા નહીં રાખીને આપણે તો આ જન્મે જ - એટલું જ નહીં પણ આ જન્મના થોડા જ ભાગમાં ભગવાનને પ્રાપ્ત કરી લેવા જોઈએ.

ભગવાનનું સ્વરૂપ નિરાકાર બતાવવામાં આવ્યું છે, તે મુજબ આ યુક્તિ સમજવી.

વાદળાંના અંદર અને બહાર સર્વત્ર આકાશ અને આકાશ જ છે, વાદળની જેમ જ દેખાતા આ શરીરમાં પણ સર્વત્ર આકાશ એટલે કે વિજ્ઞાન - આનંદ-ઘન પરમાત્મા અંદર બાહર, ઉપર નીચે બધે જ પરિપૂર્ણ

થઈ રહ્યા છે; વિલસી રહ્યા છે. આપણે પરમાત્માના સંકલ્પને આશ્રિત છીએ. આપણે જો આંખો બંધ કરીને બેસીશું તો આપણી અંદર-બહાર, ઉપર - નીચે આનંદ અને આનંદ જ પરિપૂર્ણ છે. આમ સમજી લો - આપણે આનંદ અને આનંદથી પરિપૂર્ણ છીએ. આ શરીર બ્રહ્મમાંથી ઉત્પન્ન થયું છે. તેમાં જ સ્થિર છે અને તેમાં જ એક દિવસ એકરૂપ થઈ જવાનું છે, લીન થઈ જશે. પરમાત્મા આનંદરૂપે આપણામાં અંદર અને બહાર પરિપૂર્ણ છે. આનંદ સિવાયની બીજી કોઈ ચીજ છે જ નહીં. તે જ આનંદ આમોદ, પ્રમોદ, સુખના સ્વરૂપે આવે છે. આનંદ ઘણો જ સુખસ્વરૂપ છે, તે સુખની કોઈ જ સીમા નથી. આનંદ અને આનંદ છે. આનંદને બ્રહ્મ સમજીને ઉપાસના કરવી જોઈએ. બુદ્ધિમાં નિશ્ચય કરવો અને મનમાં ચિંતન-મનન કરવું. તે આનંદનું નામ જ નારાયણ છે.

નારાયણ, નારાયણ, નારાયણ. આનંદમયનું ઉચ્ચારણ કરતા રહેવાથી આનંદમય માલૂમ પડે છે; જેવી રીતે આનંદનો કોઈ મહાસાગર ઉછળી ના રહ્યો હોય! તે આનંદ અપાર છે; તેમાં બીજું કશું જ નથી. અને તેથી પૂર્ણ આનંદ છે, તે શાંત આનંદ છે. સમ છે, તે એટલો બધો ઊંડો છે કે તેમાં એના સિવાયની બીજી કોઈ વસ્તુ છે જ નહીં. તે જડ નથી - ચેતન સ્વરૂપ છે તે અનંત છે. તેની કોઈ સીમા નથી તે તો બધે જ સમભાવથી પરિપૂર્ણ છે તે નિત્ય છે, અચળ છે એવો એ આનંદ છે. અવ્યક્ત છે, શુદ્ધ છે, નિર્વિકાર છે.

આવો આનંદ શરીરની અંદર અને બહાર બધે જ પરિપૂર્ણ છે. શરીર ચાલે છે તો આનંદમાં જ ચાલે છે. આકાશની જેમ આનંદ સર્વત્ર છે. સાધન કાળે પણ આનંદ, સિદ્ધાવસ્તામાં પણ આનંદ. શબ્દ, અર્થ, જ્ઞાન બધું જ આનંદ અને આનંદ જ. આનંદ સિવાયની બીજી કોઈ ચીજ જ નહીં, હૃદયમાં પણ આનંદનો જ અનુભવ કરો. પ્રત્યક્ષમાં પણ આનંદ, સાધનમાં પણ આનંદ, ફળમાં પણ આનંદ. બધાં જ ભૂત -

શરીર છેવટે તો આનંદમાં જ વિલીન થઈ જતાં હોય છે અને રહી જાય છે એક માત્ર આનંદ અને આનંદ. જેવી રીતે બધાં વાદળાં જ્યારે આકાશમાં વિલીન થઈ જાય છે ત્યારે રહી જાય છે માગ એક આકાશ જ, એવી રીતે એક આનંદ જ રહી જાય છે. આવી રીતે ધ્યાનમાં મસ્ત બનીને ચાલો.

સગુણના વિષે બીજીવાત કહેવાય છે, આપણા લોકોએ આ વાત સમજી લેવાની જરૂર છે કે સાક્ષાત્ પરમાત્મા પોતે આપણી સાથે ક્રીડા કરી રહ્યા છે, જેવી રીતે રામરૂપમાં પ્રકટ થઈને ભાઈઓ સાથે કરી હતી, કૃષ્ણ સ્વરૂપે ગોપીઓ સાથે કરી હતી. આવી રીતે જ તેઓ આપણી સાથે પણ ક્રીડા કરી રહ્યા છે - આમ જ જોવું જોઈએ. રમણ કહો, ક્રીડા કહો એક જ વાત છે. જેવી રીતે આપણે ગાઢ મિત્રની સાથે રમીએ છીએ, હસી હસીને બોલીએ છીએ, એવી રીતે જ તેમની સાથે પણ ચાલીએ. સૂઈએ તો પાસે પાસે, હસે તો હસીએ, બધી જ ક્રિયાઓમાં આપણે એકબીજાની નકલ કરતા રહીએ, તેમની વાણી ઘણી આનંદ દાયિની છે, દયાળુ છે, સાંભળતાં જ શરીરમાં કંપન ઉત્પન્ન થઈ જાય છે. હૃદયમાં વારંવાર એક પ્રકારની ધ્રુજારી ઉત્પન્ન થઈ જાય છે. હૃદયરૂપી સાગરમાં ભગવાનના ભાવની લહેરો ઊઠે છે. મનમાં દર્શન અંતર-નેત્રોથી થાય છે. ઘણું જ મધુર રૂપ છે, સમજોને નેત્રો દ્વારા રસાસ્વાદ મળી રહે છે. સમજો કે નેત્રો દ્વારા જ અમૃતનું પાન કરી રહ્યો છું સ્પર્શ કરું છું તો પણ એમ અનુભવું છું કે કેવો દિવ્ય સ્પર્શ છે? સ્પર્શ દ્વારા પણ અમૃતનો આસ્વાદ માણી રહ્યો છું. દિવ્ય સુગંધ સ્વાભાવિકપણે આપણી નાસિકામાં આવી રહી છે. એ ભગવાન આપણને જોઈ રહ્યા છે પોતાની પ્રેમમયી દૃષ્ટિ દ્વારા. પ્રેમથી ભિંજવી રહ્યા છે. તેવા આનંદથી આપણે પૂર્ણ બની રહ્યા છીએ. ભગવાન કૃપાદૃષ્ટિથી જેને પણ વિલોકે છે, પછી તેને કોઈપણ જાતની ચિંતા,

ભય, શોક રહે જ શા માટે?

પ્રેમની દૃષ્ટિએ જોઈને આપણને પ્રેમમાં પૂર્ણ કરી રહ્યા છે. આવા પ્રભુને સદાકાળ જોતા રહીએ. ચંદ્રમા જેવી રીતે ચાંદની રેલાવીને બધું જ શીતળ કરી દે છે, એ જ રીતે ભગવાન પણ પ્રેમ રસ વરસાવે છે. બધાં રોમ રોમ મન, બુદ્ધિ બધું જ ભગવાનના પ્રેમમાં પરિપૂર્ણ થઈ ગયાં. જે રીતે કોઈ જાદુ કરીને આપણને વશીભૂત ન કરી રહ્યું હોય! પ્રેમના દોરે એવી રીતે બાંધી લીધા છે કે આપણે તેમને છોડી શકતા જ નથી. બસ આપણી આવી જ સ્થિતિ સદાય બની રહે, આપણને બીજી કોઈ જ જરૂર નથી, બસ સદાય પ્રેમરસ પીતા જ રહીએ, શ્રીમન્નારાયણ, નારાયણ, નારાયણ. આનંદમય, આનંદમય, આનંદમય, પૂર્ણ આનંદ, ઘન આનંદ, અચળ આનંદ, આનંદ અને આનંદ જ.

હવે એક બીજી વાત સંભળાવી રહ્યો છું. ઉપનિષદોમાં આ વાત બતાવવામાં આવી છે. તત્ત્વના વર્ણનમાં એમ કહેવાયું છે કે આ એવો વિષય છે કે જો સૂકા લાકડાને પણ સંભળાવવામાં આવે તો તે પણ સજીવ થઈ જાય. આપણા લોકોમાં કે જેઓ મરઘની જેમ છીએ, તેમાં પણ રસ આવી જવો જોઈએ. ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે પ્રેમથી બંસરી વગાડતા હતા ત્યારે તે લાકડા પણ ભીંજાઈ જતા હતા, અને તેમાંથી ધુમાડો છૂટતો તેથી રસોઈ બરાબર પાકતી નહોતી. ભગવાન એમ કહી રહ્યા છે કે જ્યારે મને અહીં બોલાવવા છે તો પછી રસોઈ ન થાય તો શું?

આ વાતો શ્રીકૃષ્ણની છે. આપણા ઘરની તો નથી, આપણે તો ફોનોગ્રામની જેમ બોલી રહ્યા છીએ. બધાં ભગવાનનાં જ વચન છે. કેટલાંક સીધાં આવ્યાં છે, કેટલાંક બીજા થકી આવ્યાં છે, ભગવાનનાં વચન તો આકાશવાણીથી પણ આવે છે, મહાત્માઓનાં વચનો દ્વારા આવે, શાસ્ત્રોથી આવે. આપણે તો એ સમજવાની જરૂર છે કે એ છે

તો ભગવાનનાં જ વચનને! પણ રંગ શાથી નથી લાગતો? વસ્ત્ર જેટલું સાફ હશે તેટલો વધારે રંગ આવે છે. જરૂર થોડો રંગ આપણને પણ લાગી જાય છે. પણ તેથી સંતોષ માની લેવાનો નથી. રંગ તો એવો લાગવો જોઈએ કે ચમકવા લાગે. આ ભગવદ્ વિષયના રંગમાં સાબુ પણ છે; અને તેથી જો મૈલ હોય તો વારંવાર ઘસવાથી મેલને કાપી કાપીને કપડાને સાફ કરી દે છે અને પછી તેના ઉપર એકદમ સુંદર રંગ ચઢી જાય છે. પછી જો પૂછવામાં આવે કે આટલી બધી વાર કેમ લાગે છે. તો આ જ વાત છે કે કપડું મેલું છે. ભગવાનનાં તત્ત્વો - રહસ્યોની વાતો જ રંગ છે. વારંવાર એમાં ડૂબકીઓ લગાવવી જોઈએ. વખતો વખત નામનું ઉચ્ચારણ કરતા રહેવું જોઈએ. એટલે કે નામ ઉચ્ચારણરૂપી સાબુ રગડવો જોઈએ. તેનાથી એકદમ સફાઈ આવી જશે અને તરત રંગ બેસી જશે.

લોહચુંબક હોય તેને જમીન ઉપર ફેરવીએ તો લોખંડનાં પરમાણું તેની સાથે આવી જાય છે, પણ તેનો મસાલો ઘસીને સાફ કરી દેશો તો લોખંડને તે પકડી નહીં શકે. આપણા હૃદયમાં જે મેલ છે, તેને લીધે તો વિષયો તરફ દોડીએ છીએ, તેને ઘસીને સાફ કરી દઈશું તો પછી તે તરફ નહીં જઈ શકે. પ્રેમ અથવા જ્ઞાનના સાબુથી ઘસી ઘસી ને સાફ કરી દઈએ તો પછી મેલને અડશે જ નહીં, નાના બાળકને જ્ઞાન હોતું નથી અને તેથી જ ગંદકી તરફ જાય છે, એક વાર તેને ઘૃણા થઈ જાય તો પછીથી તે એ તરફ નહીં જાય. વારંવારની ઘૃણા કરાવવાથી એવી ઘૃણા થઈ ગઈ કે ઘૃણા કરાવનારાંથી પણ વધારે ઘૃણા થઈ ગઈ; આ જ પ્રમાણે જ્યારે વિષયોમાં ઘૃણા જન્મે છે તો તેમાં પણ દુર્ગંધ આવવા લાગે છે, પાસે પણ ફરકી શકાતું નથી. વૈરાગ્યનો નશો ચઢી જાય છે તો પછી તો અત્તર હોયકે સુગંધ ભર્યું તેલ ફુલેલ તે બધાં જ પેશાબ સમાન થઈ જાય છે; જેટલાં પણ સ્ત્રીભોગ વગેરે છે તે બધાં

જ વિષ્ઠામૂત્રમય છે. વિષ્ઠા-મૂત્રમાં અને તેમાં કોઈ જ ફરક નથી, તે બધાં જ સંડાસ-ગંદકી સમાન છે. સાક્ષાત્ આનંદને છોડી દઈને ઘૃણિત પદાર્થોનો તરફ જોવું એ નરી મૂર્ખતા જ છે. થોડુંક પણ જો જ્ઞાન કેળવે તો પછી પાસે પણ ફરકવા નહીં દે.

જ્યારે પ્રભુમાં પ્રેમ બંધાઈ જાય છે, તો પછીથી તે તેને છોડીને જ્યાંય નહીં જાય. આનંદનો જ પ્રેમના રૂપમાં પ્રાદુર્ભાવ થતો હોય છે. રસ, આનંદ, પ્રેમ એ બધાં એનાં જ રૂપ છે. જે રીતે આકાશમાં વાદળું જ બૂંદ, કરા કે બરફના રૂપમાં હોય છે, એવી જ રીતે તે આનંદમય પરમાત્મા જ રસ, આનંદ, સુખનાં રૂપમાં પરિણત થાય છે. એ આનંદમાં ડૂબી જવાથી તેને પછી છોડી જ શકાતો નથી. તે પરમાત્માનો વિયોગ થવે પછી તેને તડપાવે છે, જેમ માછલી પાણીની બહાર નીકળી જાય એટલે કે માછલીનો અને પાણીનો વિયોગ થાય, પણ પાછા તેને પાણીમાં નાખી દેશો તો તેના પ્રાણ પાછા આવી જશે. ભગવાનના તત્ત્વો, રહસ્યો, ગુણ, પ્રભાવમાં આપણે ડૂબીએ છીએ. એવી રીતે ડૂબેલા છીએ કે જેવી રીતે મોટાં રંગાળામાં કપડાંને ડૂબાડવામાં આવે. બધામાં રંગ અને રંગ જ થઈ જાય. ચૈતન્યરૂપી જળમાં મળેલા રંગમાં એવી રીતે રંગાઈ ગયા છીએ કે બસ તેના સિવાય બીજું કંઈજ નથી. બધાં જ તન્મય બની જઈને આનંદરૂપ બની ગયાં છે.

જ્યાં પણ જઈએ છીએ, ત્યાં બધે જ ઈષ્ટરૂપ સાથે સાથે જ ચાલે છે. તેનાં દર્શન, ભાષણ, સ્પર્શને લીધે વધારે ને વધારે મુગ્ધ બનતા જઈએ છીએ. એટલા બધા કે પોતાની જાતને પણ વિસરી જઈએ છીએ, એ સિવાય બીજું કંઈ જ નજરે પડતું નથી કે નથી થતો બીજો કોઈ જ અનુભવ પણ.

॥ सियावर रामचंद्र की जय ॥